# કુમારપાળ રાજાના રાસનું રહસ્ય

## ભાગ-૧

• રચિયતા •

શ્રી ઋષભદાસ કવિ

• સંકલનકાર •

પરમપૂજ્ય આચાર્ય વિજય નરવાહનસૂરિ

પદાર્થ દર્શન ગ્રંથમાળા પુસ્તક-૬૨

# કુમારપાળ રાજાના રાસનું રહસ્ય

(ભાગ - ૧)

**રચયિતા**

ઋષભદાસ કવિ

**સંપાદક**

કર્મ સાહિત્ય નિષ્ણાત સિધ્ધાંત મહોદધિ, સચ્ચારિત્ર ચૂડામણિ સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર, પરમશાસન પ્રભાવક, પરમતારક, સૂરિચક્ર ચક્રવર્તિ, સુવિશાળ ગચ્છાધિપતિ, પ્રચંડ પૂણ્ય અને પ્રૌઢ પ્રતિભાના સ્વામી, વ્યાખ્યાન વાચસ્પતિ, દિક્ષાના દાનવીર સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટ પ્રભાવક કર્મ સાહિત્યના જ્ઞાતા પરમ પૂજ્ય આચાર્ય વિજય નરવાહનસૂરિ મહારાજ.

**પ્રકાશક**

**પદાર્થ દર્શન ટ્રસ્ટ**

**૧૧૮૮, લક્ષ્મીનારાયણની પોળ,**

**રાજામહેતાની પોળમાં,**

**કાળુપુર-અમદાવાદ-૩૮૦૦૦૧.**

પુસ્તક-૬૨મું

# કુમારપાળ રાજાના રાસનું રહસ્ય ભાગ - ૧

વીર સં-૨૫૩૧

સને-૨૦૦૫

સંવત-૨૦૬૧

શરદ પૂર્ણિમા

કિંમત

રૂા ૪૫.૦૦

સર્વહક્ક પ્રકાશકને સ્વાધિન

ટાઈપ સેટીંગ

દિવ્યેશ શાહ

મુદ્રક

નવપ્રભાત

પ્રીન્ટીંગ પ્રેસ

ઘીકાંટા રોડ

અમદાવાદ-૩૮૦૦૦૧

ટે.ન. -૨૫૫૦૮૬૩૧

## પ્રાપ્તિ સ્થાનો

**ભરતભાઇ બી.શાહ**

૪૦૧/૪૦૨, સરિતા કોમ્પલેક્ષ, પ્રવિણ એપાર્ટમેન્ટની સામે,

સેંટ ઝેવીયર્સ કોલેજ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.

ફોન  ફોન નં-૨૬૫૨૩૪૩૧-૨૬૫૨૩૪૩૨, મોબાઇલ નં. ૯૩૩૬ ૧૨૧૮૧૧

:----:

**નૌતમભાઇ આર. વકીલ (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ)**

૧૬, ન્યુ આશિષ ફ્લેટસ્, શેફાલી સેન્ટરની સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬.

ફોન નં : ૨૬૫૭૫૮૨૩ મોબાઇલ નં- ૨૧૯૫૨૨૬, ૯૮૨૫૧૫૯૬૧૭

ઇ મેઇલ - nautam@nautam vakil.Com.

વેબસાઇટ - www.nautam vakil.Com.

:----:

**અશ્વિનભાઇ એસ.શાહ**

C/o નવીનદાસ છગનલાલ કે. પાંચકુવા દરવાજા બહાર અમદાવાદ-૩૮૦૦૦૨.

ફોન: ૨૨૧૪૪૧૨૧

:----:

**ચંદ્રેશભાઇ રસીકલાલ દોશી**

૫/૧૨, હસમુખભાઈ કોલોની, જવાહરનગર, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.

ફોન: ૨૬૬૩૨૯૬૦

:----:

**હિંમતભાઇ બી. શાહ**

૨, ચેતન સોસાયટી, અકોટા રોડ, વડોદરા-૩૯૦૦૨૦

ફોન: ૨૩૧૦૩૪૩, ૨૩૨૨૮૬૨

:----:

**ડૉ હસમુખભાઇ આર. શાહ**

બી-૭, વિનીત, મજીઠીયાનગર, એસ.વી.રોડ, કાંદીવલી (વેસ્ટ), મુંબઇ નં-૪૦૦૦૬૭.

ફોન નં-૨૮૦૭૩૦૭૬, ૨૮૦૫૨૩૭૫, ૨૮૬૨૨૪૬૭

:----:

**પદ્માબેન ચંદ્રકાંતભાઇ કાપડીયા**

C/O ચંદ્રકાંતભાઈ કાપડીયા ૩૦૧, શ્રીરામેશ્વર ટાવર, મહાત્માગાંધી રોડ,

પાંચ રસ્તા, મુલુંડ (વેસ્ટ) મુંબઇ નં-૪૦૦૦૮૦.

ફોન નં-ઘર-૨૫૬૯૪૭૬૨, ૨૫૬૧૩૬૩૪.

મોબાઇલ - ૯૮૨૧૧૬૦૯૪૨ (ચંદ્રકાંતભાઈ) ● ડૉ. જૈશી - ૯૮૯૨૧૩૨૨૧૦

:----:

**આશીતભાઇ વી. ચોકસી**

૧/૨૦૬, ચમનગર-પાટકર કોલેજ સામે, એસ.વી.રોડ, ગોરેગાંવ (વેસ્ટ), મુંબઇ નં-૪૦૦૦૬૨.

ફોન નં-૨૮૭૨૩૪૭૨ મોબાઇલ નં-૯૮૨૧૧-૧૭૬૪૯

:----:

## આર્થિક સહયોગ

શ્રી દશાપોરવાડ સોસાયટી જૈન સંઘ ટ્રસ્ટ.
પાલડી, અમદાવાદ-૭ તરફથી તેમના
શ્રી જ્ઞાનખાતામાંથી આ પુસ્તક
પ્રકાશનનો સંપૂર્ણ લાભ
લેવામાં આવ્યો છે.
તેની અમે અનુમોદના
કરીએ છીએ.

# કુમારપાળ રાજાના રાસનું રહસ્ય ભાગ - ૧

(શ્રી ઋષભદાસજીના કરેલા રાસ ઉપરથી)

## પ્રારંભના દુહા.

સકળ સિદ્ધ સુપરે નમું, નમું તે શ્રી ભગવંત;
નમું તે ગણધર કેવળી, નમું તે મુનિજન સંત. ૧
નમું તે શ્રી જિનબિંબને, નમું તે સૂત્ર સિદ્ધાંત;
નમું ચતુર્વિધ સંઘને, નમું તે નર મહંત. ૨

નમું તે કિરિયાપાત્રને, નમું તે તપીયા પાય;
નમું તે નર શીલવંતને, જિમ સુખસાતા થાય. ૩
નમું તે ગુરૂ ગચ્છના ધણી, નિર્મળ જસ આચાર;
મધુર વચને દીયે દેશના, વચન સુધારસ સાર. ૪
વાણીએ જન રંજવે, મહિમા સરસતી દેવ;
તિણે કારણ તુજને નમું, શારદ સારૂં સેવ. ૫
સમરૂં સરસતી ભગવતી, સમર્યા કરે જે સાર;
હું મૂરખ મતિ કેળવું, તે તાહરો આધાર. ૬
પિંગળ ભેદ ન ઓળખું, વિગતે નહીં વ્યાકરણ;
મૂરખ મંડણ માનવી, હું સેવું તુજ ચરણ. ૭

આ પ્રમાણે પ્રારંભમાં મંગળાચરણ કરીને પછી સરસ્વતી માતાને અનેક નામવડે સ્તવે છે. કર્તા કહે છે કે-હે સરસ્વતી માતા! હું તમારા ચરણ પખાળું, પુષ્પ ચડાવું અને આરતી ઉતારૂં. પછી તમારા ગુણ ગાઉં. હે માતા શારદા! ત્રિપુરા! તમને કદિ પણ વિસારી શકું નહિ. તું હંસ ઉપર બેઠેલી અને હંસગામિની છે. તું વિદુષા માતા જગતમાં વડેરી છે. હે વાઘેશ્વરી! હું તમને સમરૂં છું. તમે ચિત્તને નિર્મળ કરીને તેમાં બુદ્ધિના આપનાર છો. તમે બ્રહ્મસુતા છો, બ્રહ્માણી છો, તમારાં ચરણમાં ને ઉર તથા કંઠમાં હાર શોભી રહેલ છે, તમે વાણી-ભાષારૂપ છો અને બ્રહ્મચારિણી છો, તમે દીવ્ય કુમારી છો, તમારી કીર્તિ જગતમાં વ્યાપી રહેલી છે, તમે બ્રહ્મવાદી સરસ્વતી છો, તમે તુષ્ઠમાન થઈને વાણીવિલાસ આપો છો, તમે હંસવાહિની માતા છો, તમારા ગુણનો પાર પામી શકાય તેમ નથી. તમારી કૃપાવિના મનુષ્ય મૂર્ખ જ કહેવાય છે. સુર, નર કે કિન્નર બળવાન હોય કે ગમે તેવો હોય પણ તમારી કૃપા વિના માન પામતો નથી. તમારી કૃપા વિના જે કોઈ વાદવિવાદ કરે છે તે મનુષ્ય માનભ્રષ્ટ થાય છે. તમારી કૃપાવિના પરદેશ ગયેલ મનુષ્ય પણ જ્યાં જાય ત્યાં હેલણા પામે છે, તમારી કૃપા વિના કોઈ સભામાં બોલવા જાય છે તો તે

મહત્વ પામતો નથી, તમારી કૃપા વિના કોઈ માણસ બોલે છે-આરડે છે તો લોકો તે સાંભળીને ખડખડ હસે છે-હાંસી કરે છે.

જ્ઞાનવંત મનુષ્ય જ્યાં જાય છે ત્યાં પૂજાય છે. તેનું મહત્વ થાય છે. અનેક મનુષ્યો (સ્ત્રી-પુરૂષો) અને રાજા પણ તેને પગે લાગે છે અને તેના ગુણ ગાય છે. તે સર્વ તમારો પસાય છે. જ્ઞાન વિના કોઈ પ્રકારની પદવી પ્રાપ્ત થતી નથી અને આ જીવ જ્ઞાન વિના મોક્ષે પણ જઈ શકતો નથી. જ્ઞાનવિના પ્રાણી ધર્મ જાણી શકતો નથી અને ધર્માદિકના મર્મ પણ જ્ઞાનવિના જાણી શકતો નથી, તેથી હે માતા! હૃદયમાં તમારૂં ધ્યાન ધરીને હું જ્ઞાનની વાંછા કરૂં છું. તું તુષ્ટમાન થઈને મારા મુખમાં વાસ કરજે કે જેથી હું કુમારપાળનો રાસ બનાવી શકું. તમે મારા મુખને અને જીહ્વાને પવિત્ર કરજો કે જેથી હું કુમારપાળનું ચરિત્ર કહી શકું. ઋષભદેવ ને મહાવીર પરમાત્માના મધ્યકાળમાં કુમારપાળ જેવો કોઈ રાજા થયો જણાતો નથી. રામ, કૃષ્ણ, શ્રેણિક અને કોણિક વિગેરે અનેક રાજાઓની કીર્તિ અત્યારે પણ ગવાય છે, પરંતુ તેમાં કોઈ કુમારપાળની જેવો થયો લાગતો નથી. અગાઉ ભરત, બાહુબલી જેવા રાજા-મહારાજાઓ થઈ ગયા, પણ તેમાંથી કોઈ કુમારપાળ જેવી જીવહિંસા બંધ કરી-કરાવી શક્યું નથી; તેમના વખતમાં પણ જીવોનો વિનાશ થતો હતો. કુમારપાળ રાજાની એ જ બલિહારી છે કે તેમના રાજ્યમાં અઢારે દેશમાં તેમણે અમારી પડહ વગડાવ્યો કે જેથી કોઈ પણ માણસ એક પણ જીવ મારી શકે નહીં.

આવા કુમારપાળ રાજા તે ક્યાં થયા? કઈ જાતિમાં થયા? કોના પુત્ર થયા? તેમના માતપિતાના નામ શું હતા? ક્યા ગામમાં તે રહેતા હતા? ક્યા દેશમાં રહેતા હતા? કેવી સ્થિતિમાં હતા? આટલા પ્રશ્નો ઉપરથી કર્તા તેનું ચરિત્ર પદ્યબંધ ગુજરાતીમાં કહેવું શરૂ કરે છે, તેનું અહીં રહસ્ય અર્થરૂપે પ્રગટ કરવામાં આવેલ છે.

શ્રી જંબૂદ્વીપમાં અનુપમ ભરત નામે ક્ષેત્ર છે. તેમાં દક્ષિણ દિશાએ

ગુજરાત નામે દેશ છે. તેમાં દહીથળી નામે ગામ છે. તે કાંઈ નાનું ગામ નથી, પરંતુ ગઢ, મઢ, મંદિર અને અનેક વ્યવહારીઆના મકાનોવાળું સુંદર ગામ છે. અઢારે વર્ણના અનેક માણસો તેમાં વસે છે, ઋદ્ધિવાળા પણ અનેક છે, જિનેશ્વરના પ્રાસાદ પણ બહુ સુંદર છે કે જે ઇંદ્રપુરી સાથે સ્પર્ધા કરી શકે તેવા છે, અનેક પૌષધશાળાઓ છે, બીજા પણ પુણ્યના સ્થાનકો ઘણા છે. એવા તે સુંદર ગામનો સ્વામી ત્રિભુવનપાળ નામે છે. તેના તાબામાં બાર ગામ છે. અતિ સુકુમાળ ને સુંદર કાશ્મીરાદેવી નામે તેમની સ્ત્રી છે. તેના ઉદરથી કુમારપાળ, મહીપાળ ને કૃતપાળ નામે ત્રણ પુત્ર અને પ્રેમલદેવી તથા દેવલદેવી નામે બે પુત્રી થયેલ છે.

ત્રિભુવનપાળ જાતે ક્ષત્રીય છે, ચહુઆણ કુળના છે, છત્રીશ રાજકુળી તેની આજ્ઞામાં વર્તે છે. તે છત્રીશ રાજકુળીના નામ કર્તા કહે છે. ૧ ગોવર, ૨ ગોળ, ૩ ગોહીલ, ૪ કીઠી, ૫ કીશોર, ૬ કુંભલ, ૭ બરબૅતા, ૮ બાબરીઆ, ૯ મારૂ, ૧૦ મકવાણા, ૧૧ ડાહિમા, ૧૨ ડોડીયા, ૧૩ વાલા, ૧૪ વીંજા, ૧૫ વાઘેલા, ૧૬ વાઢેલા, ૧૭ જાદવ, ૧૮ જેઠવા, ૧૯ જાડેજા, ૨૦ જટ્ટ, ૨૧ સોલંકી, ૨૨ પરમાર, ૨૩ વાવડી, ૨૪ ચુડાસમા, ૨૫ ખાટ, ૨૬ ખટાર, ૨૭ ખચરા, ૨૮ પતાઈ, ૨૯ મસાણીયા, ૩૦ પલાણીયા, ૩૧ હાલા, ૩૨ ઝાલા, ૩૩ ઘાવૈયા, ૩૪ બારૈયા, ૩૫ સરવૈયા, ૩૬ પટીયાર-આ પ્રમાણે છત્રીશ રાજકુળીમાં ચહુઆણ સૌથી શ્રેષ્ઠ ગણાય છે. જેમ તારામાં ચંદ્ર, દેવમાં ઇંદ્ર, પર્વતમાં મેરૂ તેમ ક્ષત્રીયમાં ચહુઆણ ગણાય છે. તેવા ઉત્તમ કુળમાં કુમારપાળ ભૂપાળ થયેલ છે અને તેણે આકાશને જેમ દીનેંદ્ર (સૂર્ય) અને માનસરોવરને જેમ હંસ શોભાવે તેમ તે કુળને શોભાવેલ છે. તે ચહુઆણ કુળમાં અનેક જુદા જુદા વંશો થયેલા છે. [અહીં કર્તાએ ઘણા વંશોના નામો આપ્યા છે.] તે સર્વમાં ચઉલુક વંશ ઘણો શ્રેષ્ઠ થયેલ છે કે જે વંશમાં કુમારપાળ રાજા થયેલ છે. તેમના ગુરૂ હેમચંદ્રાચાર્ય હતા. એ બંને એક સૂર્ય ને બીજો ચંદ્ર હોય એવા થયેલા છે. હવે એ બંનેમાં પ્રેમ કેવી રીતે થયો? રાજા કેવી રીતે

પ્રતિબોધ પામ્યા? કુમારપાળ રાજ્યપર ક્યારે બેઠા? કઈ રીતે એણે વૈરી રાજાઓને વશ કર્યા? કોને મંત્રી બનાવ્યો? તેનાથી કેવો સંતોષ મેળવ્યો? સજ્જનોનું પોષણ-સન્માન કેવી રીતે કર્યું? અને દુર્જનોને દંડ કેવી રીતે આપ્યો? જિનપ્રાસાદ કેટલા કરાવ્યા? જિનબિંબો કેટલા ભરાવ્યા? બિંબપ્રતિષ્ઠાઓ ( અંજનશલાકાઓ ) કેટલી કરી? સંઘવીપદ કેટલી વાર ધારણ કર્યું? જૈન ધર્મ શી રીતે પામ્યા? અને અઢાર દેશમાં અમારી કેવી રીતે પ્રવર્તાવી? સંઘપતિ ને ભૂપતિપણાના બિરૂદ ઉપરાંત રાજઋષિનું બિરૂદ શી રીતે મેળવ્યું? પૃથ્વીપર ક્યાં ક્યાં ભમ્યા? અને આ દુષમકાળ કેવી રીતે નિર્ગમ્યો? વૈરીઓથી કેવી રીતે ઉગર્યા? અને કેટલા વર્ષ રાજ્ય કર્યું? રાજ્ય મેળવતાં કેટલી મુશ્કેલી નડી? અને ત્રણ ભુવનમાં આબરૂ કેવી રીતે વધારી-ફેલાવી? તેમજ જૈન શાસનના કાર્યો કેવી રીતે કર્યા? એ સર્વ હકીકત કર્તા કહે છે કે-હું હવે કહું છું તે લક્ષપૂર્વક સાંભળજો.

ચૌલુક્ય [આ વંશનું બીજું નામ સોલંકી હતું.] વંશમાં પ્રથમ ભુવડ નામે રાજા થયો કે જેના તાબામાં ૩૬ લાખ ગામો હતા. તે કાન્યકુબ્જ દેશનો રાજા હતો અને કલ્યાણકટક તેની રાજધાનીનું શહેર હતું. ગુર્જર દેશના રાજા જયશિખરીને મારી તે દેશ તેણે પોતાને સ્વાધીન કર્યો હતો અને પોતાના સેવકને તે દેશ ભળાવીને પોતે પોતાના દેશમાં પાછો ગયો હતો. એ ભુવડરાજાની પનરમે પાટે કુમારપાળ થયેલા છે. તેનું માંડીને તમામ ચરિત્ર તેમના પૂર્વજો સુદ્ધાંનું કહું છું તે આનંદથી સાંભળજો.

ભુવડ રાજાને મીણલદેવી નામે સુંદર પુત્રી હતી, તેને કાપડામાં ગુજરાત દેશ તેણે આપ્યો હતો. એ અવસરે ગુર્જર દેશમાં વઢીયાર પ્રદેશ બહુ સુંદર ગણાતો હતો. તેમાં પંચાસર નામે ગામ મુખ્ય હતું. ત્યાં અનેક મનુષ્યો વસતા હતા. ત્યાં વિહાર કરતા કરતા સેલગસૂરિ [એમનું બીજું નામ શીળગુણસૂરિ હતું.] પધાર્યા. તેમનું સામૈયું વિગેરે ઘણા આડંબરથી

થયું. એક દિવસ શુભ શકુન જોઈને તેઓ તે ગામની બહાર વનમાં પધાર્યા. ત્યાં એક ઝોળી ઝાડે બાંધેલી દીઠી, તેમાં બાળકને રમતો દીઠો. તેનું રૂપ દેવ જેવું સુંદર હતું અને શરીરપર અનેક ઉત્તમ લક્ષણો દેખાતા હતા. વળી તે વૃક્ષની છાયા સુર્ય નમ્યા છતાં નમી ન હતી, તે બાળક ઉપર કાયમ રહી હતી; તેથી એ બાળક કોઈ ઉત્તમ થવાનો છે, એમ ગુરૂમહારાજાએ ચિંતવ્યું. તેની નજીકમાં તે બાળકની માતા રૂપસુંદરી બેઠી હતી, તેને જોઈને ગુરૂમહારાજે પૂછયું કે– 'તમે કોણ છો? અને તમારી આવી સ્થિતિ કેમ છે?' આવો સવાલ થતાં રૂપસુંદરી દુ:ખ ધારણ કરતી બોલી કે– 'હે ગુણવંત ગુરૂમહારાજ! મારા દુ:ખની વાર્તા કહું તે સાંભળો–

ગુર્જર દેશનો ધણી (જયશિખરી) મારો સ્વામી હતો. તેને શત્રુએ હણ્યો ને રાજ્ય લઈ લીધું. આ બાળક તે વખતે મારા ઉદરમાં હતો. હું તેવી સ્થિતિમાં ત્યાંથી ભાગી અહીં આવતાં મને પુત્ર પ્રસવ થયો તે આ બાળક છે અને મારી આવી અત્યંત દુ:ખી સ્થિતિ છે.' આટલી હકીકત સાંભળી ગુરૂએ જ્ઞાનવડે વિચાર કરી આ બાળકથી આગામી જૈનશાસનનો ઉધોત થશે એમ જાણી તેનું નામ વનરાજ પાડ્યું. રૂપસુંદરીને દિલાસો આપ્યો અને કહ્યું કે– 'આ બાળક ગુજરાતનો રાજા થશે અને ઘણા સારા કામો કરશે.' પછી ગુરૂ તરત જ ઉતાવળા ગામમાં આવ્યા અને આ વાત કરવા તેમજ તેને સહાય આપવા ગુરૂએ મુખ્ય મુખ્ય વ્યવહારીઓને પોતાની પાસે બોલાવ્યા. તેઓ આવ્યા એટલે ગુરૂએ કહ્યું કે- 'આ શહેરની બહાર નજીકમાં જ એક બાઇ બેઠેલ છે ને ઝાડ સાથે બાંધેલી ઝોળીમાં તેનું બાળક છે, તેને તમે લઇ આવો અને તેની સારી રીતે સંભાળ લ્યો. તે બાળક આગળ ઉપર ગુજરાતનો રાજા થશે. કહ્યું છે કે-

રાજા, કર્ષણ, સુત, તુરી, મહિસી, ચંદ, સુકીર;
બાળપણાથી સેવીએ, સુખ લહીએ શરીર.૧

રાજા, ખેતી, પુત્ર, અશ્વ, ભેંશ, ચંદ્ર અને પોપટ-એટલાને

બાળપણથી સેવીએ તો જરૂર આગળ ઉપર સુખ આપનારા થાય છે.

આ પ્રમાણે હોવાથી આ કાર્ય શીઘ્ર કરો. તે બાળકની સારી રીતે સુશ્રૂષા કરો અને તેને તમારા ઘરમાં રાખી તેનું પૂરતું પોષણ કરો.'

આવી ગુરૂમહારાજ તરફથી સૂચના થતાં વ્યવહારીઆઓ તરત જ બહાર વનમાં ગયા અને તે માતા તથા પુત્રને લઇ આવી પોતાને ઘરે રાખ્યા અને તેની સારી રીતે સેવાભક્તિ ભોજનવસ્ત્રાદિવડે કરવા લાગ્યા. અનુક્રમે તે બાળક મોટો થયો. પછી તે વ્યવહારીઆઓના બાળકો સાથે રમત રમે, તેમાં પોતે રાજા થાય અને બીજા છોકરાઓના ઇનસાફ કરે, તેમજ તાડના-તર્જના પણ કરે. તે જોઇ શ્રાવકો કહેવા લાગ્યા કે- 'આ મોટું માણસ હવે આપણા ઘરમાં શોભે નહીં સિંહનું બાળક ઘણું સારૂં હોય તો પણ તે વનમાં જ શોભે; આપણા ઘરમાં તે સમાય નહીં.' પછી બધા મળીને તેની માતા પાસે ગયા અને વિવેકપૂર્વક કહ્યું કે- 'બહેન! હવે તમારો પુત્ર મોટો થયો છે, તે અમારા વણિકના બાળક ભેળો રહેવાથી વિનાશ પામશે; તેથી તમે કોઇ રાજાની સેવા કરો કે જે સેવ્યોથકો સારૂં ફળ આપે અને તમારો પુત્ર ત્યાં સારી રીતે કેળવાય.'

આ પ્રમાણેની હકીકત સાંભળીને રૂપસુંદરી પુત્રને લઇને પોતાના ભાઇ સુરપાળ પાસે ગઇ કે જે ગામ, નગર, પુર લુંટવાનો ધંધો કરતો હતો અને અટવીમાં રહેતો હતો.

સૂરપાળ મામાની પાસે રહેવાથી વનરાજ પણ તેની સાથે લુંટફાટ કરવામાં પ્રવર્ત્યો અને તે પણ ચોરશિરોમણિ થયો. એક દિવસ તે ખાવા બેઠો હતો તે વખતે ઘી નહોતું, તેથી લુખું અન્ન ભાવતું નહોતું. કવિ કહે છે કે-

લુખું જમતાં ગતિ મતિ જાય, લુખું જમતાં ધ્રૂજે પાય;
લુખું જમતાં બળ બુદ્ધિ ગળે, મુઓ સોય બાળ્યો નવિ બળે. ૧
તિણે કારણ ઘૃત ભોજન સાર, જિમ સ્ત્રીનું મંડણ શિણગાર;
નરનું મંડણ જેમ પાઘડી, તિમ ભોજન મંડણ ઘૃત ઘડી. ૨

જિમ ગજનો મંડણ સિંદુર, જિમ રણનું મંડણ નરશૂર;
નદીતણો મંડણ જળપૂર, તિમ ભોજન મંડણ ઘૃતપૂર. ૩
ઘૃત ન કહું અમૃત કહેવાય, જેહથી વાધે નરનું આય;
વૃદ્ધ બાળ પશુ સૌને ગમે, તો વનરાજ કિમ લુખું જમે? ૪

આ પ્રમાણેની હકીકત હોવાથી વનરાજે એકદમ માણસોને દોડાવ્યા કે- 'જ્યાં હોય ત્યાંથી, જેનું હોય તેનું ઘી લઇ આવો.' આવો હુકમ થતાં ત્રણ માણસો ચોતરફ દોડ્યા પણ કોઇ જગ્યાએ ઘીનો પત્તો લાગ્યો નહી. અહીં કર્ત્તા ત્રણને માટે કહે છે કેઃ-

ત્રણ મળે ત્યાં ત્રુટે કામ, ત્રણ મળે ત્યાં ન રહે મામ;
ત્રણ મળે ત્યાં વિણસે કામ, ત્રણ મળે ત્યાં ન વસે ગામ. ૧
અતિસાર શિતળ હેડકી, ત્રણ મળે તસ પ્રાણ જ દુઃખી;
એણે દૃષ્ટાંતે ત્રણ જણ જ્યાંહી, નિશ્ચે કામ ન થાયે ત્યાંહી. ૨
ત્રણ પુરૂષ ઘૃતકારણ ગયા, તે પણ પંથે બેસી રહ્યા;
ચિહું પાસે નર જોવે જિસે, એક વછીયાત દીઠો તિસે. ૩

છેવટે ત્રણે જણાએ ચારે બાજુ જોતાં એક વછીયાતને આવતો જોયો. તેને માથે ઘીની કુડલી હતી અને જાતે વાણીઓ હતો, પણ તે આજના વાણીઆ જેવો નાહિંમત કે નિર્બળ નહોતો. પેલા ત્રણ જણાએ તેને કહ્યું કે- 'ઘીની કુડલી નીચે મૂકી દે, અમારે ખપ છે.' તે સાંભળી પેલા શૂરવીર વાણીઆ પાસે પાંચ તીર હતા તેમાંથી તેણે બે ભાંગી નાખીને ત્રણ રાખ્યા અને બોલ્યો કે- 'એક વાર સામા આવી જાઓ, પછી કુડલીની વાત કરો.' આમ કહીને કામઠાપર તીર ચડાવ્યું કે ત્રણે જણ પ્રાણ લઇને ભાગી ગયા. આવે વખતે કાયરનું કામ નથી. કાયર તો હાથમાં હથીયાર રાખે પણ રણસંગ્રામનો વખત આવે ત્યારે હથીયાર પડ્યા મૂકી દઇને વિચાર કરે કે- 'કઇ બાજુ ભાગી જાઉં? ને ક્યાં સંતાઇ જાઉં?' વખતે ધોતીયામાં પેશાબ પણ થઇ જાય. આવા પુરૂષને ગમાર કહ્યા છે. તેઓ હથીઆરને ઉલટા લજવે છે, ફોગટ ફજેત કરે છે.

હથીઆર રાખવાનું કામ તો શૂરવીર પુરૂષનું જ છે. તે ગામ કે સીમ જોતા જ નથી અને જો કાયર છે તો હથીઆર શા માટે રાખે છે? જો ધન નથી તો વેપાર કરવા શા માટે બેસે છે? તે તો ઉલટું નુકશાન કરે છે. ખડ્ગ તો શુરાના હાથમાં જ શોભે છે. અહીં વાણીઓ શૂરો હતો તેથી ધૈર્ય ધારણ કરીને તેણે ધનુષ્યપર તીર ચઢાવીને મૂક્યું કે ત્રણ જણા ભાગી ગયા તેણે વનરાજ પાસે આવીને કહ્યું કે- 'એક માણસ ઘીની કુડલી લઇને જાય છે, પણ તે બળવાન હોવાથી તેની પાસેથી ઘીની કુડલી લઇ શકાય તેમ નથી. જુઓ પેલો સામે ચાલ્યો આવે છે.'

વનરાજે તે વાત સાંભળી બહાર આવીને તે વાણીઓને વિનયપૂર્વક બોલાવ્યો. 'પધારો પધારો' કહ્યું એટલે તે વાણીઓ તરત જ તેની પાસે આવ્યો અને ઘી આપ્યું. પછી તેણે વનરાજ સામું જોઇને કહ્યું કે- "તું પૃથ્વી ભોગવવા લાયક છે. તારા ભાગ્યમાં ઘણી પૃથ્વીનો ઉપભોગ કરવાનું લખેલું છે, તો તું આમ વગડામાં શા માટે ભમે છે? રાજહંસને ખાબોચીઆનું પાણી કેમ ગમે છે?" તે સાંભળી વનરાજ બોલ્યો કે- "મારી પાસે સારો પ્રધાન નથી. જો તું મારી પાસે પ્રધાન થઇને રહે તો પછી તું જેમ કહે તેમ કરૂં." વાણીઆએ તે વાત કબૂલ કરી અને યોગ્ય અવસર જોઇને તેની પાસે રહ્યો.

એક વખત ભુવડ રાજાના માણસો ખંડણી ઉઘરાવવા નીકળેલા તે બધી ખંડણી ભેગી કરીને તે તરફ નીકળ્યા. તેની પાસે ૨૪ લાખ સોનૈયા અને ૪૦૦ ઘોડા હતા. તે ધન લઇને જતા હતા તે વખતે બરાબર લાગ જોઇને વનરાજ પોતાના સાગ્રીતોસહિત તેની પાછળ થયો અને તેનું બધું દ્રવ્ય લુંટી લીધું. આ પ્રમાણે મોટો ખજાનો હાથ આવવાથી તેણે પોતાનું લશ્કર વધાર્યું અને તે સુભટોની મદદથી રાજ્યના થાણા તે વાણીએ ભાંગવા માંડ્યા. વનરાજે તેને બહુ બુદ્ધિવાળો જાણ્યો. ધીમે ધીમે તેણે ઘણો દેશ પોતાને તાબે કર્યો અને છેવટે આખું ગુજરાત વનરાજે પોતાને તાબે કરી લીધું. ભુવડરાજે આ વાત સાંભળી એટલે

પછી તેણે ગુજરાતની સામું જ ન જોયું.

એક દિવસ વનરાજે પેલો કુડલીવાળો વાણીઓ કે જેનું નામ ભીમ હતું તેને કહ્યું કે- "હવે આપણે બધી રીતે નિશ્ચિંત થયા છીએ. ભુવડ હવે આ તરફ આવે તેવું નથી, તો હવે સારી જમીન જોઇને આપણે એક ગામ વસાવીએ અને ત્યાં રાજધાની કરીએ; પણ એ જમીન એવી જોઇએ કે ત્યાં વસાવેલું શહેર લાંબો વખત ટકી રહે." વનરાજનો આવા વિચાર જાણી ભીમે તેની તજવીજ કરવી શરૂ કરી. નજદીકમાં ગોવાળો જનાવર ચારતા હતા તેને વનરાજપાસે બોલાવ્યા ને પૂછયું કે- 'તમે આટલામાં ઢોર ચારો છો તો કોઇ એવી જગ્યા છે કે જ્યાં અમે શહેર વસાવીએ?' તે સાંભળી અણહીલ નામનો ગોવાળ બોલ્યો કે- 'ચાલો, તમને એવી સારી જમીન બતાવું કે તમે ખુશી થઇ જાઓ.' એટલે વનરાજ ખુશી થયો અને તેવી જમીન જોવા તેની સાથે ચાલ્યો. તેમની સાથે એક કુતરો હતો. તે આગળ ચાલતો હતા. રસ્તે ચાલતાં તેને એક સસલો મળ્યો. કુતરો તેની સામે ધસ્યો એટલે સસલે તેનાથી નહીં ડરતાં સામા કાન માંડ્યા ને કુતરાને ભગાડ્યો. આવું આશ્ચર્ય જોઇ રાજા હસ્યો અને એ જમીનનો જ તે પ્રભાવ જાણી તે જગ્યાએ શહેર વસાવવાનો નિર્ણય કર્યો.

પછી બાર ગાઉના વિસ્તારવાળું અને ગઢ, મઢ, પોળ તથા મંદિરો યુક્ત શહેર વસાવ્યું. તેમાં ૮૪ જુદા જુદા ચૌટા કર્યા. તેમાં દોશીવટમાં કાપડીઆઓ પટોળા, ચીર, સાળુ વિગેરે ઉત્તમ ઉત્તમ વસ્ત્રો વેચે છે. દાંત બજારમાં દાંતના વેપારીઓ દાંત વેચે છે. નાણાવટમાં નાણા પરખાય છે, ઝવેરીબજારમાં માણેક, મોતી, હીરી વિગેરે તોળાય છે ને વેચાય છે. સોના રૂપાના સીક્કા પાડવાની ટકશાળોમાં જુદા જુદા સીક્કા પડે છે. ગાંધીને હાટે ગંધીયાણું વેચાય છે. કરિયાણાવાળા જુદા જુદા કરિયાણા વેચે છે. વૈદ્યો પણ ત્યાં ઘણા વસે છે. માળી, તંબોળી, મણીઆરૂં વેચનારા, સુગંધી તેલને અત્તર વિગેરે વેચનારાના જુદા જુદા બજાર છે.

ફોફળીઆ સોપારી વિગેરે વેચે છે. સોનાર સોનું ઘડે છે. ઘી બજારમાં ઘી વેચાય છે. આ પ્રમાણે અનેક પ્રકારના વેપારીઓ તે નગરમાં વાસો વસે છે. મોટા મોટા શેઠીઆઓ દુકાનપર બેઠા બેઠા ફાંદ (મોટું પેટ) પંપાળી રહ્યા છે. વહાણના વેપારીઓ તે સંબંધી વાતો કરે છે. પારકી વાતો કે નિંદા તો કોઇ કરતું જ નથી. તેવું નવરૂં જ ત્યાં કોઇ નથી.

અનેક ભાટ-ચારણો નવા નવા કવિતો બોલી વેપારી વિગેરેને રીઝવે છે. ત્રીપોળીઆ પાસે નટ લોકો નાટક કરી રહ્યા છે. એ રીતે અઢારે વર્ણ ત્યાં વસે છે. તે સૌ પોતપોતાના કાર્યમાં સાવધાન છે. કોઇ પણ પારકી આશા કરતું નથી. સૌ શુદ્ધ વ્યવહાર જાળવીને વ્યાપાર કરે છે. કોઇ કોઇને છેતરતું નથી કે પારકું દ્રવ્ય હરણ કરવાની ઇચ્છા પણ કરતું નથી. ત્યાં યોગ્ય સ્થાનકે રાજમહેલ બંધાવ્યો છે. તેમાં અનેક પ્રકારની સુંદર રચનાઓ કરી છે. હયશાળા, ગજશાળા, આયુધશાળા, લેખકશાળા જુદી જુદી બાંધી છે. હયશાળામાં ઘોડા બંધાય છે, ગજશાળામાં હાથી બંધાય છે, રથશાળામાં રથો રહે છે અને આયુધશાળામાં અનેક પ્રકારના શસ્ત્રો તૈયાર રાખવામાં આવે છે. લેખકશાળા લહીઆઓને લખવા માટે બેસવાની છે. લેખશાળા રાજ્યના કારકુનોને બેસવાની પણ બનાવેલી છે. માંડવીઆ તેને માટે નિર્માણ કરેલ ઠેકાણે (માંડવી ઉપર) બેસીને શહેરમાં આવતા માલનું દાણ લેવાનું કામ કરે છે. ત્યાં અનેક પ્રકારનું કાપડ, અનેક પ્રકારના કરીઆણા હીંગ, મરી, સાકર, સોપારી વિગેરે વસ્તુઓ, તેમજ ત્રાંબું, પીત્તળ, રૂપું, સોનું, સીસું, લોઢું વિગેરે ધાતુઓ, હીરા, માણેક, મુક્તાફળ વિગેરે ઝવેરાત, લવીંગ, એલચી, કપૂર, બરાસ, જાઇફળ, જાવંત્રી અને ખાંડ, ટોપરા, અબરખ, પારો, સીંગોડાને દ્રાક્ષ વિગેરે અનેક વસ્તુઓ આવે છે. તેની કિંમતના આંકનારા ત્યાં બેઠેલા હોય છે તે કિંમત આંકે છે, તે પ્રમાણે તેનું દાણ લેવાય છે. તેમાં લાખો ને કરોડો રૂપીઆ આવે છે.

કવિ કહે છે કે-આ પાટણ શહેરના વિસ્તારની કેટલીક વાત

કરૂં? ત્યાં તમામ પ્રકારના વ્યાપારીઓ આનંદથી વ્યાપાર કરી રહ્યા છે. વણજારાઓ પણ અનેક પ્રકારની વસ્તુઓ લઈ લઈને ત્યાં વેચવા આવે છે. ત્યાં અનેક દાનશાળાઓ-પુણ્યશાળાઓ-પૌષધશાળાઓ-ધર્મશાળાઓ છે. દાનશાળામાં પાણી માગે ત્યાં દુધ મળે છે. દાન, માન ને વિશ્રામ મળે છે. એવું તે પાટણ શોભી રહ્યું છે. તેમાં શ્રી જિનેશ્વરના પ્રૌઢ એવા અનેક પ્રાસાદો છે કે જે ઇંદ્રપુરીની સાથે વાદ કરી રહ્યા છે. શહેરને લગતાં વાડી, વન, આરામ, બાગ, બગીચાઓ પણ પુષ્કળ છે. શહેરને લગતું સહસ્ત્રલિંગ સરોવર છે તે માનસરોવરની જેવું શોભી રહ્યું છે. તેમાં અનેક પ્રકારના કમળો ઉગેલા છે અને પાણી ગંગાજળ જેવું મીઠું છે. તેમાં હંસ, મોર ને બગલા વિગેરે ઝીલી રહ્યા છે, ચક્રવાકો ક્રીડા કરી રહ્યા છે. તળાવની અંદર અનેક પ્રકારના મત્સ્યો અને કાચબાઓ વિગેરે જળચર જંતુઓ કલ્લોલ કરી રહ્યા છે. તે સરોવર ફરતી વાડી છે-બાગ છે-બગીચો છે. તેમાં શ્રીફળ, આમ્ર, ચંપક, નાગ, પુન્નાગ, તાલ, તમાલ, સાલ, જાંબુ, દાડિમ વિગેરેના તેમજ ચંદનના અનેક વૃક્ષો શોભી રહ્યા છે. તે નગરમાં કૂપ, કુંડ ને વાવડીઓ પુષ્કળ છે. ત્યાં સૌભાગ્યવતી સ્ત્રીઓ આવીને અમૃત જેવું જળ ભરી જાય છે. લોકો આનંદ કરી રહ્યા છે. સર્વત્ર માંગલિકની માળા જણાય છે. શોક તો કોઈ જગ્યાએ નજરે જ પડતો નથી.

તે નગરમાં બાવન વવા વર્તે છે. તે કવિ નગરની શોભા પૂરેપૂરી વર્ણવવા માટે કહી બતાવે છે તે ધ્યાન દઈને સાંભળજો-વાંચજો.

૧ વાડી, ૨ વન, ૩ વાવો, ૪ વાળો, ૫ વેલી, ૬ વનિતા, ૭ વિવેક, ૮ વિચાર, ૯ વ્યાખ્યાની, ૧૦ વાદી, ૧૧ વીર, ૧૨ વીણા, ૧૩ વાંસળી, ૧૪ વેશ્યા, ૧૫ વિપ્ર, ૧૬ વ્યાસ, ૧૭ વહોરા, ૧૮ વાણીઆ, ૧૯ વસ્તુઓ, ૨૦ વખારો, ૨૧ વ્યાપારી, ૨૨ વૈદ્ય, ૨૩ વૈષ્ણવ, ૨૪ વિશ્રામ ઠામ, ૨૫ વર્ણઅઢાર, ૨૬ વૃષભ, ૨૭ વિષ્ણુમૂર્તિ, ૨૮ વેદીઆ, ૨૯ વેષધારી, ૩૦ વરતીયા, ૩૧ વિચિત્રલોકો, ૩૨ વચનશુદ્ધિવાળા, ૩૩

વિદ્યાવંત, ૩૪ વણકર, ૩૫ વ્યસની, ૩૬ વિચિત્ર દાની, શિયળવાન, તપસ્વી ને ભાવનાવાળા ૩૭ વિચિત્ર વરઘોડાઓ, ૩૮ વાજી, ૩૯ વહેલ, ૪૦ વીંઝણા, ૪૧ વાનર, ૪૨ વાઘરી, ૪૩ વિદ્રુમ, (પરવાળા), ૪૪ વિરસ (વસ્તુ વિશેષ), ૪૫ વારિ (પાણી), ૪૬ વાજિંત્ર, ૪૭ વેઘાળા, ૪૮ વ્યાકરણી, ૪૯ વૈરાગી, ૫૦ વેદના જાણ, વેદનાના જાણ, ૫૨ વિષયના જાણ (વિષયના ભોગી) ઈત્યાદિ.

આ પાટણ નગરની શોભા કહી જાય તેમ નથી. જો સમુદ્રનું, અભવ્યનું કે આકાશનું માપ થઈ શકે તો તે કહી શકાય તેમ છે. તેમ તેમાં કેટલા મનુષ્યો વસે છે તેની સંખ્યા પણ થઈ શકતી નથી. તે ઉપર એક બનેલો બનાવ બતાવીને કવિ વાંચનારને તેનો ખ્યાલ આપે છે.

એક વખત એક ચારણ સ્ત્રી-ભર્તાર પાટણ જોવા આવ્યા. જોતાં જોતાં સાંજ પડી ગઈ. એટલામાં બે જણ છુટા પડી ગયા. એટલે સ્ત્રીએ પોતાના ધણીને ઘણો શોધ્યો પણ પત્તો લાગ્યો નહીં; તેથી તેણે નગર બહાર ઉદ્યાનમાં રાજા પાસે જઈને કહ્યું કે– 'મારા ધણીથી હું વિખુટી પડી ગઈ છું, માટે મને મારો ધણી મેળવી આપો.' રાજાએ તેની નિશાની પૂછી એટલે તે સ્ત્રીએ કહ્યું કે– 'નામ રાણો છે ને જમણી આંખેકાણો છે.' રાજાએ તે જ વખતે પડહ વગડાવ્યો કે– 'નામે રાણા ને જમણી આંખે કાણા હોય તે સવારે દરબારમાં આવજો.' સવાર થઈ ત્યાં જમણી આંખે કાણા નામે રાણા દરબારમાં આવવા માંડ્યા. એકંદર સંખ્યા કરી તો ૯૯૯ થયા. પેલી સ્ત્રીને તેમાંથી તેનો ધણી શોધી લેવા કહ્યું પણ તેમાં ન જડવાથી ફરી પડહ વગડાવ્યો એટલે તે મળી ગયો. આટલા ઉપરથી તે શહેરમાં કેટલી વસ્તી હશે તે સમજી શકાય તેમ છે. આવું તે નગર વનરાજે વસાવ્યું.

તે નગરમાં નટ-નાટકીઆ પણ ઘણા હતા, પંડિતો ઘણા હતા, રાસ રમનારી બાળિકાઓ પણ ઘણી હતી કે જેને જોઈને સ્વર્ગમાં રહેલા દેવો પણ મોહ પામી જાય તેમ હતું. તે નગરમાં ભોગી મનુષ્યો જ વસતા

હતા, રોગી તો કોઈ હતું જ નહીં. તેમ સ્ત્રી-ભર્તારમાં સ્નેહ પણ ઇંદ્ર ઇંદ્રાણી જેવો હતો. પુરૂષો મહારૂપવંત હતા અને સ્ત્રીઓ પણ પદ્મિની, હસ્તિની ને ચિત્રણી ત્રણ જાતિની જ હતી; શંખણી તો હતી જ નહીં. લશ્કર પણ હાથી ઘોડા વિગેરેનું સંખ્યાબંધ હતું. હાથીઓ મદભરેલા મલપતા હતા. અશ્વો હૈષારવ કરી રહ્યા હતા. એ નગરીને ઉપમા માત્ર ઇંદ્રપુરીની જ અપાય તેમ હતું. બીજી ઉપમા અપાય તેમ નહોતું; કારણકે ઇંદ્રપુરી કરતાં પણ વધારે શોભાયમાન હતી.

તે નગરીમાં રાજા વનરાજ હતો કે જેની સર્વત્ર ખ્યાતિ પ્રસરેલી હતી. તેનું લશ્કર પારાવાર હતું અને સર્વ રાજાઓ તેને મસ્તક નમાવતા હતા. તે રાજાને રાણીઓ પણ ઘણી હતી અને લક્ષ્મી પણ લેખાવિનાની હતી. આવું નગર તેણે વસાવ્યું. અને તેનું નામ અણહિલપુરપાટણ અણહિલ ભરવાડના નામપરથી રાખ્યું, કારણકે આ સ્થાન તેણે બતાવ્યું હતું. આવા નગરમાં આનંદથી રહેતાં એક દિવસ વનરાજને પોતાના ઉપગારી શ્રી શીલગુણસૂરિ મહારાજ સાંભર્યાં. એટલે તેમને જ્યાં હતા ત્યાંથી પાટણ તેડાવ્યા અને પછી તેમના ઉપદેશથી પંચાસરો પ્રાસાદ બંધાવી તેમાં શ્રી પંચાસરા પાર્શ્વનાથજીની સ્થાપના પોતે કરી. પ્રાસાદ પણ એવો સુંદર બંધાવ્યો કે સર્વત્ર ખ્યાતિ પામ્યો. અંદર સોનાનો ઘંટ બાંધ્યો કે જેનો શબ્દ સાંભળતાં જ મનુષ્ય આનંદ પામે. આ સ્થાપના સંવત ૮૭૨ માં કરી. વનરાજ પચાસ વર્ષની ઉમરે રાજ્ય પામ્યો અને તેણે નિર્વિઘ્નપણે ૬૦ વર્ષ રાજ્ય કર્યું. અનુક્રમે જૈનધર્મની આરાધના કરીને તે સદ્‌ગતિનું ભાજન થયો. (સદ્‌ગતિએ ગયો.)

વનરાજની પાટે તેનો પુત્ર યોગરાજ રાજા થયો, તેણે ૩૫ વર્ષ રાજ્ય કર્યું. તેની પાટે તેનો પુત્ર ખીમરાજ રાજા થયો, તેણે ૨૫ વર્ષ રાજ્ય કર્યું, તેની પાટે તેનો પુત્ર ભુઅડ રાજા થયો, તેણે ૨૯ વર્ષ રાજ્ય કર્યું. તેની પાટે તેનો પુત્ર વૈરસિંહ રાજા થયો, તેણે ૨૫ વર્ષ રાજ્ય કર્યું. તેની પાટે તેનો પુત્ર રત્નાદિત્ય રાજા થયો, તેણે ૧૫ વર્ષ રાજ્ય કર્યું. તેની પાટે

તેનો પુત્ર સામંતસિંહ રાજા થયો, તેણે ૭ વર્ષ રાજ્ય કર્યું. આ પ્રમાણે ૧૯૬ વર્ષમાં સાત પાટ થઈ. સામંતસિંહને પુત્ર ન હોવાથી ભાણેજે રાજ્ય લીધું તેની હકીકત આ પ્રમાણે છે.

ભુઅડનો પુત્ર કર્ણરાજ, તેનો ચંદ્રાદિત્ય, તેનો સોમાદિત્ય, તેનો ભવનાદિત્ય, તેને ત્રણ પુત્ર થયા તેમાં મુખ્ય દેવક નામનો હતો. તે દેવપાટણ ફરતો ફરતો ગયો. ત્યાં જઈને તેણે સોમેશ્વરની ભક્તિ કરી. તેની ભક્તિથી તુષ્ટમાન થઈ તેણે આકાશવાણી કરી કે– 'તું અણહિલપુરપાટણ જા. ત્યાં સામંતસિંહ રાજા છે. તેની બ્હેન તારા પર પ્રેમ કરશે અને તને પરણશે.'

આવી દેવવાણી સાંભળી તે અણહિલપુર આવ્યો. નગરમાં પ્રવેશ કરીને વિચારે છે કે– 'હવે મારે ક્યાં જવું?' એવામાં સામંતસિંહ રાજા ઘોડાપર ચડીને રયવાડી જતો હતો ત્યાં નીકળ્યો. તેનો ઘોડો (રેવંત) હંસની ચાલે ચાલ્યો જતો હતો, તેને રાજાએ ચાબુક માર્યો એટલે દેવકે 'હાય, હાય' એમ શબ્દ કર્યો. રાજા તે સાંભળી ત્યાં ઉભો રહ્યો અને તેને પાસે બોલાવી 'હાય હાય' કહેવાનું કારણ પૂછયું.

દેવક રાજકુમારે કહ્યું કે– 'હે ગુણવંત રાજા! સાંભળ. શાસ્ત્ર, શસ્ત્ર, વાણહી (ઉપાનહ), તુરી (અશ્વ), નર, નારી, વીણા-જેવા પુરૂષના હાથમાં આવે છે તેવા થાય છે. તું સુપુરૂષ છે, અશ્વપર બેઠેલો છે, આ અશ્વ સુંદર ગતિએ ચાલ્યો જાય છે, તો તેને ચાબુક મારવો યોગ્ય નથી.' આ પ્રમાણેના તેના વાક્યોથી રાજા મનમાં બહુ ખુશી થયો અને તેને કળાવંત તેમજ રાજપુત્ર જાણીને પોતાની સાથે રાજમહેલમાં લઈ જઈ પોતાની બહેનને તેની સાથે પરણાવી. તેનું નામ લીલાદેવી હતું. તે અત્યંત રૂપવંતી હતી. દેવક તેને પૂરા હર્ષથી પરણ્યો. તેની સાથે સુખવિલાસ કરતાં ઘણો કાળ વ્યતિક્રમ્યો પછી લીલાદેવીને ગર્ભ રહ્યો. પ્રસવ સમયે તે મરણ પામી એટલે તેના પેટમાં રહેલ બાળકને બહાર કાઢતાં પોતાના આયુષ્યના બળથી તે જીવતો નીકળ્યો. કર્ત્તા કહે છે કે- 'જુઓ કર્મ કેવું

બળવાન છે. જે સ્ત્રી પરમ પ્રિય હતી તેનું પેટ પણ પુત્રની ખાતર વિદારવું પડ્યું. પ્રાણીને જ્યારે કર્મ ઉદયમાં આવે છે ત્યારે તેની પાસે તે રાંક છે.'

"જુઓ! કર્મના ઉદયથી જરાકુમારે કૃષ્ણને હણ્યા. વાસુદેવ કોઇથી ન હણાય પણ જરાકુમારના એક સામાન્ય બાણથી તેના પ્રાણ ગયા. કર્મે કરીને નળરાજાને માથે અનેક વિતક વિત્યા. દશરથ ને રામચંદ્રનો વિયોગ થયો અને રામ લક્ષ્મણે વનવાસના અનેક પ્રકારના દુઃખો વેઠ્યા. હરિશ્ચંદ્ર રાજાએ ડુંબજે ઘરે પાણી ભર્યું. દ્રૌપદીના ચીર પાંડવોની નજરે દુર્યોધનની સભામાં દુઃશાસને ખેચ્યાં. પરાક્રમી પાંડવોએ વનવાસનું દુઃખ સહન કર્યું. મળેલું રાજ્ય જુગટામાં હારી ગયા. કોણિક જેવા પુત્રે શ્રેણિક જેવા રાજાને-પોતાના પિતાને કેદખાનામાં નાખ્યા અને દરરોજ ચાબુકો માર્યા. જુઓ! વાઘણ થયેલી માતાએ પોતાના પુત્રને-મુનિ થયેલાને વિદાર્યા, કુબેરદતને કર્મનો એવો કુયોગ થયો કે જેથી બહેન સાથે પરણ્યો અને માતા સાથે ભોગની વાંચ્છા કરી. સનતકુમાર જેવા ચક્રવર્તીએ મુનિપણામાં અનેક પ્રકારના રોગો સહન કર્યા. કર્મની ગતિ મહા વિષમ છે. તેની પાસે શક્ર જેવાં પણ નિર્બળ થાય છે."

અહીં લીલાદેવી મરણ પામી તેથી તેના પતિને ઘણું દુઃખ થયું, કારણ કે અવસ્થાએ ઘર ભાંગે તે બહુ દુઃખ આપનાર છે. કહ્યું છે કે-'ત્રણ દુઃખ મહાદાહ કરનારા છે. ૧ પ્રૌઢવયે સ્ત્રી મરણ પામે, વૃદ્ધાવસ્થાએ પુત્ર મરણ પામે અને બાપુકી જમીન બીજાને હાથ જાય.' રાજાએ આ દુઃખ બહુ વ્યથાસાથે સહન કર્યું; પરંતુ તેમાં નિરૂપાયપણું હોવાથી છેવટે રાજાએ મન વાળ્યું અને પુત્રને જોઇને સ્ત્રીના વિરહનું દુઃખ તજી દીધું. પુત્રનો જન્મમહોત્સવ કર્યો અને તેનું મૂળરાજ નામ પાડ્યું. તેણે કેટલીક કળાઓ ગ્રહણ કરી. અનુક્રમે યૌવનાવસ્થા પામ્યો એટલે તેના મામાએ તેને રાજ્ય આપ્યું. પાછું કાંઇક કારણ પામીને લઇ લીધું; એટલે ભાણેજને રોષ ચડ્યો, તેથી અવસર મેળવીને તેણે મામાને મારી નાખ્યો અને પોતે રાજા થયો. આ પ્રમાણે કરવાથી તે કૃતઘ્ની કહેવાયો. મામાએ ઉપકાર

કર્યો તેના બદલામાં એણે અપકાર કર્યો. વળી ધીરજ પણ રાખી ન શક્યો. મામો અપુત્રીઓ હતો, તેથી પરિણામે તો એને રાજ્ય આપવાનો જ હતો; પણ લોભ એવો દુષ્ટ છે કે તે કૃત્યાકૃત્યને ભૂલાવી દે છે અને અકૃત્ય કરાવી જગતમાં હલકાપણું કહેવરાવે છે. આ સંબંધમાં એક કવિએ કહ્યું છે કેઃ-

જામાતા ને વીંછી વાઘ, મદ્યપાની મૂરખ અભાગ;
ભગિનીસુત પૃથ્વીનો નાથ, ગુણ કીધો નવિ જાણે સાત.

"જમાઇ, વીંછી, વાઘ, મદ્યપાન કરનારો, દુર્ભાગી એવો મૂર્ખ, ભાણેજ અને રાજા એ સાત કરેલો ગુણ જાણતા નથી."

અહીં ભાણેજ મૂળરાજે ગુણઉપર અવગુણ કર્યો. મામાને મારીને પોતે સંવત ૯૯૮ માં ગુજરાતનો ધણી થઇ પડ્યો. તેને ચામુંડ નામે પુત્ર થયો. તેણે ૧૩ વર્ષ રાજ્ય કર્યું. તેને વલ્લભ નામે પુત્ર થયો, તેણે માત્ર છ મહિના જ રાજ્ય કર્યું. તેનો પુત્ર દુર્લભરાજ થયો, તેણે ૧૧ાા વર્ષ રાજ્ય કર્યું. તેનો પુત્ર ભીમ નામે થયો, તેણે કુળની લાજ વધારી અને ૪૨ વર્ષ રાજ્ય કર્યું. ભીમરાજાને બે સ્ત્રીઓ વિમળદેવી ને ઉદયવતી નામે હતી. વિમળદેવીને ખીમરાજ નામે પુત્ર હતો અને ઉદયવતીને કર્ણ નામનો બહુ બળવાન પુત્ર હતો. ભીમરાજાએ યોગ્ય જાણીને કર્ણને રાજ્ય આપ્યું. કર્ણરાજા મહા પ્રતાપી થયો. તેણે નવો સૂર્ય ઉગે ને તપે તેમ રાજ્યનો પ્રકાશ વધાર્યો. તેણે રાજ્યમાંથી અન્યાયમાત્રને દૂર કર્યો અને સાત ડડાને દેશપાર કર્યા.

ડંડ ડાંડ ને ડુંબડ જેહ, ડાકિણ ડાકિણા કાંઢ્યા તેહ;
ડર છઠ્ઠો દૂર કીઓ ડંભ, કાઢી રોપ્યો કીરતિ થંભ.

(અર્થ પ્રગટ છે.) કર્ણ રાજાએ ૨૯ વર્ષ રાજ્ય કર્યું. તેના દેવગત થયા પછી તેની મીણલદેવી નામની પટરાણીને જેશંગ નામે પુત્ર થયો હતો. તે રાજા થયો તેનું વૃત્તાંત નીચે પ્રમાણે છે. તે ખાસ ધ્યાન આપવા લાયક છે.

કર્ણાટક દેશના રાજા જયકેસરને મીણલ નામની પુત્રી હતી. તે યૌવનવતી થઇ એટલે તેનો વિવાહ કર્ણ સાથે કર્યો. તે મીણલ રૂપવંતી ન હોવાથી તે કર્ણરાજાને પસંદ પડી નહીં એટલે તે તેની સાથે બહુ વખત સુધી પરણ્યા નહીં. આ હકીકતથી અત્યંત ખેદ પામીને મીણલ કાષ્ટભક્ષણ કરવા એટલે બળી મરવા તૈયાર થઇ. આ વાતની કર્ણરાજાની માતાને ખબર પડવાથી તેણે કર્ણને કહ્યું કે- 'હે પુત્ર! મારૂં વચન માનીને તું મીણલને પરણ અને આપણા ક્ષત્રીય કુળની લાજ રાખ. એક વાર જે વસ્તુ આપણે સ્વીકારી તેને પછી પરહરવી યોગ્ય નથી; માટે તેને પરણીને પછી ગમે તેવી રીતે વર્તજે.' આ પ્રમાણે માતાના વારંવાર કહેવાથી કર્ણ તેને પરણ્યો, પણ તેને મહેલમાં રાખી મૂકી; તેની પાસે બીલકુલ ગયો જ નહીં.

અહીં મીણલદેવી કળાવાન હતી, ચતુર હતી, શીળવાન હતી, પણ રૂપરહિત હતી તેથી રાજાના તેની પાસે ન આવવાથી તેના મનમાં બહુ જ દુઃખ થયા કરતું હતું. તે વિચારતી કે 'ખાવા માટે ભાવતાં ભોજન મળે છે, પહેરવા માટે સોળ શણગાર છે, પણ પુરૂષ વિના મારો અવતાર વૃથા છે. મારે માતા, પિતા, બંધુઓ વિગેરે બીજા સંબંધીઓ ઘણા છે પણ એક પતિ વિના તે બધા કામના નથી, કેમકે પતિએ માની તેના સૌ સગા છે. તે વિના સગા શું કામના છે? જુઓ! એક સૂર્ય જગતમાં અજવાળું કરે છે; તારા ક્રોડો ગમે છે પણ તે તેવો પ્રકાશ આપી શકતા નથી. શરીરમાં એક જીવ હોય તો પાંચે ઇંદ્રિયો ઉપયોગી છે; તે શિવાય ઇંદ્રિયો હોય તો પણ શા કામની? અહીં જીવ તુલ્ય મારા સ્વામી છે અને ઇંદ્રિયો સમાન બીજો બધો પરિવાર છે. એક હંસ (આત્મા) વિના કાયા જેમ નકામી છે તે કાંઇ કરી શકતી નથી તેમ પુરૂષ વિના હું પણ નકામી છું. જેમ અંજનાને પવનંજયે તજી દીધી હતી, અમરકુમારે જેમ સુરસુંદરીને તજી હતી તેમ મને મારા સ્વામીએ તજી દીધી છે" આ પ્રમાણે અહર્નિશ આર્તધ્યાન કર્યા કરતી હતી. કોઇકોઇવાર રાજ્યનો મંત્રી તેની પાસે

આવતો હતો. તે કહેતો કે- 'માતાજી! ધીરજ રાખો, પુણ્યવડે સૌ સારાં વાનાં થશે.'

એવા અવસરમાં એક માતંગી ત્યાં આવી. તે નવા નવા રૂપ કરતી હતી, વીણા બજાવવામાં બહુ કુશળ હતી, મોટે પંચમ રાગનો આલાપ કરતી હતી, સ્વરૂપવંતી પણ હતી. તેને જોઇને અને તેના ગીત વાજીત્ર સાંભળીને સામાન્ય મનુષ્યોને કામ વ્યાપે તેમાં તો શું નવાઇ, પણ મુનિજનના મન પણ ડોલાવે એવી હતી. કૃપણ પણ તેને ધન આપીને વશ કરવા તૈયાર થઇ જાય તેવી હતી. તેના રૂપ, રંગને રાગથી રાજા તેની ઉપર રીઝયો, કામાતુર થયો; તેથી તેનું મન આકુળવ્યાકુળ થવા માંડ્યું. તેણે મંત્રીને તેડાવ્યા અને પોતાના મનની હૃદય ખોલીને વાત કરી. છેવટે કહ્યું કે- 'કોઇપણ રીતે તેને મારી પાસે લાવો, હું તેને મદ્યપાન કરાવીશ. અને પછી તેની સાથે યથેચ્છપણે કામક્રીડા કરીશ.' આ હકીકત સાંભળી મંત્રી વિચારવા લાગ્યો કે-

'અહો! પાપી કામદેવને ધિક્કાર છે તેણે અનેક સુરનરને ખુવાર કર્યા છે, મુનિઓના વ્રત મૂકાવ્યા છે. જુઓ! કામદેવે ઇંદ્રને ચૂકાવ્યો ને તાપસપત્ની અહલ્યા સાથે લુબ્ધ કર્યો. ઇશ્વરને વશ કરી તેની પાસે સ્ત્રીસન્મુખ નાચ નચાવ્યો. બ્રહ્માને પણ ધ્યાનથી ચૂકાવ્યા. રાવણને રખડાવ્યો ને મુંજરાજા પાસે ભીખ મંગાવી તેણે ચંદ્રને પણ કલંકિત કર્યો ને મણિરથને અપયશનું પાત્ર કર્યો. કુળવાળુઆને વ્રતથી ચૂકવી વેશ્યાવશ કર્યો. રહનેમિને પણ ધ્યાનથી ચૂકવી રાજિમતી પાસે પ્રાર્થના કરાવી. કામદેવે લક્ષ્મણા સાધ્વીના ચિત્તને ડામાડોળ કર્યું. ગૌતમ ઋષિની અહલ્યાને પણ છોડી નહીં. ચૂલ્લણીએ ચક્રવર્ત્તી સરખા પુત્રની માતા છતાં દીર્ઘરાજાની સાથે લંપટ થઇને પુત્રને મારવાનો પ્રપંચ રચ્યો કામે પડાવ્યો, બ્રહ્મદત્તને સાતમી નરકે પહોંચાડ્યો, છતાં હજુ ત્યાં રહ્યો રહ્યો ચારૂમતી (સ્ત્રીરત્ન) ને સંભારે છે, આ બધો તેનો જ પ્રતાપ છે. તેણે આર્દ્રકુમારને સંસારી કર્યો, નંદીષેણને વેશ્યાને ત્યાં બાર વર્ષ રાખ્યો. કંડરીક મુનિપણું

છોડી એક દિવસમાં નરકગામી થયો. અષાઢાભૂતિપાસે નાચ કરાવ્યો. અરણિક મુનિ જેવાને સ્ત્રીને વશ કર્યા. એવો પાપી કામદેવ કોઇના પકડાયો પકડાય તેમ નથી. તેના બળથી ઉત્તમ કુળના રાજાઓ નીચ સ્ત્રી સાથે રમે ને ખાય-પીએ, તેમ વિપુળ કુળમાં માતા થયેલ સ્ત્રી નીચને ઘરે જઇને તેની સાથે રમે. રે પાપી કામદેવ! તને ધિક્કાર છે. દેવ મનુષ્ય અને તિર્યંચમાં બધે તું વ્યાપી રહ્યો છે. તને ઇશ્વરે શ્રાપ આપીને અનંગ કર્યો તે યોગ્ય જ કરેલ છે, તું તેને લાયક જ છે; પરંતુ અનંગ થયા છતાં તું ઉધમાત કર્યા વિના રહેતો નથી. જગત બધાને ડોલાવે છે."

અહીં નાટકણીને દેખીને મોહ પામેલ કર્ણરાજા માટે મંત્રી વિચાર કરે છે કે- 'રાજા આવી નીચ નાટકણી સાથે રમશે એ બહુ અઘટિત થશે. ઉત્તમ મનુષ્યનો એ આચાર નથી, પરંતુ હવે તેનો કાંઇ ઉપાય કરવો જોઇએ.' આ પ્રમાણે વિચારતાં તેને એક યુક્તિ સૂઝી. તેણે તરત જ મીણલદેવી પાસે જઇ તેને પેલી નાટકણીની જેવો જ વેશ પહેરાવી, શણગાર સજાવી, અમુક બોલ બોલવાના શીખવી રાજા પાસે એકાંતમાં મોકલી. રાજાએ તેને આવેલી જોતાં જ અત્યંત કામવશ હોવાથી કાંઇપણ વધારે પૂછપરછ ન કરતાં તેની સાથે ભોગવિલાસ કર્યો. જાત-ભાત-નામ-ઠામ કાંઇ પૂછયું નહીં. 'અર્થી દોષનો વિચાર કરતો નથી, ભૂખ્યો પાત્રાપાત્ર જોતો નથી અને કામી કુળ ઓળખાતો નથી.' તેમ રાજાએ પણ વધારે તજવીજ કરી નહીં. મીણલદેવીએ મનમાં વિચાર કરીને રાજાની નામાંકિત મુદ્રિકા નિશાની તરીકે માગી લીધી. તે રાજાએ આપી. પ્રાતઃકાળ થવા આવ્યો એટલે મીણલદેવી પોતાને સ્થાનકે ચાલી ગઇ.

હવે પ્રભાત થતાં રાજાને પોતાના અધકૃત્ય માટે અત્યંત પશ્ચાતાપ થવા માંડ્યો. તેણે વિચાર્યું કે- 'અરે રે! મને મોટું પાપ લાગ્યું. મે મહાન અકાર્ય કર્યું. એ વેશ્યા વળી અંત્યજ, હું ક્ષત્રી તેમાં પણ ઉત્તમ કુળવાન. આ તો કાગડી સાથે હંસ, ભુંડણી સાથે સિંહ અને ગધેડી સાથે બ્રાહ્મણ

લુબ્ધ થાય તેવું થયું. એ વેશ્યા સ્ત્રી ગધેડી જેવી અને હું રાજા બ્રાહ્મણ જેવો. તેણે આ શું કર્યું? હવે આવું અકાર્ય કરીને જીવવું તે વૃથા છે! ત્યારે શું હુ ઝેર ખાઉં? કુવામાં પડું? કે ઝંપાપાત કરૂં? શું કરૂં?' આમ વિચારતો અને પારાવાર પશ્ચાત્તાપ કરતો રાજા ખાતો નહોતો, પીતો નહોતો અને બેસી રહ્યો હતો. તે હકીકત સાંભળી મંત્રી તેની પાસે આવ્યો.

મંત્રીને જોતાં જ રાજા તેની ઉપર ખીજી ઉઠ્યો. રાજાએ કહ્યું કે- 'રે મંત્રી! તું લુણહરામી થયો, તેં મને સારી બુદ્ધિ કેમ ન આપી? હું મતિમૂઢ થઇ ગયો હતો, પણ તારી બુદ્ધિ તો ઠેકાણે હતી? તેં મને અકાર્ય કરતાં વાર્યો કેમ નહીં? તારી સાન ક્યાં જતી રહી?' મંત્રી કહે કે 'હે રાજન્! તમે શાંત થાઓ તો હું કહું. જુઓ! મેં તો મારાપણું જાળવ્યું છે. મેં આપની પાસે તે નાટકણીને મોકલી નથી, પણ આપની મીણલને જ મોકલી છે, હું ભૂલ્યો નથી, માટે મારા ઉપર રીસ કરશો નહીં.' રાજા આ ખુલાસો સાંભળી બહુ જ ખુશી થયો. મંત્રીનું વધારે સન્માન કરી તેને સારી રીતે વસ્ત્રાભૂષણો આપી તેની પ્રશંસા કરી. રાજાએ કહ્યું કે- 'હે મંત્રીશ્વર! તને ધન્ય છે, સાબાશ છે. સારા મંત્રી વિના રાજ્ય સૂનું કહેવાય છે તે ખરી વાત છે. સારા મંત્રી વિના રાજા સારૂં કાર્ય કરી શકતો નથી. મંત્રી વિના રાજાની લાજ રહેતી નથી તેમ વધતી પણ નથી. હે મંત્રી! તેં આજે મારૂં ખરેખરૂં કામ કર્યું છે. કહ્યું છે કે-

મંત્રી કટક ચડ્યા ફેરવે, જિમ કવિતા મન ચિંત્યું કવે,
તિમ મંત્રી રાખે ઘરસૂત્ર, મંત્રી વિણ શ્યા બંધવ પુત્ર.

આ પ્રમાણે મંત્રીની પ્રશંસા કરીને રાજાએ પોતાની નિશાની માંગી એટલે મંત્રીએ મીણલદેવી પાસેથી મુદ્રિકા લાવી દીધી. રાજા તે જોઇને બહુ ખુશી થયો. પૂર્વે નિમિત્તિયાએ કહ્યું હતું તે વચન પણ સાચું થયું રાણીને તે જ દિવસે ગર્ભ રહ્યો અને તે અનુક્રમે વધવા માંડ્યો.

આ હકીકત તેની શોક્ય બીજી રાણીના જાણવામાં આવતાં તેણે કામણ કરીને જમીનમાં દાટ્યા, એટલે મીણલનો ગર્ભ અંદર સ્થંભી

રહ્યો. ગર્ભસ્થિતિ પૂર્ણ થયા છતાં પણ પ્રસવ થઇ શક્યો નહીં.

(અહીં રાસના કર્ત્તાએ કામણના કેટલાક પ્રકાર બતાવ્યા છે, પરંતુ તે નિરૂપયોગી જણાવાથી આ રહસ્યમાં દાખલ કર્યા નથી.)

મીણલદેવીના ઉદરમાં સ્થંભિત કરેલો ગર્ભ બાર વર્ષપર્યંત રહ્યો, ઉદર પણ ગર્ભ વધવાથી ઘણું વૃદ્ધિ પામ્યું પીડા પારાવાર થવા લાગી; તેથી છેવટે તીર્થે જઇને પ્રાણત્યાગ કરવાની ધારણાથી મીણલદેવીએ દ્વારકા તરફ પ્રયાણ કર્યું. પ્રાણત્યાગ કરવા માટે બળી મરવાનો, ઝેર ખાવાનો તેમજ બીજા પ્રકારે પણ મરણ પામવાનો બહુ વિચાર કર્યો; પણ તે રાજાએ અમલમાં મૂકવા ન દીધો તેથી તીર્થે જઇને સ્વાભાવિક રીતે પ્રાણ તજવાની ધારણાથી મીણલદેવી નીકળી. માર્ગમાં કારેલી નામનું ગામ આવ્યું. ત્યાં એક બુદ્ધિમાન યોગી મળી ગયો. તેણે મીણલને પોતાના મકાનમાં રાખી એક મુદ્દામ માણસ સાથે પત્ર લખીને પાટણ મોકલ્યો. તેમાં ખબર આપ્યા કે મીણલને ગર્ભ પ્રસવ થયો છે. અને પુત્ર આવ્યો છે.' આ ખબર આવતાં કર્ણરાજા બહુ હર્ષિત થયો. તેણે શહેરમાં જન્મોત્સવ કરાવ્યો અને રાજદ્વારે તોરણો બંધાવ્યા. આ બધી ધામધુમ જોઇને કામણ કરનારી શોક્યના મનમાં વિચાર થયો કે- 'શું બાર વર્ષ થઇ જવાથી ભૂમિમાં કામણ દાટ્યા છે તે સડી ગયા કે શું થયું જેથી પુત્ર પ્રસવી શક્યો?' આવી શંકા થવાથી તેણે જ્યાં કામણ દાટેલા હતા ત્યાં જઇ જમીન ખોદીને કામણ બહાર કાઢ્યા તે જ વખતે અહીં મીણલને પુત્ર પ્રસવ થયો. પેલા યોગીએ પછી બીજો મુદ્દામ માણસ મોકલી વધામણી આપી કે "હવે ખરેખરો પુત્ર પ્રસવ થયો છે." તેથી રાજાએ વિશેષ પ્રકારે જન્મોચ્છવ કર્યો.

અહીં પેલી શોક્યને તો કામણ દાટેલા તે કાઢતાં એવાને એવા લાગ્યા તેથી પાછા ફરીને દાટ્યા, પણ હવે શું કામના? અહીં પ્રસવ તો થઇ ગયો તેથી તે શોક્ય પોતાના પ્રયાસમાં નાસીપાસ થઇ.

અહીં વિચારવાનું એ છે કે બુદ્ધિ શું કામ કરે છે? પ્રથમ મંત્રીની

બુદ્ધિએ કામ કર્યું છે કે જેથી રાજા ઉન્માર્ગે જતો અટક્યો અને મીણલની ઈચ્છા પૂર્ણ થઈ. ત્યારપછી યોગીની બુદ્ધિએ કામ કર્યું. તેણે કલ્પના કરી કે– 'પુત્ર પ્રસવના ખબર પડતાં જરૂર કામણ કરનાર કામણ તપાસશે અને તે તપાસવા માટે બહાર કાઢતાં જ અહીં પ્રસવ થઈ જશે.' આ કલ્પના સાચી પડી ને કાર્ય સિદ્ધ થયું. જે કામ લાખો રૂપીઆથી થતું નથી તે બુદ્ધિથી થાય છે. બુદ્ધિની ખૂબી જ જાુદી છે. બુદ્ધિમાન્ જાુદું જ કામ કરે છે. આગળ પણ બુદ્ધિનું જ દૃષ્ટાંત આવે છે.

આ પુત્રનું નામ કર્ણરાજાએ જયસિંહ પાડ્યું. તે આગળ જતાં બહુ પરાક્રમી નીવડ્યો. તેણે ઘણી પૃથ્વી મેળવી અને ગુજરાતનો પ્રખ્યાત રાજા થયો. તેની કીર્તિ પણ બહુ વિસ્તાર પામી. તેણે પોતાના નામ સાથે સિદ્ધરાજ શબ્દ જોડી દીધો એટલે તે સિદ્ધરાજ જયસિંહ કહેવાણો.

અન્યદા પાટણના વિપ્રો તીર્થયાત્રા કરવા નીકળ્યા, તે ફરતા ફરતા હિમાલય પર્વતે ગયા. હિમાલય ઉપર ચડ્યા ત્યાં તેઓએ એક અચલનાથ નામના યોગીને દીઠો. તેની પાસે સિદ્ધિ ને બુદ્ધિ નામે બે યોગિનીઓ પણ હતી. ત્યાં વાત નીકળતાં બ્રાહ્મણોએ પોતાના રાજાનું નામ સિદ્ધરાજ કહ્યું. એટલે પેલી યોગિનીઓ બોલી કે 'તેણે સિદ્ધરાજ નામ શા ઉપરથી ધરાવ્યું? તેની પાસે એવી શું સિદ્ધિ છે?' એટલે પેલા બ્રાહ્મણ બોલ્યા કે- 'અમને તો તેના નામની ખબર છે. સિદ્ધિની કાંઈ ખબર નથી.' એટલે એ બંને યોગિનીઓ કેળના પત્રપર બેસી પાટણ આવી અને જ્યાં સિદ્ધરાજ રાજસભામાં બેઠેલ છે ત્યાં આકાશમાં અધ્ધર આવીને સ્થિત થઈ. સિદ્ધરાજે તેનો સત્કાર કર્યો. ઘણી વાતો કરી. છેવટે તે યોગિનીઓએ પૂછ્યું કે– 'તમે સિદ્ધરાજનું બિરૂદ શા કારણથી ધરાવો છો? તમારી પાસે એવી સિદ્ધિ શું છે? સિદ્ધ નામ તો તે ધરાવી શકે કે જે આકાશમાં ફરતો હોય, સાપોને ખેલવતો હોય, આઠ મહાસિદ્ધિ કબજે કરી હોય.' સિદ્ધરાજ આનો જવાબ આપી શક્યો નહીં તેથી ચિંતાતુર થયો. મંત્રીઓ પણ વિચારમાં પડી ગયા, તેઓ પણ કાંઈ બોલી

શક્યા નહીં. રાજા વિચારે છે કે– ‘મારા મંત્રી મારૂં આટલું બધું દ્રવ્ય ખાય છે, પણ ખરી વખતે બુદ્ધિ ચલાવી શકતા નથી; તેથી તે ખર્ચ બધો નિષ્ફળ છે.’ પછી સિદ્ધરાજે તે યોગિનીઓને કહ્યું કે– ‘તમે આજે જ આવ્યા છો. હજુ શ્રમ ભરેલા છો, તેથી આપણા ઉતારામાં વિશ્રામ લ્યો. આપના પ્રશ્નનો ઉત્તર કાલે આપીશ.’ આવો ઉત્તર મળવાથી યોગિનીઓ તેમને માટે નીમેલા ઉતારે ગઈ અને રાજા રાજમહેલમાં ગયો.

રાજા બહુ જ ચિંતાતુર થઈ ગયો. તેની ક્ષુધા ને નિદ્રા બંને જતાં રહ્યા. શું ઉત્તર આપવો તે સૂજ્યું નહિ. હવે તે શહેરમાં એક સાકરીઓ હરપાળ કરીને પ્રવીણ માણસ વસે છે. તેને સજ્જન નામે પુત્ર છે. તેણે રાજાની ચિંતાસંબંધી વાત સાંભળી. એટલે પુત્ર પિતાને પૂછે છે કે– ‘હે પૂજ્ય પિતાશ્રી! આપણા રાજાની આ ચિંતા શી રીતે દૂર થશે?’ હરપાળે કહ્યું કે– ‘વ્હાલા પુત્ર! પ્રથમ જ્યારે કર્ણરાજા રાજ્ય કરતા હતા ત્યારે આવા કૌતુક ઘણા આવતા હતા, તે વખતે મેં ઘણી ચિંતાઓ દૂર કરી છે, પણ હમણાં તો જેશંગદે રાજા યુવાન છે, તેને ગરઢો (વૃદ્ધ) જ કોઈ ગમતો નથી, નાનાઓ ગમે છે, તેની ઉપર રાગ રાખે છે, એટલે આપણો બોલવાનો લાગ નથી; નહિ તો આવી ચિંતા તો હું સહજમાં દૂર કરી દઉં.’ આ પ્રમાણે વાત થાય છે તે વખત તેના મકાન પાસે થઈને મંત્રી નીકળ્યા. તેણે તે વાત સાંભળી એટલે તરતજ સિદ્ધરાજ પાસે જઈને તે વાત કરી. રાજા બહુ જ પ્રસન્ન થયો, એટલે તે મંત્રીને કહ્યું કે– ‘તમે જ જાઓ અને હમણાં જ તેને અહીં લઈ આવો.’

રાજાનો હુકમ મળતાં જ મંત્રી હરપાળને ત્યાં ગયા અને વિવેકપૂર્વક ‘રાજા બોલાવે છે માટે ત્યાં પધારો’ એમ કહ્યું. તેના ઉત્તરમાં હરપાળ બોલ્યો કે– “મંત્રીજી! આપ પધાર્યા તે બહુ સારૂં કર્યું, રાજાજી તેડાવે છે તે જાણી મને આનંદ થયો, પણ ત્યાં મારી જેવા ગરઢાનું શું કામ છે?

કિશ્યું કામ ગરઢાતણું, શું પૂછે અમ્હ રાય;
ઈંદ્રી પાંચ હીણા પડ્યા, વચન વાદ નવિ થાય.

અમારૂં મોઢું કરચલીઓવાળું થઈ ગયું છે, નાક ચુએ છે, આંખમાંથી પાણી ગળે છે, કેડ ભાંગીને બેવડ વળી ગઈ છે, પગ ધ્રુજે છે, માંથું હલ્યા કરે છે, કાને બેરપ આવી છે, ખાધું પચતું નથી, લોભ, લાલચ, લાળ, લોલુપતા એવા લલ્લા ઘડપણમાં વૃદ્ધિ પામે છે, ચિંતવ્યું કામ થતું નથી, ધર્મધ્યાન કરવાની હોંશ ઘણી થાય છે પણ તે મનની મનમાં રહે છે, બરાબર થઈ શકતું નથી; માટે મને ત્યાં લઈ જવાથી શું લાભ છે? વળી હે મંત્રી! હું ઘરડો અને રાજા બાળક તેની પ્રીતિ શી રીતે થાય? અણઘટતી પ્રીતિ શોભે નહિ. બાળક સાથે મૈત્રી, અણસમયે બોલવું (ઉત્તર દેવો), કારણવિના ખડ ખડ હસવું, સ્ત્રી સાથે વિવાદ, નીચની સેવા, આપવડાઈ કરવાની ટેવ અને હાડકા ખડખડે છતાં હોશે હીંડવું. એ સાત વાના શોભતા નથી; તેથી હું ત્યાં આવવા ઈચ્છતો નથી. તમે રાજાજીને જઈને કહો. વળી હું કાંઈ વાદવિવાદમાં જાણતો નથી, તેથી એ પૃથ્વીનાથને ઉત્તર પણ શું દઉં? તેથી મારાથી રાજભુવનમાં અવાશે નહીં. ત્યાં આવવાથી મારૂં ધર્મકાર્ય સીદાય અને બીજી કાંઈ સિદ્ધિ થાય નહીં."

આ પ્રમાણેનો હરપાળનો ઉત્તર સાંભળી મંત્રી બોલ્યા કે– "હે હરપાળ! તમે સમજુ છો, તો તમને આવો ઉત્તર આપવો ઘટે નહીં. રાજાને દુહવીએ નહીં. નીતિમાં પણ કહ્યું છે કે–

રાજા તસ્કર મૃગપતિ સાપ, શસ્ત્રપાણી દુહવે સંતાપ;
કવિ બાળક પ્રમે તેડીએ, પણ સાતેને નવિ છેડીએ.

"હે હરપાળ! હું તમને શું શિખામણ દઉં? તમારી પાસે હું બાળક કહેવાઉં, તમે બધી વાત સમજો છો તેથી વાંકી-વસમી વાત છોડી દઈને રાજા પાસે ચાલો." આ પ્રમાણે મંત્રીના વચનો સાંભળીને હરપાળ તરતજ રાજા પાસે જવા તૈયાર થયો અને મંત્રી સાથે રાજા પાસે ગયો. રાજાએ તેને આવતો દેખતાં જ કાકા કહીને બોલાવ્યો. તે સાંભળી હરપાળ હસીને બોલ્યો કે– "હે રાજાજી! તમે કામે કાકો કહો છો, પણ એમ કહીને આપે મારી લાજ વધારી છે, તો હવે મારા સરખું કામ હોય તે

કહો. કેમકે-

એક કવિએ કહ્યું છે કે-

સિંહડો અન્ન કીમે નવિ જમે, તિમ તુમને ગરટો નવિ ગમે;
અસમર્થ નામ ધરાવે સાધ, જિનપૂજે જવ પાડ્યો વિરોધ. ૧
વૃદ્ધ વેશ્યા જેમ શીળે રહે, તિમ કામે મુજ કાકો કહે;
જેમ સુખીયાને ન ગમે દુઃખી, ન ગમે તપીયાને જેમ ભખી. ૨
સાતે સાયર હું ભમ્યો, જંબુદ્વીપ પયટ્ઠ;
કારણ વિહુણ પ્રીતડી, કરતા કાયમ દીઠ્ઠ. ૧
સ્વારથ સહુકો વલ્લહો, પરવલ્લહા ન કોય;
વચ્છ ધેનુને પરિહરે, જો થણ દુધ ન હોય. ૨

"સ્વાર્થ સહુને વહાલો છે, પરાર્થ કોઇને વ્હાલો નથી વાછડો પણ જો પોતાની માતા ગાયના સ્તનમાં (આંચળમાં) દુધ ન હોય તો તેને તજી દે છે."

હરપળના આ પ્રમાણેનાં વચનો સાંભળીને જેસિંગદે રાજા બોલ્યા કે- "હરપાળ! હું મૂર્ખમતિવાળો ને બાળક રાજા છું; તેથીજ મેં તમારી સેવા આજ સુધીમાં ન કરી તે મોટી ભૂલ કરી છે, પણ તમે ગરટા છો, તો અત્યારે તમારે મારી લાજ રાખવાની છે. તમારે યોગ્ય કામ આવ્યું છે, માટે તમે આ આવેલી યોગિનીઓને જવાબ આપો, તમારાથી જ મારો પ્રતાપ વધવાનો છે, ને લાજ રહેવાની છે."

તે સાંભળી હરપાળ બોલ્યો કે- "હે રાજેંદ્ર! એ વાતની ચિંતા ન કરો. હું આપના પ્રતાપથી તેને પરાસ્ત કરી દઇશ. તમે મને ચંદ્રહાસ લોહની તરવાર આપો. તેની મુઠ કાયમ રાખીને તરવાર હું સાકરની બનાવી લાવીશ, પણ એવી બનાવીશ કે તે લોહની છે એમજ જણાય. પછી તે તરવાર તમને ખાવાનું કહીશ, એટલે તમે આખી તરવાર ખાઇ જજો, તેની માત્ર મુઠ રહેશે એટલે હું તમારો હાથ પકડી લઇને કહીશ કે- 'હવે આટલું તો તેને ખાવા દો.' તે વખતે તમે કહેજો કે- 'એઠી હોવાથી

ધોઇને આપો.' એટલે હું કહીશ કે- 'એમાં ધોવાની કાંઇ જરૂર નથી, છતાં આપ કહો છો તો લ્યો ધોઇને આપું.' એમ કહી તેના હાથમાં આપીશ, તે હાથમાં લઇને જોશે તો મુઠ લોઢાની જ હોવાથી તે ખાઇ શકશે નહીં અને પરાસ્ત થઇને ચાલી જશે. આ કાર્યને માટે આઠ દિવસની મુદત નાંખજો."

રાજાએ તે વાત કબૂલ કરીને યોગિનીઓને આઠ દિવસનો વાયદો કહેવરાવી દીધો. હરપાળ રાજાની રજા લઇને ઘરે આવ્યો અને આઠ દિવસમાં સાકરની તરવાર બનાવી એક બીજા માણસના હાથમાં આપીને તેને બોલવાનું શીખવી રાખ્યું. પછી આઠમે દિવસે રાજા સભા ભરીને બેઠો એટલે હરપાળ આવ્યો અને પેલી યોગિનીઓ પણ કમળપત્ર ઉપર બેસીને ત્યાં આવી. લોકો પણ ઘણા જોવા મળ્યા પછી હરપાળે રાજાને કહ્યું કે- "હે મહારાજ! તમે કોઇ અપૂર્વ કળા બતાવો કે જેથી આ સિદ્ધિ ને બુદ્ધિ ખુશી થાય અને સહુ લોક પણ જોઇને રાજી થાય." રાજા હસીને બોલ્યો કે- "હે હરપાળ! પુરૂષની બહોંતેર કળા છે, તેમાંથી જે કળા કહો તે કળા દેખાડું." હરપાળ બોલ્યો કે- "હે મહારાજ! મને તો લોહભક્ષણની કળા બતાવો, મારે તો તે કળા જોવી છે; કેમકે કોઇ ઠેકાણે એ કળા મેં જોઇ નથી." રાજાએ કહ્યું કે- "મંગાવો ત્યારે તમને ગમે તે લોહ, હું તેનું ભક્ષણ કરી જઉં."

આ પ્રમાણે વાત ચાલે છે તેવામાં પેલો શીખવી રાખેલો સુભટ એકદમ રાજસભામાં આવ્યો અને રાજાને સલામ ભરીને બોલ્યો કે- 'હે મહારાજ! કલ્યાણકટના સ્વામી પરમાર રાજાએ આપને હાથી, ઘોડા, રથ અને હથિયારો વિગેરેની પુષ્કળ ભેટ મોકલી છે અને આ એક ચંદ્રહાસ ખડ્ગ ખાસ તમારે માટે મોકલ્યું છે.' એમ કહીને તેણે તે મ્યાનની બહાર કાઢ્યું. એટલે તેજથી ઝળહળાટ કરવા માંડ્યું. રાજા તે હાથમાં લઈને તેની વારંવાર પ્રશંસા કરવા લાગ્યા, એટલે હરપાળ એકદમ ઉભો થઈને બોલ્યો કે- "હે સ્વામી! એના બહુ વખાણ શું કરો

છો, એવા તો ઘણાએ ખડ્ગો થાય છે, માટે હમણાં તો તમારી કળા બતાવો." એટલે રાજાએ કહ્યું કે- 'વારૂ, પણ તમે લોહ મંગાવ્યું?' એટલે તે બોલ્યો કે- 'બીજું લોહ શું મંગાવવું? આ તમારા હાથમાં છે તે તલવાર જ ખાઈ બતાવો.' એટલે રાજાએ સભાસમક્ષ ખાવા માંડી. આખી તલવાર ખવાઈ રહી ને માત્ર મુઠ બાકી રહી એટલે હરપાળે હાથ થોભી લીધો અને કહ્યું કે– "હે રાજેંદ્ર! તમે આખું ખડ્ગ ખાઈ ગયા તો હવે મુઠ પણ ખાઈ જશો એમાં કાંઈ નવાઈ નથી, પણ અમારે આ યોગિનીઓની શક્તિ જોવી છે તેથી એટલું એને ખાવા આપો. કુળવધૂની ખબર તેની ચાલથી જ પડી જાય છે અને કવિ એક કાવ્ય બોલે ત્યાં ઓળખાઈ જાય છે. વળી જે સમુદ્ર તરી જાય તેને પછી સરોવર તરવું શું હિસાબમાં છે? ક્ષીર, ખાંડ ને ઘૃતને જીરવનાર તમે તીક્ષ્ણ ખડ્ગ ખાઈ ગયા તો હવે મુઠનો શો હિસાબ છે? માટે હવે તે તો આ સિદ્ધિ બુદ્ધિને જ ખાવા દો."

રાજા બોલ્યા કે– 'તેં વાત કરી તે ખરી, પણ મારી બોટેલી આ તલવાર તેને કેમ આપું?' હરપાળ કહે કે– 'એમ હોય તો લાવો હું ધોઈને તેને આપું.' રાજાએ તેને મુઠ આપી એટલે તેણે ધોઈને યોગિનીની સામે ધરી કહ્યું કે– 'લ્યો આટલું તો હવે તમે ખાઈ જાઓ અને ન ખાઈ શકો તો માન મૂકીને સિદ્ધરાજને પગે લાગો.' તે સાંભળીને બન્ને યોગિનીના મુખ ઝાંખા થઈ ગયા. તે બોલી કે– "એ અમારૂં કામ નહીં, અમે લોહ ખાઈ ન શકીએ. હે સિદ્ધરાજ રાજા! તું ખરેખરો સિદ્ધરાજ છો. અમે તમારી ખોટી ઈર્ષ્યા કરી તેથી હવે પસ્તાવો થાય છે. તમારી લોહભક્ષણની કળા જોઈને અમે પ્રસન્ન થયા છીએ." આ પ્રમાણે પ્રશંસા કરીને તે બંને પોતાને સ્થાનકે ચાલી ગઈ.

પછી રાજાએ હરપાળને નગરશેઠની પદવી આપી. નગરના લોકો પણ બધા ખુશી થયા.

સિદ્ધરાજે પોતાનું નામ બારમો રૂદ્ર ઠરાવ્યું. પછી તેણે માળવ દેશમાં ધારાનગરીએ જઈ ત્યાંના રાજા નરવરરાયને બાંધીને વશ કર્યો.

ત્યાંથી મહોબકપાટણ જઈને ત્યાંના રાજા મદનવલ્લભને જીતી ૯૬ ક્રોડ દ્રવ્ય દંડમાં લીધું ને કેટલાક ગામો લીધા. એવી રીતે તેણે ઘણા વૈરીઓને વશ કર્યા, દ્રવ્ય પણ ઘણું મેળવ્યું. ઉપરાંત પુણ્યયોગે સાજણદે પ્રધાન મળી ગયો. તેની હકીકત આ પ્રમાણે છેઃ–

ઉંદિરા નામના ગામમાં સાજણદે નામનો શેઠ રહેતો હતો. કર્મયોગે તે નિર્ધન થઈ ગયો અને દુઃખે પેટ ભરવા લાગ્યો. તેની કુળદેવીએ તેને કહ્યું કે– 'હે સાજણદે! તું ખંભાત જા. ત્યાં તને ઋદ્ધિ-સિદ્ધિ-સંપત્તિ ઘણી મળશે અને તારી ખ્યાતિ થશે.' કુળદેવીના વચનથી તે ખંભાત તરફ ચાલ્યો. માર્ગમાં સક્કરપુર ગામ આવ્યું. ત્યાં ઘણા ભાવસારો રંગવાનું કામ કરતા હતા. તે ગામમાં તે એક ભાવસારનું ઘર ભાડે લઈને રહ્યો. ત્યાં કેટલોક કાળ વ્યતીત થયો. પછી જ્યારે અશુભનો ઉદય પૂર્ણ થયો અને પુન્યનો ઉદય થયો ત્યારે તેને તે ઘરની જમીનમાંથી દ્રવ્ય મળ્યું. એ કનકમય દ્રવ્ય જોઈને સાજણદેએ વિચાર કર્યો કે– 'આ દ્રવ્ય મારે કલ્પે નહીં, આનો માલિક હું થઈ શકું નહિ. આનો માલિક તો આ ઘરવાળો ગણાય.' આમ વિચારીને તેણે તે ઘરવાળા રંગનારપાસે જઈને તે કઢા મૂકી અને તે લેવા કહ્યું. રંગરેજે કહ્યું કે– ' હે શેઠ! આ ધન મારા ભાગ્યનું નથી. તમારા ભાગ્યનું છે, માટે તમે જ રાખો. જો મારા ભાગ્યનું હોત તો મને મળત. મેં દ્રવ્ય શોધવા માટે આ ઘરની જમીન ૨૧ વાર ખોદી હતી, પણ મને દ્રવ્ય મળ્યું નહોતું; તેથી દૈવે જ તમને આ દ્રવ્ય આપ્યું છે.' કર્ત્તા કહે છે કે- 'હું તો આ બંનેને પ્રશંસાપાત્ર ગણું છું; કારણકે આટલું દ્રવ્ય જોતાં બંને જણાએ અજબ ધીરજ (નિર્લોભતા) રાખી છે' શાસ્ત્રમાં કહ્યું છે કે- '૧ નિર્ધનપણું છતાં જે પરદ્રવ્યને ગ્રહણ કરે નહીં, ૨ યૌવન વય છતાં ઇન્દ્રિયોને વશ થાય નહીં, ૩ કારણ પડ્યે પણ જૂઠું બોલે નહિ, ૪ ધન મળ્યાં છતાં અભિમાન કરે નહીં, ૫ દાન દેતાં છતાં કીર્તિને ઇચ્છે નહીં, ૬ શક્તિ છતાં પણ પરની ઉપર કોપ કરે નહીં અને ૭ પારકી ગુહ્ય વાત જાણ્યા છતાં જે પ્રકાશે નહીં-આવા સાત

પુરૂષ જગતમાં શોધ્યા પણ મળતા નથી અથવા ક્વચિત્ જ મળે છે.' એવા પુરૂષોને સદ્ગતિના ભજનારા સમજવા. સાજણદે આ સાત જણની પંક્તિમાં મૂકવા લાયક છે કે જે પોતે નિર્ધન છતાં આવું પુષ્કળ દ્રવ્ય જોઇને પણ ચળ્યો નહીં-મનને સ્થિર રાખ્યું. રંગનારે તે દ્રવ્ય સાજણદે પાસેથી લીધું નહીં એટલે યોગ્ય અવસર જોઇને સાજણદે સિદ્ધરાજ રાજાપાસે ખંભાત ગયો અને તેની પાસે તે દ્રવ્યની કઢા ધરીને કહ્યું કે- 'આ દ્રવ્ય મને અમુક માણસના ઘરની જમીનમાંથી મળ્યું છે, ઘરધણી તે રાખતો નથી, તો હવે તેના માલિક આપ છો. હું તો શુદ્ધ વ્યવહાર ધારણ કરનાર છું, તેથી મારે આ દ્રવ્ય કલ્પે નહીં.' રાજાએ તેની આ પ્રમાણેની હકીકતથી તેને ખરેખરો ગુણવાન જાણ્યો એટલે તેને પોતાનો મુખ્ય પ્રધાન બનાવ્યો અને અનુક્રમે સોરઠ દેશનો સુબો બનાવ્યો.

સાજણદેએ બાર વર્ષપર્યંત સોરઠ દેશનું સુબાપણું ભોગવ્યું. એકદા તે રાજ્ય તરફથી ઉપજ ઉઘરાવવા નીકળ્યો. તેમાં તેને પુષ્કળ ધનપ્રાપ્તિ થઇ. સાડાબાર ક્રોડ દ્રવ્ય એકઠું કરીને તે પાછો ખંભાત આવ્યો. 'જે શ્રાવક ખરેખરા ધનના અર્થી હોય અર્થાત્ આગામી કાળે પણ જેને પાછી ધનની પ્રાપ્તિનો ખપ હોય તે ધન પામીને તેના વડે પાપકાર્ય કરતા નથી, પણ તેનો સદુપયોગ જ કરે છે.' સાજણદે પણ સદ્ગતિગામી જીવ હતો તેથી તે મળેલ દ્રવ્યવડે સાત ક્ષેત્રની સારસંભાળ કરવા લાગ્યો. તેણે જિનશાસનના ઘણા કામ કર્યા અને ગિરનારઉપર પણ ઘણું દ્રવ્ય ખરચ્યું. તે સંબંધી વિશેષ હકીકત હવે કર્તા કહે છેઃ-

સિદ્ધરાજ રાજાના પ્રધાન સાજણદે અનેક પ્રકારનાં ધર્મકાર્ય કરતો, સ્વામીભાઇઓની સંભાળ લેતો અને ઉત્તમ પુરૂષની જતના કરતો અન્યદા ગિરનારઉપર ગયો. ત્યાં બાળબ્રહ્મચારી શ્રી નેમિનાથ પરમાત્માને જુહાર્યા. પરમાત્માના દર્શનથી તેને બહુ આનંદ થયો, પરંતુ ત્યાં ચૈત્યોને જીર્ણ થઇ ગયેલા જોઇને તેને બહુ ખેદ થયો તેણે વિચાર્યું કે- 'જો હું રાજાનો મોટો અધિકારી થઇને આવા તીર્થની સંભાળ ન લઉં તો મને

ધિક્કાર છે! વળી નવીન ચૈત્ય બંધાવવા કરતાં જીર્ણોદ્ધાર કરવામાં શ્રીજિનેશ્વરે આઠગણું પુન્ય કહ્યું છે, તો હું તે લાભ મેળવું. પરંતુ અહીં જીર્ણોદ્ધાર કરાવવામાં દ્રવ્ય જોઇએ તેટલું મારી પાસે નથી, પણ આ સોરઠ દેશની ઉપજનું રાજદ્રવ્ય મારી પાસે આવેલું છે તે ખરચી નાખું. પછી જે થવાનું હશે તે થશે. પુન્ય કરવાથી પાપ સ્વયમેવ દૂર જશે." આમ વિચારીને તેણે પાષાણમય આખું ચૈત્ય નવું કરાવ્યું અને વિચારીને તેણે પાષાણમય આખું ચૈત્ય નવું કરાવ્યું અને તેના ઉપર ધ્વજદંડ, કળશ ચઢાવ્યા અને તોરણ બંધાવ્યું. તે મંદિર તેજે કરીને સૂર્યને જીતે તેવું અને ઇંદ્રભુવન જેવું સુંદર બન્યું. ઉંચું હોવાથી સુવર્ણના મેરૂ જેવું શોભવા લાગ્યું, જે દર્શનવડે કરીને પ્રાણીના ચારે ગતિના ફેરા ટાળે તેવું થયું. આવું સુંદર જિનમંદિર બંધાવવામાં કરોડો ગમે દ્રવ્ય સાજણદેએ ખરચ્યું.

આ પ્રમાણે શુભ કાર્ય કર્યા પછી તેણે વિચાર કર્યો કે- 'આ કામ તો મેં કર્યું, પણ હવે સિદ્ધરાજ મને સોરઠ દેશની ઉપજનો હિસાબ પૂછશે તો તેને શું જવાબ દેવો?' આમ વિચારીને તે વણથળીમાં આવ્યો. ત્યાં ઘણા વેપારીઓ પુષ્કળ દ્રવ્યમાન હતા. તેને સૌને પોતાની પાસે બોલાવ્યા એટલે પુન્યનું કામ કરવાની અભિલાષાથી અનેક શેઠીઆઓ [અહીં કર્ત્તાએ અનેક ગૃહસ્થોના નામો અક્ષરની ખૂબીથી આપ્યા છે પણ તે જરૂર ન જણાયાથી દાખલ કર્યા નથી.] આવ્યા. પછી તેમને સાજણદે મંત્રીએ કહ્યું કે- "મેં ગિરનાર ઉપર જીર્ણોદ્ધાર કરવામાં રાજ્યનું તમામ દ્રવ્ય વાપરી નાખ્યું છે. તે બાબત કદિ સિદ્ધરાજ તે દ્રવ્ય માગે તો તેનું શું કરવું? શું જવાબ દેવો? ક્યાંથી દ્રવ્ય આપવું? તે સંબંધી ચિંતા થવાથી તે ચિંતા દૂર કરવા માટે મેં આપને સૌને તેડાવ્યા છે, તો તમે તેનો માર્ગ બતાવો કે જેથી હું નિશ્ચિંત થાઉં." આ પ્રમાણે મંત્રીનાં વચનો સાંભળી બધા વ્યવહારીઆઓ બોલ્યા કે- "હે મંત્રી! તમે એ બાબત બીલકુલ ચિંતા કરશો નહીં. તમે બહુ જ ઉત્તમ કામ કર્યું છે ને પુષ્કળ પુન્ય

ઉપાર્જન કર્યું છે. અમે સૌ તમને સહાય કરવા તૈયાર છીએ. પરમાત્માની કૃપાથી અહીં સૌની પાસે પુષ્કળ દ્રવ્ય છે."

આ પ્રમાણે કહીને પછી કાગળ કાઢી સૌના નામ લખ્યા અને શું શું રકમ ભરવી તે સંબંધી વિચાર કરવા લાગ્યા. તે વખતે જે કોટીધ્વજ હતા છતાં જેનો જીવ ચાલતો નહોતો તેઓ બોલી શક્યા નહિ, કારણ કે દ્રવ્ય ગમે તેટલું મળ્યું હોય છતાં દાતા બહુ અલ્પ હોય છે અને કૃપણ ઘણા હોય છે. કર્તા કહે છે કે:-

દાતા શૂર સચ્ચા નરા, પંડિત શીલ નિરીહ;
એ સાતે વીરલા મળે, જીમ પશુઓમાં સિંહ. ૧
નિરધન મૂરખ રેણુકા, ખાટાં ખારાં વારી;
કુભોજન નર કીરપણા, એ સબળા સંસારી. ૨

'દાતા, શૂરવીર, સત્યભાષી, પંડિત, સદાચારી, નિરીચ્છ (ઇચ્છા વિનાના) અને સાચા નર-એ સાતે જેમ પશુમાં સિંહ વિરલ મળે તેમ વિરલા કવચિત્ મળે છે.'

'નિર્ધન, મૂર્ખ, રેણુ, ખાટાં ને ખારાં પાણી અથવા તેવા મનુષ્યો, કુભોજન ને કૃપણ મનુષ્ય-આ સંસારમાં પુષ્કળ હોય છે.'

બધાને મૌન દેખીને એક શેઠ બોલ્યો કે- 'ભાઇઓ! ફોગટ ઓશીઆળા જેવા શું કામ થઇ જાઓ છો? જો તમારી પછેડી ટુંકી જ છે તો પછી પગ લાંબા શું કામ કરો છો? અર્થાત્ જો તમારૂં મન ટુંકું છે તો પછી મોટી વાતમાં હા શું કામ ભણો છો? આવેલા બધા શેઠીઆઓમાં બહુબોલા, કૃપણ, કુબુદ્ધિવાળા, ઇર્ષ્યાવાળા, મતિહીણા, વાયડ ને કડવા વચન બોલનારા ઘણા નજરે પડ્યા અને ગંભીર, ગુણવાન્ અને શાંત બહુ થોડા જણાયા; પરંતુ તેવાઓએ સૌને બોલતા વાર્યા અને કહ્યું કે- "તમે જુઓ છો કે આ આપણી પાસે આવનાર ને માગણી કરનાર પુરૂષ કોણ છે? એ પુરૂષ તો મહાગુણવંત અને શૂરવીર છે, માત્ર તમને પુણ્યવંત જાણીને એ તમારી પાસે આવેલ છે; માટે કાંઈક યોગ્ય વિચાર કરો. વળી

તમે ધોરી-વૃષભ જેવા થઈને અત્યારે ગળીયા બળદ જેવો કેમ થઈ જાઓ છો? હાથીની પાખર તો હાથીને જ શોભશે, તે બકરા ઉપર નહીં શોભે-તે ઉપાડી પણ નહિ શકે." આ પ્રમાણેનાં તેમના વચનથી સૌ હર્ષિત થયા અને સારા વિચાર ઉપર આવ્યા.

તેવામાં એક સાકરીઆ નામનો શુભમતિવાળો સાદા દેખાવનો શ્રાવક ત્યાં ઉતાવળો ઉતાવળો આવ્યો અને પૂછયું કે– "હે ભાઈઓ! તમે બધા શામાટે એકઠા થયા છો? જો પુન્યકાર્યમાં કાંઈ દ્રવ્યનો ખપ હોય અને તે કામે ભેળા થયા હો તો મને પણ કાંઈક મારા જેવું કામ બતાવજો-મને ભાગ આપજો." સાકરીઆના આવા ઉદારતાનાં વચન સાંભળીને અને તેનો સામાન્ય વેશ જોઈને કેટલાક હસવા લાગ્યા કે– 'હવે કામ પાર ઉતરી ગયું! આઠ ક્રોડનો ધણી આવી પહોંચ્યો!! હવે આપણી ચિંતા મટી!!!' આમ બોલનારાઓને રોકીને જે ગંભીર અને બુદ્ધિશાળી હતા તેમણે તેને સારી રીતે આવકાર આપ્યો, પોતાની પાસે બેસાડ્યો અને પછી કહ્યું કે– 'જિનમંદિરસંબંધી કામ છે, તેથી ખરડો કરવા અમે એકઠા થયા છીએ અને પોતપોતાના નામઉપર યોગ્ય રકમ મંડાવવાની વાત ચાલે છે.' તે સાંભળી ખરડો જોઈ વિચાર કરીને સાકરીઓ ખોળો પાથરીને બોલ્યો કે– "ભાઈઓ! તમે તો મોટા છો, તમે તો આવાં અનેક કાર્યો કર્યાં હશે ને વળી કરશો, પણ આ લાભ તો મને તમારા સેવકને જ આપો અને મને કૃતાર્થ કરો. આ કાર્યમાં જેટલા દ્રવ્યનો ખપ હશે તેટલું હું એકલો જ આપીશ. મારી ઉપર કૃપા કરો ને મારી આટલી વિનંતિ સ્વીકારો."

આ પ્રમાણે તેણે બહુ જ વિનયપૂર્વક કહ્યું. પ્રાયે પુરૂષોએ બોલવામાં સાત વાત સાચવવાની કહી છે.

મધુર વચન ડાહ્યાપણું, થોડું કામે બોલ;
માનરહિત તજી તુચ્છ વચન, અનરથ વચણ મ બોલ. ૧

'મધુર વચન બોલવું કે જે સાંભળનારને મીઠું લાગે, ડહાપણભરેલું

બોલવું, થોડું બોલવું, કામપૂરતું બોલવું, અભિમાનવિનાનું બોલવું, તુચ્છ-હલકું વચન તજીને બોલવું અને અનર્થકારી ન થાય તેવું બોલવું"

ઉપર કહ્યા પ્રમાણે સાકરીઆના વિનય-વિવેકવાળાં વચનો સાંભળીને વ્યવહારીઆઓ બોલ્યા કે– 'હે સ્વામીભાઈ! ખુશીથી તમે તમારી લક્ષ્મીનો લ્હાવો લ્યો અને આ પુન્યનું કામ તમે કરો.' આ પ્રમાણેનો તેને શ્રીસંઘનો આદેશ મળવાથી સાજણદે મહેતાએ તેનો હાથ પકડીને પોતાની પાસે બેસાડ્યા, બધા શેઠીઆઓને રજા આપી અને સાકરીઆની ભોજનભક્તિ સારી રીતે તેને શરીરે ચુઆચંદન ચોપડ્યા, પાન સોપારી આપ્યા અને તેનું પૂરતું બહુમાન કર્યું. સાકરીઆનું ચિત્ત બહુ પ્રસન્ન થયું. પછી તેણે સાજણદે મહેતાને કહ્યું કે– 'હે સ્વામી! કહો કેટલું દ્રવ્ય આપું? આપ કહો તેટલા દ્રવ્યનો ઢગલો કરૂં. કહો તો સોનૈયા આપું, કહો તો અભરામી આપું, કહો તો લ્ય હરી આપું? બીજું પણ અનેક જાતિનું દ્રવ્ય છે, તેમાંથી કહો તે આપું? કહો તો રૂપાના રાળ આપું, કહો તો રૂપૈયા આપું, કહો તો મણિ, માણેક, રત્ન જે કહો તે આપું?' આ પ્રમાણે કહીને તેમની પાસે રત્નનો ઢગલો કર્યો. તે જોઈ સાજણદે બહુ જ ખુશી થયા. પછી તેણે કહ્યું કે– 'આ ધનનું મારે હમણા કાંઈ કામ નથી. જ્યારે મારી પાસે રાજા દ્રવ્ય માગશે ત્યારે હું તમારી પાસે લેવા આવીશ. મેં તમારી પરીક્ષા કરી લીધી. મને ખાત્રી થઈ છે કે મારૂં કામ તમારાથી થશે. પહેલાં મારા મનમાં અધીરજ હતી. તે હવે ધીરજ આવી છે મારવાડમાં ગંગાજળ આવી ગયું છે, માણસને જાણ્યા કે ઓળખ્યા વિના જે બોલે છે તે ગમાર છે. તમારી પાસે દ્રવ્ય પુષ્કળ છે તેની ખાત્રી થઈ ચૂકી છે તમે અત્યારે જિનશાસનમાં સ્થંભસમાન છો.' છેવટે મંત્રીએ વિશેષ હર્ષિત થઈને કહ્યું કે– 'તમારા દ્રવ્યનું હમણાં કામ નથી. જ્યારે મારે તેની જરૂર પડશે ત્યારે હું તમને બોલાવીશ.' આ પ્રમાણે કહીને મંત્રીએ તેને રજા આપી અને પોતે પણ પોતાને સ્થાનકે આવ્યા. ત્યારપછી શું બન્યું? દ્રવ્યની જરૂર પડી કે નહીં? અને સિદ્ધરાજ

શી રીતે પ્રસન્ન થયા? તે હકીકત આ નીચે આપવામાં આવી છે.

હવે અહીં સિદ્ધરાજ જયસિંહ પાસે અનેક ચાડીઆઓએ તેમને વહાલા થવા માટે આવીને કહ્યું કે– 'હે મહારાજા! તમે સાજણદેને સોરઠનો સરસુબો બનાવ્યો, પણ સોરઠદેશની ઉપજનું તમારૂં દ્રવ્ય તો માગો. તેણે તો ત્યાં જિનપ્રાસાદાદિક કરાવીને પોતાનું નામ રાખ્યું છે અને આપનું ઘણું દ્રવ્ય ખરચી નાખ્યું છે.' આ પ્રમાણે અનેક પ્રકારની વાતો કરીને રાજાના કાન ભર્યા. રાજાઓ પ્રાયે દુર્બળકન્ના તો હોય છે જ, તેમાં વળી અહીં તો એકબીજાની પૂર્તિ કરનાર જુદા જુદા મળી ગયા, એટલે રાજા સાજણદે ઉપર કોપાયમાન થયો અને ખાસ પોતાના માણસો મોકલીને સાજણદેને સોરઠમાંથી પોતાની પાસે તેડાવ્યો. કર્તા કહે છે કે– 'ઘણા વખત સુધી કોમળ રહેલા ફળો પણ છેવટે કઠણ થાય છે, જ્યાં જળ હોય ત્યાં તે સુકાતાં કાદવ થાય છે; માટે નિરંતર એક સરખી સ્થિતિ કોઈની રહેતી જ નથી. ડાહ્યા માણસોએ એવી બાબતમાં ભૂલાવો ખાવા જેવું નથી.'

જેશીંગદેના માણસો સાજણદે પાસે આવ્યા અને કહ્યું કે– 'રાજા તમારી ઉપર ગુસ્સે થયા છે, તમને પોતાની પાસે તેડાવ્યા છે, તે સોરઠ દેશની ઉપજનું તમામ દ્રવ્ય તમારી પાસે માગનાર છે, માટે તેની ગોઠવણ કરીને તેની પાસે ચાલો. અમે આપને તેડવા આવ્યા છીએ.' સાજણદેએ તમામ વાત સાંભળી વિચાર કરીને કહ્યું કે- "તેમને દ્રવ્ય જોઇતું હોય તો ખુશીથી અહીં પધારે, તેમનું દ્રવ્ય તૈયાર છે, તે તેના ખોળામાં નાખીશ, ગુસ્સે થવાનું શું કામ છે? બાકી હું અહીં બધું રેઢું મૂકીને ત્યાં આવી શકું તેમ નથી. એવી રીતે ત્યાં આવવાથી રાજદ્રવ્યનો વિનાશ થાય તેમ છે, આ પ્રમાણે તમે જઇને કહેજો." આવો સાજણદેનો જવાબ સાંભળીને આવેલા માણસો પાછા સિદ્ધરાજપાસે આવ્યા અને જરા મીઠુંમરચું ભભરાવીને કહ્યું કે- "તે તો કહે છે કે દ્રવ્ય જોતું હોય તો રાજાજી અહીં પધારે, હું ત્યાં આવી શકું તેમ નથી." તેની પાસેથી એવો જવાબ

સાંભળવાથી સિદ્ધરાજ વધારે કોપાયમાન થયો અને તરત જ ત્યાં જવાની તૈયારી કરી. ઘોડાપર સ્વાર થઇને થોડા દિવસમાં ગિરનાર ગઢપાસે જઇ પહોંચ્યો.

સાજણદેને તેમના આવવાના ખબર મળતાં તે સામે ગયો અને પુષ્કળ ધન તેમના પગ પાસે મૂકી પગે લાગ્યો; પણ રાજાએ સામું ન જોયું કેમકે તે તો દુર્જનોના ભંભેરવાથી ક્રોધે ધમધમતો હતો. તેણે ખીજીને કહ્યું કે- 'અરે સાજણદે! કહે, સોરઠની ઉપજનું બધું દ્રવ્ય ક્યાં છે? તે સઘળું મારી પાસે ધરી દે, પછી બીજી વાત કર' સાજણદેએ કહ્યું કે- 'સાહેબ! તમામ દ્રવ્ય તૈયાર છે, આપ કહેશો ત્યારે આપની પાસે હાજર કરી દઇશ; પણ એક વાર અહીં પધાર્યા છો તો આ મહાતીર્થની યાત્રા કરીને તેના પુન્યનો લાભ તો મેળવો.'

આવા પ્રત્યુત્તરથી રાજા કંઇક શાંત થયો અને સાજણદેની સાથે તીર્થભૂમિ ફરસવા ચાલ્યો. બધા ગિરનારઉપર ચઢ્યા અને ઉપર પહોંચતા નેમિનાથ જિનેશ્વરનો પ્રાસાદ જોયો. તેનો આકાર ઇંદ્રભુવન જેવો, લંબાઇ પહોળાઇમાં પૂર્ણ વિસ્તાર વાળો, ઉંચપણમાં તો આકાશને અડેલો અને જાણે બીબાં ભરીને બનાવ્યો હોય તેમ ચોતરફ એક સરખો જોયો. તેની અંદર ચિત્રકામ, કોરણી, ચિત્તને ચોરે એવી સુંદર પુતળીઓ, ગવાક્ષો, પગથીઆઓ, દેરીઓ એ બધું જોતાં જાણે શક્રેંદ્રનું ભુવન હોય તેવો તે પ્રસાદ લાગ્યો. તેની અંદર જતાં નેમિનાથ પ્રભુને સાક્ષાત્ પરમાત્માસ્વરૂપે જોઇ રાજા અત્યંત પ્રસન્ન થયો. પછી બોલ્યો કે- "આવો ઉત્તમ પ્રાસાદ અહીં બંધાવનારને ધન્ય છે. તે સંસારસમુદ્ર તરી ગયો છે. તેના માતાપિતાને પણ ધન્ય છે." આવાં રાજાનાં વચનો સાંભળી સાજણદે બોલ્યો કે- "હે મહારાજા! તમારા માતાપિતાને જ ધન્ય છે. આ પ્રાસાદ તમારો જ બંધાવેલો છે સોરઠદેશની તમામ ઉપજ અહીં ખરચી છે; તેથી જો આપનું મન માને તો આ પુન્ય લ્યો અને ધન લેવું હોય તો ધન લ્યો. તે આપનાર તૈયાર છે." રાજાએ ઘણા હર્ષિત થઇને કહ્યું કે- "તેં મારી

પાસે મોટું પુન્યનું કામ કરાવ્યું છે, તો હવે મારે દ્રવ્ય સાથે શું કામ છે? તેં તો મારૂં આખા જગતમાં નામ રાખ્યું છે, તેથી તને ધન્ય છે મેં ચાડીઆ-ચુગલીખોરોના વચનથી તને કાંઇ ઓછું-વધતું કહ્યું હોય તો તે મનમાંથી કાઢી નાખજે. આ દુનિયામાં એવા પાપી ને દુર્જનો ઘણા હોય છે, પણ તેવાઓને દેશપાર કરવા જોઇએ કે જેથી ફરીને બીજા કોઇ તેવું ન કરે અને લોકો પણ તે જોઇ હર્ષિત થાય."

પછી રાજા સારી રીતે યાત્રા કરી બધે ફરી જોઇને નીચે ઉતર્યો. પેલા ચાડીઆઓએ જાણ્યું કે- 'રાજા આપણી ઉપર રીઝશે અને અશ્વ વિગેરે આપશે; કારણકે તેનું બધું દ્રવ્ય આ પર્વત ઉપર ખર્ચી નાખ્યાનું તેના જાણવામાં આવ્યું હશે.' એમ ધારી તેઓ રાજાની પાસે હોંશેહોંશે આવ્યા કે તરતજ રાજા તેને જોતાં જ તેમના ઉપર કોપાયમાન થયો અને હુકમ કર્યો કે- 'આ ચાડીઆઓના નાક-કાન કાપી, મોઢું કાળું કરી ગધેડે ચઢાવી આખા શહેરમાં ફેરવી આપણા દેશમાંથી કાઢી મૂકો' રાજસેવકોએ તરત જ તે પ્રમાણે અમલ કર્યો. લોકો પણ તે જોઇને તેઓની સામે દાંત પીસવા લાગ્યા. બીજા ચાડીઆઓ પણ આમની આવી સ્થિતિ જોઇને ત્યાંથી ભાગી જ ગયા. જ્ઞાતિવાળાઓએ તેમને જ્ઞાતિથી દૂર કર્યા. આ પ્રમાણે તેઓ અત્યંત દુઃખ પામ્યા છતાં પણ તેઓએ તેની ટેવ છોડી નહીં, કારણકે શ્વાનની પુંછડી છ મહિના સુધી વાંસળીમાં રાખી મૂકો પણ બહાર નીકળે કે તરત વાંકી જ વળે; સીધી રહે જ નહીં.

આ પ્રમાણે ચાડીઆઓને શિક્ષા દઇને સિદ્ધરાજે ત્યાંથી પાટણ ભણી ચાલવા તૈયારી કરી, તેવામાં પેલો વાણીઓ સાજણદે પાસે આવ્યો અને કહ્યું કે- 'હે સ્વામી! આ મારૂં દ્રવ્ય લ્યો અને જિનમંદિરમાં રાજદ્રવ્ય વપરાયું છે તે આપી મને પુણ્યનું ભાજન કરો.' સાજણદેએ કહ્યું કે- 'હે શેઠીઆ! હવે મારે દ્રવ્યનું કામ નથી. તેં તો મારી લાજ રાખી અને પુણ્યબંધ પણ કર્યો.' સાકરીઓ બોલ્યો કે- 'હે સ્વામી! એ દ્રવ્ય મેં ધર્મકામે વાપરવાનું કહ્યું એટલે હવે મારા બીજા કામમાં તે આવવાનું

નથી, માટે તમે એમાં નહીં તો બીજા શુભ કામમાં વાપરો.' આ પ્રમાણે કહીને તેણે તે દ્રવ્યપૂરતી કિંમતના રત્નો સાજણદેને આપ્યા. સાજણદેએ તે રત્નોનો હાર કરાવીને નેમિનાથના કંઠમાં પહેરાવ્યો. પાપભીરૂ એવા સાકરીઆશેઠનું દ્રવ્ય પણ લેખે લાગ્યું.

આ ઉપરથી કર્તા કહે છે કે- "આ હકીકતમાંથી સાર એ લેવાનો છે કે એક વાર દેવાર્પણ કરવાનું કહેલું ધન જો ઘરમાં રાખવામાં આવે તો અત્યંત પાતિક લાગે છે. દેવનું દ્રવ્ય પોતાનાં ઉપયોગમાં વાપરતાં, ગુરૂનો ઘાત કરતાં અને અન્યને ખોટું કલંક ચઢાવતાં આ પ્રાણી અનેક ભવોમાં પરિભ્રમણ કરે છે. પૂર્વપુરૂષોએ કહ્યું છે કે- 'આ સાત મનુષ્યો ધર્મહીન કહેવાય છે. કયા સાત? તે કહે છે-૧ સંયમ છોડીને ઘરે આવનાર, ૨ પોશાળમાં આશા રાખીને પડ્યો રહેનાર, ૩ પૂજારી થઇને દેવ પાસેના નૈવેદ્ય વિગેરેને ખાઇ જનાર, ૪ ગુરૂની સામું બોલનાર, ૫ દેવ-ગુરૂના અવગુણ ગાનાર, ૬ માતાપિતાને મસ્તકમાં પ્રહાર કરનાર તેમજ ૭ આર્યાએ ઉન્માર્ગ સેવીને કરેલો પુત્ર-આ સાતે ધર્મવિહીન હોય છે, હીણ કામ કરે છે અને પ્રાંતે દુર્ગતિએ જાય છે."

સાકરીઓ શેઠ તો ખરેખરો પાપભીરૂ હતો, તેણે પોતાને યોગ્ય કાર્ય કર્યું ને પ્રભાતમાં નામ લેવા યોગ્ય થયો અને તે, સાજણદે તેમજ સિદ્ધરાજ ત્રણે તરી ગયા. સિદ્ધરાજ પાટણ આવ્યા પછી સાજણદે પણ કેટલુંક કાર્ય પતાવીને ત્યાં આવ્યો. સિદ્ધરાજને નમસ્કાર કરી રાજસભામાં બેઠો. સિદ્ધરાજે સભાસમક્ષ તેની બહુ જ પ્રશંસા કરી. ત્યારથી સિદ્ધરાજ અને સાજણદે એકમનવાળા થયા અને બંનેમાં પરસ્પર સ્નેહ વધ્યો. હવે હેમચંદ્રાચાર્ય રાજાને કેમ મળ્યા, તેની હકીકત કર્તા કહે છે તે સાંભળોઃ-

અતિ ગુણવાન કોટિક ગણ, વજ્રી શાખા અને ચંદ્રગચ્છ તેમાં આર્યદિન્નસૂરિ થયા, પછી તેમની પાટે યશોભદ્રસૂરિ થયા, તેમની પાટે પ્રદ્યુમ્નસૂરિ થયા, તેમની પાટે તેઓ સ્વર્ગે ગયા પછી શ્રી ગુણસેનસૂરિ થયા. તેમના શિષ્ય દેવચંદ્રસૂરિ થયા. તેઓ અન્યદા ઘણા પરિવારસાથે

ધંધુકે પધાર્યા. ત્યાં મોઢજ્ઞાતિમાં એક ચાચોશાહ નામે શેઠ રહેતો. તેને ચાહની નામે સ્ત્રી હતી. તેણે એકદા રાત્રીએ સ્વપ્નમાં 'ચિંતામણીરત્ન પોતાને પ્રાપ્ત થયું અને તે મેં ગુરૂને અર્પણ કર્યું' એમ દીઠું. તેણે પોતાના સ્વામીને તે સ્વપ્ન કહ્યું. ચાચાશેઠ જૈનધર્મી હતા. તે વખત મોઢજ્ઞાતિ જૈનધર્મ પાળતી હતી. તેણે ગુરૂ દેવચંદ્રસૂરિપાસે જઇને તે વાત કરી. ગુરૂએ કહ્યું કે- "તમારે મહાપુન્યવંત પુત્ર થશે અને તે શુભ મતિવાળો થઇ ચારિત્ર ગ્રહણ કરી જૈનશાસનને દીપાવશે." આ પ્રમાણે કહી ગુરૂમહારાજાએ ત્યાંથી વિહાર કર્યો. ગર્ભ વૃદ્ધિ પામ્યો અને યોગ્ય સમયે ચાહનીદેવની પુત્રનો પ્રસવ થયો. સંવત ૧૧૪૫ ના કાર્તિક શુદિ ૧૫ મે શુભલગ્નમાં જન્મ થવાથી તેના માતાપિતા બહુ જ હર્ષિત થયા પુત્ર પણ દેવકુમાર જેવો રૂપવંત હતો. તે વખતે આકાશવાણી થઇ કે- 'આ પુત્ર બ્રહ્મચારી થશે, ચારિત્ર લેશે અને જૈનધર્મને દીપાવશે.' માતાપિતાએ તેનો જન્મોત્સવ કર્યો અને ચંગદેવ નામ પાડ્યું. અનુક્રમે તે પાંચ વર્ષનો થયો. અનેક પ્રકારના ગુણો પણ તેનામાં વૃદ્ધિ પામવા લાગ્યા. અન્યદા શ્રીદેવચંદ્રસૂરિ ત્યાં પધાર્યા. નગરલોકે સામૈયું કર્યું. ચંગદેવ માતાની સાથે ગુરૂવંદન કરવા ગયો. ગુરૂપાસે જઇને બેઠો. ગુરૂને જોતાં તેના મનમાં અત્યંત હર્ષ થયો. તે વખતે ગુરૂમહારાજે પણ તેને દીઠો એટલે તેની માને કહ્યું કે- 'હે શ્રાવિકા! તમે તમારો પૂર્વનો બોલ સંભારો અને આ પુત્ર અમને આપી ધો, કારણકે સંસારમાં રહેવાનો નથી એ નિશ્ચય છે.' ચાહની વિચારવા લાગી કે 'ગુરૂમહારાજ કહે છે તે ખરી વાત છે, પણ પુત્ર દીધો કેમ જાય? વળી તેના પિતા મહર્દ્ધિક છે અને અન્ય દેવના પણ ભક્ત છે તેથી તે જાણે તો મારી ઉપર કોપાયમાન થાય.' તે આમ વિચારે છે એટલે ચતુર્વિધ સંઘે ચાહનીને આગ્રહપૂર્વક કહ્યું કે- 'હે બહેન! આ પુત્ર તમે ગુરૂમહારાજને આપી ધો. એ જિનશાસનમાં મોટો પ્રભાવક થશે અને તમારા કુળને દીપાવશે.' આ પ્રમાણે વિશેષ રીતે કહેવાથી ચાહની લજ્જા પામી ગઇ એટલે તેણે ગુરૂને પુત્રનું દાન દીધું.

ગુરૂ પણ ત્યાંથી તેને લઇને તેનું પરૂં કર્ણપરા નામનું હતું ત્યાં આવ્યા. ત્યાં ઉદયન મંત્રી રહેતા હતા, તેને તે બાળક સોંપ્યો. ત્યાં તે આનંદથી ઉછરવા લાગ્યો. ગુરૂ પાછા ઉપાશ્રયે આવ્યા.

અહીં ચંગદેવના પિતા ઘરે આવ્યા, ત્યાં પુત્રને ન દીઠો એટલે ચારે બાજુ શોધવા લાગ્યા, પણ પત્તો ન લાગવાથી ચાહનીને પૂછયું કે- 'આપણો ચંગદેવ કેમ દેખાતો નથી? ક્યાં ગયો છે?' તેણે કહ્યું કે- 'તે પુત્ર તો મેં ગુરૂમહારાજને આપી દીધો.' તે સાંભળી ચાચાશેઠ કોપાયમાન થયા અને ખાવુંપીવું તજી દઇને એકદમ ઉપાશ્રયે આવ્યા. તે વખતે દેવચંદ્રસૂરિ ત્યાં આવેલા હતા તેની પાસે બેઠા. ગુરૂ ઉપદેશ અપાતા હતા. અનેક શ્રાવકો તે વખતે ઉલ્લાસપૂર્વક સાંભળતા હતા. તેમાં ગુરૂમહારાજે પ્રથમ કેટલોક તત્વવિચાર કહ્યો. પછી કહ્યું કે- 'આ જગતમાં આઠ જાતિના પુરૂષો દુર્લભ હોય છે. ૧ દાતા, ૨ તપસ્વી, ૩ સમતાવાળા, ૪ ગુણગ્રાહી, ૫ શીલવંત, ૬ સુજાણ, ૭ પારકી ચિંતાના કરનારા અને ૮ અભિમાનવિનાના. આ આઠમાં પણ સાત પ્રકારના મનુષ્યો તો કવચિત્ કવચિત્ મળી શકે છે, પણ દાતાર મળતાં નથી. દાતારમાં પણ જે પુત્રનું દાન આપે એવો દાતાર તો અત્યંત શ્રેષ્ઠ ગણાય છે અને તે કવચિત્ જ મળે છે.' પછી ચાચાશાહને ઉદ્દશીને કહ્યું કે- 'હે ચાચાશાહ! તમે આ જગતમાં મોટા દાતા છો, કારણ કે તમે પુત્રનું દાન દીધું છે. તમારી કીર્તિ જગતમાં વિસ્તાર પામી છે અને દેવવિમાનની જેમ સ્થિર થયેલી છે. મહાભારતમાં કહ્યું છે કે-જેના કુળમાંથી કોઇ યતિ થયેલ ન હોય તેના પૂર્વજો અવગતિયા થાય છે, ભવમાં ભમે છે, તેમની મુક્તિ કેમે કરીને થતી નથી.' આ પ્રમાણેનાં ગુરૂનાં વચન સાંભળી ચાચાશાહ વિચારમાં પડી ગયા અને લજ્જા આવવાથી કાંઇ બોલી શક્યા નહિ. ત્યાંથી ઉઠ્યા એટલે ઉદયન મંત્રી તેને પોતાને ત્યાં લઇ ગયા અને તેની સારી રીતે ભોજનાદિવડે ભક્તિ કરી. કેશર-કર્પૂરમિશ્રિત તાંબૂલ આપ્યું. પછી મંત્રીએ ચાચાશાહને કહ્યું કે- 'હે સત્પુરૂષ! તમે ખરેખરા ઉત્તમ છો. તમે

ગુરૂમહારાજને પુત્રનું દાન આપીને તમારૂં ઉત્તમપણું બતાવી આપ્યું છે. તમારી જેવું કામ આ જગતમાં બીજાું કોઇ કરી શકે તેમ નથી. હું પણ એવું કામ કરી શકું તેમ નથી, પણ સ્વામીભાઇની ભક્તિથી તમને આ ત્રણ લાખ દ્રવ્ય આપું છું તે સ્વીકારો ને મને કૃતાર્થ કરો.'

ચાચાશેઠે મંત્રીને કહ્યું કે- 'હે મંત્રીરાજ! મેં આવું ઉત્તમ કામ કર્યું છે તેનો બદલો હું લેવા માગતો નથી. મેં પુન્યને માટે મારા પુત્રને આપેલો છે. તે મારા કુળમાં રાજહંસ જેવો થયો છે. એ અત્યંત પ્રસિદ્ધિ પામશે અને મારી તેમજ ગુરૂની લાજ વધારશે.' તેનો આવો જવાબ સાંભળી મંત્રી બહુ પ્રસન્ન થયા.

આ જગતમાં લાજ પણ મોટી વાત છે. આ વાત બધી લાજને લીધે ઠેકાણે પડી ગઈ. મહાદુષ્કર કાર્ય પણ લાજવડે થાય છે. લજ્જાથી શું નથી થતું? જુઓ! લજ્જાવડે ભાવદેવે દીક્ષા લીધી હતી. લજ્જાથી જ મરિચી ચારિત્ર છોડીને ઘરે જઈ શક્યા ન હતા-પરિવ્રાજક થયા હતા. કચ્છ-મહાકચ્છ વિગેરે પણ ભરતની લજ્જાથી જ ઘરે પાછા ન જતાં તાપ..... થયા હતા-ઘરે જઈ શક્યા ન હોતા. લાજથી જ કંડરીકે દીક્ષા લીધી હતી અને લાજ તજીને ઘેર આવવાથી દુર્ગતિગામી થયો હતો. ઘણા મનુષ્યો લજ્જાથી જ ધર્મ પાળે છે, કુમાર્ગે જઈ શકતા નથી. લજ્જાથી જ દાન આપવું પડે છે, ભુંડાને ભલા થવું પડે છે. લજ્જાથી જ રણમાં લડવું પડે છે અને લજ્જાથી જ સ્ત્રી-પુરૂષો શિયળ પાળે છે. અહીં પણ લજ્જાથી જ ચાચાશાહ ગુરૂને કાંઈ કહી શક્યા નહીં અને પુત્રને ત્યાં રહેવા દઈ ઉદયનની રજા લઈ ગુરૂને વાંદીને ઘરે આવ્યા. શ્રી સંઘનો મનોરથ ફલિભૂત થયો.

અહીં ચંગદેવ નવ વર્ષનો થયો એટલે ગુરૂમહારાજે તેને ચારિત્ર આપ્યું અને સોમદેવ મુનિ નામ પાડ્યું. પછી ગુરૂમહારાજની સાથે તેમણે પણ વિહાર કર્યો. હવે તેમનું નામ હેમચંદ્ર શા ઉપરથી પડ્યું તેનો સંબંધ આગળ કહેવામાં આવશે.

સોમદેવ મુનિ અન્યદા ગુરૂ સાથે વિહાર કરતાં કરતાં નગરપુરીએ આવ્યાં. ત્યાં ધનદ નામે એક વ્યવહારી રહેતો હતો. તે પ્રથમ પુન્યયોગે બહુ ધનવાન્ હતો, પરંતુ હમણા પાપના ઉદયથી એકદમ નિર્ધન થઈ ગયો હતો, એટલે તે વ્યવહારી મનમાં વિચારતો હતો કે– "મારૂં દ્રવ્ય જ્યાં હતું ત્યાં બધે નષ્ટ થયું. આ વાત કોને કહેવી? જ્યારે દ્રવ્ય હોય છે ત્યારે પ્રાયે ઘણા ધનવાનો કૃપણ હોય છે. પછી જમીનમાં દાટ્યું હોય તે વિનાશ પામી જાય, પારકે ઘેર મૂક્યું હોય તે તેનું થાય (થાપણ ઓળવે), ચોર ચોરી જાય, રાજા હરી લે, અગ્નિ બાળી દે, જુગટામાં કે સટ્ટામાં ગુમાવે, જળમાં વહાણ વિગેરે હોય તે બૂડી જાય, માઠું વ્યસન પડે તેમાં ગુમાવે-આ પ્રમાણે દ્રવ્ય નાશ પામે તે સહન કરે પણ પુણ્યકાર્યમાં વાપરી શકાય નહીં. તે વખતે વિમાસણ થઈ પડે" વળી શેઠ વિચારે છે કે– 'મેં દ્રવ્ય હતું ત્યારે પુણ્ય ન કર્યું, તો હવે તે નાશ પામ્યું ત્યારે તો શી રીતે જ કરી શકું?'

આ પ્રમાણે વિચારી બહુ જ શોકાતુર થઈ ગયો. પછી ભૂમિમાં દાટેલું દ્રવ્ય કાઢવા માટે ભૂમિ ખોદવા માંડી. ઘણી ઉંડી ભૂમિ ખોદતાં દ્રવ્યનું સ્થાન આવ્યું. ત્યાં જુએ છે તો દ્રવ્યના કોયલા થઈ ગયેલા, તેથી તે બહાર કાઢી ટોપલા ભરીને ઘરપાસે નાખ્યા. એવામાં સોમદેવ મુનિસાથે આચાર્ય મહારાજ ત્યાં વહોરવા પધાર્યા.

અહીં શેઠને ઘેર દરિદ્રપણું આવી જવાથી ખાવા માટે રાબ ને ઘેંસ માત્ર કરેલી હતી; તેથી મુનિને જોઈને તે અને તેની સ્ત્રી વિચારવા લાગ્યા કે– 'આ રાબ મહારાજને કેમ વહોરાવાય? કારણ કે આપણે ત્યાં દ્રવ્ય હતું ત્યારે કૃપણતા નહોતી, તેથી મુનિરાજ જ્યારે પધારતા ત્યારે તેમને ઘી, ખાંડસહિત આહાર વહોરાવતા હતા. અત્યારે આ ઘેંસ કે રાબ વહોરાવતા હાથ કેમ ચાલે?' આ પ્રમાણે વિચારી મનમાં બહુ દુ:ખી થઈને ગળગળે સ્વરે તેમણે મુનિરાજને કહ્યું કે– 'હે સ્વામી! અત્યારે અમને દારિદ્ર પ્રાપ્ત થઈ ગયું છે, તેથી માત્ર ઘેંસ રાંધેલી છે, માટે તે લઈને અમારૂં

કલ્યાણ કરો. તમે તો મહાઉત્તમ પુરૂષ છો, પરંતુ અત્યારે આપની ભક્તિ કરવાનું અમારી પાસે બીજું સાધન નથી.' તે સાંભળી અને ઘેંસ વહોરાવતા જોઈ શિષ્યે ગુરૂમહારાજને સમશ્યામાં કહ્યું કે– 'આના ઘરપાસે તો દ્રવ્યના ઢગલા પડ્યા છે અને આ આમ દરિદ્રી કેમ દેખાય છે?' તે સમશ્યા સમજીને ગુરૂમહારાજે તે ચેલાને ઉપાડી પેલા કોલસાના ઢગલાઉપર બેસાડ્યો, એટલે તે બધું કોલસા મટીને દ્રવ્ય જ દેખાયું-સોનાના ઢગલા નજરે પડ્યા. તે જોઈ શેઠ બહુ જ હર્ષિત થયા અને ગુરૂમહારાજને કહ્યું કે– "હે મહારાજ! આપે તો મારી ઉપર બહુ જ ઉપકાર કર્યો. મારૂં દ્રવ્ય બધું કોયલારૂપ થઈ ગયું હતું તે પાછું દ્રવ્યરૂપે થઈ ગયું. દ્રવ્યવિના મારી લાજ રહેવાની નહોતી તે હવે રહેશે; કારણ કે દ્રવ્યવિના તો કોઈ હિસાબમાં પણ ગણતું નથી-બધે અપમાન થાય છે-કોઈ સત્કાર કરતું નથી. ધનવિના સારૂં નામ પણ કઢાતું નથી. વ્યાપાર પણ થઈ શકતો નથી. ધનવિનાનું રૂપ પણ નકામું છે. ધનવિના સ્નેહી સ્નેહ તજી દે છે, સ્ત્રી પણ સ્નેહ રાખતી નથી. ધનવિના બેસી રહેવું પડે છે, મહત્વ નાશ પામે છે. ધનવાળો લુલો, પાંગળો, ઠુંઠો, બહેરો, બોબડો કે આંધળો હોય તો પણ માન પામે છે, તેની સૌ પૂજા કરે છે અને નિર્ધન કંદર્પ જેવો રૂપવંત હોય છતાં તેને કોઈ બોલાવતું નથી. ધનવંત જો વધારે ખાય તો પણ તેના વખાણ થાય કે– 'ભાઈ! દીઠું-ભાળ્યું છે તે ખાયજને!' જો નિર્ધન વધારે ખાય તો તે ભૂખાળવો કહેવાય છે. દ્રવ્યમાન થોડું ખાય તો પણ વખાણ થાય કે– 'ભાઈ! એ તો ધરાયેલા છે તે શું ખાય?' દરિદ્રની થોડું ખાતાં પણ નિંદા થાય છે ધનવંત બહુ બોલે-જેમ તેમ બોલે તો પણ લોક તેના વખાણ કરે, તે વાચાળ ને ડાહ્યો ગણાય. થોડું બોલે તો ગંભીર ને ભલો ગણાય. સાંભળતાં સાંભળતાં ઉંઘે તો તે વિચારમાં લીન થઈ ગયેલ ગણાય ને પંડિત કહેવાય. તે પાળો જાય કે વાહનમાં બેસીને જાય તો બંને રીતે તેના વખાણ થાય. આવું ધન તે હે ગુરૂમહારાજ! આપના પસાયથી મને ગયેલું પાછું મળ્યું છે. આપને પસાયે હું સુખી થયો છું.

તમારા દર્શનથી મારા પુન્યમાં વૃદ્ધિ થઈ છે અને આ કોલસાનું હેમ થયું છે; માટે હવે આપ ફરમાવો તેમાં હું તેનો વ્યય કરૂં."

પછી ગુરૂમહારાજે કહ્યું કે– 'આ શિષ્યને જ્યારે સૂરિપદ આપવામાં આવે ત્યારે તું એનો ઉપયોગ કરજે.' શેઠે તે વાત કબૂલ કરી. પછી અનુક્રમે યોગ્ય અવસરે જ્યારે ગુરૂમહારાજે તેમને આચાર્યપદવી આપી ત્યારે તે શેઠે પુષ્કળ દ્રવ્ય ખરચી મોટો મહોત્સવ કર્યો. ગુરૂમહારાજે ગુણાનુસાર તેમનું હેમાચાર્ય નામ સ્થાપન કર્યું.

પછી ગુરૂમહારાજની સાથે સરસ્વતીને સાધ્ય કરવા કાશ્મીર ભણી ચાલ્યા. ત્યાં તો તેમના પુણ્યથી આકર્ષાયેલી સરસ્વતી જ સામી આવી અને હેમચંદ્રાચાર્યને નમસ્કાર કર્યો. ગુરૂ પ્રસન્ન થયા.

અન્યદા ગુરૂમહારાજે સિદ્ધચક્રનો મંત્ર હેમચંદ્રાચાર્યને બતાવ્યો. એટલે તેઓ મંત્ર શીખ્યા અને તે મહામંત્ર સાધવા તત્પર થયા. પછી મલયગિરિ, દેવેંદ્રસૂરિ ને હેમાચાર્ય ત્રણે તે કાર્ય માટે પદ્મિની સ્ત્રીની શોધ કરવા ચાલ્યા અને કુમારગ્રામે આવ્યા. ત્યાં કોઈ પદ્મિની સ્ત્રીના ધોબી લુગડા ધોતો હતો. તેમાં એક વસ્ત્ર ધોઈને સૂકવ્યું હતું તેની ઉપર ભમરાઓને ગુંજારવ કરતા જોયા, એટલે તે વસ્ત્ર પદ્મિની સ્ત્રીનું છે એમ જાણી તેને માટે ત્યાં જ તજવીજ કરવા વિચાર કર્યો.

અહીં કવિ ચાર પ્રકારની સ્ત્રીનાં લક્ષણ કહે છે:-

પદ્મિની તસ પહોર નિદ્રા, બે પહોર નિદ્રા હસ્તિની;
ચિત્રણી તસ ત્રિપહોર નિદ્રા, અઘોર નિદ્રા શંખની. ૧
પદ્મિની તે હંસનાદી, હસ્તિની ગંભીર;
ચિત્રણી તે કાગકંઠી, શંખની ખર ધીર [ગધેડા જેવા સ્વરવાળી]. ૨
પદ્મિની સ્ત્રી પુષ્પગંધી, વેલીગંધી હસ્તિની;
ચિત્રણી તે ચંપગંધી, મત્સ્યગંધી [મરેલા માછલા જેવી ગંધવાળી] શંખિની. ૩
પાશેર જિમે તે પદ્મિની, અધશેર જિમે તે હસ્તિની;
શેર જિમે તેચિત્રણી, સર્વાહારી શંખની. ૪

પદ્મિની શિર વેણી સૂક્ષ્મ, લંબવેણી હસ્તિની;
ચિત્રણી તે ભ્રમર વેણી, ટુંક લટીયા શંખિની. ૫
પદ્મિની તસ વંક પયોધર, હસ્તિની મોટા ઘન;
ચિત્રણી તસ સામ પયોધર, શંખિની લંબ કુચન. ૬
શુભદંતી સ્ત્રી પદ્મિની, હસ્તિની ઉંચા દંત;
ચિત્રણી સ્ત્રી સળીપંતિ, શંખિની લંબ અત્યંત. ૭

આ પ્રમાણેના મહિલાના લક્ષણ કવિ જાણી શકે કે ચતુર પુરૂષ જાણી શકે. અહીં હેમચંદ્રાચાર્ય વસ્ત્રઉપર ભમરાને ફરતા દેખીને ખુશી થયા. પછી તેમણે તે વસ્ત્ર ધોનાર ધોબીને પૂછ્યું કે- 'આ જે વસ્ત્ર ઉપર ભમરાઓ ભમે છે તે વસ્ત્ર પહેરનારી કોણ છે અને ક્યાં રહે છે?' ધોબી બોલ્યો કે- 'હે સ્વામી! આ ગામનો જે મુખ્ય અધિકારી છે તેના ઘરમાં પદ્મિની સ્ત્રી છે અને તેનું નામ રત્નવતી છે તે આ વસ્ત્રની પહેરનારી છે.' પછી મુનિ અધિકારીને ઘરે આવ્યા અને ધર્મલાભ દઇને કહ્યું કે- 'અમને ઉતરવા માટે વસ્તીદાન આપો.' અધિકારી બોલ્યો કે- 'હે મહારાજ! અહીં મારા ઘર પાસે જ આ મકાન છે તેમાં ઉતરો અને મધુર વચનથી દેશના આપીને અનેક નરનારીને સમજાવો.' પછી હેમચંદ્રાચાર્ય વિગેરે તેણે બતાવેલ ઠેકાણે ચાતુર્માસ રહ્યા અને મધુરસ્વરથી નવરસયુક્ત વ્યાખાન કરવા લાગ્યા. તે સાંભળીને જે સુજાણ પુરૂષો હતા તે તેના રસભેદને સારી રીતે સમજ્યા. ગુરૂએ વ્યાખાનમાં અન્ય અન્ય પ્રસંગે શૃંગાર, હાસ્ય, કરૂણા, રૌદ્ર, વીર, ભયાનક, બિભત્સ, અદ્‌ભુત ને શાંતરસને સાક્ષાત્ બતાવી આપ્યા. આ નવ રસમાંથી આઠ રસ જેણે જાણ્યા પણ જો નવમા શાંતરસનો ભેદ તેણે જાણ્યો નહીં તો તેને વેદ જાણ્યા વિનાના બ્રાહ્મણની જેવો અધુરો પંડિત સમજવો. આઠ રસ છે તે જુદા જુદા આઠ અંગ જેવા છે અને નવમો રસ મસ્તકને સ્થાનકે છે, તેથી જેમ મસ્તક વિના શરીર શોભતું નથી અને હાથ-પગ વિગેરે અંગો તે વિના કામ આપતા નથી તેમ બાકીના રસ નિરૂપયોગી થાય છે.

શાંતરસરૂપી રસવતી નિપજાવવાને માટે મુનિમહારાજ આઠ રસનો જુદી જુદી રીતે ઉપયોગ કરે છે અને એ રસવતી જે જમે છે તેના સાંસારિક તાપ શમી જાય છે, કષાયો નાશ પામે છે અને તે પ્રાણી તપજપાદિ કષ્ટ કર્યા વિના પણ શાશ્વત સુખને પામે છે-મોક્ષે જાય છે. જુઓ કુરગડુ મુનિ કેવળજ્ઞાન પામ્યા, ચંડરૂદ્ર આચાર્યના શિષ્ય કેવળજ્ઞાન પામ્યા. તેણે તપ-જપ ક્યાં કર્યા હતા? માત્ર સમતાથી જ તેઓએ કાર્યસિદ્ધિ કરેલ છે. અહીં દેવેંદ્રસૂરિ મહારાજા ધર્મદેશનામાં એ કારણે જ શાંતરસને પોષતા હતા. એ પ્રમાણે કાળ વ્યતીત કરતાં અનુક્રમે ચોમાસું પૂરૂં થયું એટલે ગુરૂએ ગ્રામાધિકારીને કહ્યું કે- "ચોમાસું પૂર્ણ થયું છે, તેથી હવે અમે વિહાર કરશું; કારણકે અમારો આચાર ચોમાસા પછી એકસ્થાને રહેવાનો નથી. કહ્યું છે કે-

"રાંધ્યા વિના એટલે હલાવ્યા વિનાની ક્ષીર વિનાશ પામે, પહેર્યા વિનાનાં સ્ત્રીનાં વસ્ત્રો પડ્યા પડ્યા વિનાશ પામે, ગાડા વિગેરેમાં જોડીને ખેડ્યા વિના સારા જુત-બળદ વિનાશ પામે-બગડી જાય, પારકે હાથે જવાથી ઘરની સ્ત્રી વિણસે, બહુ લાડ લડાવવાથી પુત્રી વિનાશ પામે-મનમોજી થઇ જાય, ક્ષયના વ્યાધિથી શરીર વિનાશ પામે, શાસ્ત્રોના ચાલુ અભ્યાસ વિના પંડિત વિનાશ પામે, પાત્ર મળ્યા વિના દાન દીધા વિના દાતા વિનાશ પામે, ખરાબ સાથ મળવાથી યાત્રી વિનાશ પામે-જોઇએ તેવો લાભ ન થાય, મેલા મનથી પરલોક વિનાશ પામે અને પુન્ય કરેલું નિષ્ફળ થાય, અત્યંત અભિમાન કરવાથી વિદ્યા વિનાશ પામે, ગાયન કર્યા વિના કંઠ વિનાશ પામે-બગડી જાય, આળસથી પોતાનાં કાર્યો વિનાશ પામે, અમરબીજ (મદિરાપાનાદિક) થી ગામ વિનાશ પામે, ઉતાવળો થવાથી વાણીઓ વિનાશ પામે, કેમકે તેની સ્થિતિ રાવળ રાજા વિગેરેના જાણવામાં આવી જાય, કુદેશમાં જવાથી પુરૂષ નાશ પામે તેમ મુનિ એક સ્થાને સ્થિર રહેવાથી વિનાશ પામે.' માટે હવે અમે વિહાર કરશું. તમને ધર્મલાભ થાઓ અને હે પુન્યશાળી! પુન્યના કામ કરજો.

સુવિહિત મુનિઓ એક સ્થાને સ્થિર રહેતા જ નથી, કેમકે એક સ્થાને રહેવાથી વાત વિણસે છે, સ્ત્રી આદિકનો પરિચય વિશેષ થાય છે અને તેથી સંયમમાં વ્યાઘાત થાય છે."

આ પ્રમાણેનાં ગુરૂનાં વચનો સાંભળી અધિકારી બોલ્યો કે- 'હે મહારાજ! મારી સરખું કાંઈક કામ બતાવો કે જે કરીને હું આપે મહામનોહર ધર્મ કહીને મારી ઉપર જે ગુણ કર્યો છે તેનો ઓશીંગણ (અનૃણી) થાઉં.' એટલે દેવેંદ્રસૂરિ બોલ્યા કે- 'હે ભાઈ! કામ તો એક ખરેખરૂં જરૂરનું છે, અપૂર્વ છે અને તે તારાથી જ થાય તેમ છે; પણ તે કહેતાં લાજ આવે છે- જીભ ઉપડતી નથી.' અધિકારી કહે કે- 'હે સ્વામી! જે કામ હોય તે ખુશીથી કહો. હું મારાથી બને તેવું હશે તો જરૂર કરી આપીશ. આપ કહેતાં અચકાઓ નહીં.' એટલે દેવેંદ્રસૂરિએ કહ્યું કે- "હે ભાઇ! અમારે ત્રણેને એક વિદ્યા સાધવાની છે, તે વખતે એકાંતમાં અમો ત્રણે વિદ્યા સાધવા વસ્ત્ર તજીને બેસીએ ત્યાં આ તારી પદ્મિની સ્ત્રી વસ્ત્ર તજી-નગ્ન થઇને અમારી સામે ઉભી રહે. તે વખતે તારે હાથમાં ઉઘાડી તલવાર લઇને ઉભા રહેવું અને અમારા ત્રણમાંથી મન, વચન અને કાયાથી જો કોઇ પણ જરા પણ ચળિત થઇએ તો તે જ વખતે તારે તેનું માથું ઉડાડી દેવું. આ પ્રમાણે કરવાથી અમારી વિદ્યા સિદ્ધ થાય તેમ છે." ગુરૂમહારાજના ગુણોથી રંજિત થયેલા અધિકારીએ તે વાત કબૂલ કરી, એટલે તે ત્રણે આચાર્ય તે સ્ત્રી-પુરૂષને લઇને ગિરનારઉપર ગયા, ત્યાં બાળબ્રહ્મચારી પરમાત્મા શ્રીનેમિનાથની મૂર્ત્તિ સામે ત્રણે આચાર્ય ઉપર કહ્યા પ્રમાણેની સ્થિતિએ વિદ્યા સાધવા બેઠા.

એક બાજુ નગ્નપણે પદ્મિની સ્ત્રી ઉભી રહી અને બીજી બાજુ તેના પતિ હાથમાં તલવાર લઇને ઉભો રહ્યો. વિદ્યા સાધવામાં તત્પર થયેલા ત્રણે મહાપુરૂષો કિંચિત્ પણ ચલાયમાન થયા નહીં. કહ્યું છે કેઃ-

ન ચળે મેરૂની ચૂલિકા, ન ચળે ધ્રુ સર્પ શેષ;
ન ચળે મુનિ મંત્ર સાધતા, જિમ શિર અક્ષર લેખ.

'મેરૂ ઉપર ચૂળિકા ચળે નહીં, ધ્રુવનો તારો ચળે નહીં, શેષનાગ ચળે નહીં અને વિધાતાએ કપાળમાં લખેલા લેખ ચળે (ફરે) નહીં; તેમ મુનિ પણ વિદ્યા સાધતાં કિંચિત પણ ચળે નહીં.' એટલે સ્વલ્પ કાળમાં જ તેનો અધિષ્ઠાયિક વિમળેશ્વર દેવ પ્રત્યક્ષ થયો અને કહ્યું કે- 'હે મુનિરાજો! આપને જે ઇચ્છા હોય તે માગો, હું પ્રસન્ન થયો છું.' એટલે શ્રી દેવેંદ્રસૂરિએ તો કાંતિપુરીમાં જે જિનપ્રાસાદ છે તે ત્યાંથી સેરીસે લાવી દેવાનું માંગ્યું, એટલે તે પ્રકારની શક્તિ માંગી. શ્રી મલયગિરિજીએ સિદ્ધાંતોની ઉપર સુલભ વૃત્તિઓ રચી શકવાની શક્તિ માંગી અને શ્રી હેમચંદ્રાચાર્યે માંગ્યું કે- 'તમે મને એવી શક્તિ આપો કે હું મારા વચનના- ઉપદેશના બળથી કોઇ રાજાને રીઝવી શકું કે જેથી તે રાજા જૈનશાસનને દીપાવે.' આ પ્રમાણેની ત્રણેની નિઃસ્વાર્થ અને શાસનને પરમ હિતકારી માંગણી સાંભળી દેવ ઘણો હર્ષિત થયો અને તે પ્રમાણેની વિદ્યાઓ- શક્તિઓ આપી તેનો ઉપર પુષ્પવૃષ્ટિ કરીને તે સ્વસ્થાનકે ગયો. વિદ્યાઓ સિદ્ધ થઇ. હેમચંદ્રાચાર્યના શિષ્યો આવીને તેમને નમ્યા. હેમચંદ્રાચાર્ય પોતાના ગુરૂને નમ્યા ગુરૂ તેમને જોઇને બહુ જ ખુશી થયા. પેલી સ્ત્રી ને તેનો ભર્ત્તાર પોતાને સ્થાનકે ગયા.

પછી ગુરૂમહારાજ જ્ઞાનઆરાધનાદિ કાર્ય માટે છ મહિનાપર્યંત આચંબિલનો તપ કરી ત્યાં જ ધ્યાનમાં બેઠા અને શાસનદેવીને આરાધી, જેથી છ મહિનાને અંતે શાસનદેવી પ્રગટ થઇ અને ગુરૂને વાંદી ઉભી રહી. પછી ગુરૂના મનોગત ભાવ તેને જે પૂછવાના હતા તે જાણીને દેવી બોલી કે- 'હે મહારાજ! તમારી પાટે તમારા શિષ્ય હેમચંદ્રાચાર્યને સ્થાપો. તેનાથી જિનશાસનનો ઘણો ઉદ્યોત થશે અને આપનો પણ યશપડહ વાગડો.' આ પ્રમાણે કહીને દેવી સ્વસ્થાને ગઇ એટલે ગુરૂ પણ ધ્યાન તજીને બહુ હર્ષ પામતા ઉભા થયા. તેમના મનમાં હતું તે જ દેવીએ કહ્યું તેથી દુધમાં સાકર ભળવા જેવું થયું.

આ ગુરૂશિષ્યનો સંબંધ સિંહને પાખરેલો હોય, સોનાનો કળશ

ને તે પણ દુધે ભરેલો હોય તેવો શોભવા લાગ્યો. પછી ગુરૂમહારાજ ત્યાંથી સર્વ પરિવારસાથે વિહાર કરતાં કરતાં નાગપુરે આવ્યા કે જ્યાં અનેક ધનવાન વ્યાપારીઓ વસતા હતા. ગુરૂએ ત્યાં વ્યાખાન વાંચવાનું શરૂ કર્યું. ચતુર્વિધ સંઘ વ્યાખાન સાંભળવા લાગ્યો. ગુરૂમહારાજે દાન, શીલ, તપ ને ભાવ એ ચારે પ્રકારનો ધર્મ અનેક દૃષ્ટાંતોસહિત કહ્યો. તે સાંભળીને જે જીવો હળુકર્મી હતા તેઓ સારી રીતે એ ચારે પ્રકારના ધર્મને આરાધવા લાગ્યા, યૌવનાવસ્થા છતાં ઇંદ્રિયો વશ કરી, બારે પ્રકારના તપ યથાશક્તિ તપવા-કરવા લાગ્યા, ઉત્તમ ભાવનાઓ ભાવવા લાગ્યા અને ધન પામીને સુપાત્રે દાન દેવા લાગ્યા. હવે શ્રાવકો સાતે ક્ષેત્રમાં દ્રવ્ય વાપરે છે, તીર્થયાત્રાઓ કરે છે અને મળેલા ધનમાંથી જે જમણે હાથે વાપર્યું તેને જ પોતાનું અને જ્યાં-જે ગતિમાં જાય ત્યાં સાથે આવનારૂં માને છે. ગુણવંત ગુરૂમહારાજ ત્યાં દરરોજ દેશના આપે છે અને શ્રદ્ધાવંત તેમજ અલ્પસંસારી શ્રાવકો તે સદ્દહે છે. ગુરૂમહારાજના ઉપદેશથી ત્યાંના ધનદ નામના શેઠે ઘણો દ્રવ્યવ્યય કર્યો. પછી સંવત ૧૧૬૨ ના વર્ષમાં તેની પાસે પોતાની પાટે હેમચંદ્રાચાર્યને સ્થાપી તેમને સાથે લઇ ગુરૂમહારાજ પાટણ પધાર્યા.

તે વખતે પાટણમાં સિદ્ધરાજ જેશંગ રાજા હતો. તે બહાર રચવાડીએ જતો હતો તેવામાં તેણે હેમચંદ્રાચાર્યને દીઠા એટલે બહુ જ ખુશી થયો અને અશ્વઉપરથી નીચે ઉતરી લોકના મધ્યમાં તેમને હસીને બોલાવ્યા અને કહ્યું કે- 'હે ગુરૂમહારાજ! કાંઇ ધર્મદેશના આપો.' એટલે હેમચંદ્રાચાર્યે અવસરોચિત દેશના આપતાં ટુંકામાં જ કહ્યું કે- 'હે રાજેંદ્ર! આ જગતમાં દયા ને દાનથી જ પ્રાણી સર્વ પ્રકારના સુખને પામે છે.' તે સાંભળી રાજા ખુશી થયો. પછી રાજાએ આગ્રહપૂર્વક કહ્યું કે- 'હે મહારાજ! દરરોજ મારે મહેલે રાજસભામાં કૃપા કરીને પધારવાનું કબૂલ કરો.' ગુરૂએ પણ યોગ્ય અવસર જાણી હર્ષિત થઇને તે વાત સ્વીકારી. પછી દરરોજ યોગ્ય સમયે ગુરૂમહારાજ રાજસભામાં જવા લાગ્યા અને

સિદ્ધરાજને હેતુ દૃષ્ટાંતાદિ યુક્ત ધર્મ સંભળાવવા લાગ્યા. એકદા પ્રસંગ જોઇને તેમણે કહ્યું કે- "હે રાજન! છએ દર્શનની પરીક્ષા કરી તેના સાચા-ખોટાપણાનો નિર્ણય કરીને જે ધર્મ સાચો હોય તેને ગ્રહણ કરો અને ખોટાને તજી ઘો. ખોટા દેવ, ખોટા ગુરૂ અને ખોટા ધર્મને આરાધવાથી લાભ ન થાય, પણ હાનિ થાય, પુન્ય હોય તે ગળી જાય અને પાપ બંધાય. એક તો કાળો કાગડો ને તેને ગળીએ ન્હવરાવ્યો, તેથી તે કાંઇ ઉજળો થાય? ન જ થાય તેમ ખોટો ધર્મ આરાધવાથી લાભ તો ન જ થાય પણ હાનિ થાય. તેના આરાધનથી પૂર્વના કર્મો ધોવાય નહી. હે નરેંદ્ર! તમે વિચક્ષણ છો તેથી યશોમતીની જેમ પરીક્ષા કરો અને જે ધર્મ સાચો-શુદ્ધ દેખાય તે સ્વીકારો. યશોમતીએ વનસ્પતિની જો બરાબર પરીક્ષા કરી તો પોતાના પતિને બળદ મટાડીને મનુષ્ય કરી શકી." રાજાએ પૂછયું કે- 'હે મહારાજ! તે યશોમતી કોણ હતી અને શી રીતે તેણે પોતાના પતિને પુરૂષ કર્યો?' ત્યારે ગુરૂમહારાજ તેની કથા કહેવા લાગ્યા.

"શંખપુરીમાં શંખ નામે શ્રેષ્ઠી હતો. તેને યશોમતી નામે સ્ત્રી હતી; પણ શેઠને તેની ઉપર પ્રેમ નહોતો તેથી તેણે બીજી સ્ત્રી કરી. વૃદ્ધાવસ્થાએ બીજી નાની સ્ત્રી પરણ્યો એટલે તેને જોઇને ખુશી થવા લાગ્યો. રાત-દિવસ તેને પોતાની પાસે જ રાખવા લાગ્યો. નવી સ્ત્રી-ઉપર બહુ રાગ હોવાથી તે જે બોલે તે પ્રેમથી સાંભળીને કબૂલ કરે અને તેના વાંચ્છિત પૂરે. ઘણો દુર્લભ યોગબન્યો છે તેમ મનમાં માને. તે બંનેને યશોમતી દીઠી ન ગમે, અને બન્ને જણા આનંદ કર્યા કરે. તન, ધન ને માલ બધું નવી સ્ત્રીને શેઠે સોંપી દીધું. યશોમતીને શોક્યનું સાલ બહુ જ ખટકવા લાગ્યું. કહ્યું છે કે-

સામેરી [સ્ત્રી] સુલખ્ખણી, ચઢી તે રાવળ ચોક;<br>
હું તુમ પૂછું પંડિતા, શૂળી ભલી કે શોક્ય? ૧<br>
શૂળી એક જ કઠડો [કાષ્ટ], શોક્ય અનંતા કઠ [કષ્ટ];

નિત મરીએ નિત મારીએ, હઇડાં પગે પઇઠ્ઠ. ૨
શૂળી આપે એક મરણ, શોક્ય દીએ સો વાર;
લોચણ ચાંપે તણખલે, ખટકે વારોવાર. ૩
કાણો કાળો કુબડો, શોક્ય વિના પિયુ હુંત;
શોક્ય સરિસો [શોકસહિત] કામદેવ, દેવ મ દેઇશ કંત. ૪
ઘંટી પડસમ દોય પરણી, કણહ [અનાજ] સરિખો કંત;
કહો હિમ આઉખે ઉગરે, ભરડી આણ્યો અંત. ૫
પરવશ પિયુ પરહથ્થ ધન, પર ઘર ભોયણ આશ;
પર સાહજે જેહ કજ્જડો, એ ચારે નિરાશ. ૬
પરહથ્થ ગઇ જે પ્રેમદા, ખિણ ખિણ સાલે તેહ;
સાલે સાપણ સોકડી, નરહ નસાડ્યો નેહ. ૭

"સુલક્ષણી સ્ત્રી મોટા રાઓળના ચોકમાં જઇને પૂછે છે કે-હે પંડિતો! કહો, શૂળી સારી કે શોક સારી? શૂળીનું કાષ્ટ-લાકડું એક જ હોય છે અને શોક્ય તો અનંતા કઠ્ઠ એટલે કષ્ટને આપનાર છે. એ તો નિત્ય મરવું ને મારવું એવી હૃદયનીચે પેઠેલી શોક્ય છે. (૧-૨) શૂળી તો એક વાર મરણ આપે છે ને શોક્ય તો સો વાર મારે છે. મરણ જેવી પીડા કરે છે, જેમ લોચનમાં-નેત્રમાં તરણું પડ્યું હોય તો તે વારંવાર ખટક્યા કરે તેમ શોક્ય પણ વારંવાર ખટકે છે. (૩) શોક્ય વિનાનો કાણો, કાળો, કુબડો ગમે તેવો પિયુ-ભર્તાર આપજે, પણ હે દૈવ! શોક્યવાળો તો કામદેવ જેવો પણ પિયુ આપીશ નહીં. (૪) ઘંટીના બે પડની જેવી બે સ્ત્રી સમજવી. અને તેની વચ્ચે નાખેલા-રાખેલા કણ એટલે દાણા જેવો પુરૂષ-ધણી સમજવો. તેવો ધણી આઉખુ હોય તો પણ કેમ ઉગરે ? તેનો તો બે પડની વચ્ચે ભરડાઇને અંત જ આવે. (૫) પરવશ પતિ, પારકે હાથે ધન, પારકે ઘરે ભોજનઆશા અને પરની સહાયથી થવાનું કાર્ય-એ ચારે બાબત નિરાશ થવા જેવી છે. (૬) પારકે હાથે ગયેલી પ્રેમદા (સ્ત્રી) જેમ ધણીને ક્ષણે ક્ષણે સાલે તેમ સાપણ જેવી શોક્ય પણ પ્રથમની

સ્ત્રીને વારંવાર સાલે છે કે જેણે પોતાના પતિના નેહને નસાડ્યો છે-નષ્ટ કર્યો છે પ્રથમની સ્ત્રીઉપરનો સ્નેહ ઉતરાવી પતિને પોતાને તાબે કર્યો છે. (૭)"

અહીં રાસના કર્ત્તાએ બીજું પણ શોક્યના સંબંધમાં બહુ કહ્યું છે, તે વિસ્તારના ભયથી અમે બધું લખ્યું નથી. વળી કર્ત્તા કહે છે કે- ઇંદ્રવરણાના ફળનું નામ સારૂં છે, દેખાવમાં રૂડા છે પણ ખાવામાં કડવા છે. મીઠું નામથી મીઠું છે પણ ખાધે ખારું લાગે છે. શીળી નીકળે છે તે નામથી તો શીળી-ટાઢી કહેવાય છે પણ શરીરમાં તાપ કરે છે. ગળી નામથી ગળી કહેવાય છે પણ ખવાતી નથી. નામ દેવો-દેવ જેવો પણ ભીખ માગે છે અને અલુઆણે પગે ચાલે છે તેમજ વહીંતરૂં કરે છે તેમ શોક્ય નામથી તો બ્હેન કહેવાય છે પણ અત્યંત અકારૂં કામ કરે છે. પરિણામે ભુંડી એવી શોક્ય યશોમતીને શલ્ય જેવી લાગે છે અને તેથી તે દુઃખિણી થઇ ગઇ છે-બેઠી બેઠી આર્ત્તધ્યાન કરે છે. કહ્યું છે કેઃ-

નક્ષત્ર બહુ નમી ગયાં, નયણ ન નમીયાં દોય;
સુઓ સુઓ પનોતીઓ, જસ પીયુના સુખ હોય. ૧
સહીઓ તો કિમ વિસરે, જે મનમાંહે પઇઠ્ઠ;
હઇડાથકી જો ઉતરે, તો સુપનાંતરે દીઠ. ૨
વહાલા તે કિમ વિસરે, જેશ્યું ઘણો સનેહ;
રાતદિવસ તે સાંભરે, જેમ બપઇયાં મેહ. ૩
કિહાં કોયલ કિહાં અંબવન, કિહાં મોર કિહાં મેહ?
વિસાર્યા નવી વિસરે, ગીરૂઆતણા સનેહ. ૪
સજ્જન થોડા હંસ જિમ, વિરલા કોઇ દીસંત;
દુર્જન કાળા કાગ જિમ, મહિયલ ઘણા ભમંત. ૫
નિર્ગુણ સરીખો નેહડો, મ કરીશ હઇયા ગમાર;
ગાંધીએ નાખી ગુણ જિમ, વળતી ન કરે સાર. ૬
જો આપે તો દશ ભલા, જો ન આપે તો વીશ;

જે નર ચિત્તથી ઉતર્યો, તેહથી કેહી રીસ. ૭
સ્નેહ વિના શું રૂસણું, ગઢ વિના શી પોળ [દરવાજો];
અણમાનીતો પ્રાહુણો, અબહડે [હાથવિના] અંઘોળ. ૮

આ પ્રમાણે યશોમતી અનેક પ્રકારના વિચારો કરતી હતી એવામાં એક કોઇ મંત્રવાદી પુરૂષ તેની પાસે આવ્યો, એટલે યશોમતીએ તેને બહુ પ્રેમથી બોલાવીને પોતાની પાસે બેસાડ્યો અને તેની પાસે પોતાની કર્મકથા માંડીને કહી બતાવી. એટલે તેને બહુ દયા આવી, તેથી તેણે એવા મંત્રવાળા મૂળીઆં યશોમતીને આપ્યા કે જે ખવરાવવાથી પુરૂષ મટીને પોઠીઓ (બળદ) થઇ જાય.

પછી યશોમતીએ અનેક પ્રકારની રસોઇ તૈયાર કરી અને તેમાં પેલી ઔષધિઓ ભેળવી દીધી. પછી તે પોતાના ભર્ત્તારને ખવરાવી એટલે તરત જ પોઠીઓ થઇ ગયો. ડાઢી મૂછ જતાં રહ્યાં અને લટકતું ગળકંબળ, લાંબુ પુંછડું તથા લાંબા શીંગડા થઇ ગયા. આ પ્રમાણેની સ્થિતિ થયેલી જોઇને નવી સ્ત્રી તે બાબતની ફરિયાદ કરવા રાજસભામાં ગઇ અને રાજાને વિનંતિ કરી કે- 'મારી શોક્યે મારા પતિને બળદ બનાવી દીધો છે, માટે તેને બોલાવીને યોગ્ય શિક્ષા કરો.' રાજાએ તરત જ યશોમતીને બોલાવીને કહ્યું કે- 'રે ભુંડી! તેં તારા પતિને જ પોઠીઓ બનાવી દીધો! આ શું કર્યું?' યશોમતી બોલી કે- "હે સ્વામી! એમાં મેં કશો અપરાધ કર્યો નથી. મારી શોક્યે કામણ કરીને મારા પતિને પોતાને વશ કરી લીધો, એટલે તેણે મને સર્વથા તજી દીધી. મારી સાથે બોલવું-ચાલવું તમામ બંધ કર્યું તેથી મને રીસ ચઢી, એટલે ક્રોધના આવેશમાં મેં મારા પતિને પોઠીઓ બનાવી દીધો. કરતાં તો કર્યું પણ હવે ઘણી પસ્તાઉં છું; પરંતુ તેને પાછો પુરૂષ કરવાનો ઉપાય હું જાણતી નથી. વળી મારી શોક્યના પાપે એને પોઠીઓ થવું પડ્યું છે તેથી ખરેખરો દંડતો મારી શોક્યનો જ કરવા યાગ્ય છે માટે તેને માથું મુંડાવી ગધેડે બેસારીને નગરમાં બધે ફેરવો."

રાજાએ તે વાત સાંભળીને બંનેને વખોડી કાઢી. પછી બંનેને વઢતી વારીને પોઠીઓ યશોમતીને સોંપ્યો અને કહ્યું કે- 'આને પાળજે-પોષજે ને બને તો પાછો પુરૂષ કરજે.' આ પ્રમાણે કહી બંનેને રજા આપી. હવે યશોમતી તેને વનમાં લઇ જઇને ચારતી હતી ને પાણી પાતી હતી.

આ પ્રમાણે કરતાં કરતાં અન્યદા કોઇ વિદ્યાધર સ્ત્રી-પુરૂષ યશોમતી બેઠી હતી, આંખમાં આંસુ આવેલા હતા ને મનમાં ઝુરતી હતી તે વખતે ત્યાં થઇને નીકળ્યા. તેમાંથી સ્ત્રીએ પોતાના પતિને પૂછ્યું કે- 'હે સ્વામી! આ સ્ત્રી અહીં બેઠી બેઠી શા માટે રૂએ છે?' વિદ્યાધરે કહ્યું કે- એણે પોતાના ધણીને પોઠીઓ બનાવ્યો છે. હવે તેને પુરૂષ કરવાનું જાણતી નથી તેથી પસ્તાય છે તે ઝુરે છે. વિદ્યાધરની સ્ત્રીને દયા આવી એટલે તેણે પોતાના પતિને કહ્યું કે- હે સ્વામી ! એવી કોઇ યુક્તિ બતાવો કે જેથી એનો પતિ પાછો પુરૂષ થાય. એટલો ઉપકાર કરો. વિદ્યાધરે કહ્યું કે- 'એ સ્ત્રી બેઠી છે ત્યાં જ એક મૂળિયું છે તે જો એને ખવરાવશે તો તે તરત જ પુરૂષ થઇ જશે.' આ પ્રમાણે કહીને તે બંને તો ચાલ્યા ગયા, પણ તેના શબ્દો યશોમતીએ સાંભળ્યા એટલે તે શબ્દાનુસારે પોતે બેઠી હતી તે જગ્યાના ને તેની આસપાસના બધા મૂળિયાં ચૂંટી લીધાં અને પછી તેમાંથી એક એક પોતાના પતિને ખવરાવવા લાગી. તેને પરિણામે જ્યારે તે વિદ્યાધરે કહેલ મૂળિયું આવ્યું ત્યારે તે ખાતાં જ તેનો ધણી પુરૂષ થઇ ગયો. એટલે યશોમતી ઘણી ખુશી થઇ અને પેલું મૂળિયું પણ ઓળખી લીધું, તેમજ પોતાના પતિસાથે પ્રીતિ પણ થઇ."

આ પ્રમાણે કથા કહીને શ્રી હેમચંદ્રાચાર્યે સિદ્ધરાજને કહ્યું કે- 'યશોમતીની જેમ આપ પણ ષડદર્શનની પરીક્ષા કરીને તેમાં જે ઉત્તમ શ્રેષ્ઠ દર્શન જણાય તે ગ્રહણ કરો અને બીજાને તજી દો.'

સિદ્ધરાજ આ હકીકત સાંભળી બહુ જ પ્રસન્ન થયા. તેનું મન હેમચંદ્રાચાર્યઉપર પ્રીતિવાળું થયું અને શુદ્ધ ધર્મનું સ્વરૂપ રોજ સાંભળવાથી તેના હૃદયમાંથી કુમતિ-કદાગ્રહ નાશ પામ્યો.

અન્યદા સિદ્ધરાજ અશ્વપર બેસીને સિદ્ધપુર આવ્યા અને ત્યાં ઈશ્વરનો ( શિવનો ) મોટો પ્રાસાદ-રૂદ્રમાળ બંધાવ્યો. તેની પાસે આભુમંત્રીએ એક રાજવિહાર કરાવ્યો અને તેમાં શ્રી વીરપરમાત્માની મૂર્તિ પધરાવીને તેની પૂજા-અર્ચા તથા સેવા-ભક્તિ કરવા લાગ્યો. તે દેખીને સિદ્ધરાજ બહુ હર્ષ પામ્યો. પછી તે ગુરૂમહારાજ પાસે આવ્યો અને કહ્યું કે– 'હે સ્વામી! અરિહંતમાં ને શિવમાં અંતર શું? તે મને સમજાવો.' ગુરૂ કહે છે કે– 'હે સિદ્ધરાજ! તેના અંતરની શી વાત કરૂં? શિવના મસ્તકપર ચંદ્ર છે તે પણ જિનેશ્વરને નમે છે. વળી તમે પ્રવીણ સૂત્રધારોને બોલાવો અને તેના વાસ્તુકશાસ્ત્રમાં શું કહ્યું છે તે સાંભળો. એટલે તમને તેના અંતરની ખબર પડશે.' રાજાએ તરત જ સુતારોને વાસ્તુકશાસ્ત્ર લઈને બોલાવ્યા. તેઓ આવ્યા. તેમને પૂછતાં તેમાં જે મુખ્ય સૂત્રધાર હતો તે બોલ્યો કે– 'હે મહારાજ! અમારા વાસ્તુકશાસ્ત્રમાં જે કહ્યું છે તે સાંભળો. સામાન્યજનોના ઘરને પાંચ શાખા હોય, રાજભુવનને સાત શાખા હોય, ઈશ્વરના મંદિરે નવ શાખા હોય અને જિનેશ્વરના મંદિરે એકવીશ શાખા હોય. વળી મહેશ્વરનું મંદિર વનમાં કરવું અને જિનેશ્વરનું મંદિર નગરમાં કરવું. શંકરના દેરામાં એક મંડપ હોય અને જિનમંદિરમાં ૧૦૮ મંડપ હોય. વળી જિનમંદિરમાં ત્રણ છત્ર ને સિંહાસન હોય, પ્રભુ પદ્માસને બિરાજમાન થયેલા હોય. વળી જિનપ્રતિમાના પગ-પાસે નવ ગ્રહ કરવામાં આવે અને આદિશક્તિ તેમની પાસે રહે. આ પ્રમાણે અમારા વાસ્તુકશાસ્ત્રમાં કહેલ છે. અન્ય દેવને માટે એવી રચના કોઈથી કરી શકાય નહીં અને કદિ કોઈ હઠે ચડીને કરે કે કરાવે તો પરિણામે દુઃખી થાય. વળી ચક્ર, બાણ, ગદા, ગુપ્તિવિગેરે શસ્ત્રો જિનમંદિર સિવાય બીજે કરવામાં આવે. ખોળામાં સ્ત્રીની મૂર્તિ વિષ્ણુના મંદિરમાં કરી શકાય. આ વાસ્તુકશાસ્ત્ર અનંત જ્ઞાનીનું કહેલું છે અને તેના કર્તા વિશ્વકર્મા કહે છે કે- આને ચૌદ પૂર્વના સારરૂપ માનજો.'

આ પ્રમાણેની વાસ્તુશાસ્ત્રની હકીકત સાંભળીને રાજા બહુ હર્ષિત

થયો અને તેણે કનકનો કળશ કરાવીને પૂર્વોક્ત જિનચૈત્યની ઉપર ચડાવ્યો. તે કળશની રચના જોઈને ભવ્યજનો હર્ષ પામ્યા. જેશગંદે રાજા પોતાના સૈન્યસાથે પાટણ આવ્યો. તેને હેમચંદ્રાચાર્ય સાથે રંગ લાગ્યો. સૂરિ પણ પાટણમાં રહ્યા અને દરરોજ જિનમંદિર પાસેના ઉપાશ્રયમાં વ્યાખ્યાન વાંચવા લાગ્યા. એક દિવસ રાજા વ્યાખ્યાન શ્રવણ કરવા આવ્યો અને ગુરૂને નમસ્કાર કરીને સર્વે શ્રાવકોની સાથે બેઠો. તે વખતે વ્યાખ્યાનમાં નેમિનાથ ચરિત્ર વંચાતું હતું. તેમાં પાંડવોનો અધિકાર આવ્યો કે - "તેઓ શત્રુંજયઉપર સિદ્ધિપદને પામ્યા." આ હકીકત બ્રાહ્મણો સાંભળી શક્યા નહીં, તેથી તેઓ બોલી ઉઠ્યા કે- 'પાંડવો તો અંત સમયે કેદાર ગયા હતા અને તે હિમાલયમાં ગળી ગયા છે.' બ્રાહ્મણોના આવા કથનથી સર્વ સભાના મનમાં સંશય ઉત્પન્ન થયો કે 'આ બેમાં સાચું શું?' તે વખતે સિદ્ધરાજે ગુરૂને પૂછ્યું કે- 'હે સ્વામી! આ બે વાતમાં ખરી વાત શું છે?' એટલે ગુરૂ બોલ્યા કે- 'હે રાજેંદ્ર! સાંભળો. મહાભારતમાં કહ્યું છે કે-પાંડવના કાકા ગાંગેય (ભીષ્મ પિતામહ) હતા. તેમણે પોતાને અંતસમયે પોતાના પરિવારને કહ્યું કે- 'તમે મારૂં એક વચન બરાબર પાળજો. તે વચન એ કે-મને કુમારી ભૂમિ હોય-જ્યાં કોઇને બાળેલ ન હોય ત્યાં લઇ જઇને બાળજો.' સૌએ તે વાત કબૂલ કરી. પછી ગાંગેય મરણ પામ્યા એટલે તેને ઉપાડીને પાંડવો વિગેરે સૌ કુમારીભૂમિ શોધવા ચાલ્યા. એક ઉંચા પર્વતના શૃગઉપર ગયા. ત્યાં કુમારીભૂમિ જાણીને અગ્નિ મૂકવા જાય છે, ત્યાં જમીનમાંથી શબ્દ થયો કે- 'આ જમીન કુમારી નથી. અહીં સો તો ભીષ્મને બાળેલા છે, ત્રણશેં પાંડવોને બાળેલા છે, હજાર દુર્યોધનને બાળ્યા છે, કર્ણને તો સંખ્યા નહી એટલાને બાળ્યા છે.' આ પ્રમાણે મહાભારતમાં કહેલ હોવાથી હે રાજન્! આ બ્રાહ્મણો કયા પાંડવો માટે હિમાલય ગળ્યાનું કહે છે? પાંડુરાજાના પુત્ર પાંચ પાંડવો તો શત્રુંજયઉપર સિદ્ધિપદને પામ્યા છે. તેની મૂર્ત્તિઓ પણ શત્રુંજયઉપર પધરાવેલી છે."

આ પ્રમાણેની હકીકત સાંભળી સિદ્ધરાજ બહુ ખુશી થયો. તેને જૈનધર્મનો સાચો રંગ લાગ્યો. બ્રાહ્મણોને તેણે કહ્યું કે- 'તમે ખરી વાત જાણતા નથી. આ હેમાચાર્યના વચન યથાર્થ સત્ય છે.' તે સાંભળીને બ્રાહ્મણો બોલ્યા કે- "હે મહારાજ! જૈનધર્મ પહેલાંનો નથી; નવો થયેલો છે. વળી તે વેદબાહ્ય છે, અશુચિ ને મળથી ભરેલો છે. એ ધર્મથી કોઇ તર્યા નથી. એનો ધર્મ કાંઇ બદ્ધમૂળ નથી, માત્ર જીવ ઉગારવાની એક વાત જ તે સમજેલા છે. પુણ્ય માટે ઉનું પાણી પીવે છે અને મોઢા આડું વસ્ત્ર રાખીને બોલે છે. વળી રોટલો દાળ વિગેરે માંગીને ખાય છે. એને શાસ્ત્રની વાતોની ખબર જ શું પડે? અમે તો એને ભણ્યાગણ્યા માનતા જ નથી અને હેમસૂરિની વાત અમે કાંઇ સદ્દહતા નથી." આવા બ્રાહ્મણોના વચનોથી રાજા તેમના પર કોપાયમાન થયો અને કહ્યું કે- "તમે ખરા વિપ્ર જ નથી, મૂર્ખ બાળક જેવા છો. જો તમે એનો ધર્મ નવો કહો છો તો વાસ્તુશાસ્ત્રમાં કેમ જિનમંદિરનું મહત્વ બીજા બધાથી વધારે કહ્યું છે? માટે એનું નિવારણ કરો અને પછી જૈનધર્મને ઉથાપો. તમે મતિમૂઢ થઇ ગયા છો અને તમને ભ્રમ પેઠો છે, તેથી તમને ખરો ધર્મ સૂઝતો નથી. જે ધર્મમાં અજને (બકરાને), અશ્વને અને બીજા પશુઓને મારવાનું કહ્યું છે તે ધર્મને, તેમજ જેમાં નરહત્યા કરવાની પણ કહી છે તેને સૌ વખોડે છે. એવો ધર્મ તે ધર્મ હોય જ નહીં અને તેવા ધર્મથી જીવ તરે પણ નહિ. તમારા યજ્ઞ કરનારાઓ-કૂર્મને, નાગને અને દાદુરને દમનારાઓ- યજ્ઞ કરીને દુર્ગતિમાં ગયા છે. જે ધર્મમાં માંસભક્ષણ કરવાનું કહ્યું હોય, વેશ્યાનો સંગ કરવાનું કહ્યું હોય, જે ધર્મવાળા એ પ્રમાણે કરતા હોય તેવા ધર્મથી તે પ્રાણી શી રીતે તરે? માટે એવા ખોટા ધર્મનો આગ્રહ તજી દો. જ્યાં હિંસા ત્યાં ધર્મ હોય જ નહીં. ખરેખરી દયા જૈનધર્મમાં જ દેખાય છે અને તેથી એવો ધર્મ બીજે ક્યાંઇ દેખાતો નથી. આટલા દિવસ સુધી હું ભૂલો ભમ્યો અને ખરા ધર્મના વિરોધીને નમ્યો. જે ધર્મવાળા હિંસાને ધર્મરૂપ કહે તે ધર્મને હું ધર્મ માનું જ નહીં. એતો ધંતુરો ખાધો હોય તે

બધે સોનું જ દેખે તેની જેવું મિથ્યા છે. હે વિપ્રો! તમે જગતમાં ભૂલા ભમો છો અને દયાધર્મ અંગીકાર કર્યા વિના જન્મારો એળે ગુમાવો છો. તમે સારાસાર સમજતા નથી અને તત્વવિચાર પણ જાણતા નથી. જો તમે જૈનધર્મને અવગણો છો તો તેના જૈનેંદ્રવ્યાકરણને [આ વ્યાકરણ બનાવ્યાની હકીકત પાછળ આવે છે.] કેમ માનો છો?" આવી રીતે બહુ કહીને બધા વિપ્રોને હાંકી કાઢ્યા. તેઓ પણ લજ્જા પામીને પોતાને સ્થાને ગયા. શ્રી હેમસૂરિના ગુણગ્રામ ગવાવા લાગ્યા, રાજા જૈનધર્મની સન્મુખ થયો અને તેના મનમાંથી કુમતિ કદાગ્રહ નાશ પામ્યો.

આ પ્રમાણે જ્યારે સિદ્ધરાજ બરાબર ધર્મ પામ્યો ત્યારે હેમચંદ્રાચાર્ય બોલ્યા કે- 'હે રાજેંદ્ર! જો તમારી ઇચ્છા હોય તો હું પંચાંગ વ્યાકરણ નવું બનાવું?' રાજા કહે છે કે- 'હે મહારાજ! એમાં મને શું પૂછો છો? જેમ આપને સુખ ઉપજે તેમ કરો. તમે ગચ્છના-સમુદાયના ધણી છો, તો તેમાં મારી આજ્ઞા શું કામ માગો છો?' આ પ્રમાણેના રાજાના વચનથી હેમસૂરિએ હર્ષિત થઇને કહ્યું કે- 'એમાં તમારી સહાયની અપેક્ષા છે. કાશ્મીરમાં સરસ્વતીનો પુસ્તક ભંડાર છે. તેમાં આદ્યવ્યાકરણની આઠ પ્રતો છે. તે ત્યાંથી વેગે મંગાવી આપો કે જેથી હું નવું વ્યાકરણ બનાવું.' રાજાએ તરત જ તે કામમાં કુશળ પ્રધાનને બોલાવ્યો અને બહુમાનપૂર્વક કહ્યું કે- 'તમે શિઘ્ર કાશ્મીર જાઓ અને વ્યાકરણની પ્રતો લઇ આવો.' રાજાનો હુકમ મળતાં પ્રધાન હર્ષિત થઇને તરત જ કાશ્મીર તરફ ચાલ્યો. અનુક્રમે કાશ્મીર પહોંચી જ્યાં સરસ્વતીનો ભંડાર હતો ત્યાં ગયો અને ગુરૂના કહેવા પ્રમાણે સરસ્વતીની આરાધના કરી, અગર વિગેરેનો ધૂપ કર્યો. એટલે તે તુષ્ટમાન થઇ અને તેણે આઠે વ્યાકરણની પ્રતો તે પ્રધાનને આપી. પ્રધાને પણ તરત જ પાટણ તરફ પ્રયાણ કર્યું અને ત્યાં આવી રાજા પાસે આઠ પોથી અર્પણ કરી. રાજા પણ બહુ પ્રસન્ન થયો, તે પ્રધાનનું બહુમાન કર્યું અને તે સુંદર પોથીઓ લઇને હેમચંદ્રાચાર્ય પાસે જઇ તેમને અર્પણ કરી. સૂરિ બહુ જ રાજી થયા અને

પોથી છોડી જોઇ. પછી સરસ્વતીની આરાધના કરીને તેમણે પંચાંગ વ્યાકરણ બનાવીને સિદ્ધરાજના હાથમાં અર્પણ કર્યું.

હવે રાજાએ અનેક પંડિતોને બોલાવીને તે વ્યાકરણ બતાવી તેને પ્રમાણ કરવા કહ્યું. તેઓ વ્યાકરણ ઉપર ઉપરથી જોઇને બોલ્યા કે- 'અમે એને પ્રમાણ માની શકતા નથી. જો એની ખરી પરીક્ષા કરાવવી હોય તો તે લઇને કાશ્મીર મોકલો કે જે દેશમાં કોઇ મૂર્ખ તો છે જ નહીં. ત્યાં ચંદ્રકાંતિ જેવી શ્વેત સરસ્વતીની મૂર્તિ છે, તે મહાપ્રભાવિક છે. તેના ભુવનની આગળ સરસ્વતી કુંડ છે, તે કુંડમાં આ પુસ્તક ધરો. જો તેમાં તે તરે-બૂડે નહીં તો તેને સરસ્વતીએ પ્રમાણ કર્યુ છે એમ સમજવું; તે શિવાય પ્રમાણ ગણી શકાય નહીં.' રાજાએ જાણ્યું કે- 'આ હકીકત બધી ઇર્ષ્યા અને વૈરભાવની છે, કારણ કે પાપીને પુણ્યવંત ગમતો નથી, નિર્ધનને ધનવંત ગમતો નથી, નીચ કુળવાળાને કુળવાન ગમતો નથી, મૂર્ખને બુદ્ધિમાન ગમતો નથી, ગણિકાને સતી ગમતી નથી, મલિન રહેનારને આચાર ગમતો નથી, કૃપણને દાતાર ગમતો નથી, રોગીને નિરોગી ગમતો નથી, આળસુને ઉદ્યમી ગમતો નથી, દુર્ભાગીને સોભાગી ગમતો નથી, મીઠા સ્વરથી સૌ પ્રસન્ન થાય છે તે સારા સ્વરરહિતને ગમતો નથી, નિર્લજ્જને લજ્જાવાન્ ગમતો નથી, કાયરને શૂરવીર ગમતો નથી તેમ બ્રાહ્મણને મુનિરાજ ગમતા નથી. આ બ્રાહ્મણો ઇર્ષ્યાભાવથી જે પરીક્ષા કરવાનું કહે છે તે કેમ કરાવી શકાય? કારણકે પાણીમાં કાગળોની પોથી કેમ મૂકાય ને તે કેમ તરી શકે?'

પછી રાજાએ વિપ્રોની વાત આચાર્યને કહી. આચાર્યે કહ્યું કે- 'હે રાજેંદ્ર! એ કામમાં બીલકુલ વિલંબ ન કરો, મને એ પરીક્ષામાં પાર ઉતરવાની ખાત્રી છે.' પછી રાજાએ બ્રાહ્મણોને બોલાવીને કહ્યું કે- 'તમે આ પુસ્તક લઇને મારા પ્રધાનની સાથે કાશ્મીર જાઓ અને એની પરીક્ષા કરાવી આવો.' બ્રાહ્મણો જવા તૈયાર થયા. રાજાએ એક પ્રધાનની સાથે તેમને કાશ્મીર તરફ વિદાય કર્યા. તેઓ કાશ્મીર પહોંચ્યા અને

શારદાના ભુવન પાસે જઇ સરસ્વતી કુંડમાં તે પુસ્તક મૂકી દીધું. એટલે જેમ પાણીમાં હંસ તરે તેમ તે તરવા લાગ્યું. પછી કાઢીને જોયું તો બીલકુલ ભીંજાયાવિનાનું દીઠું એટલે તે પુસ્તક લઇને તેઓ સિદ્ધરાજ પાસે આવ્યા અને વિપ્રો ઝાંખા પડી જઇને બોલ્યા કે- "હે રાજન! આ વ્યાકરણ સરસ્વતીએ પ્રમાણ માન્યું છે અને શ્રી હેમચંદ્રાચાર્યનું જ્ઞાન સત્ય ઠર્યું છે કારણકે હાલ આવું વ્યાકરણ કરનાર કોઇ નથી કે જેનું વ્યાકરણ પાણીમાં તરી શકે. એ આચાર્ય ખરેખરા કલિકાળસર્વજ્ઞ છે." આ પ્રમાણેના વિપ્રોના ને પ્રધાનના વચનોથી રાજા અત્યંત હર્ષિત થયો. પછી શાસ્ત્રના લખનારા લહીઆઓને બોલાવી ૩૦ લહીઆઓને તે વ્યાકરણ સોનેરી અક્ષરે લખવા બેસાડી દીધા. તેમણે ત્રણ વર્ષપર્યંત લખીને ઘણી પ્રતો તૈયાર કરી. તે રાજાએ પોતાના અઠારે દેશમાં મોકલીને તેના ભંડાર કરાવ્યા. એ વ્યાકરણ સવાલાખ શ્લોકનું થયું. તેની પાસે બીજા વ્યાકરણો અનેક છે તે પંડિતોને ગમ્યા નહીં એવું આ વ્યાકરણ શ્રેષ્ઠ થયું. કવિ કહે છે કે- 'જેમ ઉત્તમ ધાન્યની પાસે ખીચડી ન ગમે, ચીર પટોળા પાસે સાદો સાળુ ન ગમે, મેરૂપર્વત પાસે બીજા પર્વતો નાના લાગે, મણિ, મોતી વિગેરે આપનારની પાસે બીજો સામાન્ય દાતાર હિસાબમાં ન આવે, માનસરોવરના હંસને અન્ય જળાશય ન ગમે, ચંદનના ઝાડપર રહેલા સર્પને જેમ તાડના ઝાડ ન ગમે તેમ આ વ્યાકરણ જોઇને પંડિતોને એવો હર્ષ થયો કે તેને બીજા વ્યાકરણ ન ગમ્યા-છોડી દીધા. હેમચંદ્રાચાર્યની એ વાણી અઢારે દેશમાં વિસ્તાર પામી.'

સિદ્ધરાજને હેમચંદ્રાચાર્ય ઉપર અત્યંત પ્રેમ થયો. તે નિરંતર તેમના નામનો જપ કરવા લાગ્યો. તેમની પ્રીતિ મત્સ્ય ને જળ જેવી તેમજ નખ ને માંસ જેવી થઇ. હેમચંદ્રાચાર્યની વાણી સાંભળીને સિદ્ધરાજ પાપભીરૂ થયો અને તેણે શિકાર કરવાનું તજી દીધું. એક વર્ષમાં ક્રોડ સોનૈયાનું દાન દેવા લાગ્યો, તેમજ અનેક પ્રકારના કરો પોતાની પ્રજા ઉપરથી કાઢી નાખ્યા કે જે કરવડે બહોંતેર લાખ દ્રવ્ય આવતું હતું.

લૌકિક કહેવત છે કે- 'જે રાજા નવા કરો નાખે તેને સો ધેનુની હત્યાનું પાપ લાગે અને જે કર કાઢી નાખી પ્રજાને કરવિનાની કરે તેને ક્રોડ ગાય બચાવ્યાનું પુન્ય થાય.' હેમચંદ્રાચાર્યના ઉપદેશથી તેણે ઘણા કરો કાઢી નાખ્યા. આવી રીતે તેને ધર્મસન્મુખ થયેલ જોઇને પછી હેમચંદ્રાચાર્યે ત્યાંથી અન્યત્ર વિહાર કર્યો.

વિહાર કરનારા મુનિ પોતે તરે છે અને બીજા ક્રોડોગમે મનુષ્યોને તારી શકે છે-તારે છે. એક સ્થાને સ્થિર થઇને રહેવાથી કીર્તિ ઘટે છે અને સંયમમાં પણ દૂષણ લાગવાનો સંભવ પ્રાપ્ત થાય છે. કહ્યું છે કેઃ-

સુપુરૂષ સોપારી ને પાન, હયવર હાથી ને વિજ્ઞાન;
વળી કેવડો જગ વિખ્યાત, દૂર ગયા એ શોભે સાત. ૧

સત્પુરૂષ, સોપારી, પાન, અશ્વ, હસ્તી, નવીન વિજ્ઞાન અને કેવડો એ સાત વસ્તુ તેના ઉત્પત્તિસ્થાનથી દૂર જાય ત્યારે જ વિશેષ માન પામે છે-શોભે છે-ત્યારે જ તેની ખરી કિંમત થાય છે.'

આ જ કારણથી હેમચંદ્રાચાર્ય પણ મહીમંડળમાં વિચરતા હતા અને ઉપદેશવડે અનેક ભવ્યજીવોને તારતા હતા. એ રીતે સિંધ, સોરઠ, માળવા, દક્ષિણ અને વાગડ દેશમાં હેમચંદ્રાચાર્ય વિચર્યા અને અનેક જીવોનો ઉદ્ધાર કર્યો.

એકદા મધ્યરાત્રીએ એક દેવે આવીને હેમચંદ્રાચાર્યને કહ્યું કે- 'તમે બીજા દેશોમાં ન વિચરતાં ગુજરાતમાં જ વિચરો. તમારાથી ત્યાં ઘણો લાભ થશે.' એવી દેવવાણી સાંભળીને ગુરૂમહારાજ ગુજરાતમાં આવ્યા અને પાટણમાં પ્રવેશ કર્યો. સિદ્ધરાજ તે હકીકત સાંભળીને તરત જ ગુરૂમહારાજ પાસે આવીને નમ્યો અને પોતાના આત્માને ધન્ય માનવા લાગ્યો. પાટણમાં ગુરૂમહારાજના રહેવાથી અનેક પ્રકારના ધાર્મિક મહોત્સવો થયા. સિદ્ધરાજ પોતાના કુળને તેમજ વંશને પણ ધન્ય માનવા લાગ્યો કે જેના ગુરૂ હેમચંદ્રાચાર્ય થયા.

ચૌલુક્ય અથવા સોલંકી વંશમાં ભીમદેવ મહારાજા થયા. તેના

કરણ અને ખેમરાજ બે પુત્ર થયા. કરણનો પુત્ર સિદ્ધરાજ થયો અને ખેમરાજનો પુત્ર મહાબુદ્ધિશાળી દેવપ્રસાદ થયો. તેમનો પુત્ર ત્રિભુવનપાળ થયો. તેને ત્રણ પુત્રને બે પુત્રી થઇ. તેના નામ કુમારપાળ, મહીપાળ, કીર્ત્તિપાળ હતા. પુત્રી મોટી પ્રેમલદેવી તે સિદ્ધરાજના સેનાપતિ કૃષ્ણદેવને પરણાવી હતી. બીજી પુત્રીનું નામ કાશ્મીરદેવી હતું. એક દિવસે કુમારપાળ અશ્વપર બેસી સિદ્ધરાજની સભામાં આવ્યો. ત્યાં તેણે હેમચંદ્રાચાર્યને દીઠા. દેખતાં જ તેને પ્રેમ ઉપજ્યો, હર્ષિત થયો અને તેણે ભક્તિથી પ્રણામ કર્યા. પછી તે વિચારવા લાગ્યો કે- 'જૈનમુનિઓને ધન્ય છે કે જેઓ સમતારસથી ભરેલા હોય છે અને સમિતિ-ગુપ્તિના પાળનારા હોય છે.' આમ વિચારતાં વિશેષ પ્રેમ આવવાથી ગુરૂમહારાજ ત્યાંથી ઉપાશ્રયે પધાર્યા ત્યારે તે ત્યાં તેમને વંદન કરવા ગયો. બે હાથ જોડી તે ગુરૂ પાસે બેઠો અને તેમની દેશના સાંભળીને મનમાં ચમત્કાર પામ્યો. પછી તેણે ગુરૂમહારાજને પૂછ્યું કે- 'હે મહારાજ! મનુષ્ય ખાસ કયા ગુણવડે શોભે છે?' ગુરૂમહારાજે કહ્યું કે- "મનુષ્ય સત્ત્વગુણ વડે શોભે છે અને સત્ત્વવાન મનુષ્ય પરદારાથી તો પરાડમુખ હોય જ છે જેમ તારામાં ચંદ્ર, દેવમાં ઇંદ્ર, ભૂપતિમાં રામ, સતીઓમાં સીતા, પક્ષીમાં હંસ અને ગઢમાં લંકા તેમ સર્વ ગુણમાં સત્ત્વગુણ પ્રધાન છે. બીજા ગુણો હોય કે ન હોય પણ સત્ત્વગુણ હોય તો મનુષ્ય જગતમાં શોભી નીકળે છે. જેમ વનમાં એક સિંહ હોય તો તે હાથી જેવા પ્રાણીમાત્રને નસાડે છે અને એકલો નિર્ભય પણે વનમાં ફરે છે. જેમ એકલો સૂર્ય અંધકારના સમૂહને દૂર કરી આકાશમાં ભમે છે અને ગગનમંડળને પ્રકાશે છે. મોટા પર્વતના શિખરોને નાનું સરખું વજ્ર જેમ ચૂર્ણ કરી નાંખે છે તેમ સત્ત્વગુણ સર્વગુણમાં મુખ્ય અને સર્વ ઉપદ્રવને હરનાર છે, કહ્યું છે કેઃ-

ઘણા મ જણીશ કામિની, સિંહણ એક જ જાય;
આવે નહિ કો ઢુકડો, પશુ નર નાગ પુલાય. ૧

'હે સ્ત્રી! તું ઘણા પુત્રો પ્રસવીશ નહીં, સિંહણની જેમ એકને જ

જન્મ આપજે કે જેનાથી કોઇ પાસે આવી શકતું નથી. પશુ, મનુષ્ય અને હાથી જેવા પણ તેનાથી દૂર ભાગે છે.' લોંડીઓ-દાસીઓ લાખો પુત્ર પ્રસવે છે પણ તેમાંથી એક બીજાને નિવારી શકતો નથી અને રાણી એક પુત્ર પ્રસવે છે કે જે અનેકનું રક્ષણ કરે છે અને અનેકને અનીતિથી વારે છે. તે ઉપર કહ્યું છે કેઃ-

તે માટે કહું કામિની, સત્ત્વસહિત જણે એક;
સહસસ્યું સાહમો ભીડે, કરે સુકામ અનેક. ૧

બીજા ગમે તેટલા ગુણ હોય પણ જો સત્ત્વગુણ (પરાક્રમ) હોતો નથી તો બીજા ગુણો લેખામાં આવતા નથી. પ્રાણવિનાની કાયા, ફળવિનાનું વૃક્ષ, પાણીવિનાની નદી, વરવિનાની જાન, તુંબડાવિનાની વીણા તેમ પુરૂષાતનવિનાનો પુરૂષ સમજવો. ચંદ્રવિનાની રાત, દાંતવિનાનો હાથી, યોગવિનાનો યોગી, લુણવિનાનું અન્ન, સેનાવિનાનો રાજા, કાજળવિનાની આંખ, દેવવિનાનું દેવળ, ગુરૂવિનાનો ગચ્છ અને દૂધવિનાની ગાય જેમ શોભતી નથી તેમ સત્ત્વવિનાનો મનુષ્ય શોભતો નથી. તેનાથી કોઇ પણ કાર્ય સિદ્ધ થતું નથી. શૂરા સુભટો પાંચ હોય તો તે જીતે છે અને કાયર સો-પચાસ હોય તો પણ તે જીતી શકતા નથી, માટે સત્ત્વની મનુષ્યમાં ખાસ આવશ્યકતા છે. આ પ્રસંગ ઉપર ગુરૂમહારાજ કહે છે કે અન્ય શાસ્ત્રમાંથી એક કથા કહું છું. તે સાંભળોઃ-

"હસ્તિનાપુરમાં યુધિષ્ઠિર રાજા રાજ્ય કરતા હતા. એક વખતે તેનો વિચાર યજ્ઞ કરવાનો થયો; તેથી પાંચ પાંડવોમાં વિશેષ બળવાન અર્જુન હોવાથી તેને બોલાવીને કહ્યું કે- 'હે બંધુ! યજ્ઞ કરવા ઇચ્છા થાય છે તેથી તેને માટે કુમારૂં સુવર્ણ લંકામાંથી લઇ આવ.' વડીલ બન્ધુની આજ્ઞા થવાથી અર્જુને તરત જ પ્રયાણ કર્યું અને અનુક્રમે શ્વેતબિંદુ રામેશ્વરપાસે સમુદ્રકિનારે આવ્યો ત્યાં કૌતુક થયું તેનો રથ આગળ ચાલતો અટકી ગયો. તેણે ચોતરફ જોયું તો કાષ્ટ પાષાણ કાંઇ અટકાવે તેવું દીઠું નહીં. વધારે બારીકીથી જોતાં ત્યાં એક ઉંદર દીઠો

અને તેને લીધે રથ અટક્યાનું સમજાયું. અર્જુને વિચાર્યું કે- "આટલા નાના ઉંદરથી કાંઇ રથ અટકી શકે નહીં, પણ તેમાં બીજું કારણ હોવું જોઇએ તેને બીજાનું બળ મળેલું હોવું જોઇએ. સમુદ્રમાં પથ્થરની શિલા તરે તે કાંઇ પાણીના કે પાપાણના મહિમાથી ન તરે, તે તો રામના નામથી-તેના મહિમાથી તરે; માટે મારો રથ અટકાવવામાં જે કોઇ દેવ, દાનવ, યક્ષ, રાક્ષસ હો તે પ્રગટ થાઓ.' આવાં તેનાં વિચાર ને વચનથી તરત જ ઉંદર મટીને હનુમંતવીર પ્રગટ થયો. તે મધુર વચનથી બોલ્યો કે– 'હે અર્જુન! તમે ક્યાં જાઓ છો? મને રામચંદ્રે અહીં ચોકી માટે રાખેલો છે. જે રામે રાવણને માર્યો તે રામે અહીં પાજ બાંધેલી છે, પણ ત્યાં જે તે પુરૂષથી જવાતું નથી.' એટલે અર્જુન બોલ્યો કે– "હે હનુમંતવીર! મારે સુવર્ણ લેવા માટે એ માર્ગે લંકામાં જવું છે. તમે પણ રામના સેવક છો તો આવા શુભ કામમાં મને મદદ કરો-અટકાયત ન કરો. મનમાંથી અભિમાન વિગેરે તજી ધો. પદ્મપુરાણમાં કહ્યું છે કે– 'ધર્મકાર્ય જે કરે, કરાવે, અનુમોદન કરે, તેને સહાય આપે તે સર્વને સરખું પુન્ય થાય છે.' આ પ્રમાણે કૃષ્ણને મુખે સાંભળેલું છે." હનુમંતે કહ્યું કે– "તે વાત ખરી છે પણ જો તમારે લંકામાં જવું હોય તો આ માર્ગે જવાશે નહીં, બીજે માર્ગે જાઓ." એટલે અર્જુન બોલ્યો કે– "હે કપિરાજ! જો તમારૂં મન વધે તો આ રસ્તે જવા ધો, નહીં તો હું બીજી પાજ બાંધું છું. પછી આનો મહિમા રહેશે નહીં.' હનુમંતે કહ્યું કે– 'ભલે ગમે તેમ થાય; તમે બીજી પાજ બાંધીને જઈ શકતા હો તો ખુશીથી જાઓ.' એટલે અર્જુને તરત જ બાણોની શ્રેણિવડે નવી પાજ બાંધી દીધી. એટલે તેની મજબુતીની પરીક્ષા કરવા માટે હનુમંત સાત તાડ જેવડું રૂપ કરીને તે પાજ ઉપર કુધો, પણ પાજ જરાએ નમી નહીં; એટલે તેણે પ્રસન્ન થઇને કહ્યું કે- 'હે અર્જુન! મેં તમારા સત્ત્વની પરીક્ષા કરવા માટે આટલું કહ્યું હતું. હવે તમારે આ પાજનું કે ત્યાં જવાનું શું કામ છે? હું તમને જોઇએ તેટલું સુવર્ણ લાવી આપું.' અર્જુને તે વાત કબૂલ કરી, એટલે તેણે જોઇએ

તેટલું સુવર્ણ લાવી આપ્યું. અર્જુન તે લઇ પાછો વળ્યો અને વડીલ બંધુપાસે તે સુવર્ણ રજુ કર્યું. તેની હકીકત સાંભળીને સર્વે તેની પ્રશંસા કરવા લાગ્યા; કારણ કે ‘ધૈર્યવંત ને સત્ત્વવંતના ગુણ સૌ ગાય છે.’

આ કથા ઉપરથી સાર એ લેવાનો છે કે- ‘સત્ત્વથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે, સત્ત્વવિના કોઇ કાર્યની સિદ્ધિ થતી નથી.’

હવે આચાર્ય કહે છે કે- ‘હે રાજન્! એકલા સત્ત્વથી પણ ખરી સિદ્ધિ થતી નથી, તેની સાથે શીલગુણની જરૂર છે. સત્ત્વ ને શીલ બેથી જ કાર્યસિદ્ધિ થાય છે. એક પૈડે રથ ચાલી શકતો નથી, એક હાથે તાળી પડતી નથી, એક પગે ચાલી શકાતું નથી, એક હાથે બાટી બનતી નથી, તેમ કાર્યસિદ્ધિ એકથી થતી નથી સત્ત્વગુણ છતાં પણ શીલગુણ ન હોવાથી વ્યાઘ્રસિંહાદિ બળવાન પ્રાણીઓ પણ પશુ કહેવાય છે, માટે સત્ત્વની સાથે શીલગુણની જરૂર છે. તે હોય છે તો તેવો ગુણી જ્યાં જાય છે ત્યાં લીલાલહેર પામે છે. તેની ફત્તેહ થાય છે અને જે મનુષ્ય પરસ્ત્રી તજે છે તેનો જયજયકાર થાય છે. પરદારાનો સંગ કરે છે તે ખુવાર થાય છે. પરદારાના સંગથી આ ભવમાં પ્રાણનો પણ સંશય થાય છે અને પરભવમાં નરકે જવું પડે છે. પૂર્વે અહલ્યાના સંગથી ઇંદ્રને સો ભગ (છિદ્ર) વાળા થવું પડ્યું, અમરગુરૂ (બૃહસ્પતિ) ની સ્ત્રીને ચંદ્ર હરી લાવ્યો તો દિનદિન ક્ષીણ કળાવાળો થયો. એક વખતે સૂર્યે રોહિણી (ચંદ્રની સ્ત્રી) ને પૂછ્યું કે- ‘તું દિવસે દિવસે દુર્બળ કેમ થાય છે, કારણ કે તારા પતિના શરીરમાં તો અમૃતભરેલું છે અને તે બળવાન્ છે.’ રોહિણી કહે છે કે- ‘હે સૂર્યરાજ! મને દુઃખ છે તે સાંભળો. મારો પતિ કલંકી કહેવાય છે અને મહિનામાં ૨૯ દિવસ તેનામાં વધઘટ થયા જ કરે છે, માત્ર એક દિવસ જ સરખો રહે છે; તેથી હું દુર્બળ થતી જાઉં છું. મારાથી એ સહેવાતું નથી.’ રામની રાણી સીતાને દશકંધર (રાવણ) હરી લાવ્યો તો તેને પરિણામે તે સર્વ સેના અને કુટુંબસાથે નાશ પામ્યો. સતીશિરોમણિ દ્રૌપદીને કીચક હરી લાવ્યો તો સો ભાઇઓ સાથે અગ્નિમાં

બળી મરવું પડ્યું અને ઘોર વેદના પામ્યો. મણિરથ રાજાએ બુદ્ધિ નાશ પામવાથી સ્ત્રીને માટે ભાઇને હણ્યો, તો તેણે પોતાના કુળને કલંકિત કર્યું. ચંડપ્રદ્યોત રાજાએ મૂઢશિરોમણિ થઇને મૃગાવતીને મેળવવા માટે પોતાની નગરીનો કોટ પડાવી નાખ્યો. સારીપાસે રમતાં પાંડવો વનમાં ગયા પણ કૌરવમુખ્ય દુર્યોધને પરદારાઉપર પ્રીતિ કરી-દ્રૌપદીની ઇચ્છા કરી તો તેને પરિણામે તે પણ સો ભાઇઓસહિત વિનાશ પામ્યો. મોટા મોટા છેલ પુરૂષો પણ પરસ્ત્રીઉપર પ્રીતિ કરવાથી અનેક પ્રકારનું દુઃખ પામ્યા છે ને નરકે ગયા છે માટે પરસ્ત્રી તજવા યોગ્ય છે. જેમ કાચે તાંતણે ગાંઠ બંધાતી નથી ને બાંધેલી રહેતી નથી તેમ પરનારીની પ્રીતિ પણ ટકતી નથી. વિનાકારણ તેનો સ્નેહ કરનાર બાપડા પોતે વિડંબના પામે છે. કહ્યું છે કેઃ-

કાચે કુંભે વારિ જિમ, તિમ પરનારી નેહ;
પંડિત કહે નર બાપડા, કાંઇ વિડંબે દેહ. ૧
તડકે છાંયો તાડનો, તિમ પરનારીનો નેહ;
સુપુરૂષ કહે નર બાપડા, કાંય વિડંબે દેહ. ૨
તરશ્યા પાણી ખારૂં જળ, શું સુખ પામે તેહ?
ઋષભ કહે નર ચેતજો, તજી પરનારી નેહ. ૩
પરનારીશું જીઉ કે ચિત્ત ન લાઇએ,
જો ચિત્ત લાગ્યા હોય તો નિત ન જાઇએ;
જો નિત જાણા હોય તો નિંદભર ન સોઇએ,
પડે અચિંતી ધ કે શીશ ધડ ખોઇએ. ૪
ઋષભ કહે નવ કીજીએ, પરનારીશું નેહ;
મુંજ સરિખો રાજીઓ, બહુ દુઃખ પામ્યો તેહ. ૫
રંભા જિસી ઘર અંગના, કરતી હાવ સુભાવ;
તોહે પરસ્ત્રી પેખતો, નીચો જાતિ સ્વભાવ. ૬
શીતળ ગુણ નવી શશી તજે, ઉષ્ણ ન છંડે ભાણ;

કવિ કહે બે સાથે જશે, એક પ્રકૃતિ ને પ્રાણ. ૭

હજુ આ સંબંધમાં શ્રી હેમચંદ્રાચાર્ય કુમારપાળને આપેલા ઉપદેશસંબંધી કવિ વિશેષ કહે છે. આ હકીકત ગુરૂમહારાજે તેનું આગામી હિત વિચારીને કહી છે.

શ્રી હેમચંદ્રાચાર્ય કુમારપાળને કહે છે કે- 'હે રાજન્! ખરી કાર્યસિદ્ધિ સત્ત્વ ને શીલ એ બે ગુણવડે થાય છે.' આ પ્રમાણે ઘણા ઉપદેશને અંતે ગુરૂએ કહ્યું કે- 'સત્ત્વ ને શીલથી કાર્યસિદ્ધિ થાય છે એ ખરૂં છે, પરંતુ પ્રાણીના પ્રાણ ને પ્રકૃતિ સાથે જાય છે માટે ખરાબ ટેવ સુધારવા ઉપર ખાસ ધ્યાન આપવું. તે ઉપર રાસના કર્ત્તા કહે છે કેઃ-

શ્વાન કરે લઘુનિત, પાય તિહાં ઉંચો એક,
વસ્ત્ર ન ભીંજે કોય, તોય પણ પ્રકૃતિ વિશેક;
માખી હાથ ઘસંત, ઉંટ મુખ ઉંચો રખ્ખે,
છાંડી નાગરવેલ, કાંટો ને બાવળ ભખ્ખે;
સોઈ વાઢે આંગળી, કાગ વિટાળે કુંભને,
મુનિ હેમ કહે રે ગુણીજનો, શિખ ન લાગે સહજને. ૧

સહજના-કુદરતી પડી ગયેલી ટેવોના સંબંધમાં શિખામણ દીધી લાગી શકતી નથી. જુઓ! ગાય ઉત્તમ ગણાય છે છતાં મળ ખાય છે, ગળી કેરીની અંદર રહ્યા છતાં ગોઠલી કસાયેલી જ રહે છે, તેમ નીચ જનોને ગમે તેટલો ઉપદેશ આપીએ તો પણ તેઓ કુટેવ છોડી શકતા નથી. પરસ્ત્રીના સંગી થયેલ મનુષ્ય ગમે તેટલું કહ્યાં છતાં તે કુટેવને તજી શકતા નથી.

પરસ્ત્રી જેને વહાલી છે તે સુખે સુઈ શકતા નથી અને પરસ્ત્રીથી જે દૂર રહેનારા છે તે આનંદથી સુખે સુવે છે-લીલા કરે છે. કળિકાળમાં પણ સંગ્રામ સોનીને શિયળના પ્રભાવથી અકાળે આંબો ફળ્યો હતો અને માગ્યા મેહ વરસ્યા હતા. વળી સુભદ્રાસતીએ શિયળના પ્રભાવથી કાચે તાંતણે ચાલણી બાંધી તેનાવડે કુવામાંથી પાણી કાઢ્યું હતું અને તે પાણી

છાંટીને ચંપાનગરીના બંધ થઈ ગયેલા દરવાજા ઉઘાડ્યા હતા. નારદ અનેક પ્રકારની માયા કરે છે, એકબીજાને કલેશ કરાવે છે; છતાં શિયળના પ્રભાવથી ચારિત્ર લઈને મોક્ષે જાય છે. અંજનાસુંદરીના શિયળના પ્રભાવથી વનદેવતાએ તેની સિંહથી રક્ષા કરી તેમજ વન પણ પ્રફુલ્લિત થયું. કળાવતીના શિયળના પ્રભાવથી તેના કાપેલા બે હાથના કાંડા પાછા નવા થયા અને નદીનું પૂર તેની પાસે ન આવતાં પાછું ઓસર્યું. રામચંદ્રની પટરાણી સીતાને શિયળના પ્રભાવથી શિયળની પરીક્ષા માટે અગ્નિમાં પ્રવેશ કરતાં તે જળરૂપ થઈ ગયો અને જગતમાં શુદ્ધ સતીપણે તે પ્રસિદ્ધિ પામી. વંકચૂળ પલ્લીપતિ એ પ્રથમ મોટો ચોર હોવા છતાં ગુરૂમહારાજના સમાગમથી પછી શિયળસંબંધી રાજાની રાણી ન ભોગવવાનો નિયમ લીધો અને તે અખંડ પાળ્યો તો મોટી રાજઋદ્ધિનો સ્વામી થયો. સુદર્શન શેઠને શિયળના પ્રભાવથી શૂળીનું સિંહાસન થયું. એક કઠિયારો પણ શિયળથી ચળિત ન થયો તો રાજઋદ્ધિ પામ્યો."

આ પ્રમાણેના ગુરૂમહારાજના ઉપદેશથી તરત જ કુમારપાળે ઉભા થઈ બે હાથ જોડી પરદારાત્યાગનો નિયમ ગ્રહણ કર્યો. પછી ગુરૂમહારાજને વંદન કરીને કુમારપાળ સ્વ સ્થાનકે ગયા.

હવે અહીં સિદ્ધરાજ જેશંગ રાત-દિવસ ચિંતા કર્યા કરતો હતો. પોતાને પુત્ર ન હોવાથી રાજ્યને અંગે ઘણો ઉદાસ રહેતો હતો. એને માટે અનેક પ્રકારના પ્રયત્નો કર્યા છતાં કોઈ પ્રકારે તેની ધારણા ફળિભૂત થતી નહોતી. રહેવાને માટે કનકના આવાસ હોય અને રત્નના તેમાં સ્થંભો હોય પણ જો પુત્ર ન હોય તો તે મહેલ પણ ઝુંપડા જેવા લાગે છે. ઘરમાં બીજા ભાઈઓ ને બ્હેનો વિગેરેનો ઘણો પરિવાર હોય છતાં પણ જો પોતાને એક પુત્ર ન હોય તો તે એકલો જ ગણાય છે. ઘરમાં રત્નના દીવાઓ હોય અથવા બીજા કરોડો દીવા કર્યા હોય છતાં પણ જો પુત્ર ન હોય તો તેના ઘરમાં અંધકાર જ સમજવો. ઘરમાં રત્ન, મણિ, માણેક અને મોતી વિગેરે પુષ્કળ દ્રવ્ય હોય, અનેક પ્રકારની બીજી પણ સંપત્તિ

હોય છતાં જો પુત્ર ન હોય તો તેને નિર્ધન જ સમજવો.' આવા પ્રકારના સંકલ્પવિકલ્પ સિદ્ધરાજ હમેશાં કર્યા કરતો હતો.

એક દિવસ હૃદયનો ખુલાસો કરવા માટે સિદ્ધરાજ ગુરૂ હેમચંદ્રાચાર્યપાસે આવ્યો અને ગુરૂને વંદન કરીને પૂછયું કે– 'મહારાજ! મારે પુત્ર થશે કે નહીં? અને જો ન થવાનો હોય તો મારા રાજ્યનો ધણી કોણ થશે?' ગુરૂએ કહ્યું કે– 'એ વાત હું અંબિકાદેવીનું આરાધન કરી તેને પૂછીને કહીશ.' પછી ગુરૂએ તેને આરાધી. તે આવી અને ગુરૂને ઉત્તર આપી ગઈ. પાછા સિદ્ધરાજ ઉત્તર મેળવવા આવ્યા એટલે ગુરૂએ કહ્યું કે– 'તમારે પુત્ર થવાનો નથી અને તમારી પછી તમારા રાજ્યનો માલીક કુમારપાળ થશે.' આ હકીકત સાંભળી તેને અત્યંત ખેદ થયો એટલે તે કાંઈપણ બોલ્યા વિના રાજમહેલમાં આવ્યો. પછી તેણે ઘણા પંડિતોને બોલાવ્યા અને કહ્યું કે– 'તમે કહો, મારે પુત્ર થશે કે નહીં? આ બાબતનો ઉત્તર સાચેસાચો આપજો. મને રાજી કરવા ખોટું ન બોલશો.' રાજાના આવા પ્રશ્નનો ઉત્તર જ્યોતિષશાસ્ત્રમાં પંડિતો હતા તેમણે વિચાર કરી પરસ્પર વિચાર મેળવીને આ પ્રમાણે આપ્યો કે– 'રાજન્! તમને પુત્ર થવાનો નથી અને તમારૂં રાજ્ય કુમારપાળ ગ્રહણ કરશે. આ ઉત્તરથી તમે અમારી ઉપર કોપશો નહીં.' રાજા આ ઉત્તર સાંભળી મૌન થઈ ગયો. ચિત્તમાં બહુ જ શોકાતુર થયો. એને કાંઈ પણ માર્ગ સૂઝયો નહીં. એટલામાં રાજાને બહુ શોકાતુર જોઈને રાજપુરોહિત બોલ્યો કે– 'સ્વામી! આમ ચિંતા કરવાથી કાર્યસિદ્ધિ થતી નથી. તેને માટે કાંઈક ઉપાય કરવા જોઈએ. વિચાર કરતાં મને એક ઉપાય સૂઝે છે કે-તમે અળવાણે પગે ચાલીને ગંગાનું જળ લાવી તે જળવડે સોમેશ્વરને પ્રક્ષાલન કરો, તેથી તમને પુત્રપ્રાપ્તિ થશે. તે શિવાય બીજો ઉપાય સૂઝતો નથી.'

સિદ્ધરાજે પુરોહિતનો કહેલો ઉપાય સ્વીકારી લીધો. રાસના કર્તા કહે છે કે– 'અર્થી શું શું કામ ન કરે? રામચંદ્રે સમુદ્રઉપર પાજ બાંધી અને ઈશ્વર લાજ મૂકીને સ્ત્રી પાસે નાચ્યા.' અહીં સિદ્ધરાજે

પુરોહિતના કહ્યા પ્રમાણે કર્યું અને છ માસપર્યંત સોમેશ્વરની પૂજા કરી. દરરોજ પુત્રમાટે પ્રાર્થના કરતાં છ માસને અંતે ઈશ્વરે કહ્યું કે– 'હે રાજન્! શા માટે તું ભ્રમમાં પડ્યો છે? તારા કર્મમાં પુત્ર નથી અને તારૂં રાજ્ય કુમારપાળ લેવાનો છે એ નિરધાર છે.' આવા શબ્દ સાંભળી સિદ્ધરાજ બહુ જ રૂષ્ટમાન થયો અને સોમેશ્વરને કહ્યું કે– 'જો તમારામાં એક પુત્ર આપવા જેટલી પણ શક્તિ નથી તો પછી ઈશ્વર થઈને શું કામ બેઠા છો? વળી તમે વિવેક પણ ક્યાં વાપર્યો છે? જુઓ! કટીબો લંક સ્ત્રીને ન આપતાં સિંહને આપ્યો કે જે માંસાહારી છે ને વનમાં ભમે છે. નાગરવેલને ફળ ન આપ્યા અને તાડના ઝાડને ફળ આપ્યા કે જે કામ જ ન આવે-લઈ જ ન શકાય. સારાં નેત્ર નારીને ન આપ્યા ને મૃગને આપ્યા કે જે વનમાં ફર્યા કરે. સારો કંઠ વૈષ્ણવજનને ન દીધો-કોયલને દીધો કે જે આકાશમાં ફર્યા કરે. રંગ ચણોઠીને આપ્યો, કેવડાને કાંટા કર્યા, આંધળા પાંગળાને બહુ આયુવાળા કર્યા, ઉત્તમ જનોને અલ્પાયુષી કર્યા, ઇંદ્રવરણાના ફળને રૂપ આપ્યું ત્યારે તેના ઉદરમાં કડવાશ કરી. આવી આવી તમારી ભૂલો કેટલી બતાવું? જુઓ સુગંધી પુષ્પોનાં ઝાડને ફળ ન આપ્યાં. આંબો વર્ષમાં એક જ વાર ફળે ને નાળિયેરી સદા ફળે, કેળામાં કળી બીલકુલ ન કરી ને કેરીમાં ગોઠલી બનાવી, કૃપણને લક્ષ્મી આપી અને દાતારને દુર્બળ બનાવ્યા. જેશંગદે કહે છે કે- તમારી ભૂલો તો ગણતાં ગણી શકાય તેમ નથી. સોનામાં સુગંધ ન કરી અને નકામા ફુલમાં સુગંધ કરી. બીજા વૃક્ષો બહુ વર્ષો જીવે ને કેળને વારંવાર કાપી નાખવી પડે, તેમજ એક જ જીભ આપી ને ચતુરને શંખણી સાથે મેળવ્યો તેમજ નિર્ધનને ઘરે બહુ બાળકો આપ્યા અને મારી જેવાને એક બાળક આપવામાં પણ કંજુસ થયા.'

આ પ્રમાણે સિદ્ધરાજે આપેલા ઓળંભાઓથી ઇશ્વરને બહુ લજ્જા આવી, પણ તે રાજાનું દુ:ખ ભાંગી ન શક્યા; કારણકે જે લેખ લખાણા તે લખાણા, તેમાં હવે ઇશ્વરથી પણ ફેરવી શકાય તેવું નહોતું. જેના

કર્મમાં જેવું સુખદુઃખ મળવાનું હોય તેવા જ લેખ લખાયને તે પ્રમાણે જ થાય; તેમાં બ્રહ્મા પણ ફેરફાર કરી શકે નહીં. જગમાં સાચો એક ધર્મ છે. ધર્મથી બધું પામી શકાય છે. મૂર્ખજનો ધર્મ કરતા નથી અને અનેક પ્રકારના સુખ પામી શકવાના નથી. જુઓ સુદામો! તેણે પુન્ય નહોતું કર્યું તો કૃષ્ણની કૃપા છતાં પણ કાંઇ પામી શક્યો નહીં અને જેણે દાનધર્મ કરેલ તેણે તેનું ફળ મેળવ્યું. હરિશ્ચંદ્ર ને વિક્રમરાજા જેવા પણ કર્મે દુઃખ પામ્યા. દેવ, દાનવ ને યક્ષરાજ પણ પુન્ય ખૂટે એટલે દુઃખીઆ થાય છે. જુઓ! સગર જેવો ચક્રવર્તી જેને સાઠ હજાર પુત્રો હતા તે બધા એકસાથે મરણ પામ્યા. કરેલું કર્મ તો સર્વને ભોગવવું જ પડે છે. તેણે પૂર્વે તેવું પાપકર્મ બાંધ્યું હતું.

કરમે રાવણ રાય, રાજ ધડ સબહી ગમાયો,
કરમે નળ હરિચંદ્ર, ચંદ કલંકહ પાયો;
પાંડુસુત વન પેખ, રામનો હુઓ વિયોગ.
મુંજ મંગાયો ભીખ, ભોજ ન ભોગવે ભોગ;
ઇંદ્ર અહલ્યા રાચિયો, બ્રહ્મા ધ્યાનથી ચૂકિયા,
ઋષભ કહે સવિ રાય રાંક, કરમે કો નવિ મૂકિયા. ૧

કર્મે કરીને રાવણે રાજ્ય ને મસ્તક સર્વ ગુમાવ્યું, કર્મે નળરાજા દુઃખ પામ્યા, હરિશ્ચંદ્ર દુઃખ પામ્યા, ચંદ્ર કલંક પામ્યો, પાંડુરાજાના પુત્રો (પાંડવો) ને વનવાસ ભોગવવો પડ્યો, રામને સીતાનો વિયોગ થયો, મુંજરાજને ભીખ મંગાવી, ભોજરાજા ભોગ ભોગવી ન શક્યો, ઇંદ્ર અહલ્યાને આધીન થયો, ને બ્રહ્મા જેવાને ધ્યાનથી ચૂકવ્યા. ઋષભદાસ કહે છે કે એ કર્મે કોઇને મૂક્યા નહીં, બધાને પોતાને આધીન કરી દીધા.'

ઇશ્વર ફરીને કહે છે કે- 'હે જેશંગદે રાજા! તારાં કર્મ અસાર છે, તેથી તને પુત્ર થાય તેમ નથી.' આ વાત સાંભળી રાજા બહુ ખેદ પામ્યો પણ જ્યાં પૂર્વભવના પાપનો તેવા પ્રકારનો ઉદય હોય ત્યાં શું થઇ શકે?'

પછી રાજા ત્યાંથી પોતાની રાજધાનીમાં આવ્યા. નગરલોકે આનંદથી વધાવ્યા, રાજમહેલમાં આવ્યા, રાણીઓએ હર્ષથી બોલાવ્યા, પણ સિદ્ધરાજે તો દિલગીર થઇને કહ્યું કે- 'હે રાણીઓ! પુત્રવિના મારૂં રાજ્ય કોણ રાખશે? મારા કર્મમાં પુત્ર નથી એમ ઈશ્વરે કહ્યું છે.' આ વાત સાંભળી રાણીઓ પણ બહુ જ દુઃખી થઈને ઝૂરવા લાગી. તે બોલી કે- 'એક કાણી પણ પુત્રી હોત તો આપણને આટલું દુઃખ ન લાગત, તે કાંઈક પણ આપણું રાખત. સંતતીવિનાની જીંદગી નકામી લાગે છે. અંધ પાસે દોડવું, બહેરા પાસે ગાવું, વૃદ્ધ પુરૂષની સ્ત્રી થવું, બદામ કે કોડીની પુંજી, કુશકાનું ખાણું, ગાડરનું દુઝાણું, ભુંડણીનું વીયાંજણ, કૃપણનું નાણું ઈત્યાદિ જેમ નકામા-નિઃસાર છે તેમ પુત્રવિનાનું જીવતર પણ નિઃસાર છે. વાંઝણી પુત્રી પોતાની માતાને કહે છે કે- 'હે માતા! હું વાંઝણી ક્યાંથી જન્મી કે જેથી મેં પુત્રને પારણે ઝુલાવ્યો નહીં ને વહુને પગે લગાડી નહીં. મારૂં જન્મવું નિરર્થક છે.' કહ્યું છે કે:-

મંદિર પોઢા ધન ઘણા, હાથી લક્ષ પરમાણ;
જસ ઘર બાળક નવિ રમે, તસ ઘર જાણ મસાણ. ૧
મંદિર સુના બાળવિણ, સુતથી વંશ ફળંત;
સુતહીણું ઘર જેહનું, તે કુળ સહી ગળંત. ૨
કવિત-દાન વિલંબે ગળે, ગળે સહી કાજ પ્રમાદે,
મતિવિણ પંડિત ગળે, ગળે મુખ લજ્જ વિવાદે;
લોભે ગુણહ ગળંત, ગળે છે પુન્ય અસત્યે,
દાતા કરપીથી ગળે, ગળે તપ માયા ચિંતે;
સ્ત્રીસંગે શિયળ ગળે, દૂર ગયા નેહજ ગળે,
કવિ ઋષભ કહે રે ગુણીજનો, પુત્રવિના કુળ તિમ ગળે. ૩
દુહો- દીપક જિમ વળી તેલવિણ, સેનવિન જિમ રાય;
પુત્ર વિના ઘર તેહવું, ક્ષીર વિના જિમ ગાય. ૪
સ્નેહ વિના શું રૂસણું, ગઢ વિહુણી પોળ [ફરતા ગઢ વિનાનું ગામ.];

પ્રેમ વિના જિમ પ્રીતડી, મન મેલે અંઘોળ [મન મેલું છતાં શરીરે ન્હાવું તે.]. ૫

પુત્ર વિના ઘર તેહવો, જેવો લુખો ગ્રાસ [કોળિયો.];
સુતવિણ તેહવો જાણજો, સંસારીનો વાસ. ૬
બાળકવિણ જેમ પાલણું, કાળ વિહુણો મેહ;
સંપત્તિવિણ જેમ પ્રાહુણો, ગત જોવનનો નેહ. ૭
યોગ વિના યોગી જીસ્યો, મન વિહુણું ધ્યાન;
ગુરૂ વિના ગચ્છ ન શોભીએ, વર વિહુણી જાન. ૮
દાતાવિણ જિમ યાચકો [માગનાર], પ્રાણ વિહુણી દેહ;
પુત્ર વિના ઘર તેહવો, ભાખે જેશંગ એહ. ૯

કવિજનો જે વખતે જે હકીકતપર કહેવા માંડે છે, તે વખત તે હકીકતને બહુ જ પુષ્ટ કરે છે. પુત્રવિનાની સ્થિતિ ઉપર અગાઉ ઘણું કહી ગયેલ છે, છતાં હજુ કર્તા કહે છે કેઃ-

કુલ વિહુણો તરૂવર જિસ્યો, ચંદ વિહુણી રાત;
ગુરૂવિણ શિષ્ય ન શોભીએ, પોત વિહુણી ભાત. ૧
લુણ વિહુણી રસવતી, ઘન વિહુણો હાટ;
ગજવર દંત વિના જીશ્યો, સૂત્ર વિહુણો પાટ. ૨
કાજળવિણ જિમ આંખડી, પરિમળવિણ જિમ ફુલ;
ગતિવિણ હયવર નહિં ભલો, નવિ પામે તે મૂલ. ૩
પુરૂષાતનવિણ નર કિશ્યો, વેદ વિહુણો બંભ [બ્રાહ્મણ];
દેવળ દેવ વિના જિશ્યો, વિણ શીળે જિમ રંભ [સુંદર સ્ત્રી]. ૪
પાંખ વિના પંખી જિસ્યો, સરોવર જિમ વિણ હંસ;
.... વિના કુળ તે તિસ્યો, નવિ શોભાવે વંશ. ૫
વંશ ન શોભે સુત વિના, સુત વિણ શ્યો પરિવાર;
નૃપ જેશંગ ઘરનારીશ્યું, કરતો કોડી વિચાર. ૬

વળી જેશંગદે રાજા કહે છે કે 'જોગી, જંગમ, પંડિત કે કોઇપણ ગુણી કે શક્તિવાળો મનુષ્ય મને એક પુત્ર આપે તો હું તેને મારૂં બધું

નિધાન આપી દઉં. કોઇ શેવડો, સંન્યાસી, મંત્રજંત્ર જાણનારો બ્રાહ્મણ જો મને એક પુત્ર આપે તો હું તેને મારૂં રાજ્ય આપી દઉં.' આ પ્રમાણે કહેનારા અને વિચારનારા રાજાએ અનેક ઉપાયો કર્યા છતાં જ્યારે પુત્ર થયો નહીં ત્યારે પછી તેને વાંકી મતિ સૂઝી-અવળો વિચાર આવ્યો. કહ્યું છે કે-

રાવણતણે કપાળ, અઠ્ઠોત્તરસો બુદ્ધિ વસે;
લંકાફીટણ કાળ, એકે બુદ્ધિ ન સાંપડી.

'રાવણના કપાળમાં ૧૦૮ બુદ્ધિનો નિવાસ હતો, પણ જ્યારે લંકાનો ફીટણકાળ-વિનાશકાળ આવ્યો ત્યારે તેમાંથી એકે બુદ્ધિ કામ ન આવી, પણ ઉલટી દુર્બુદ્ધિ સૂઝી' સીતા સ્વીકારે નહીં ત્યાં સુધી તેની સાથે ભોગ ભોગવવા નહોતા તેની ઉપર બળાત્કાર કરવો નહોતો છતાં રામને પાછી સોંપી ન દેતાં તેને યુદ્ધમાં જીતી પકડી લાવીને પછી આપવાનો વિચાર કર્યો તેમ અહીં સિદ્ધરાજને પણ દુર્બુદ્ધિ સૂઝી કે- 'મારે પુત્ર થવાનો નથી, પણ જો કુમારપાળને મારી નાખું તો તેના ભાગ્યમાં આ રાજ્ય હોવાથી તે મારો પુત્ર થાય ને રાજ્ય લે.' આવા કુવિચારથી તેને મારવાની તજવીજ કરવી તેણે શરૂ કરી.

રાસના કર્ત્તા કહે છે કે- આ સંસાર સ્વાર્થાનો ભરેલો છે. સ્વાર્થને લઇને જીવો અનેક પ્રકારના પાપ-અનેક પ્રકારનો ઘાત કરે છે. જુઓ! લોભે ભરત ને બાહુબળી જેવા ઋષભદેવના પુત્રો પરસ્પર લડ્યા, લોભે કંસે પોતાના પિતાનો વધ કર્યો, કનકકેતૂએ રાજ્યના લોભની ખાતર પોતાના પુત્રોને લક્ષણહીન કર્યા, લોભે સુરપ્રિયકુમારે પોતાના પિતાને માર્યો, કોણિક રાજાએ રાજ્યના લોભથી પિતાને કેદમાં નાખ્યા ને છેવટે નરકે ગયો, સુભૂમ ચક્રવર્ત્તી છ ખંડની ઋદ્ધિથી તૃપ્ત ન થયો ને બીજા છ ખંડનો લોભ કર્યો તો સમુદ્રમાં પડી મરીને નરકે ગયો. એવી રીતે લોભથી અનેક જીવોએ અનેક પ્રકારનાં પાપો કર્યા છે ને દુર્ગતિગામી થયા છે. સંસાર સ્વાર્થમય જ છે. સ્વાર્થને લઇને ચુલ્લણી ચક્રવર્ત્તી જેવા

પુત્રને મારવા તૈયાર થઇ. કામ પણ જીવને લોભની જેમ જ અંધ બનાવે છે. કર્ત્તા કહે છે કે 'સ્વાર્થને લઇને સત્પુરૂષો માં પણ આવો ફેરફાર કેમ થઇ જતો હશે?'

હવે સિદ્ધરાજના પ્રયત્નની નિષ્ફળતાને અંગે કર્ત્તા કહે છે કે- 'પથ્થર ઉપર પોયણી કેમ ઉગે? સત્પુરૂષ પરની હાનિ કેમ ચિંતવે? સોનાને શ્યામતા કેમ આવે? મુનિવર એક સ્થાને નિવાસ કેમ કરે? અમૃત વિષરૂપ કેમ થાય? દેખીપેખીને કુવામાં કોણ પડે? અબધૂત સંન્યાસી થઇને સંસારની લીલાને કેમ ઇચ્છે? સ્થૂળભદ્ર જેવા શીલને કેમ છંડે? મણિધરના માથાનો મણિ, હરણની નાભીમાં રહેલી કસ્તુરી, હાથીના દાંત, વાઘના નખ ને સિંહની કેસરા તેના જીવતાં કોઇ કેમ લઇ શકે? મેરૂ કેમ કોપાયમાન થાય? અને સૂર્ય છતાં અંધકાર કેમ પસરી શકે? અથવા તેનાથી અંધારૂં કેમ થાય? જેમ આ બધું ન થઇ શકે તેવું છે તેમ સિદ્ધરાજ ગમે તેટલા ઉપાયો કરે પણ ભાગ્યશાળી કુમારપાળને કેમ મારી શકે? તેનો વાળ પણ તેનાથી વાંકો થઇ શકે નહીં.'

તેણે પોતાના સુભટોને સખ્ત હુકમ કરીને દહીથળી કુમારપાળના ગામે મોકલ્યા કે 'તમે જલ્દી દહીથળી જાઓ અને કુમારપાળ સુદ્ધાં તેના આખા કુટુંબનો નાશ કરી નાખો.' સુભટો લશ્કર સાથે એકદમ દહીથળી ગયા અને તે ગામને ફરતું ઘેરી લીધું. તેની સાથે યુદ્ધ કરતાં કુમારપાળના પિતા ત્રિભુવનપાળ મરાણા ને કુમારપાળ લાગ લઇને ભાગી ગયા. તે પાટણમાં આવી સંતાયા. સિદ્ધરાજને તેના ભાગી ગયાની ખબર પડી એટલે તે બહુ જ કોપાયમાન થયો. આવો અકારણ કોપ કરનારા મનુષ્યો સર્વત્ર હોય છે. કર્ત્તા કહે છે કેઃ-

કારણ વિના કોપે અસંખ્ય, કારણે કોપે સંખ્યાય;<br>
કારણ પડે કોપે નહીં, તે વિરલા ઋષિરાય. ૧

હવે કુમારપાળ પાટણમાં આવીને વિચારે છે કે- 'અત્યારે તો શાસ્ત્રમાં કહેલ છે તે પ્રમાણે મારે કરવા જેવું છે. શાસ્ત્રમાં કહ્યું છે કેઃ-

'ચતુર મનુષ્યે આ પ્રમાણે વિવેક કરવો. આખા કુળના રક્ષણને માટે એક જણને તજી દેવો પડે તો તજી દેવો, ગામને માટે કુળ તજી દેવું, દેશને માટે ગામ તજી દેવું અને આત્માને માટે દેશને પણ તજી દેવો, એક ઘડી પણ ઉભા રહેવું નહીં. અત્યારે મારી સ્થિતિ દેશ તજી દેવા જેવી છે.' આ પ્રમાણે વિચારીને તે આનંદથી પોતાના બનેવી કૃષ્ણદેવને ઘેર ગયા અને તેને મળી યોગ્ય વિનય કરીને પોતાનો બધો વૃત્તાંત કહી સંભળાવ્યો એટલે કૃષ્ણદેવે કહ્યું કે- "કુમારપાળ! સૂર્ય ને ચંદ્રમાના પણ સરખા દિવસ મોટા મોટા રાજાઓના પણ જતા નથી, દેવદેવીઓને પણ નિરંતર સરખાપણું રહેતું નથી, વાસુદેવ, બળદેવ ને ચક્રવર્ત્તીને પણ કાળને વશ થવું પડે છે, રામચંદ્ર જેવા એક દિવસ [અહીં બીજો દિવસ એટલે બીજો જ દિવસ એમ નહીં પણ ત્યારપછીનો વખત સમજવો.] રાજ્ય કરતા હતા તેને બીજે દિવસે વનવાસી થવું પડ્યું હતું, રાવણ જેવો ધુરંધર રાજા એક દિવસ ત્રણ ખંડનું રાજ્ય કરતો હતો, ત્રણ ખંડનો ધણી હતો, તેને બીજે દિવસ તેના દશ મસ્તક રજમાં રડવડતાં થયા હતા, પાંડવો એક દિવસ રાજ્યમાં આનંદ કરતા હતા, તેન બીજે દિવસ વનમાં ભમતા થવું પડ્યું હતું, રાજા ભર્તૃહરી એક દિવસ રાજ્ય કરતા હતા ને બીજે દિવસે તે બધું તજી દઇ યોગી બની ગયા હતા, મુંજ જેવો રાજા એક દિવસ બીજાને શિખામણ દેનાર હતો, તેણે બીજે દિવસ ભીખ માગી હતી, હરિશ્ચંદ્ર જેવો રાજા એક વખત ધુરંધર રાજવી હતો તેણે બીજે દિવસ પારકે ઘરે પાણી ભર્યું હતું, શ્રેણિક જેવો બળવાન રાજા એક દિવસ રાજ્ય કરતો હતો તે બીજે દિવસ કાષ્ટના પાંજરામાં પૂરાણો હતો અને છેવટ તેમાં જ મૃત્યુ પામ્યો હતો. એક દિવસ જે જગતમાં વિખ્યાત હોય છે તે જ બીજે દિવસે હાથપગવિનાનો પણ થાય છે. આ બધા દૃષ્ટાંત ઉપરથી હે કુમારપાળ! તમે સમજી જજો કે કોઇના દિવસ સરખા જતા નથી. તેમ અત્યારે તમને આપત્તિ આવી છે, પણ તે કાયમ રહેવાની નથી. એક દિવસ તમારે માથે છત્ર ચામર ઢળવાના છે એ ચોક્કસ છે,

માટે હમણાં તો શાંતિ રાખીને મારે ત્યાં ગુપ્તપણે રહો. અહીં કોઈ પ્રકારની ચિંતા રાખશો નહીં."

આ પ્રમાણેનાં કૃષ્ણદેવના વચનથી કુમારપાળ ત્યાં નિશ્ચિંત થઈને ગુપ્ત રહ્યા. અનુક્રમે આ વાત પણ સિદ્ધરાજને કાને આવી એટલે તેણે છુપા જાસુસ કૃષ્ણદેવને ત્યાં ખબર કાઢવા મોકલ્યા. આ વાતની કુમારપાળને જાણ થતાં તે અબધૂતનો વેશ લઈને ત્યાંથી નીકળી ગયો અને ત્યાં કોઈ એક દેવમંદિરમાં ભરડાઓની ભેગો ભરડો થઈને રહ્યો.

અનુક્રમે આ વાતની પણ સિદ્ધરાજને ખબર પડી એટલે ભરડાઓને તેણે જમવા માટે રાજમહેલમાં નોતર્યા. સૌ જમવા આવ્યા એટલે કુમારપાળને ઓળખવા માટે સૌના પગ ધોવાનું રાજાએ કહ્યું. એમ કરતાં કુમારપાળના પગ ધોતાં તેમાં ધ્વજા, તોરણ, ધનુષ્ય, શંખ ચક્ર ને છત્રાદિકના ચિન્હ પગ ધોનારે દીઠા. તેણે રાજાને વાત કરી એટલે રાજાએ પ્રધાન, મંત્રી, સેનાપતિ વિગેરેને બોલાવી સૂચવ્યું કે– 'આ ભરડાઓમાં જેના પગ ઉપર આવા લક્ષણો છે તેને રોકજો-જવા દેશો નહીં.' આ પ્રમાણે કહીને તે રાજમહેલમાં ગયો.

અહીં મોટો રાવત પણ સાંકડે આવ્યા જેવું થયું, મોટોફણિધર પણ ઘડામાં સપડાયા જેવું થયું, મોટો મયગળ (હસ્તી) પણ જેમ અજાડીમાં પડે તેવું થયું, બળ પરાક્રમ છતાં પણ તે ચાલે નહીં તેવી સ્થિતી પ્રાપ્ત થઈ બધા ભરડાઓ જમવા બેઠા. કુમારપાળ પણ સાથે બેઠો, પરંતુ તે સિદ્ધરાજનો સંકેત સમજી ગયો. તેણે વિચાર્યું કે– 'મેં અહીં આવવામાં મોટી ભૂલ કરી. જાણતાં છતાં પણ હું મૂઢ બની ગયો. હવે અહીં સંકટમાંથી નીકળવાનો માર્ગ પણ સૂઝતો નથી. હાથી જેમ સ્પર્શેન્દ્રિયને વશ થવાથી ખાડામાં પડે, ભ્રમર જેમ સુંગધના લોભથી કમળમાં બંધાય, પતંગીઓ જેમ નેત્રના પરવશપણાથી અગ્નિમાં ઝંપલાય, કર્ણેન્દ્રિયના પરવશપણાથી જેમ હરણ જાળમાં સપડાય તેમ હું રસનેન્દ્રિયના વશવર્તીપણાથી ખાવાના લોભે અહીં આવ્યો તેથી સપડાણો [હું પણ એવા પશુની જેવો થયો-મારી

બુદ્ધિ પણ નાશ પામી ગઈ, મેં જાણી જોઈને કુવામાં ઝંપલાવ્યું. હવે અહીંથી છુટવાનો શું ઉપાય કરવો?], હવે શું કરવું?'

આ પ્રમાણે વિચાર કરતાં તેને એક બુદ્ધિ સૂઝી, એટલે તે ઉભો થઈને ખૂબ ઓક્યો. તેને ઓકતો જોઈને બીજા ભરડાઓ તેને ધક્કો મારીને કાઢવા લાગ્યા. તે ઓકતો ઓકતો બહાર નીકળી ગયો ને ભાગ્યો. આ વાતની કોઈને ખબર રહી નહીં.

થોડી વાર થઈ એટલે સિદ્ધરાજ આવ્યો અને જુએ છે તો ભરડાઓમાં કુમારપાળ નહોતો, એટલે ત્યાં બેઠેલા પ્રધાન, મંત્રી અને સેનાપતિ વિગેરેની ઉપર બહુ જ કોપાયમાન થયો. તેણે સૌને કહ્યું કે- 'આમાંથી મેં બતાવેલો ભરડો ક્યાં ગયો?' તેઓ બોલ્યા કે- 'આમાંથી તો બીજું કોઇ ગયું નથી, પણ એક ભરડાને બકારી બહુ આવી તેથી તે બહાર ગયો છે.' એટલે સિદ્ધરાજે કહ્યું કે- 'તે જ કુમારપાળ હતો અને ખોટું બ્હાનું બકારીનું કાઢીને તે જ ભાગી ગયો છે, પણ હવે જાઓ, તમે તેને જ્યાં હોય ત્યાંથી પકડી લાવો, નહીં તો હું તમને બધાને તેનો દંડ આપીશ-તમને બધાને ઘરબાર લૂંટી કાઢી મૂકીશ; માટે તેને પકડી લાવીને આવો ત્યારે મોઢું બતાવજો. જો તેના વિના આવશો તો સમજજો કે તમારા ઘરબાર કે કુટુંબ પરિવાર તમારા નથી.

આવો સખ્ત હુકમ થવાથી સેનાપતિ સાથે સૌ તેના પગ જોતાં જોતાં અલીકુંભારના ઘરપાસે આવ્યા. ત્યાં પગીરૂં અટક્યું, એટલે અલીકુંભારનું ઘર વીંટી લઇ સેનાપતિએ તેને કહ્યું કે- 'તારા ઘરમાં કુમારપાળ આવેલ છે, માટે કાઢી આપ. અમે તેને લઇને ચાલ્યા જઇએ ને તું આનંદ કર.'

ભરડાઓના ટોળામાંથી ભાગેલા કુમારપાળ અલીકુંભારને ત્યાં છુપા રહ્યા. તેણે પોતાના નવા ખડકેલા ઠામના ઢગલામાં એવી રીતે સંતાડ્યા કે તેની કોઇને ખબર પડી શકે નહીં. અહીં રાજાનો સેનાપતિ તે કુંભારના ઘરપાસે પગીરૂં અટકવાથી ઉભો રહ્યો અને તે કુંભારને તેણે

કહ્યું કે- 'કુમારપાળ તારા ઘરમાં છે. તેને કાઢી આપ.' તેને કુંભાર હિંમત રાખીને જવાબ આપે છે કે- 'તમારા રાજાની તો બુદ્ધિ ફરી છે, મારા ઘરમાં તે કુમારપાળ હોય? હું તેને રાખું? માટે મારો દંડ કરવો હોય તો ખુશીથી કરો; બાકી ફોકટ મને કલંક આપો નહિ. જો મારા ઘરમાંથી કુમારપાળ નીકળે તો આ મારા શરીરના કકડા કરી નાખું ને ચોરનો દંડ સહન કરૂં. બાકી તમને પ્રતીત ન આવતી હોય તો મારૂં ઘર જોઇ લ્યો.'

કુંભારના આવાં ચોખ્ખા વચન સાંભળીને સેનાપતિ વિચારમાં પડ્યો. પછી બધા સુભટોને બોલાવીને કહ્યું કે- 'આનું ઘર તપાસી જુઓ.' સુભટો તેના ઘરમાં ચોતરફ ફરી વળ્યો, પણ કુમારપાળને દીઠા નહીં એટલે તેઓ સેનાપતિપાસે વીલે મોઢે પાછા આવ્યા. સેનાપતિ તેની હકીકત સાંભળી બહુ ખીન્ન થયો અને પાટણ ભણી પાછો વળ્યો. પાટણમાં આવીને તેણે જેશંગદેને ખબર આપ્યા નહીં, પણ રાજાને તે બાબતના ખબર પડ્યા એટલે તેણે સેનાપતિને બોલાવીને બહુ જ ઠપકો આપ્યો અને કહ્યું કે- 'તને જો કુમારપાળનો પત્તો ન મળ્યો તો તું શું મોઢું લઇને અહીં આવ્યો? માટે પાછો જા ને પત્તો મેળવીને આવ.'

સેનાપતિ પાછો કેટલુંક લશ્કર લઇને ચાલ્યો. અહીં અલી કુંભારે સેનાપતિના ગયા પછી કુમારપાળને ઠામના ઢગલામાંથી બહાર કાઢ્યો અને કહ્યું કે- 'મહારાજ! તમે અહીંથી હવે દૂર પરદેશમાં ચાલ્યા જાઓ. મારાથી તમને રાખી શકાય તેમ નથી, કેમકે તેમ કરવાથી રાજા કોપાયમાન થાય તેમ છે. હમણા તો તમારે પરદેશમાં રહેવું તે જ શ્રેષ્ઠ છે. અહીં તો એક ઘડી પણ રહેવા જેવું નથી. હું આપને આ કટુ વચન કહું છું તેને માટે મને ક્ષમા કરજો.'

કુમારપાળે તેને કહ્યું કે- 'હે પ્રજાપતિ! તારા જેવો ઉપકારી અત્યારે બીજો કોઇ નથી. તેં મારા પ્રાણ બચાવ્યાં છે-મને અભયદાન આપ્યું છે. અવસરે જે કામ કરે તે જ કર્યું કહેવાય. મિત્ર પણ તે જ કહેવાય. અવસર ચૂકે તે પુત્ર હોય તો પણ શત્રુ સમજવો. કોઇ માણસ

મૂર્ચ્છાગત થયો હોય તે વખત તેને થોડું પાણી પણ અમૃતસમાન છે. તે વખત તેટલું ન આપે ને પછી મોટા વાસણો ભરીને પાણી આપે તો તે નકામું છે. તેં મારા પ્રાણ બચાવ્યા તેવી તે ગુણનો ઓશીંગણ થઇશ ત્યારે જ મને સુખે નિદ્રા આવશે.' આ પ્રમાણે કહીને કુમારપાળ ત્યાંથી ઉતાવળા ચાલ્યા.

સેનાપતિ લશ્કર લઇને આવતો હતો તેણે દૂરથી કોઇને ભાગી જતું જોયું એટલે તેને કુમારપાળ ધારી તેની પછવાડે તે પણ ઉતાવળે ચાલ્યો. કુમારપાળે પાછા વળીને જોયું તો હાથી-ઘોડા સાથે મોટું લશ્કર પોતાની પાછળ આવતું દીઠું એટલે તેને ભય ઉત્પન્ન થયો. એટલામાં એક ખેતર આવ્યું. તેના માલિક ભીમસંગ હાળીને કુમારપાળે કહ્યું કે- 'હે કૃપાળુ! અત્યારે મારી રક્ષા કર, રક્ષા કર. મારી પાછળ મને પકડવા જેસંગદે રાજાનું મોટું લશ્કર આવે છે.' ભીમસંગે વિચાર્યું કે- 'અત્યારે તો આ મહાધર્મનું કામ કરૂં-આ જીવને ઉગારી લઉં.' આમ વિચારી તેણે કુમારપાળને ખેતરના એક ખાડામાં ઉતાર્યા અને તેની ઉપર પુષ્કાળ કાંટાના ઝાંખરા નાખી ખાડો પૂરી દીધો. એટલામાં સેનાપતિ આવી પહોંચ્યો. તેણે ચોતરફ જોયું પણ કુમારપાળ આવેલ હતા તે ક્યાં ગયા?' ભીમ બોલ્યો કે- 'અહીં તો કોઇ આવ્યું નથી અને ન માનો તો જોઇ લ્યો. હું તે શું કામ જેશંગદેની આણ લોપું?' સેનાપતિએ તે ખેતરમાં ચોતરફ ફરીને જોયું પણ કોઇ જગ્યાએ કુમારપાળ દેખાણા નહીં. પછી પેલા ખાડાપાસે આવતાં તેમાં ભાલા માર્યા પણ કાંઇ જણાયું નહીં. ઘણી યુક્તિઓ કરી પણ લેખે લાગી નહીં અને અંદર રહેલા કુમારપાળને એકે શસ્ત્રની અણી લાગી પણ નહીં. કહ્યું છે કે- 'જેને ત્રણ ભુવનનો ધણી રાખનારો- જાળવનારો હોય છે તેને કોણ મારી શકે કે કાંઇ કરી શકે? રામ રાખે તેને કોણ ચાખે?'

જિણકું રખ્ખે સાંઇયાં, મારી ન શકે કોય;
વાંકો વાળ ન કરી શકે, જો જગ વયરી હોય. ૧

શૂર સુભટો તિહાં બહુ મળ્યા, વીંટ્યો કુમર નરિંદ;
નૃપ માર્યો તે કિમ મરે, રાખણહાર જિણંદ. ૨
સેનાની ઝાંખો થયો, સુભટ થયા ખિન્ન ખેદ;
મુખ લઇ પાછા વળ્યા, પાણી ગયા કુમેદ. ૩

એ પ્રમાણે નિરાશ થઇને સેનાપતિના પાછા ગયા પછી હાળીએ કુમારપાળને ખાડામાંથી બહાર કાઢ્યા. પછી કહ્યું કે- 'હે ભાવી ગુજરાતના રાજા! તમે તો મોટા પુરૂષ છો. મેં તમને ખાડામાં નાખીને કાંટા-ઝાંખરા વિગેરેથી પીડા ઉપજાવી છે, તે મારો અપરાધ ક્ષમા કરજો.' કુમારપાળે કહ્યું કે- 'હે ભીમસંગ! તું તો ખરો સુપુરૂષ છો. તારો ઉપગાર ભૂલું તેમ નથી.' અભયદાનને અંગે શાસ્ત્રમાં કહ્યું છે કે-

નિત ઉઠી દાન જ દીએ, સોના ખાંડી લખ્ખ;
એક જીવ ઉગારીએ, તેનું પુન્ય અસંખ્ખ. ૧
દાન દીએ ને તપ તપે, જળે નાહે સો વાર;
કુમર કહે જન જાણજો, દયા વિના સો છાર. ૨
કર્ણ ન શોભે કુંડળે, શોભે સુણતા જ્ઞાન;
કર નવી શોભે કંકણે, શોભે દેતાં દાન. ૩
કાયા ન શોભે કંચને, શોભે કરૂણા સાર;
તાસ શરીર લેખે સહી, કરતાં પર ઉપકાર. ૪

'હે ભીમ! તેં મને મોટું જોખમ ખેડીને બચાવ્યો છે. તું આ જગતમાં ખરેખરો ઉપગારી થયો છું અને ખરેખરો જાણ તું જ છે. હું મારી ચામડીના જોડા કરીને તને પહેરાવું તો પણ તારા ગુણનો ઓશીંગણ થઇ શકું નહીં.' આ પ્રમાણે વચનવડે સંતોષીને તેમજ 'હું રાજ્ય પામીશ ત્યારે તને યાદ કરીશ.' એમ કહીને કુમારપાળ ત્યાંથી આગળ ચાલ્યા. એ પ્રમાણે ઘણા ગામ-નગર જોતાં ચાલ્યા જતા હતા એવામાં એક સ્થાનકે તેમણે એક કૌતુક દીઠું.

એક ઉંદર તેના દરમાંથી એક સોનામહોર લઇને બહાર આવ્યો.

પાછો અંદર જઇને બીજી લાવ્યો. એમ એકવીશ સોનામહોર લાવી બરાબર ગોઠવીને તેની ઉપર નાચ્યો. આ કૌતુક જોઇને કુમારપાળે તે મહોરો લઇ લેવાનું અટકચાળું કર્યું એટલે ઉંદરના હૃદયમાં તો મોટી ઝાળ સળગી, તેથી તે તો એકદમ પછાડી ખાઇને મરી ગયો. તે જોઇ કુમારપાળને પારાવાર ખેદ થયો કે- "અરે! આ મે શું કર્યું? હું મહાપાપી થયો! ભણ્યોગણ્યો છતાં મારી મતિ મૂઢ થઇ ગઇ! મેં તો વિચાર્યું કે-આ ઉંદરને કાંઇ વ્યાપાર કરવો નથી, જમણવાર કરવો નથી, દાન દેવું નથી, તીર્થયાત્રા કરવી નથી, પુન્યપાત્રોને પોષવા નથી, ભોગ ભોગવવા નથી તો એ સોનામહોરોને શું કરશે? તેથી મેં લઇ લીધી; પણ મેં વિચાર્યં નહીં કે-આ જગતમાં મોહની નાંખેલી જાળ મહાદુષ્ટ છે. તેમાં સપડાયેલા પ્રાણીઓની મતિ મૂઢ થઇ જાય છે. તેને કૃત્યાકૃત્યનું ભાન રહેતું નથી. મોહે કોને હેરાન કર્યા નથી? જુઓ! રામઉપરના મોહથી લક્ષ્મણે કાળ કર્યો, ભૃગુ પુરોહિતે પોતાના બાળકોને હણ્યા, મોહથી મુનિની ઉપર આળ દીધાં, રામની સ્ત્રી સીતાને વનમાં રડાવી, રામને સીતાનું ધ્યાન કરાવ્યું, બળભદ્રે મોહથી કૃષ્ણને ખભા ઉપર વહન કર્યા, તે દેવે પ્રતિબોધ્યા ત્યારે સમજ્યા, મોહે ઇશ્વર પાર્વતીને નચાવ્યા, નંદીષેણને વેશ્યાના ઘરમાં બાર વર્ષ રાખ્યા, લાડુના મોહે અષાઢાભૂતિને ભૂલવ્યા, અરણિક મુનિને સ્ત્રીમોહમાં રમાડ્યા તેમજ જેશંગદે રાજાને પણ અત્યારે રાજ્યનો મોહ મુંઝવે છે. મોહે આર્દ્રકુમારને કાચે તાંતણે બાંધી રાખ્યા, પુરૂષપરના મોહે અનેક સ્ત્રીઓને કાષ્ટ ભક્ષણ કરાવ્યું અર્થાત્ બળી મરવાનું શીખવ્યું. મોહ એકને હસાવે, એકને રડાવે, એકના મોઢામાંથી જેમ તેમ બોલાવે, એક જીવપાસે ધનપરના મોહથી પાપકર્મ કરાવે, એકને માંસ ખવરાવે, મોહે મુંઝેલા જીવો દીકરાને પણ 'બાપા બાપા' કરે અને પુત્રીને 'આવો મા' કહીને બોલાવે, મોહથી જીવ અવળુંસવળું ગમે તેમ બોલે, મોહે ઘરડાને કે બાળકોને મૂક્યા નથી તેમ આ ઉંદરને પણ તેણે છોડ્યો નહીં. મહોરો ઉપરના મોહથી તે મરણ પામ્યો. હવે શું કરવું? આનો કાંઇ

ઉપાય નથી."

આ પ્રમાણે પશ્ચાત્તાપ કરતા કુમારપાળ ત્યાંથી આગળ ચાલ્યા. નજીકમાં ઉંદિરા નામે ગામ હતું ત્યાં આવ્યા. એક દેવશ્રી નામની સ્ત્રીનું ઘર હતું ત્યાં જઇને વિસામો ખાવા બેઠા, એટલે તેણીએ સત્કાર કર્યો અને કોઇ ભાગ્યશાળી પુરૂષ છે એમ જાણી ભોજન કરવાનો આગ્રહ પણ કર્યો. કુમારપાળે જમવાનું કબૂલ કર્યું ને જમવા બેઠા. દેવશ્રીએ પણ બહુ ઉત્તમ ભોજન પીરસ્યું. તેમાં કરંબો પીરસ્યો તે બહુ સુગંધી હતો. ખાતાં રાજા બહુ પ્રસન્ન થયા અને મનમાં વિચારવા લાગ્યા કે– "જે જીવ મુક્તિગામી હોય છે તેના અંગમાં જ સારા ગુણો પડે છે-તેવા મનુષ્યો જ પરઉપગાર કરે છે અને પોતાના પારકા ગણતા નથી શરદ્ઋતુનો વરસાદ જેમ સર્વત્ર એકસરખો વરસે છે તેમ દાતાર પણ દેતી વખતે કુળનો કે આચારનો કે એવો બીજો કાંઈપણ વિચાર કરતા નથી. જુઓ! આંબો સૌને સરખાં ફળ આપે છે. કલ્પવૃક્ષ પણ તેની નીચે જે જાય તેની વાંચ્છા પૂરે છે. આ દેવશ્રી તેવી જ દાતાર અને વિચક્ષણ જણાય છે. અહીંથી કોઈ ભીખારી પણ ભૂખ્યો જતો જણાતો નથી. આને મનુષ્યની પણ પરીક્ષા હોય એમ જણાય છે."

કુમારપાળ આ પ્રમાણે વિચારે છે અને દેવશ્રી તો ઉત્તમ મનુષ્ય ધારીને સારી રીતે ભક્તિ કરે છે. તેની ભક્તિથી કુમારપાળ બહુ જ ખુશી થયા તેથી તેણે દેવશ્રીને મધુર વચને કહ્યું કે– 'જો મને પરમાત્મા રાજ્ય આપશે તો હું તિલક તારે હાથે કરાવીશ.' આ પ્રમાણે કહીને કુમારપાળ ત્યાંથી ચાલ્યા. અનુક્રમે દહીંથળી ગામે આવ્યા.

કુમારપાળ દહીથળીમાં આવ્યાની જેશંગદેને ખબર પડતાં તેણે પોતાના સેનાપતિને મહાબળવાન સુભટોને લઈને તત્કાળ દહીથળી મોકલ્યો. તેણે આવીને તરત જ દહીથળી પ્રથમ તો વીંટી લીધું. તેમાંથી જવા-આવવાના રસ્તા રોકી દીધા. પછી ગામમાં ઠેકાણે શોધ કરવાની શરૂઆત કરી.

જ્યારે જેશંગદેનું સૈન્ય આવ્યાની હકીકત સાંભળી ત્યારે કુમારપાળ આકુળવ્યાકુળ થયા. પછી કોઈ સ્થાન ન મળતાં તે સજ્જન કુંભારને ત્યાં ગયા અને કહ્યું કે– 'ગમે તેમ કરીને મારૂં રક્ષણ કર.' સજ્જને વિચાર્યું કે– 'અત્યારે રક્ષણ કરવાનું મારૂં કામ છે.' એમ વિચારી ઇંટો ખડકેલી હતી તેમાં માર્ગ કરી કુમારપાળને અંદર દાખલ કરી, પાછી ઇંટો પુષ્કળ ખડકી દીધી અને શંકા પડે તેવું રહેવા દીધું નહીં.

જેશંગદેના સેનાપતિને આખા ગામમાં તમામ સ્થાનોએ શોધતાં કુમારપાળનો પત્તો ન મળ્યો, એટલે છેવટ સજ્જન કુંભારને ત્યાં આવ્યો અને કહ્યું કે– 'હે સજ્જન! કુમારપાળને કાઢી દે, એને તેં જ કાંઈક સંતાડ્યો છે.' સજ્જન બોલ્યો કે– "સેનાપતિ! આમ મારી ઉપર ખોટું કલંક મૂકીને શું કરવા ધાર્યું છે? મારૂં ઘર લૂટી લેવું છે? પણ હજી જેશંગદે રાજા હયાત છે. ત્યાંસુધી પ્રજાની ઉપર જુલમ થઈ શકે તેવું નથી. આ તો તમે ધોબીના દૃષ્ટાંત જેવું કર્યું. જ્યારે ધોબીનું ઘરની સ્ત્રી સાથે કાંઈ ન ચાલ્યું ત્યારે તેણે તેને બદલે ગધેડીના કાન ઉબેળવા માંડ્યા-તેને મારવા માંડી, તેમ તમે પણ જ્યારે કુમારપાળને શોધી શક્યા નહિ ત્યારે મારૂં ઘર લૂંટાવા ધાર્યું, પણ એવા ખોટા વિચાર કરવા છોડી દો." આ પ્રમાણે હિંમતભેર કહેવાથી સેનાપતિ નિરાશ થઈને ત્યાંથી ચાલ્યો ગયો અને જેશંગદે પાસે આવી કુમારપાળ ભાગી ગયાનું નિવેદન કર્યું.

અહીં સેનાપતિના ગયા પછી સજ્જને કુમારપાળને બહાર કાઢ્યા. તે વખતે વોસિરી વિપ્ર પણ ત્યાં આવ્યો, એટલે ત્રણે મળીને વિચાર કરવા લાગ્યા કે– 'હવે શું કરવું?' તે વખતે સજ્જનનો પિતા બોલ્યો કે– 'શું વિચાર કરવા બેઠા છો? શું લાટદેશ લેવો છે?' તે સાંભળી સજ્જને કહ્યું કે– 'હે પિતાજી! આ ઉપકારની વાત થાય છે જે મનુષ્યે ઉપકાર કર્યો નથી, તે મનુષ્ય નથી પણ પશુ છે-અનાથ છે. તે મુખને ધિક્કાર છે કે જ્યાં તત્વજ્ઞાનની વાતો નથી, તે હાથને ધિક્કાર છે કે જ્યાં દાનની વાતો

નથી, તે કુળને ધિક્કાર છે કે જ્યાં સુપુત્રો નથી અને તે પુરૂષને ધિક્કાર છે કે જ્યાં પરોપકાર નથી." જુઓ:-

પરકાજે તરૂવર ફળે, પરકાજે જળધાર;
પરકાજે સુપુરૂષ નરા, કરતા નીત ઉપકાર. ૧
નરનારી પંખી પશુ, ભાવે સુરપતિ દેવ;
પરગુણકાજે જે હવા, ઋષભ કરે તસ સેવ. ૨
છપ્પો- માનવ મનને હરણ, કંઠ કોકીલા ટહુકે,
મોર કળા માંડતા, હંસગતિ કરતો તટકે;
મૃગલોચન સિંહલંક, અંબફળ અમૃત ભરીઓ,
કલ્પદ્રુમે અવતરી, પરઉપગાર જ કરીઓ;
નીલવાંસ દરશન ભલો, મયગલ કુંભ મુગતા વશ્યો,
નરપતિ કહેનર ગુણિયલો,નિગુણપુરૂષ જીવ્યો કિશ્યો? ૩

'વૃક્ષો પોતાનાં ફળ પોતે ખાતા નથી, બીજાને માટે જ તે ફળે છે; વરસાદ પોતે પાણી પીતો નથી, બીજાને માટે જ તે વરસે છે તેમજ સત્પુરૂષો નિરંતર પરોપકાર કરવામાં જ તત્પર હોય છે. ૧. મનુષ્ય, સ્ત્રી, પશુ કે પક્ષી અથવા દેવ કે દેવેંદ્ર-તેમાં જે પરોપકારી થયા તેની જ ઋષભદાસ સેવા કરે છે-તેને જ પ્રણામ કરે છે. ૨. મનુષ્યના મનનું હરણ કરવા માટે જ કોયલો ટહુકે છે, મોર કળા પૂરે છે, હંસ લટકાળી ગતિ કરે છે, મૃગના લોચન અને સિંહના કટીલંક તે પણ મનુષ્યને આનંદ આપવા માટે જ છે, આંબાના ફળ અમૃત જેવા સ્વાદીષ્ટ હોય છે તે પણ મનુષ્યોને માટે જ છે, નીલવાંસમાં ને હસ્તીના કુંભસ્થળમાં મહામૂલ્યવાળા મોતી થાય છે તે પણ મનુષ્યને માટે જ છે. નરપતિ કહે છે કે એ જ પ્રમાણે જે ગુણિયલ પુરૂષ છે તેનું જીવ્યું જ પ્રમાણ છે. નિર્ગુણી પુરૂષ જીવ્યો તો પણ તે શું કામનો છે? તેનું જીવવું નિષ્ફળ છે. ૩.

"વળી જેણે દાન, શીલ, તપ ને ભાવરૂપ ચાર પ્રકારનો ધર્મ કર્યો નથી, પરઉપગાર કર્યો નથી, વચન વાપરવાવડે જીવયતના કરી નથી,

જિનભુવન કે જિનબિંબ કરાવ્યા નથી, તેને પૂજવાનો પ્રેમ કર્યો નથી, ઉપશમ ધારણ કર્યો નથી, તીર્થોની યાત્રા કરી નથી, જિનવચન અને ગુણવંતના ગુણ હૃદયમાં ધારણ કર્યા નથી અને શુદ્ધ વ્યવહારમાં ચિત્ત સ્થિર રાખ્યું નથી, એવા મનુષ્યોનો મનુષ્યજન્મ એળે ગયો સમજવો અથવા તો તેને હરણ જેવા સમજવા." આ પ્રમાણે સાંભળીને હરણ કહે છે કે- "હું માંસ ખાતો નથી ને મારૂં માંસ બીજાને ખાવા આપું છું, નાદમાં લીન રહું છું, નેત્રને સ્ત્રીના નેત્રની ઉપમામાં જોડું છું, મારૂં ચર્મ તાપસો વાપરે છે, મારા શૃંગ યોગીજનો ગળે બાંધે છે, હું જમણો જઉં તો-જમણો ઉતરૂં તો નવનિધિ આપનારો ગણાઉં છું, નાભીમાં કસ્તુરી ધારણ કરૂં છું અને તેનો સુગંધ બધે વિસ્તાર પામે છે. આ પ્રમાણેના મારામાં ગુણ છતાં તમે મારી ઉપમા એવા ગુણહીણા મનુષ્યને કેમ આપો છો?"

હરણના આવાં વચનો સાંભળી કર્ત્તા કહે છે કે- "ગુણહીણા મનુષ્યોને ગાય, ભેંશ જેવા પશુતૂલ્ય સમજવા." એટલે ગાય બોલી કે- "હું ઘાસ ખાઉં છું અને દૂધ આપું છું, વૈતરણી નદી ઉતારૂં છું, ઘી ખવરાવું છું, જગતના જીવોને તારૂં છું, છાણવડે જમીન પવિત્ર કરૂં છું, પેશાબવડે વ્યાધિઓ ટાળું છું. દિવસે પણ ગ્રહોને દેખું છું, મારી આંખમાં સદા પ્રકાશ રહે છે અને તેત્રીશ કરોડ દેવતાઓનો મારા પુચ્છમાં નિવાસ કહેવાય છે તો આવી ગુણવંત છતાં મને નિર્ગુણીની ઉપમા શી બાબત આપો છો?"

ગાયના આવાં વચન સાંભળી કર્ત્તા કહે છે કે- 'નિર્ગુણી મનુષ્યોને ગધેડાતુલ્ય સમજવા.' તે સાંભળી ગર્દભ બોલ્યો કે- 'મારે છએ ઋતુ સરખી છે. ચંદનનો ભાર ભરો કે ગમે તેનો ભાર ભરો તે મારે મન સરખો છે, રાતદિવસ માત્ર તૃણનું જ ભક્ષણ કરૂં છું, રીસ બીલકુલ રાખતો નથી, નિરંતર મુખ ઉજળું રાખું છું, મને કોગળીયું આવતું નથી અને હું અમુક રીતે બોલું તો લાભ આપું છું આમ છતાં તમે મને નિર્ગુણીની ઉપમા કેમ આપો છો?" તે સાંભળી કવિ કહે છે કે- 'નિર્ગુણી મનુષ્યોને કાગડા જેવા સમજવા.' તે સાંભળી કાગડો બોલ્યો- 'પૂર્વે અમો

તાપસ હતા એમ જાણીને લોકો અમને પૂજે છે, ભોજન કર્યા પહેલાં અમને પૂર્વજ માનીને આહાર આપે છે, જળને કિનારે માળો કરૂં છું, ભોગ પ્રચ્છન્નપણે કરૂં છું, કુટુંબનું પોષણ કરૂં છું, આકાશમાં ફરૂં છું, લોભ રાખતો નથી, કોઇનો છેતર્યો છેતરાતો નથી, સૌએ તજી દીધેલા શ્યામવર્ણને ધારણ કરૂં છું, આકાશમાં કરૂં છું, લોભ રાખતો નથી, કોઇનો છેતર્યો છેતરાતો નથી, સૌએ તજી દીધેલા શ્યામવર્ણને ધારણ કરૂં છું, તો પણ તમે મને નિર્ગુણી મનુષ્યની ઉપમા કેમ આપો છો?'

તે સાંભળી કર્ત્તા કહે છે કે- 'નિર્ગુણી મનુષ્યને મૂર્ખ બોકડા જેવા જાણવા.' એટલે બોકડો બોલ્યો કે- 'હું મારી મેળે ચર્ચા કરૂં છું, સરોવરનું કે નદીનું પાણી ડોળતો નથી, મારાથી કોઇ બ્હીતું નથી, મારૂં ચામડું પટોળા જેવું સુકોમળ હોય છે, હું યજ્ઞના કાર્યમાં મારો દેહ આપું છું, વિપ્રો મારા માંસનું ભક્ષણ કરે છે, મારી લીંડીઓ ઔષધિઓમાં ઉપયોગી થાય છે, વિષધરનું વિષ મને ચઢતું નથી, અધમ નરોને હું પવિત્ર કરૂં છું. આ પ્રમાણેના મારામાં ગુણો છતાં નિર્ગુણી મનુષ્યની ઉપમા કેમ આપો છો?" તે સાંભળી કર્ત્તા કહે છે કે- 'મેં તને નિર્ગુણી મનુષ્યની ઉપમા આપી તેમાં મારી ભૂલ થઇ છે. આ જગતમાં નિર્ગુણીને ઉપમા આપીએ એવો કોઇ પદાર્થ જ જાણતો નથી.'

જગમાં કોઈ ઈશ્યો નહીં, તોલું નિર્ગુણી જોડી;<br>
તેણે કારણ અવગુણ તજી, આણો ગુણની કોડી. ૧

આ પ્રસંગે કુમારપાળે સજ્જનના પિતાને કહ્યું કે– 'તમારા પુત્ર સજ્જનના જન્મને ધન્ય છે કે જેણે મને જીવતો રાખ્યો છે. તારી કુંભારની જાતિને પણ ધન્ય છે.' આ પ્રમાણે સજ્જનના પિતાને સંતોષ પમાડી કુમારપાળે સજ્જનને કહ્યું કે– 'તું મારા કુટુંબને લઇને ઉજેણી જજે. હું દૂર દેશમાં જાઉં છું.' આ પ્રમાણે કહી પોતાનું કુટુંબ તેને ભળાવી બ્રાહ્મણ મિત્રને સાથે રાખી કુમારપાળ ત્યાંથી આનંદ કરતા ચાલ્યા.

એ પ્રમાણે ચાલતાં અનુક્રમે મધ્યાન્હ થયો, બંનેને ભૂખ લાગી,

પણ પાસે એક દોકડો પણ નહોતો કે જેથી કાંઈ લઈને ખાય. રાજાએ વિપ્રને કહ્યું કે– 'તું બ્રાહ્મણ ને હું રાજા, પણ અત્યારે બેઈની પાસે એક પાઈ પણ નથી. દ્રવ્ય જેને લોકો દોકડા કહે છે તેની જગમાં બલિહારી છે.

છપ્પો- દોકડે દીપે દેહ, દોકડે દોષ પણ જાયે,
દોકડે દુર્જન દાસ, દોકડે દેવ વશ થાયે;
દોકડે મહિપતિ પુત્ર, દોકડે દંડ પણ ભાંગે,
દોકડે દેશવિદેશ, જગત જન પાયે લાગે;
આવો આવો સહુકો કહે, ઉભા થઈ આદર કરે,
દોકડા વિહુણી હોંશ તે, કૂપછાંહી માંહી મરે. ૧

આ પ્રમાણે કુમારપાળ વિચાર કરે છે એટલે વિપ્ર બોલ્યો કે– "હે મહારાજ! આપ ચિંતા ન કરો. મારી પાસે એક મોટી વિદ્યા ભિક્ષા નામની છે. તે વિદ્યાનો હું ઉપયોગ કરીશ. એ ભિક્ષા ભિક્ષુકોની માતાતુલ્ય છે, સાધુઓની કલ્પવલ્લી છે, દુર્ગતિને દૂર કરનારી છે, રાજાઓને પણ નમાવનારી છે અને પરમ સુખને આપનારી છે. સુર, નર ને વિદ્યાધરોના વૃંદ અને ચક્રી, હળધર તેમજ ઇંદ્ર જે સાધુઓને નમસ્કાર કરે છે તે એ ભિક્ષાદેવીનો જ મહાપસાય છે. એનો મહિમા કહી ન શકાય તેવો છે." આ પ્રમાણે કહીને વિપ્ર કુમારપાળને ગામબહાર બેસાડી પોતે એકલો ગામમાં ચાલ્યો. એક જગ્યાએથી દહીંનો કરંબો તેને મળ્યો, પણ તે સંતાડીને બીજું અન્નપાણી મેળવ્યુ તે લઈને કુમારપાળપાસે આવ્યો. બંને જણા સાથે જમ્યા. તૃપ્ત થયા પછી રાત્રી પડી એટલે કુમારપાળને વિપ્રઉપર શક પડવાથી કપટનિદ્રાએ સુતા. વિપ્ર જાગતો સુતો, તે કુમારપાળને ઉંઘી ગયા જાણીને ઉઠ્યો. પછી એકલા બેસીને કરંબો પેટ ભરીને ખાધો; તો પણ વધ્યો એટલે તે લઈને કુમારપાળપાસે આવી જગાડીને કહ્યું કે– 'આ લ્યો અને ખાઓ.' કુમારે કહ્યું કે– 'મેં બધું જોયું છે, તેથી હવે એ કરંબો મારી પાસે લાવવો યોગ્ય નથી. હું એવો લાલચુ નથી કે તે ખાઉં. મને ખાત્રી થઈ કે કૃપણ કદિ દાતાર થઈ શકે જ નહીં, અને

જેણે બીજા પાસે હાથ ધર્યો તે દઈ જાણે નહીં."

વિપ્રે કહ્યું કે– "મહારાજ! એ કરંબાની વાત સાંભળો, એ ઉઘાડો રાખેલો મને મળ્યો હતો એટલે મને તેમાં કાંઈ પડ્યા કર્યાની શંકા હતી, તેથી મેં રાખી મૂક્યો હતો. મને સાંજનું ખાધેલું પચી ગયું એટલે ભૂખ લાગવાથી મેં તે ખાધો અને પરીક્ષા કરી. પછી ઠીક લાગ્યો એટલે આપને માટે લાવ્યો છું. એમાં મને ઠપકો દેવા જેવું કાંઈ નથી." કુમારપાળે વિચાર્યું કે– "આ બધો પ્રપંચ કરે છે, ખોટું બોલે છે, પણ અત્યારે વાદ કરવાનો અવસર નથી. વાદ કરવાથી પ્રીતિ ઘટે છે અને હમણાં મારે એની સાથે રહેવાનું છે; માટે આ વાત ગળી જવા યોગ્ય છે. ખાવું ને ખવરાવવું, દુઃખ સુખની વાત કહેવી ને સાંભળવી, દેવું ને લેવું, આ છ પ્રકારે મૈત્રી વૃદ્ધિ પામે છે."

આ પ્રમાણે વિચારી વિપ્રને સંતોષ પમાડીને પ્રાતઃકાળ થતાં વિપ્રની સાથે કુમારપાળ આગળ ચાલ્યા. અનુક્રમે તેઓ ખંભાત પહોંચ્યા. કુમારપાળ નગરની બહાર એક સુંદર પ્રાસાદના ઓટલાઉપર બેઠા. તેવામાં તેમણે સર્પના મસ્તકઉપર ગંગેટો નાચતો જોયો. એટલે કુમારપાળ તે શુભ શુકનસંબંધી વિચાર કરવા લાગ્યા તેવામાં હેમચંદ્રાચાર્ય નગરબહાર પધાર્યા. તેમણે પણ અહીના મસ્તકપર નાચતો ગંગેટો જોયો, એટલે એ અતિ ઉત્તમ શુકન જાણી આજુબાજુ નજર કરી કે– 'આ શુકન કોણ ભાગ્યશાળીને થાય છે?' એટલે તેણે કુમારપાળને દીઠા. કુમારપાળે પણ ગુરૂમહારાજને જોયાં, એટલે તેમની પાસે આવી પગે લાગ્યો. ગુરૂવંદન કર્યું. પછી કહ્યું કે– "હે સ્વામી! હું પૃથ્વી ઉપર ભટકું છું. સારે ભાગ્યે જેશંગદેને હાથે ચડ્યો નથી કર્મહીન હોવાથી બહુ દુઃખ પામ્યો છું. હવે તો કાયર થયો છું, માટે કંઈક શાંતિ મળે એવો માર્ગ બતાવો." ગુરૂમહારાજ બોલ્યા કે– 'હે કુમારપાળ! હવે ચિંતા તજી દો. આ સર્પના મસ્તક ઉપર ગંગેટાનું શુકન તમને શ્રેષ્ઠ થયું છે તેથી હવે તમે થોડા વખતમાં રાજ્ય પામશો. સંવત ૧૧૯૯ ના માઘ માસની વદિ ૪

રવિવાર ને પુષ્ય નક્ષત્રે મધ્યાન્હ સમયે તમને રાજ્ય મળશે."

કુમારપાળને રાજ્ય પામવાનો અવસર શ્રી હેમચંદ્રાચાર્યે કહ્યો તે સાંભળી તે બહુ હર્ષિત થયા. તેણે ગુરૂમહારાજને કહ્યું કે– 'મહારાજ! આપ સાચા ગુરૂ છો, સત્યવાદી છો, આપનું વચન અવશ્ય ફળશે.' આમ વાત કરે છે તેવામાં ઉદયન મંત્રી ગુરૂને વાંદવા આવ્યા. તેને જોઈને કુમારપાળે ગુરૂને પૂછ્યું કે– 'આ ભાગ્યશાળી કોણ છે અને ક્યાં રહે છે?' એટલે ગુરૂ બોલ્યા કે– "એ મૂળ મરૂદેશના નિવાસી છે. મૂળ નામ ઉદો છે. શ્રીમાળી વંશના વણિક છે, જિનશાસનમાં ચંદ્રમાતુલ્ય છે. એકદા તે ઘી ખરીદવા માટે ચોમાસામાં પોતાના ગામબહાર નીકળ્યા એટલામાં એક કણબી શુકનનો જાણનાર મળ્યો. તેણે ઉદાને બોલાવીને કહ્યું કે– 'હે વણિક! તને એક વાત કહું તે ઉપર ધ્યાન આપ. તારૂં ભાગ્ય અહીં ફળવાનું નથી, અહીં તને દ્રવ્ય મળશે નહીં; માટે તું કરૂણાવંત એવા ગુજરાત દેશમાં જા. ત્યાં તારૂં ભાગ્ય ફળશે.' આ પ્રમાણેનાં તેનાં વચન સાંભળી તેને સ્વીકારીને તે પોતાના ચાર પુત્ર- બાહડ, અંબડ, સોહડ ને ચાહડને લઈને ગુજરાતમાં આવ્યો. અહીં આવતાં તેણે સર્પને માથે દેવી (ચકલી) દીઠી, તે શુકન જોઈને તે વિચાર કરતો હતો એવામાં એક શુકનશાસ્ત્રનો જાણનાર બોલ્યો કે– 'હે સત્ પુરૂષ! આ શુકનથી તું રાજા કે મંત્રી થઈશ. તું પૂરો ભાગ્યશાળી છો.' આ પ્રમાણે સાંભળી તે શુકન વધાવીને ઉદો પાટણમાં આવ્યો અને જેશંગદે રાજાને મળ્યો. પહેલી મુલાકાતે જ રાજાએ પ્રસન્ન થઈને તેને મંત્રીપણાની મુદ્રા આપી અને તે ઉદયન મંત્રીના નામથી પ્રસિદ્ધ થયો. તેનું પુન્યરૂપી વૃક્ષ અહીં ફળિભૂત થયું. તે મંત્રી હે કુમારપાળ! નિત્યના નિયમ પ્રમાણે મને વંદન કરવા માટે આવેલ છે."

આ પ્રમાણે કહીને ગુરૂમહારાજે કુમારપાળને ઉદયનમંત્રીને ભળાવ્યા અને તેની સારસંભાળ કરવા સૂચવ્યું. ઉદયન તેને લઈને પોતાને ઘરે આવ્યા અને તેની સારી રીતે ભોજનાદિ ભક્તિવડે કરી

ખંભાતમાં પોતાને ત્યાં રાખ્યા અને બહુ પ્રકારે તેની સેવા-ભક્તિ કરવા લાગ્યા.

અહીં પાટણમાં જેશગંદે રાજાને કોઈ દૂતે જણાવ્યું કે– 'કુમારપાળ ખંભાતમાં છે અને મંત્રીના ઘરમાં છે. હે નરેંદ્ર! આ વાત ખરી છે, માટે ત્યાં જઈને તેને જીવતો પકડી લાવો. આ કામમાં આળસ કરવા જેવું નથી.' આ પ્રમાણેનાં દૂતનાં વચનો સાંભળી તરત જ રાજાએ લશ્કર તૈયાર કરી ખંભાત તરફ મોકલ્યું. તેણે ખંભાત ઘેરી લીધું. પછી શહેરમાં ઘરેઘરે શોધવા લાગ્યા. આ હકીકત ઉદયન મંત્રીએ જાણી એટલે તેણે તરત જ કુમારપાળને કહ્યું કે– 'જેમ બને તેમ ઉતાવળા તમે અહીંથી ચાલ્યા જાઓ. કોઈ પાન ખાવા માટે કાથો ચુનો આપે પણ તે ખવાય નહીં તેમ તમારે થયું છે અને હું ખરે વખતે તમને રાખી શકતો નથી, તેથી પશુતુલ્ય છું." કુમારપાળે કહ્યું કે- "હે મંત્રીશ્વર! એમ ન બોલો. તમે તો ઘણું કર્યું છે. મારે તો તમે મારા પિતા ત્રિભુવનપાળને સ્થાને છો; બાકી મીઠું તો સૌ ખવરાવે, કરિયાતું જે ખરા હિતેચ્છુ હોય તે જ આપે. તમે મને તમારા મકાનમાં રાખતા નથી તે મારા હિતને માટે છે. તમે પૂરેપૂરા ગુણીયલ છો. તમારા ગુણ મારાથી કહી શકાય તેમ નથી. તમે મને જીવતો રાખ્યો છે. મારી ઉપર ઉપગાર કર્યો છે. ઉત્તમ પુરૂષો કામ કરીને ફુલાતા નથી. સોળ પુરૂષ જગમાં વિરલા કહ્યા છે, તેમાંના તમે એક છો. જે ઓછું બોલનારા છે, દાન, શિયળ તપ ને ભાવનારૂપ ધર્મના કરનારા છે, શૂરવીર છે, વિવેકી છે, ઇંદ્રિયોને જીતવાવાળા છે, બદ્ધકચ્છ છે, પોતાના અવગુણ કહેનારા છે, બીજાના ગુણ બોલનારા છે, વિદ્યાવાન્ છે, રોષવિનાના છે, પ્રપંચરહિત છે, લોભને તજનારા છે, અવગુણ તજી ગુણને અંગીકાર કરનારા છે, પરદુ:ખ ભજનહાર છે, કોઇનું કાર્ય કરીને જે ફુલાતા નથી-કોઇને કહેતા નથી. આવા પુરૂષો વિરલા હોય છે તેમાં તમારો સમાવેશ થાય છે. ઉત્તમ જનો પોતાના ગુણગ્રામ પોતાને મુખે કહેતા નથી. તમે ગુણથી ભરપુર છો. તમારૂં વચન મારે પ્રમાણ છે. મારા

પ્રાણ બચાવવા માટે હું અહીંથી ચાલ્યો જાઉં છું."

આ પ્રમાણે કહીને કુમારપાળ ત્યાંથી એકદમ ભાગીને પોશાળે આવ્યા અને હેમચંદ્રાચાર્યને કહ્યું કે- "મારી રક્ષા કરો." હેમચંદ્રાચાર્યે પણ પુણ્યવાન મનુષ્ય જાણીને તેને ઉપાશ્રયના ભોંયરામાં રાખ્યા અને તે ભોંયરાના દ્વાર ઉપર પુસ્તક ખડકાવી દીધું. પછી પોતે શાંત થઇને બેઠા. એટલામાં રાજાનો સેનાની બીજે શોધતો શોધતો ત્યાં આવ્યો અને આચાર્યને કહ્યું કે- "અહીં કુમારપાળ આવેલ છે તેથી તેને કાઢી આપો." ગુરૂ બોલ્યા કે- "કુમારપાળ બીજે ન મળ્યા માટે અહીં આવ્યા છો. અહીં હોય તો જોઇ લ્યો." તેણે બધે જોયું પણ ક્યાંઇ દીઠા નહીં, એટલે તે નિરાશ થઇને પાછો વળ્યો અને વીલે મોઢે સિદ્ધરાજપાસે જઇને તે હકીકત નિવેદન કરી.

અહીં રાજસુભટોના ગયા પછી કુમારપાળને બહાર કાઢીને ગુરૂએ કહ્યું કે- "હમણા તો અહીંથી ઉતાવળા ચાલ્યા જાઓ. હમણા તો તમારે પરદેશમાં જવું જ સારૂં છે. હે રાજન્! શાસ્ત્રમાં સાત બોલ તજવાના કહ્યા છે:-

તજે નગર જિહાં વયરી ઘણા, તજે વાદ જિહાં નહીં આપણા;
તજે મહેલ જે અતિ જાજરા, તજીએ નેહ વિનાના દીકરા. ૧
તજીએ વૃક્ષ થયું જે ક્ષીણ, તજીએ ધર્મ જે દયા વિહીન;
રાય તજો પરનારી ભોગ, એ સાતે તજીએ સંયોગ. ૨
ચાર બોલ નવા સાંભળો, સહસ હાથ ગજથી વેગળો;
સોય હસ્ત હય તજવો નાથ, શકટ થકી રહીએ ચાર હાથ. ૩
વયરી વિરૂઓ વિષધર નાગ, તેહથી કીજે દેશ જ ત્યાગ;
ઉભા રહી નવી પીજે નીર, તો સુખ લહીએ આપ શરીર. ૪

૧ જે નગરીમાં વૈરી ઘણા હોય તે નગરી તજવી. ૨ જ્યાં આપણા માણસો ન હોય ત્યાં વાદવિવાદ તજવો-ન કરવો. ૩ જે મહેલ-મકાન જાજરૂં-જુનું થઇ ગયું હોય તે તજી દેવું. ૪ સ્નેહવિનાના પુત્રને તજી દેવા.

૫ જે વૃક્ષ ફળથી ક્ષીણ થઇ ગયું હોય તે તજી દેવું. ૬ દયા વિનાનો ધર્મ તજી દેવો અને હે રાજન્! ૭ પરસ્ત્રીનો સમાગમ તજી દેવો. આ સાતે સંયોગ તજવા યોગ્ય છે. વળી બીજા ચાર બોલ નવા કહું છું તે સાંભળો. હાથીથી હજાર હાથ દૂર રહેવું, ઘોડાથી સો હાથ દૂર રહેવું, ગાડાથી ચાર હાથ દૂર રહેવું અને કાળા વિષધર નાગ જેવા વિરૂઆ વૈરીનો દેશ તજી દેવો. તે સ્થાનકે તો પાણી પીવા પણ ઉભા ન રહેવું, તો જ શરીરે સુખી રહેવાય."

આ પ્રમાણેના ગુરૂમહારાજનાં વચન સાંભળીને કુમારપાળ મનમાં ખુશી થયા. ગુરૂમહારાજના ચરણકમળમાં નમસ્કાર કર્યા અને કહ્યું કે- "હે સ્વામી! તમે મને જીવતો રાખ્યો છે. હે મુનિરાજ! જે કીડીકુંથુઆનું પણ રક્ષણ કરે, પક્ષીઓને પણ પાસલામાંથી છોડાવે એવા દયાળુ મનુષ્યનું રક્ષણ કેમ ન કરે? જરૂર કરે. મને એ બાબતનો પૂર્ણ વિશ્વાસ છે. સ્વામી! આપનો તો મારી ઉપર પરિપૂર્ણ સ્નેહ છે, પણ હું એ ગુણનો ઓશીંગણ શી રીતે થઇ શકીશ? આ વાત મારા મનમાં સાલ્યા કરે છે. હું રાવત ને આપ મુનિરાજ. જુદા જુદા દેશમાં ફરનારા તે એકઠા શી રીતે થઇએ? અને ભક્તિ પણ કેમ કરી શકાય? હે મહારાજ! હું આ આપનો ઉપગાર ભૂલી શકું તેમ નથી."

આ પ્રમાણે કહીને કુમારપાળ ત્યાંથી ચાલ્યા. તે વટપદ્ર (વડોદરા) ગામે આવ્યા. ત્યાં એક કટુક સાથરીઓ વણિક હતો. તેની દુકાને જઇ ચણાનો ભાવ પૂછયો. તેણે હાંસીમાં કહ્યું કે- 'એમ જ.' એટલે કુમારપાળે ચણા (દાળીયા) તોળાવી લઇ ત્યાં જ ખાધા અને પાણી પીને ચાલ્યા એટલે વાણીઓ પછવાડે દોડ્યો.

કુમારપાળે કહ્યું કે- 'તેં "એમ જ" કહ્યું ત્યારે મેં લીધા, હવે પૈસા શેના માંગે છે?' વાણીએ વધારે આગ્રહ કર્યો એટલે બોલાચાલીથી માણસો ભેગા થયા. કુમારપાળ પાસે પૈસા નહોતા, તેથી તેણે તેને બહુ રીતે સમજાવ્યો; પણ તે સમજ્યો નહીં એટલે પછી એકાદ થપાટ લગાવી

દીધી. વાણીઓ તરત જ પાછો વળ્યો; પણ પછી કુમારપાળે વિચાર્યું કે-'દેણાને ધિક્કાર છે! દેણું કાળા કોઢ જેવું છે, દેણદારને નીચું નમવું પડે છે, મોઢું છુપાવવું પડે છે, લેણદારનાં વચનો સાંભળવા પડે છે, દેણદાર સુખે સુઇ શકતો નથી, દેણાથી કીર્ત્તિ નાશ પામે છે, જો દેવાદારપણામાં મૃત્યુ થાય તો નીચ યોનિમાં અવતરવું પડે છે અને પીઠપર ભાર વહન કરીને પણ દેવું આપવું પડે છે. કહ્યું છે કે:-

પરધન લેઇ એક નરા, કરતાં અમૃત આહાર;
પરભવ ભિક્ષાચર થઇ, શિર વહેશે બહુ ભાર. ૧
શાળ દાળ ઘૃત ગોળથી, વિષ ખાવું તે ખાસ;
પણ પરધન નવિ રાખીએ, દેણ તણો જગ દાસ. ૨

આ પ્રમાણે વિચારતાં કુમારપાળ ત્યાંથી આગળ ચાલ્યા. ન ઓળખાવા માટે યોગીનો વેશ કર્યો. ખડ્ગ સાથે રાખ્યું, અનુક્રમે ભરૂચ આવ્યા. ત્યાં શ્રી મુનિસુવ્રતસ્વામીના દેરાપાસે આવતાં કાળીદેવે બે શબ્દ કર્યા, કળશે ત્રણ શબ્દ કર્યા, દંડે ચાર શબ્દ કર્યા. તે સાંભળી ત્યાં એક શુકનશાસ્ત્રના જાણ પુરૂષને જોઇ કુમારપાળે તે શુકનનો વિચાર પૂછયો. ત્યારે તે શુકનપાઠક બોલ્યો કે- "સાંભળો! કાળીદેવે બે શબ્દ કર્યા છે તેથી તમારી આજ્ઞા હિંદુ-મુસલમાન બંને કોમ માનશે; કોઇ તમારી આણા ખંડશે નહીં. કળશે ત્રણ શબ્દ કર્યા છે તેથી ત્રણ ભુવનમાં-સ્વર્ગ, મર્ત્ય ને પાતાળ ત્રણે લોકમાં તમારા ગુણ ગવાશે. દંડે ચાર શબ્દ કર્યા છે તેથી તમારૂં ચારે ખંડમાં રાજ્ય થશે. ૧૧ લાખ ઘોડાના સ્વામી થશો.' આ પ્રમાણેનાં શુકનના ફળને સાંભળી કુમારપાળ ત્યાંથી આગળ ચાલ્યા. અનુક્રમે કુણાલનગરે આવ્યા.

ત્યાં સર્વાર્થે નામે યોગીંદ્ર રહેતા હતા, તેને બે હાથ જોડીને રાજાએ નમસ્કાર કર્યો. પછી પૂછયું કે- 'હે યોગીંદ્ર! મને રાજ્ય ક્યારે મળશે?' એટલે યોગીએ કહ્યું કે- 'હે રાજન! મારી પાસે બે મંત્ર છે તેમાં એક બહુ માલ (લક્ષ્મી) આપનાર છે અને બીજો દિવ્ય રાજ્ય આપનાર

છે; માટે એ બીજો મંત્ર શીખીને તમે આરાધો એટલે તમને રાજ્યની પ્રાપ્તિ થશે.' કુમારપાળે તરત જ તે મંત્ર શીખી લીધો. પછી તે આરાધવા માટે સ્મશાનમાં આવ્યા. તે વખત કાળીચૌદશની રાત્રી હતી. તેણે એક મૃતક લીધું અને તેના હૃદયરૂપ કુંડ કરીને તેમાં મંત્ર ભણી આહુતિ દેવા લાગ્યા. તે વખતે ત્યાંનો ક્ષેત્રપાળ તેને ચળાવવા આવ્યો. તેણે વિકરાળ રૂપ કર્યું, બીજા અનેક પ્રકારના છળ કર્યા, પણ કુમારપાળ ચળ્યા નહીં એટલે લક્ષ્મી લીલાવતી દેવી સિદ્ધ થઇ. તેણે પ્રગટ થઇને કહ્યું કે- 'આજથી પાંચમે વરસે ગુર્જરદેશનું રાજ્ય તમને મળશે.' આ પ્રમાણેનાં તેના શબ્દો સાંભળીને રાજાએ તેને નમસ્કાર કર્યો. વિદ્યા સિદ્ધ થઇ, ક્ષેત્રપાળ પોતાને સ્થાનકે ગયો. તેણે પણ જતાં જતાં કહ્યું કે- 'હે કુમરનરિંદ! સાંભળ-તારાના વૃંદમાં ચંદ્રની જેમ શોભતો તું પરિવારસાથે રાજ્ય કરીશ.' આ પ્રમાણે તેનાં શબ્દ સાંભળી રાજા હૃદયમાં બહુ જ ખુશી થયા. શરીરમાં ન સમાય એટલી ઉલટ આવી. તે વખતે રાજા વિચારે છે કે-

"આ મનુષ્ય નારીના નામથી હરખે છે, ધન મેળવવા દોડે છે, જિનપૂજા કરતાં અંગમાં આળસ આવે છે, હાસ્ય વિનોદ સાંભળવા કાન માંડે છે, સૂત્ર સિદ્ધાંત સાંભળવામાં ધ્યાન રહેતું નથી, રંભા જેવી સ્ત્રીને આંખ ફાડીને જુએ છે, નવકાર ગણતાં નેત્રમાં નિદ્રા આવે છે, પરનિંદા કરતાં જીભમાં જોર આવે છે, જિનવરના ગુણ ગાતાં અંગમાં આળસ આવે છે, ભારેકર્મી જીવો સ્ત્રીનું ને ધનનું ધ્યાન ધરે છે, હળુકર્મી જીવો પરમાત્માનું ધ્યાન ધરે છે. હે પરમાત્મા! તારૂં નામ અપૂર્વ નિધાન જેવું છે. એમાં રહેલું ધન કોઇ લઇ શકતું નથી, શરીર બળે તો પણ એ ધન આત્માની સાથે રહે છે. વિનાશ પામતું નથી એને ચોર ચોરી શકતા નથી, અગ્નિ બાળી શકતો નથી, ધૂતારો ધૂતી શકતો નથી, એને વાટે વિઘ્ન થતું નથી અને તેને કોઇ હરી શકતું નથી. ખાતાં ખૂટતું નથી, વ્યાપાર કરતાં વિણસતું નથી, કુવ્યસન એને લાગુ પડતું નથી. રાજા

લૂંટી શકતો નથી, ચાડીઓ એની ચાડી કરી શકતો નથી, સુર, નર, કિન્નર, વિદ્યાધર કે અસુરાદિકનું એમાં ચાલી શકતું નથી. એ ધનનો કોઇ હેરૂ થઇ શકતો નથી. લુંટારો લૂંટી શકતો નથી. સમુદ્રનું જળ બોળી શકતું નથી. અનર્થ કોઇ લાગુ પડતો નથી. એ અપૂર્વ ધનથી બીજું વ્યવહારિક ધન સામું આવે છે, રાજઋદ્ધિ સુખભોગ પ્રાપ્ત થાય છે અને સર્વ વાંછિત સિદ્ધ થાય છે."

કુમારપાળ રાજા વળી વિચારે છે કે- 'પુણ્યવડે એ નિધાનનો સંયોગ પામી શકાય છે, પણ હમણાં તો મારે અશુભ કર્મ ઘણું છે, તેથી જીવ સ્થિર થઇ શકે તેમ નથી. તૃષ્ણાએ વાહ્યા સતા મારે ગામોગામ ભટકવું પડે છે.' આ પ્રમાણે વિચારીને રાજા યોગીનો વેશ ધારણ કરીને ત્યાંથી ચાલ્યા અને અનુક્રમે કાંતિપુરી આવ્યા.

કુમારપાળ કલ્યાણકટક દેશમાં કાંતિપુરીમાં આવ્યા ત્યારે ત્યાં એક કૌતુક જોઈને તેને બહુ આનંદ થયો. તે સ્થળે એક માણસનું મસ્તકવિનાનું શરીર પડ્યું હતું, તે જોઈને સ્ત્રી બોલી કે– "આ પુરૂષના મસ્તકઉપર વેણી બહુ મોટી હતી, કાનમાં કુંડળ પહેરતો હતો, દાઢી બહુ મોટી હતી, પાન ખાવાનો ભોગી હતો અને દાંત મોકળા હતા." આ વાત સાંભળીને કુમારપાળે તેને યોગીના વેશમાં પૂછ્યું કે– 'હે બહેન! તેં આ બધું મસ્તકવિના શી રીતે જાણ્યું ?' એટલે તે બોલી કે– "હે યોગી! સાંભળો. તેના વાંસામાં લાંબી વેણીની નીશાનીઓ છે તેથી મેં વેણી લાંબી હોવાનું જાણ્યું. તેના બંને ખભાઉપર કુંડળોના ઘસારાની નિશાનીઓ છે તેથી તે કુંડળ પહેરતા હશે એમ જાણ્યું. હૃદયનો ભાગ ઉજ્વળ હોવાથી લાંબી દાઢી હોવાનું જાણ્યું. અંગુઠાના નખમાં ચુનો ભરેલો છે તેથી પાન ખાતા હોવાનું જાણ્યું અને ટચલી આંગળી લોહીથી ભરેલી છે તેથી તેના દાંત ખોખરા હતા અને તે ખણતાં આંગળીએ લોહી નીકળ્યાનું જાણ્યું."

આ પ્રમાણેની હકીકત સાંભળીને કુમારપાળ આશ્ચર્ય પામ્યા. ત્યાંથી એક સરોવરની પાળે તે આવ્યા, ત્યાં એક દેવભુવનમાં એકલું

મસ્તક પૂજાતું જોઈ તેણે આશ્ચર્ય પામીને તેના પૂજારીને મસ્તક પૂજાવાનું કારણ પૂછ્યું, એટલે તે બોલ્યો કે– "અહીં મકરધ્વજ નામે રાજા થઈ ગયો છે. તેણે આ સરોવર બંધાવેલું છે. એનું અમૃતસાગર નામ છે. તેમાં પાણી પ્રથમ ભરાણું તે વખત એક કમળ પ્રગટ થયું અને તે કમળમાંથી એક મસ્તક ઉંચું આવીને બોલ્યું કે– 'એકથી સહુ બૂડે છે.' આ વાત મકરધ્વજ રાજાપાસે પહોંચી. તેણે પંડિતોને ભેળા કરીને પૂછ્યું કે– 'આ મસ્તક શું કહે છે?' એટલે બધા પંડિતો જો કે બહુ વાચાળ હતા, છતાં સૌ મતિમૂઢ થઈ ગયા. કોઈ તેનો જવાબ આપી શક્યું નહીં-અવસર આવ્યો જાળવી શક્યા નહિ. આવેલો અવસર જાળવનારા જગતમાં બહુ થોડા હોય છે. અવસરે વાહન ચલાવ્યું નહિ, અવસરે ઘા દીધો નહી તો પછી રોષ ગયો ને રસ વિસમી ગયો તે વખતે ઘા દીધો શા કામનો? જગતમાં સ્ત્રીઓને અને બાળકોને સમજાવનારા પંડિતો તો ઘણા હોય છે, ખરો પંડિત તો તે કે જે રાજાઓને સમજાવી શકે. કહ્યું છે કે–

ઘરે શૂરા મઠે પંડિતા, ગામ ગમારાં ગોઠ;
રાજસભામાં બોલતાં, થરથર કંપે હોઠ. ૧
લાખે એક લખેશરી, સોએ એક સુજાણ;
અબજે એક વિગતા લહું, જે વેધ્યો કરે વખાણ. ૨
મોઢે માગ્યું જે દીએ, કોપે રાયે શર્ણ;
પૂછયા ઉત્તર જે દીએ, એ જગ વિરલા ત્રણ. ૩
પૂછયા ઉત્તર નવિ થયો, પંડિત પાંચ સયાંહિ;
સાત બોલ પ્રાયે વળી, ખટકે હઈડામાંહિ. ૪

કયા સાત વાનાં ખટકે? તે કહે છે. પૂછયાનો ઉત્તર ન મળે, ભોજન વેળા ભૂખ્યા જવું પડે, વાદ વખતે જરૂરની ગાથા ભૂલી જવાય, વ્યાખ્યાનમાં વ્યાઘાત થાય, ગાયન કરતાં ગળું બંધાઈ જાય, શુદ્ધ અર્થને મરડવો પડે અને સભામાં ટુંકારો થાય-એ સાત વાનાં ખરેખરાં ખટકે તેવાં છે.

રાજાએ પૂછેલો વિચાર પંડિતો કહી શક્યા નહિ એટલે પછી રાજાએ તેનો જવાબ આપવા માટે છ મહિનાની મુદત આપી. એ પ્રમાણેની અવધિ મળવાથી તેનો જવાબ મેળવવા માટે ચાર પંડિતો પરદેશ ચાલ્યા. તેઓ અનુક્રમે નવકોટી મરૂથળીમાં આવ્યા. ત્યાં એક પંડિતને દીઠો. તેની દાઢી બહુ સુંદર હતી, વાન પણ સુંદર હતો અને જાણે નાગરવેલનું પાન હોય એવો લાલચોળ દેખાતો હતો.

તેનું ચંદ્રમાં જેવું મુખ હતું, કંચન જેવો વાન હતો અને તે વિદ્યાનું દાન દેતો હતો. આવા પુરૂષને જોઈને તે પંડિતો તેની પાસે ગયા અને તેને તે ચારે પંડિતોએ જુહાર (પ્રણામ) કર્યા. પછી તેઓએ તે પંડિતને પૂછ્યું કે– 'એકથી સર્વ બૂડે છે' એ વાક્યનો તાત્પર્ય શું તે કહો.' એટલે તે પંડિત બોલ્યો– 'એનો તાત્પર્ય હું જાણતો નથી, મારા પિતા જાણે છે.' આવેલા પંડિતોએ તેમની પાસે જવાની ઈચ્છા બતાવી, એટલે તેણે પોતાના પિતાપાસે જઈ તેને બતાવ્યા. તેની પાસે આવેલા પંડિતોએ ઉપર જણાવેલો પ્રશ્ન પૂછ્યો, એટલે તેણે પોતાના પિતા વૃદ્ધ હતા તેને બતાવીને 'તે જાણે છે' એમ કહ્યું. એટલે તેઓ તેની પાસે ગયા અને પૂર્વનો પ્રશ્ન પૂછ્યો. તેણે પોતાના વૃદ્ધ પિતા બતાવ્યા એટલે તેઓ તેની પાસે ગયા. તેમને પ્રશ્ન પૂછ્યો એટલે તે બોલ્યા કે– 'હે પંડિતો! તમે આવી નાની વાતમાં અહીં સુધી પૂછવા આવ્યા? છતાં આવ્યા તો ભલે આવ્યા. હું તેનો ઉત્તર આપીશ, પણ તમે દૂરથી આવ્યા છો તો થોડા દિવસ વિસામો લ્યો અને તમારી પાસે વિશેષ દ્રવ્ય જણાતું નથી તો તે મેળવવા માટે હું કહું તે ઉપાય કરો. તમે ચાર શ્વાનના બચ્ચાં વેચાતાં લ્યો અને તેને ઉછેરો. પછી તેને બજારમાં લઈ જઈને વેચશો એટલે તેનું તમને બહુ ધન મળશે.'

આ વાત આવેલા પંડિતોને ગમી ગઈ એટલે તેમણે તરત જ ચાર શ્વાનનાં બચ્ચાં વેચાતાં લીધા અને તેને ઉછેરવા માંડ્યા. પછી એક દિવસ તે ચારે શ્વાનને સાથે લઈને તે પંડિતો પેલા વૃદ્ધપાસે પૂછેલા પ્રશ્નનો ઉત્તર પૂછવા આવ્યા. એટલે તે વૃદ્ધ બોલ્યો કે– "હે પંડિતો! તમારી

ચારેની બુદ્ધિ નાશ પામી ગઈ જણાય છે, તેથી તમે હજી પણ તમારા પ્રશ્નનો ભેદ સમજ્યા નથી. તમે ભણ્યા છો પણ ગણ્યા જણાતા નથી. તમે શાસ્ત્રમાં શીખ્યા છો કે-ઋતુવંતી સ્ત્રી, ચંડાળ, ગર્દભ અને શ્વાન એટલાને અડવાથી બ્રાહ્મણને સ્નાન આવે-ન્હાવું પડે. આમ છતાં પણ તમે લોભને વશ થઈને શ્વાનને પાળ્યા છે અને સાથે લઈને ફરો છો, તો તે ઉપરથી સમજી જાઓ કે-એક લોભથી આખું જગત બૂડે છે. એક લોભ આખા જગતને બૂડાડે છે. માથું આ વાત જ કહે છે. મેં એનો મર્મ તમને સમજાવ્યો છે."

આ પ્રમાણેનાં તે વૃદ્ધનાં વાક્યોથી આવેલા પંડિતો સમજી ગયા. તે વૃદ્ધે વધારામાં કહ્યું કે- 'લોભથી આયુષ્ય પણ ઘટે છે. જે મનુષ્ય તૃષ્ણારહિત હોય છે તેનું આયુષ્ય પણ લાંબું હોય છે.' આ પ્રમાણે ખરેખરો ઉત્તર મળી જવાથી તે પંડિતો ખુશી થયા અને તેની રજા લઈને તેઓ પોતાના રાજાપાસે આવ્યા. રાજાને મસ્તકે કહેલા શબ્દનો તાત્પર્ય કહી બતાવ્યો, એટલે રાજા ખુશી થયા અને તેણે અહીં આ ભુવન કરાવીને તેમાં મસ્તકની સ્થાપના કરી તેમજ તેની પૂજા કરાવવાનું શરૂ કર્યું."

આ પ્રમાણે મસ્તકના પૂજારીએ કહેલી કથા સાંભળીને કુમારપાળ મનમાં પ્રસન્ન થયા. તેણે મનમાં નિરધાર કર્યો કે- 'જરૂર લોભ જ આ જગતને બૂડાડનાર છે. લોભ તજે તેને ધન્ય છે.' કુમારપાળે મનમાં વિચાર્યું કે- "શાસ્ત્રમાં આઠ પ્રકારના અંધ કહ્યા છે. પહેલો રાત્રીઅંધ, બીજો દિવસઅંધ, ત્રીજો રાત્રીદિવસ અંધ, ચોથો જન્માંધ, પાંચમો માની અંધ, છઠ્ઠો ક્રોધીઅંધ, સાતમો કામીઅંધ અને આઠમો લોભીઅંધ. લોભાંધ મનુષ્ય આખા જગતને ઠગીને દ્રવ્ય મેળવવા ઈચ્છે છે. લોભીના જન્મને ધિક્કાર છે. લોભે પૂર્વની પ્રીતિ હોય તો તે પણ નાશ પામે છે. લોભે ગુણો જાય છે, કીર્તિ નાશ પામે છે, લોભે નીતિ જળવાતી નથી, લોભે કુળમર્યાદા પણ નષ્ટ થાય છે, લોભી મનુષ્ય બધે અપમાન પામે

છે, લોભથી પુત્ર પણ પિતાને ઠગે છે, લોભી મનુષ્ય ધર્મને પણ તજી દે છે, તત્વાતત્વ કે ભેદાભેદ લોભી જાણતો નથી." રાસમાં કર્તાએ કહ્યું છે કે–

"તત્વભેદ જાણે નહીં, લોભી મેલું મન્ન;
કુમારપાળ એણિપરે કહે, લોભ તજે તે ધન્ન."

આ પ્રમાણે વિચારતા કુમારપાળ ત્યાંથી આગળ ચાલ્યા. અનુક્રમે મલબાર દેશમાં આવ્યા ત્યાં કોલંબ પાટણના રાજાએ તેમની બહુ ભક્તિ કરી. "જે સત્પુરૂષ અથવા ઉત્તમ પુરૂષ હોય છે તે પોતાના કર્તવ્યને ચૂકતા નથી અને જેમ કોયલ આંબાને ઓળખી જાય છે તેમ તેઓ પુરૂષરત્નને તરત જ ઓળખી શકે છે. માનસરોવર હંસના ગુણને જાણે છે, તેથી તે પોતાને કાંઠે આવેલા હંસનો યોગ્ય સત્કાર કરે છે. વળી વિચારે છે કે–એ હંસના અહીં રહેવાથી જ મારો મહિમા વૃધ્ધિ પામશે. તેમ તે તેનો અત્યંત આદર કરે છે. મૂર્ખ મનુષ્યો સત્પુરૂષ કે કુપુરૂષને ઓળખતા નથી. ભમરો ચંપાને તજી ને ચાલ્યો જાય, તેથી કાંઈ ચંપાનો મહિમા ઘટતો નથી તેમ તેના ગુણ પણ ઘટતા નથી. રાત્રીઅંધ મનુષ્ય ચંદ્રને ન જોઈ શકે તેથી કાંઈ ચંદ્રનો પ્રકાશ મંદ પડતો નથી. લુલો માણસ ધનુષ્ય ખેંચી ન શકે તેથી કાંઇ ધનુષ્યની શક્તિ ઘટતી નથી; ખેંચી ન શકનાર મંદ બળવાળો ગણાય છે. મૂઢ મનુષ્ય અમુક પ્રકારના ઉત્તમ નાદને ન ઓળખે અને બહેરો તે તરફ ધ્યાન ન આપે, તો તેથી તે નાદનો મહિમા ઓછો થતો નથી. ભીલડી મુક્તાફળને તજી દે અને ચણોઠીઓ ભેગી કરે તેથી કાંઈ મુક્તાફળની કિંમત ઓછી થતી નથી."

અહીં કુમારપાળને દેખવામાત્રથી જ ઘણો હર્ષ પામીને કોલંબના રાજાએ તેની ઘણી ભક્તિ કરી, તેથી કુમારપાળે તેને કહ્યું કે– 'હે પૃથ્વીનાથ! તમે મને ન ઓળખતાં છતાં મારી એવી ભક્તિ કરી છે કે જેવી પિતા પુત્રની કરે; પણ પછી સામી પૂરેપૂરી ભક્તિ કર્યા વિના પુત્ર પિતાના ગુણનો ઓશીંગણ થઈ શકતો નથી. જો પોતાના સ્કંધઉપર

બેસાડીને પુત્ર પિતાને તીર્થયાત્રા કરાવે તો જ તેના ગુણનો ઓશીંગણ થઈ શકે છે. તમે તો મારે પિતાથી પણ અધિક છો; કારણ કે તમે મને દુઃખી અવસ્થામાં સુખ આપ્યું છે. હું તમારા ગુણનો ઓશીંગણ શી રીતે થઈ શકીશ?' આ પ્રમાણે કહીને કુમારપાળ ત્યાંથી આગળ ચાલ્યા. અનુક્રમે ઉજ્જેણીનગરીએ પહોંચ્યા. ત્યાં મહાકાળનો પ્રાસાદ નગરની બહાર છે તેમાં જોવા માટે પ્રવેશ કર્યો. તેમાં ફરતાં ફરતાં એક સાપની ફેણ જોઈ. તેની ઉપર આ પ્રમાણે અક્ષર લખ્યા હતા-

સંવત ઈગ્યાર નવાણુએ, હોશે કુમર નરિંદ;
વિક્રમ નૃપ પરે તે સહી, સકળ લોક આણંદ.

એ અક્ષરો વાંચી કુમારપાળ મનમાં ખુશી થયા. પછી ત્યાંથી ઉજ્જેણીમાં આવ્યા. ત્યાં વોસિરી વિપ્ર મળ્યો. ત્યાં રાખેલા પોતાના સર્વ કુટુંબ પરિવારને મળીને પછી કુમારપાળ ગુજરાત ભણી ચાલ્યા. તે દશોરા ગામે આવ્યા, ત્યાં એક યોગીને દીઠો. કુમારપાળ તેની પાસે જઈને નમ્યા અને સ્નાન, દાન, જ્ઞાન ને ધ્યાન એ ચાર શબ્દના વાસ્તવિક અર્થ પૂછયા. એટલે યોગી બોલ્યો કે- "આત્માને નિર્મળ કરવો તે ખરૂં સ્નાન છે, જીવને ઉગારવા-અભયદાન દેવું તે ખરૂં દાન છે, નિર્લોભતા પ્રાપ્ત થવી તે ખરૂં જ્ઞાન છે અને ઇંદ્રિયોના વિષયોને નિવારવા તે ખરૂં ધ્યાન છે." આ પ્રમાણેનો ઉત્તર સાંભળીને કુમારપાળ બહુ ખુશી થયા અને કહ્યું કે- 'હે યોગીશ્વર! જેને અલ્પ સંસાર હોય તે જ તમારા કહેવા પ્રમાણેના ચાર બોલ અંગીકાર કરે.' ફરીને યોગી બોલ્યો કે- "હે રાજન્! જીવો પ્રાયે બહુલસંસારી ઘણા હોય છે, જેથી તેઓ અન્ય જીવોને હણે છે, લોભના સંબંધમાં જ પોતાની કળાઓનો ઉપયોગ કરે છે અને હૃદયમાં પારાવાર કપટ ભરેલું હોય છે. આ પ્રમાણેની સ્થિતિવાળા જીવો ચારેગતિમાં પરિભ્રમણ કરે છે-મુક્તિનો માર્ગ તેને પ્રાપ્ત થતો નથી.' આ વચનો સાંભળીને કુમારપાળ વિશેષ ખુશી થયા અને તેની પ્રશંસા કરીને આગળ ચાલ્યા. અનુક્રમે ચિતોડનગરે

આવ્યા.

ચિતોડમાં શાંતિનાથજીનો પ્રાસાદ હતો, ત્યાં જઈને પરમાત્માને નમસ્કાર કર્યો. ત્યાં રામચંદ્ર નામના મુનિ મળ્યા. તેમને વાંદી બે હાથ જોડીને કુમારપાળે પૂછ્યું કે– 'આ નગરીનો આદ્ય વૃત્તાંત કહો.' એટલે તે મુનિ તે નગરી સંબંધી પૂર્વવૃત્તાંત કહેવા લાગ્યા. તે આ પ્રમાણે–

"હે સત્પુરૂષ! અગાઉ રઘુવંશમાં ચિત્રાંગદ નામે રાજા અહીં થયો હતો. તે એકદા રાજસભા ભરીને બેઠો હતો. તેવામાં એક યોગી ત્યાં આવ્યો. તેની સાથે એક મોટો વાઘ હતો. તેણે રાજાને એક અમૃતફળ ભેટ કર્યું. રાજા તે જોઈને પ્રસન્ન થયો. તેણે યોગીને પૂછ્યું કે– "હે યોગી! તમારે શી વસ્તુની જરૂર છે તે કહો." યોગી બોલ્યો કે "રાજેંદ્ર! મારે તમારાથી જ કામ છે. મારે એક વિદ્યા સાધવી છે, તેમાં અતિસુંદર એવા તમારી જેવા બત્રીશ લક્ષણા પુરૂષની જરૂર છે."

કર્તા અહીં પુરૂષના બત્રીશ લક્ષણ કહે છે:- હૃદય, કપાળ ને મુખ એ ત્રણ વિશાળ હોય; નાભી, સત્ત્વ ને સ્વર એ ત્રણ ગંભીર હોય; કંઠ, પુંઠ, જંઘા, ને પુરૂષચિન્હ એ ચાર લઘુ હોય; અંગુલી, નખ, કેશ, દાંત ને ત્વચા એ પાંચ પાતળા હોય; તન, લોચન, કર, હૃદય ને નાક એ પાંચ લાંબા હોય. નાસિકા, સ્કંધ, નખ, કક્ષા, હૃદય ને મુખ એ છ ઉંચા હોય; અધર (હોઠ), આંખ, જીહ્વા, તાળવું ને નખ તે પાંચ ચણોઠીના અર્ધ ભાગ જેવા લાલ હોય અને હાથ પગનાં તળિઆં રાતા હોય-તે માથે ત્રણ છત્રનો ધરાવનારા થાય. આ પ્રમાણે ૩૨ લક્ષણ જાણવા.

જેના હાથની હથેળી કાળી હોય તે વહેલો દુર્ગતિમાં જાય. અંગુઠાની નીચે કાગડાના પગનું લક્ષણ હોય તેનું શૂળના રોગથી મરણ થાય. જેના હાથની હથેળી અત્યંત રાતી હોય તે પુરૂષ અતિ ધનવાન થાય. જો લીલી કે મધ્યમાં પીળી હોય તો તેને અતિસારનો વ્યાધિ થાય. અંગુળી સળંગ ને બહુ મળી ગયેલી હોય તો તે મનુષ્ય કૃપણ હોય. જેની અંગુળીઓના મધ્યમાં છિદ્ર પડે તે મનુષ્ય દાતાર હોય. જેના હાથમાં

દંડસહિત છત્રનો આકાર હોય અથવા ચામરની રેખા હોય તે ચક્રી થાય. આ બધી સામુદ્રિકશાસ્ત્રની વાતો છે. જે મનુષ્યના હાથમાં હાથી, ઘોડો, રથ, બળદ ને પાલખીની રેખા હોય તે સુખી થાય. જેના હાથમાં આયુધની આકૃતિ હોય તે કોઇથી હારે નહીં. ત્રાપો, સમુદ્ર ને પ્રવાહની રેખા હોય તે રૂપાસોનાનો ભોગી થાય. હળ, મૂશળ ને ઉષળનો આકાર હોય તે કૃષીકાર (ખેડુત) થાય. મંદિર કે પુષ્પમાળાની રેખા હોય તો તે મનુષ્ય રાજા થાય.

હવે મનુષ્યના દાંતસંબંધી સામુદ્રિકશાસ્ત્રનો વિચાર કહે છેઃ- જે બાળક દાંતસહિત જન્મ્યો હોય કે સાતમા મહિનામાં જેને દાંત ઉગ્યા હોય તે બાળક કુળનો ક્ષય કરે. બે વરસે દાંત આવ્યા હોય તે દુઃખ હરનાર થાય. સાતમે વર્ષે કે દશમે વર્ષે પડીને ફરી દાંત ઉગે તે અનેકનું ભલું કરનાર થાય. જેને બત્રીશે દાંત પૂરા ઉગ્યા હોય તે રાજા થાય. જેને ત્રીશ દાંત ઉગ્યા હોય તે લક્ષ્મીવંત થાય. ૨૮ દાંત ઉગે તે સુખી થાય, ૨૧ દાંત ઉગે તે દુઃખી થાય, ૨૧ થી પણ ઓછા દાંત જેને ઉગે તે અધમાધમ થાય, જેના દાંત ને દાઢો તીક્ષ્ણ હોય તેની ઘણી પ્રગતિ થાય, જેના દાંત નાના, કાળા, વિરલા ને વિસમા-બહાર નીકળેલા હોય તે નર અધમ થાય-ધર્મરહિત થાય, જેના દાંત ઘણા ઉજ્જવળ મચકુંદના ફુલ જેવા હોય અને જેની દાઢો સ્નિગ્ધ હોય તેની ઘણી કીર્ત્તિ થાય. ખર ને હાથીની જેવા જેના દાંત હોય તે મનુષ્ય ઉત્તમ ને ધનવાન થાય.

હરી અથવા કૂર્મના જેવી જેની પુંઠ હોય તેને લક્ષ્મી આવીને પગમાં પડે. કુંભ સરખી વાટલી જેની કોટ હોય તે મહાબળવાન રાજા થાય. શુક, વાયસ, બગલા ને મોરના જેવી જેની કોટ હોય તે નર અઘોર દરિદ્રી થાય. જે મનુષ્યનું મુખ ચંદ્રમા સરખું હોય તે પ્રાયે ધર્મિષ્ટ હોય. જેનું મુખ ઉંદર ને મૃગ જેવું હોય તે મનુષ્ય સુખ ન પામે. જેની જીભ બહુ કાળી-શ્યામ વર્ણની હોય તે પાપીથી લક્ષ્મી દૂર જાય. જેની જીભ બહુ પાતળી કે બહુ જાડી હોય તે મનુષ્ય અસત્યભાષી-જુઠાબોલો હોય.

જેની જીભ રાતી હોય તે સારી રીતે ભોજનસંબંધી ભોગ પામે. જેનું તાળવું રાતું હોય તે રાણીનો સ્વામી રાજા થાય અને કાળું તાળવું હોય તો તે કુળનો ક્ષય કરે. પીળું તાળવું હોય તો રાજા થાય. ધોળું હોય તો તે બળવંત થાય. કાચબાની પીઠ જેવા જેના ઉપસેલા નખ હોય તે મનુષ્ય ઘણું સુખ પામે. જેના નખ સુપડા જેવા હોય, વાંકા હોય, ધોળા હોય, લુખા હોય અને ચપટા હોય તે મનુષ્ય ભલો ન હોય, દુઃખીયો હોય અને દીનની જેમ એકલો ભમનાર હોય.

જેનું રૂધિર અળતા કે પરવાળાના રંગ જેવું હોય તે મનુષ્ય ભોગી થાય ને જે મનુષ્યનું લલાટ મોટું હોય તે ધનાઢ્ય થાય. જેનું લોહી કમળ જેવા ગંધવાળું હોય તે ઘણી સ્ત્રીઓ પરણે. શ્વાન, ઉંટ ને શિયાળ જેવું રૂધિર હોય તે મનુષ્ય ચિરકાળ સુધી દુઃખી થાય વાનર, વાઘ, સિંહ જેવી જેની કેડ હોય તેની પછવાડે લક્ષ્મી દોડતી જાય. નીલકંઠ મૃગ ને દર્દુર (દેડકા) જેવું જેનું પેટ હોય તે મનુષ્ય રાજા થાય આ રીતે સામુદ્રિકશાસ્ત્રમાં નરનાં લક્ષણ કહ્યાં છે તેમજ નીતિશાસ્ત્રમાં બીજી રીતે ૩૨ લક્ષણ કહ્યાં છે:-

૧ સિંહનો, ૧ બગલાનો, ૪ કુકડાના, ૫ કાગડાના, ૬ શ્વાનના, ૩ ગર્દભના, ૪ પ્રધાન પુરૂષના અને હંસ, મોર, મૃગ, મીન, માળી, કોલ, કોયલ ને લુહાર એ આઠનો એકેક ગુણ લઇએ ત્યારે કુલ ૩૨ લક્ષણ થાય છે. એ લક્ષણ હવે વીવરીને બતાવે છે:- સાહસિકપણાનો ગુણ સિંહનો લેવો. બગલાનો ગુણ ઇંદ્રિયો માત્રનો સંવર કરીને એક ધ્યાન કરવાનો લેવો. કુકડાના ચાર ગુણ આ લેવા ૧ યુદ્ધ કરવામાં પાછો ન હઠે, ૨ વહેલો ઉઠે, ૩ પોતાના પરિવારનું પોષણ કરે અને ૪ જેટલું શરીરમાં બળ હોય તેના પ્રમાણમાં ભોગ કરે. કાગડાના પાંચ ગુણ આ પ્રમાણે- ૧ ભોગ ગુપ્ત કરે, ૨ ધીઠાઇપણું અવસરે રાખે, ૩ યોગ્ય સમયે પોતાનું ઘર (માળો) કરે, ૪ અપ્રમાદી હોય (નિદ્રા બહુ ઓછી હોય) અને ૫ કોઇથી છેતરાય નહીં. શ્વાનના ૬ ગુણ આ પ્રમાણે- ૧ ઘણું ખાય

અને ૨ થોડું હોય તો પણ સરે, ૩ સ્વામી ભક્ત હોય, ૪ નિદ્રા થોડી હોય, ૫ જાગૃત વધારે હોય ને ૬ શૂરવીર હોય. ગદર્ભના ત્રણ ગુણ આ પ્રમાણે- ૧ થાક્યો હોય તો પણ ભારનું વહન કરે, ૨ ટાઢ-તાપને ગણે નહીં અને ૩ સદા સંતોષી હોય. પ્રધાન પુરૂષના ચાર ગુણ આ પ્રમાણે-૧ પ્રપંચને સમજનાર હોય, ૨ વાચાળ હોય, ૩ સર્વને સંતોષ પમાડનાર હોય અને ૪ પારકા મનને તરત સમજી જાય તેવો હોય. હંસ જેમ દુધ ને પાણીને જુદા પાડી દુધ પી જાય ને પાણી તજી દે તે ગુણને અનુસારે અવગુણમાંથી પણ ગુણ હોય તે લેવા ને અવગુણો તજી દેવા. મોર નાચતો છતો પણ પગ સામું જુએ, મનુષ્યને દેખીને ગાન કરે, અભિમાન તજી દઇને પોતાના ગુણને ઢાંકે ને અવગુણ ખુલ્લાં કરે તેનો એ ગુણ લેવો. હરણ વગડામાં ચરતો જાય, નાસતો જાય ને પાછું જોતો જાય, તેમ ઉત્તમ મનુષ્ય પણ પાપ કરતાં પાછું વાળીને જુએ ને મરણને યાદ કરે. એ ગુણ તેનો લેવો. લક્ષણવંત પુરૂષ મીન-માછલાની જેમ ચંચળ હોય. પોતાના કામમાં આળસુ કે મંદની જેમ બેસી ન રહે. એ ગુણ તેનો લેવો. માળી પોતાના બગીચાની મધ્યમાં ચંપા વાવે ને તેની ફરતા બાવળ વિગેરે ઝાડો વાવે તેમ ઉત્તમ પુરૂષ વિવેક ધારણ કરીને હિંદુ, મુસલમાન, ભુંડા કે ભલા સૌને એક ન કરે-તેને યોગ્ય સ્થાન આપે. કોલ જેમ ભૂમિમાં માર્ગ કરીને ચાલ્યો જાય તેમ સંકટ પડે ત્યાંને ત્યાં બેસી ન રહે. એક ક્ષણ ઉપર અહીં ઉભો હોય ને બીજી ક્ષણમાં સો યોજન દૂર જતો રહે. એ ગુણ તેનો લેવો. કોયલની જેમ સર્વ સભાને પસંદ પડે તેવી મધુર વાણી બોલે. વગર દીધે વાણીમાત્રથી પણ મનુષ્યો તેને વશ થાય. દેય તો અતિશય કીર્તિ પામે. કોયલ શું આપી દે છે ને કાગડો શું લઇ જાય છે? પણ એકના વચનથી મનુષ્યો પ્રસન્ન થાય છે ને બીજાનાં વચનથી કચવાય છે તેમ ઉત્તમ પુરૂષ પણ પોતાની વાણીથી બીજાને રીઝવે છે. આ પ્રમાણે ૩૨ લક્ષણો ગુણ લેવા રૂપ સમજવા.

એક દિવસ જીભ અને દાંતને પરસ્પર ક્લેશ થયો. દાંતોએ

જીભને કહ્યું કે- "જો અમે પરદેશ ચાલ્યા જશું તો તમે એકલા શું કરશો? અમારા ચાવ્યા શિવાય તમે શી રીતે ખાશો?" ત્યારે જીભ બોલી કે- "તમારા વિના મારે ચાલશે, તમારા વિના હું મરી નહીં જાઉં, બેઠી બેઠી લાપશી ખાઇશ ને તાનામાના કરીશ." ત્યારે બત્રીશ દાંત બોલ્યા કે- "જો તમે અમારી સાથે વેર કરશો તો અમારે વશ પડશો ત્યારે અમે તમારા કકડે કકડા કરી નાખશું. અમે ચાવી ચાવીને આપીએ છીએ ત્યારે તું તો ગળી જવાનું કામ જ કરે છે. તું તો બીચારી બાપડી થઇને બેઠી બેઠી સ્વાદ લે છે; મહેનત તો કાંઇ પણ કરતી નથી. તું ફાંફા માર્યા કર પણ ખાજા, લાડુ વિગેરે પકવાન્ન કે બીજું અમે આપીએ ત્યારે તને મળે તેમ છે." ત્યારે જીભ બોલી કે- "હે દાંત! તમે રીસ શા માટે ચઢાવો છો? હું જો અવળી થઇશ તો એક વચન એવું બોલીને ગુફામાં સંતાઇ જઇશ કે પછી તે સાંભળનાર એવી એક ધોલ મારશે કે તમે બત્રીશે પડી જશો. તમારે જોવું હોય તો બે ઘડીમાં જ મારૂં પરાક્રમ જુઓ! હું વિરોધી વચન બોલીને તમારી પૂજા કરાવું, માટે મારી સાથે બગાડવું સારૂં નથી." આ પ્રમાણેની જીભની વાત સાંભળીને બત્રીશે દાંતે હાથ જોડ્યા ને કહ્યું કે- "હે માતાજી! ક્ષમા રાખજો ને એવું બોલજો કે અમને નુકશાન ન થાય." જીભ બોલી કે- "હું બંધનમાંથી છોડાવું, પગે લગાડું અને જો હવે તમે મને વિનંતિ કરી છે તો હું તમારી આશા પૂર્ણ કરૂં. સારૂં સારૂં પકવાન્ન ને ભોજન હું મીઠું મીઠું બોલીને મેળવી આપું. આંબા, રાયણ, શેરડી, દ્રાક્ષ અને બીજા ઉત્તમ ફળો મારે પસાયે તમે પામશો અને બેઠા બેઠા ચાવશો."

આ સંવાદ ઉપરથી સાર એ લેવાનો છે કે-જીભના પસાયથી જગત સુખી રહે છે, જીભથી જયજયકાર થાય છે. કોયલ મધુર શબ્દો બોલે છે તેથી સહકાર (આંબો) શોભે છે, માટે હે મનુષ્ય! તું એક કોયલનો જ મધુર બોલવાનો ગુણ ગ્રહણ કરીશ તો જગતમાં બળવાન થઇશ અને બીજા અનેક ગુણો પ્રાપ્ત થશે. લોઢાના ભાંગેલા કકડાઓને જેમ લુહાર મેળવે છે-એક કરે છે તેમ મધુર વચન બોલનાર મનુષ્યો

ભાંગેલા મનને મેળવીને એક કરી શકે છે, એ એનું ઉત્તમ લક્ષણ છે.

ઉપર પ્રમાણે પુરૂષના ૩૨ લક્ષણ વિગેરે વિવરીને કહ્યા. હવે કર્તા કહે છે કે- સ્ત્રીના લક્ષણ કહું છું તે હે સત્પુરૂષો તમે સાંભળો. જે સ્ત્રીનું લાંબું ને પહોળું નાક હોય તેની બધી અભિલાષા પૂર્ણ થાય, જેના નાકનો અગ્રભાગ ટુંકો હોય તે સ્ત્રી દાસપણું પામે, પીળી આંખવાળી સ્ત્રી દાસીપણું પામે, શ્વેત તાળવાવાળી પણ દાસી થાય અને તાળવું રાતું હોય તો તે રાજાની રાણી થાય. હરણ જેવી આંખવાળી, ઉંદર જેવી કોંઢવાળી રાજાની રાણી થાય અને તેનો કાળ બહુ સુખમાં વ્યતીત થાય. ગરૂડ, હંસ, કોયલ ને ચકલી જેવા સ્વરવાળી સ્ત્રી સારી સમજવી. જેના કાન લાંબા હોય અને ભ્રમર વાંકી હોય તે સ્ત્રી બહુ સુખ પામે. નિલવટવાળું તિલક જેના કપાળમાં હોય તેને પાંચ પુત્ર થાય. જેની જીભ રાતી હોય તે ધનવંતી હોય ને પુત્રને પ્રસવે. જેની જાંઘ હાથણી જેવી હોય તે સ્ત્રી અનેક પ્રકારના ભોગ પામે સુવર્ણ જેવા રોમ હોય ને નાભિ ઉપર ત્રણ રેખા હોય તે સ્ત્રી રાજાની રાણીનું સુખ પામે. જેનો કંઠ સુકુમાળ ને રોમરહિત હોય તે સંસારમાં સુખી થાય. હૃદયઉપર તિલક જેવું ચિન્હ હોય તેને ત્રણ પુત્ર થાય. જેની કટિમેખલા ને નાભિ ગોળ હોય તે સ્ત્રીને રાજા પરણે. અતિ ઉંચી, અતિ નીચી, અતિ ગોરી, અતિ કાળી, અતિ જાડી, અતિ પાતળી તેવી સ્ત્રી વર્જવી-તેવી સ્ત્રી સુખ ન પામે. જેના શરીરનો ગંધ ચંપાના ફુલ જેવો હોય તે સ્ત્રી પોતાના પતિને વશ કરે. જેનું ઉદર પાતળું હોય તેના ઘરમાં ભરપૂર લક્ષ્મી રહે. જેના શરીરપર વાળ થોડા હોય, જેના નેત્ર ને ગાત્ર વિશાળ હોય, નિદ્રા, ભોજન ને કષાય જેના અલ્પ હોય અને જીભ રાતી હોય તે રાજાની રાણી થાય. જેના પગઉપર ધ્વજ, અંકુશ, મૂશળ, છત્ર અને ગદાનું ચિન્હ હોય તે સ્ત્રી પણ રાણી થાય.

અહીં યોગી રાજાને કહે છે કે- 'હે રાજન્! તમારામાં એવાં સુલક્ષણો છે, તેથી તમે મારૂં કાર્ય કરી આપો.' રાજાએ તેના પર દયા

આવવાથી હા પાડી અને યોગીની સાથે રાજા ચાલ્યો.

રાજા અને યોગી બંને એક પર્વતઉપર ચડ્યા. ત્યાં યોગીએ અગ્નિકુંડ કર્યો. પછી રાજાને યોગી કહે છે કે- 'તમે આ કુંડ ફરતા ફરો. હું મારા મંત્રનો જાપ કરૂં, જેથી મારી વિદ્યા સિદ્ધ થાય.' રાજાએ વિચાર્યું કે આમાં કપટ જણાય છે. આ દ્રવ્યને અર્થે મને કુંડમાં હોમી દઇને મારો પુરૂષો (સોનાનો) કરવો ધારે છે; પણ જો હું એને કુંડમાં નાખી દઉં તો એનો સુવર્ણપુરૂષો થાય અને મારી દ્રવ્યની વાંછા પૂર્ણ થાય.' આમ વિચારી રાજા બોલ્યો કે- 'હે યોગી! જો તમે આગળ ફરો તો હું પાછળ ફરૂં. મને આગળ ફરતાં ન આવડે.' એટલે યોગી આગળ અને રાજા પાછળ એમ ફરવા લાગ્યા. પછી લાગ જોઇને રાજાએ યોગીને ઉપાડી અગ્નિકુંડમાં નાખી દીધો જેથી તેનો તરત જ સુવર્ણપુરૂષ થઇ ગયો. રાજાને પુષ્કળ દ્રવ્યની પ્રાપ્તિ થઇ. અહીં કર્ત્તા કહે છે કે- "મનુષ્યો દ્રવ્યને માટે શું શું પાપકાર્ય કરતા નથી? પંચેંદ્રિય જીવોનો ઘાત પણ દ્રવ્યને અર્થે કરે છે અને લક્ષ્મી તો ઉંચ-નીચ જોનારી નથી, ગમે ત્યાં જઇને વસે છે. વળી તે બહુ ભરથારવાળી છે અને તેણે ઘણાને ખુવાર કરેલા છે. લક્ષ્મી માટે માણસો ગળાફાંસો ખાય છે, બીજા અનેક કષ્ટો સહન કરે છે, પારકે ઘરે દાસપણું કરે છે, દેશપરદેશમાં ભમે છે, પુત્ર-પિતા વચ્ચે પણ તે ક્લેશ કરાવે છે, મોટાને નાના ને નાનાને મોટા બનાવે છે, સુપુરૂષોને કુપુરૂષ ને કુપુરૂષને સુપુરૂષ બનાવે છે, અનેક પ્રકારના નાચ નચાવે છે, લુલા, પાંગળા ને કોઢીને લક્ષ્મી વરે છે અને તેણે ઘણા મનુષ્યોના પ્રાણ લીધા છે, તેને માટે માણસો ચોરી કરે છે, અનીતિ કરે છે, અપ્રમાણિકપણું આચરે છે. એણે મોટા રત્નપુરૂષોને પણ રોળવ્યા છે. જેણે એનું બહુ જતન કરેલું-તેને જાળવી રાખેલી તેને છેતરીને પણ જતી રહે છે. એના જવાથી કેટલાક મનુષ્યોને અન્નપાણીના પણ સાંસા પડે છે. શાસ્ત્રમાં તો એને અનર્થમાત્રનું મૂળ કહેલી છે એણે ઘણા મનુષ્યોને ધૂળભેગા કર્યા છે. આમ છતાં પણ મનુષ્યો એને ઇચ્છે છે.

એણે અનેક અનર્થો નીપજાવ્યા છે. ધન માટે અનેક જાતિની ખોડખાંપણ પ્રાપ્ત થાય છે, તેને પણ મનુષ્યો સહન કરે છે. એની લાલચ કરનારાનો પાર નથી. ધર્મીપુરૂષોને એનો વધારા પડતો ખપ હોતો નથી; જરૂરપૂરતી મળી હોય છે તો તે સંતોષ માને છે. એને કવિ, ચતુર, પંડિત ને દાતારએ ચારની ઉપર પ્રાયે ખાર હોય છે. તે ચારને પ્રાયે તે પ્રાપ્ત થતી નથી. કૃપણ, કાયર ને પાપી પુરૂષના ઘરમાં સ્વયમેવ જાય છે, ત્યાં રહીને ખુશી થાય છે."

એક કવિ લક્ષ્મીને પૂછે છે કે- 'તું કૃપણને ઘરે કેમ જાય છે? અને ચતુર, દાતાર ને શૂરવીરને ત્યાં તને કેમ સોહાતું નથી?' લક્ષ્મી કહે છે કે- "ચતુરને ઘેર મારી શોક (સરસ્વતી) હોય છે, દાતાર મને બીજાના હાથમાં આપી દે છે અને શૂરવીરને ત્યાં રહેવાથી કેટલીકવાર તે મરી જાય છે ત્યારે મને રંડાપો આવે છે; તેથી મને કૃપણ ગમે છે કે જે મને જાળવી રાખે છે. મારી તો અવળી ગતિ છે હું અનર્થનું મૂળ છું. મને જે છંડી ગયા તે સંસારથી છૂટી ગયા અને જે લોભથી મને વળગી રહ્યા તેઓ ધૂળમાં મળી ગયા છે. જુઓ! યોગી લોભથી મૃત્યુને શરણ થયો. મારામાં કાંઇ સાર નથી છતાં મને વળગી રહે છે તેને હું શું કહું?"

કવિ કહે છે કે- 'લક્ષ્મી આવ્યા પછી પ્રાયે સાત વસ્તુ ઉપર ખાર (અભાવ) આવે છે. પ્રથમની સ્ત્રી, મિત્ર, ઘર, શય્યા, વસ્ત્ર, પાત્ર ને આહાર-એ સાત ઉપર જેવો ભાવ પ્રથમ હોય છે તેવો રહેતો નથી.'

અહીં રાજાએ સુવર્ણપુરૂષ ગ્રહણ કર્યો. પછી તે દ્રવ્યવડે એણે પર્વત ઉપર સારૂં સ્થાન જોઇને એક દુર્ગ (કિલ્લો) બંધાવવા માંડ્યો. એટલે તે શિખરનો અધિષ્ઠાયિક દેવ પ્રગટ થઇને બોલ્યો કે- 'આ કાંઇ ગઢ બાંધવાનું-શહેર વસાવવાનું ઠેકાણું નથી, છતાં હું તને જો મારૂં નામ રાખે તો ગઢ કરવા દઉં.' રાજાએ તેનું નામ રાખવા કબૂલ કર્યું. પછી તેણે ત્યાં મોટો ઉંચો કિલ્લો બંધાવ્યો અને તેનું ચિત્રકૂટ નામ રાખ્યું. તેની અંદર માત્ર ચૌદ હજાર કોટિધ્વજો જ વસ્યા. લક્ષાધિપતિઓ તો પારવિનાના

હતા તે બધા તેની તળાટીમાં મકાનો બંધાવીને રહ્યા. એ શહેર એવું શોભી રહ્યું કે તેની પાસે બીજા નગરો તો નેહડાજેવા જણાવા લાગ્યા. બીજા પર્વતો પણ એની પાસે એક દેખાળા જેવા લાગવા માંડ્યા. એ ચિતોડગઢમાં પ્રથમ એ ચિત્રાંગદ રાજા થયો." તે ગઢની આ પ્રમાણેની પૂર્વકથા મુનિપાસેથી સાંભળીને કુમારપાળ રાજા ઘણો હર્ષ પામ્યા. પછી તેણે ગઢઉપર ચઢીને બધું જોયું.

સુકોશળ મુનિને વાઘણ જે સ્થાનકે ભક્ષણ કરી ગઇ હતી, તે તેમનું નિર્વાણસ્થાનક પણ જોયું. પછી ત્યાંના જિનમંદિરો જુહારીને કુમારપાળ રાજા નીચે ઉતર્યા અને ત્યાંથી કાન્યકુબ્જ દેશમાં આવ્યા. ત્યાં ઘણા આંબાના વૃક્ષો જોયા. ત્યાંના નગરો જોઇને તે કાશીદેશમાં આવ્યા, ત્યાં બનારસપુરીમાં ફરતાં તેમને એક વણિકે જોઇને બોલાવ્યા. કવિ કહે છે કે- 'જ્યારે કોઇ પુરૂષને જોઇને મન ઉલ્લસાયમાન થાય, વદન હર્ષિત થાય, લોચન વિકસ્વર થાય, શરીરમાં શાંતિ થાય ત્યારે જાણવું કે એની સાથે જરૂર પૂર્વભવનો સ્નેહ છે.' અહીં કુમારપાળને જોતાં તે મદનશેઠના મનમાં હર્ષ થયો, સ્નેહ ઉલસ્યો, તેથી તેને બોલાવીને તે પોતાને ઘેર લઇ ગયો. ત્યાં તેણે કુમારપાળની સારી રીતે ભક્તિ કરી, સોનાના થાળમાં કરંબો પીરસીને આગળ ધર્યો. બીજી પણ વિવિધ વસ્તુઓ આગળ ધરી. કુમારપાળે ત્યાં આનંદથી ભોજન કર્યું. તેનું ચિત્ત પણ ત્યાં ઠર્યું. પછી તેની રજા લઇને કુમારપાળ તે શહેરમાં ફરવા ગયો. દૈવયોગે તે જ દિવસે તે મદનશેઠ અચાનક મરણ પામ્યો. તે નિર્વંશ હોવાથી તરત જ રાજાએ તેનું બધું દ્રવ્ય લઇ લીધું. કુમારપાળ આખો દિવસ શહેરમાં ફરીને સાંજે પાછો ત્યાં આવ્યો અને જુએ છે તો મદનશેઠને ઘરે તાળાં લાગેલાં દીઠાં, એટલે તેણે કોઇકને પૂછ્યું કે- 'શેઠ ક્યાં ગયા છે? અને એમને ઘરે તાળાં કેમ દીધેલાં છે?' એટલે તે માણસે કહ્યું કે- 'શેઠ આજે મરણ પામ્યા છે, એટલે તે નિર્વંશ હોવાથી તેનું બધું દ્રવ્ય રાજાના માણસો લઇ ગયા છે; તેથી ઘરે તાળાં દીધેલાં છે.' આ હકીકત

સાંભળી કુમારપાળને ઘણી જ દિલગીરી થઇ. તેની આંખમાં આંસુ આવ્યાં. તેણે વિચાર્યું કે- 'અહો! ધિક્કાર છે આવા પાપી રાજાઓને! તેઓ તો ભુજંગમની જેવા ભૂખ્યા જણાય છે અને દુઃખ આપવાને માટે જ સર્જેલા લાગે છે. વાઘ, સિંહ ને વિષધરના મન મેલાં હોય છે, તેના કરતાં પણ આવા રાજાના મન વધારે મેલાં લાગે છે. વૈદ્ય જેમ ધનવંતા રોગીને ઇચ્છે, મસાણીઓ વધારે મૃતક આવવાનું ઇચ્છે, નારદ કજીઆઓ ઇચ્છે, કણીઓ દુષ્કાળ વાંછે, શાકિણી બીજાનાં છળ જુએ, દોષગ્રાહી છિદ્ર તરફ નજર કરે, અસતી સ્ત્રી ભર્તારનું મૃત્યુ વાંછે તેમ આવા રાજાઓ નિર્વંશી દ્રવ્યવાનોનું મૃત્યુ ઇચ્છયા કરે છે. આવા પાપી ને પરધનનું હરણ કરનારા રાજાઓને ધિક્કાર છે! પુન્યયોગે જો મને ગુજરાતનું રાજ્ય મળે તો હું અત્યારથી પ્રતિજ્ઞા કરૂં છું કે મારે નિર્વંશીનું દ્રવ્ય ગ્રહણ કરવું નહીં."

આ પ્રમાણે નિરધાર કરી કુમારપાળ ત્યાંથી આગળ ચાલ્યા. અનુક્રમે પાડલીપુરે આવ્યા. તે નગર જોઇને ત્યાંથી રાજગૃહીએ આવ્યા. ત્યાં શાળિભદ્રનું ઘર વિગેરે જોયું. વૈભારગિરિઉપર ચડ્યા અને ત્યાં રહેલા જિનમંદિરોમાં જિનેશ્વરોને નમન કરીને ત્યાંથી આગળ ચાલ્યા અને કામરૂદેશમાં આવ્યા. અનુક્રમે ભમતાં ભમતાં નાગપાટણે આવ્યા. ત્યાં નાગ રાજ્ય કરે છે. તે સાંભળીને કુમારપાળને આશ્ચર્ય થયું. ત્યાં જતાં માર્ગમાં બાળચંદ્ર નામનો ચમાર મળ્યો. તેણે કુમારપાળને એક વાણહી (ઉપાનહ) આપીને કહ્યું કે- 'આ પહેરો, તમારે યોગ્ય છે. હું એનું દ્રવ્ય લેવાનો નથી.' એનાં વચનોથી રાજા ખુશી થયો. તે વખત કુમારપાળ વિચારે છે કે- 'આ ચમાર છતાં તેના મુખનાં વચનો કેવાં મધુર છે? જગતમાં મધુર બોલનારી સતી સ્ત્રીઓ ક્વચિત્ જ હોય છે, કાણો મનુષ્ય સરલ ક્વચિત્ જ હોય છે, ભૂપાળ અભિમાનરહિત ક્વચિત્ જ હોય છે, સર્પમાં સમતા ક્વચિત્ જ હોય છે, નિર્ધનનો વ્યવહાર શુદ્ધ ક્વચિત્ જ હોય છે. આ માણસ ચમાર છતાં દાતાર છે અને વળી એની

વાણીમાં મધુરતા છે; માટે એની વાણહી સ્વીકારવી તે જ યોગ્ય છે' એમ વિચારી તેનો સ્વીકાર કરીને તે આગળ ચાલ્યા. આગળ ચાલતા આંબાનું વન આવ્યું એટલે તે આંબાની એક લુંબ લઇને ખાવા બેઠા. અઢાર ભાર વનસ્પતિમાં આંબા જેવો સ્વાદવાળો બીજો પદાર્થ નથી. એનો રસ અમૃત જેવો મીષ્ટ લાગે છે. એના ગમે તેટલા ભક્ષણથી પણ વ્યાધિ બીલકુલ થતો નથી, ઉલટા વ્યાધિ વિનાશ પામે છે. એના રસનું આસ્વાદન કરતાં કુમારપાળને બહુ જ સંતોષ થયો-એનો કોઠો ઠર્યો.

અહીં કર્ત્તા આંબાના વખાણ કરે છે- "એનો સ્પર્શ કરતાં સુખ થાય છે, એના રસમાં અમૃત ભરેલું છે, એનો પરિમલ (ગંધ) ચોતરફ વિસ્તરે છે, એના ગંધથી સૌને સાતા થાય છે, એનો આકાર પણ બહુ સુંદર છે, એના પુષ્પનો સ્વાદ લેવાથી કોયલના સ્વરમાં મધુરતા આવે છે, એના પત્રો સુકોમળ હોય છે, તેના ઘરેઘરે તોરણ બંધાય છે, એની છાંયા બહુ શીતળ હોય છે, વળી તે ખરેખરા ઉષ્ણકાળમાં જ ફળે છે, પવન, લુ, તડકો ને તાપ એના આશ્રયે બેસવાથી લાગતા નથી, જ્યારે નદી, તળાવ વિગેરે જળાશયો સૂકાય છે ત્યારે એ નવપલ્લવિત થાય છે અને અમૃતસમાન રસ આપે છે. જ્યારે ગાય ને ભેંસનું દુધ ઘટે છે ત્યારે આંબો પોતાનો રસ વધારે છે. આ દુષ્કાળમાં તે મોટા દાતાર જેવો છે. સર્વ વૃક્ષોમાં એની શ્રેષ્ઠતા છે. આંબામાં જેટલા ગુણ દેખાય તેટલા સત્પુરૂષોએ પોતાના અંગમાં ધારણ કરવા યોગ્ય છે. એમ કરવાથી એમની શ્રેષ્ઠતા ગણાશે. આમ્ર જેવો શ્રેયાંસકુમાર થયો છે કે જેની કીર્ત્તિ પણ જગમાં વિસ્તાર પામી છે અને તે સર્વ સત્પુરૂષોમાં મુખ્ય થઇ ગયો છે કે તેણે જે વખતે કોઇ દાતાર નહોતો, કોઇ દાન આપી પણ જાણતું નહોતું તે વખતે ઋષભદેવ પરમાત્માને ઇક્ષુરસનું દાન આપીને વરસીતપનું પારણું કરાવ્યું હતું.

આ કાળમાં એવો એક જગડુશા થયો છે કે-જેણે ત્રણ વર્ષના દુકાળમાં સર્વને અન્ન પૂરૂં પાડ્યું અને દુકાળને મારી કાઢ્યો. જે વેળાએ

માણસ હડબડી ગયા હતા અને અન્નને બદલે આંગળી ખાતા હતા તેવે વખતે તેણે મોટા રાજાઓને પણ અનાજ પૂરૂં પાડ્યું. મોટા છત્રપતિઓ અનાજ માટે તેની પાસે યાચના કરવા આવ્યા. તેમણે કહ્યું કે- 'મોંમાગ્યું દ્રવ્ય લઇને અન્ન આપો, અને અમને જીવાડો." તે વખતે જગડુશાએ કહ્યું કે- 'હું અન્નના મારા ભંડારો ભરેલા છે તે બતાવું, તેમાંથી જોઇએ તેટલું અનાજ લઇ લ્યો.' પછી અન્નના ભરેલા કોઠાર ઉઘાડ્યા તો તેમાંથી લેખિત પત્ર નીકળ્યો કે 'આ સઘળું અનાજ પુન્યકાર્યે વાપરવાનું છે, તે વાંચી જે રાજાઓના માણસો આવેલા તેઓ પોતાના રાજાઓને પૂછીને આવ્યા અને કહ્યું કે- 'દ્રવ્ય લ્યો કે ન લ્યો, પણ અનાજ આપો; કારણ કે અન્નવિના મનુષ્યો મરવા લાગ્યા છે અને જે જીવે છે તેનામાં બળ પણ રહ્યું નથી."

પછી રાજા વિસળદે આઠ હજાર મુંડા અનાજ લઇ ગયો, સિંધ દેશનો રાજા હમીર બાર હજાર મુંડા લઇ ગયો, ગીઝનીનો પતિ મોટો સુલતાન એકવીશ હજાર મુંડા લઇ ગયો, માલવપતિને અઢાર હજાર મુંડા અનાજ આપ્યું, શાહ પ્રતાપને બત્રીશ હજાર મુંડા અનાજ આપ્યું. બીજા અનેક રાજાઓ પુષ્કળ અનાજ લઇ ગયા. સંવત અગ્યારશેં બારમાં આ દાન આપ્યું અને પછી પનરોતરો દુષ્કાળ પડ્યો તેમાં તો અનાજ ઉપરાંત ઘી, દુધ ને દહીં પણ એટલું આપ્યું કે તે દુષ્કાળ ત્યાંથી ભાગ્યો. તે વખતે જગડુશા લાડુઓ લઇને તેની આડા ફર્યા અને કહ્યું કે- 'તું ભૂખ્યો શું કામ જાય છે.? આ લાડુ ખા અને તારામાં પરાક્રમ હોય તેટલું બતાવ. હું તને એમ જવા નહી દઉં, તને અહીં બાંધી રાખીશ.' તે વખતે દાંતમાં તરણું લઈને દુષ્કાળે જગડુશાને કહ્યું કે– 'મને છોડ ને જવા દે. હે કૃપાળુ! તેં ખરેખરો મને લજવ્યો છે. હવે પછી પનરોતરો કાળ કોઈ વખત નહીં પાડું.' આવો કોલ આપીને તે ગયો એટલે તેને જવા દીધો. (ત્યારપછી પનરોતરો દુકાળ કોઈવાર પડ્યો નથી.) એ જગડુશાનો યશ હજુસુધી જગતમાં વિસ્તાર પામેલો વર્તે છે. શ્રીમાળી વંશમાં તે

શૃંગારભૂત થઈ ગયેલ છે. જન્મપર્યંત એણે પરોપકાર જ કરેલ છે. આવા પુરૂષો જે હોય છે તે આંબા જેવા કહેવાય છે. આંબાના ગુણ કહી શકાય તેમ નથી.

આ પ્રમાણે આંબાના ગુણનો વિચાર કરતાં કુમારપાળે તેનો રસ પેટ ભરાય તેટલો ખાધો, એટલામાં તે આંબાનો રખેવાળ ત્યાં આવ્યો. તેણે આવતાંવેત જ કુમારપાળને ગાળ દીધી અને મસ્તકપર લાકડીનો પ્રહાર કર્યો. કવિ કહે છે કે- 'અણજાણ્યા માણસ જળાશયમાં ન્હાય, અણજાણ્યું ફળ ખાય, અણઓળખીતા સાથે પંથે જાય, રાજાને મૂર્ખપણાથી દુહવે, કુવાને કાંઠે સુવે ને ઉંઘે, સામું જોયાવિના ચાલે અને વગરવિચાર્યું મોઢામાંથી બોલે તે સાત જણા પરિણામે દુઃખી થાય છે. અહીં કુમારપાળે આંબાના રખેવાળને ઝાડના થડ સાથે બાંધી લીધો. 'જેવો અપરાધ તેવી શિક્ષા હોય છે' અલ્પ દોષ ઉત્તમ મનુષ્ય જુએ નહિ અને અપરાધી ઉપર રીસ થોડી કરે, પણ તેને ઘટિત શિક્ષા તો કરે જ. કુમારપાળે રખેવાળને માર્યો-કૂટ્યો નહિ, પણ તેને આંબાસાથે બાંધીને તે ચાલતા થયા.

કુમારપાળને આગળ ચાલતાં એક યોગી થયેલો પુરૂષ મળ્યો. તેણે કુમારપાળને ભાગ્યશાળી પુરૂષ જાણીને વિનયપૂર્વક પોતાના દુઃખની વાત કરવા માંડી. તેણે કહ્યું કે- "હે મહાપુરૂષ! અહીં બેસીને મારા દુઃખની વાત સાંભળો. હું વણિક છું. મારા ઘરમાં પદ્મિની સ્ત્રી હતી તે મારા રાજાએ લઈ લીધી છે, તેથી હું અત્યંત ખિન્ન થઈ ગયેલો છું. રાત્રીએ કે દિવસે ચેન પડતું નથી, એ સ્ત્રી બહુ ગુણિયલ હતી. મારી બહુ ભક્તિ કરતી હતી. તે મને વિસારી વિસરતી નથી. મારા નેત્રમાંથી એક ઘડો ભરાય તેટલાં આંસુ ઝરે છે, હું નિત્ય ઝૂરૂં છું ને દુઃખીઓ થઈને ફરૂં છું. સીતાને વિયોગે રામ કેમ રોયા હશે તે મને યાદ આવે છે અને ગુણી સ્ત્રીનો વિયોગી એમ રોવે જ એવી ખાત્રી થાય છે. કવિ કહે છે કે:-

રામ રડંતા વન રડ્યા, રડ્યા તે મૃગાલય;<br>
રોયા વનના પંખીયા, રોયા રયણિ વિહાય.

રાઘવ રૂદન તુમે મત કરો, વનગહિલા થશો રામ;
એ જેહવી લખ આણશું, તેનું સીતા ધરશું નામ.

આવાં હનુમાનાદિકનાં વચન સાંભળીને રામ બોલ્યા કે:-

જળ જળ કમળ ન નીપજે, વન વન અગર ન હોય;
ઘર ઘર સીતા ન સંપજે, વીર વિચારી જોય.
જસ ઘર ઘોડા હંસલા, આંખડીઆળી નાર;
તે ઘર સદા અંજુઆળડું, મૂરખ તેલ નિવાર.

આ પ્રમાણેની રામની હકીકત હું સંભારૂં છું. હે ભાગ્યશાળી! જેના ઘરમાં સદ્ગુણી સ્ત્રી નથી તે દુ:ખી છે. સ્ત્રીવિના રસોઈ તૈયાર કરીને કોણ વાટ જોશે? બહારથી પતિ આવશે તો પાણીનો કળશો કોણ ધરશે? અને અંધારૂં હશે તો દીવો લઈને કોણ સામી આવશે? તે કારણથી હે ભાઈ! હું વારંવાર રડું છું. મેં અન્નપાણી તજી દીધાં છે. અગાઉ ઢોલાએ પણ મારૂને માટે આવું જ દુ:ખ સહ્યું હતું, તે યાદ કરૂં છું.

ઉમયા વહાલી ઈશને, સીતા વહાલી રામ;
ઢોલા વહાલી મારૂણી, ગોકુળ વહાલો શ્યામ.
તિમ મુજ વહાલી પદમણી, ચઢી પરાયે હાથ;
દિવસ દુ:ખે કરી નિરગમું, પણ નવિ જાયે રાત.

સોનાની કચોળી પથ્થર સાથે લાગી છે. મારી સદ્ગુણી પ્રિયા નિર્ગુણી રાજાને હાથ પડી છે. એ દુ:ખથી હું યોગી થયો છું. માત્ર એક આધારથી જ જીવું છું. મેં સાંભળ્યું છે કે– 'કુમારપાળ પરદુ:ખભંજન છે, તે આગળ ઉપર રાજા થવાનો છે. તે રાજા થશે તો મારૂં દુ:ખ ભાંગશે ને મારી સ્ત્રી મને લાવી આપશે.' આ આશામાં ને આશામાં યોગી થઈને ફરૂં છું ને જીવન વીતાડું છું. આ વાત સુપુરૂષ વિના કોને કહું? તમને સુપુરૂષ જાણ્યા એટલે મારા દુ:ખની વાત કહી છે."

આ પ્રમાણેની વાત સાંભળીને કુમારપાળ બોલ્યા કે– "હે યોગી! તું જેને સંભારે છે તે કુમારપાળ હું જ છું; પરંતુ અત્યારે હું રાજા નથી

તેમ એક ગામ પણ મારી પાસે નથી. અત્યારે તો આપણે બંને દુ:ખીએ દુ:ખીયા મળ્યા છીએ. તું યોગી છો તેમ હું પણ યોગી જેવો જ છું, તેથી અત્યારે તારી સંભાળ લઈ શકું તેમ નથી-તારૂં દુ:ખ ટાળી શકું તેમ નથી. તેં મને સુપુરૂષ જાણીને તારા દુ:ખની વાત કરી, પણ હાલ હું તારૂં કામ કરી શકું તેમ નથી; તેથી મને ધિક્કાર છે! કેમકે હું યાચનાનો ભંગ કરનારો થયો છું. જેની પાસે કોઈ માણસ આશા કરીને આવે તેને નિરાશ કરીને જે પાછો વાળે તેને ખરી રીતે લજાવાનું છે; આવનારને લજાવાનું નથી. કોઈ સરોવરને દૂરથી દેખીને તરસ્યો માણસ ત્યાં ગયો અને તેમાંથી પાણી ન મળ્યું તો તે સરોવરને ધિક્કાર છે; આવનારને લાજવાનું નથી. કોઈ વૃક્ષને સારી રીતે ફળેલ ફુલેલ જોઈને દૂરથી કોઈ ક્ષુધાતુર માણસ ત્યાં જાય પણ તે વૃક્ષપાસેથી કાંઈ ફળ ન મળે તો તેમાં તે વૃક્ષની લઘુતા છે. કોઈ ધનવંત અને નામાંકિત માણસપાસે યાચક આવે, પણ તે કૃપણ હોવાથી કાંઈ ન આપે તો તેમાં તેનો યશ ને મહિમા નાશ પામે છે; આવનારનું મહત્ત્વ ઘટતું નથી. કોઈ વિકટ કામ કોઈ પુરૂષને શૂરવીર જાણીને કહ્યું પણ તેણે આળસુ થઈને કર્યું નહીં તો તે પુરૂષ કાયરમાં ખપે છે; કામ સોંપનારની મંદતા થતી નથી. આ પ્રમાણે હે ગુણી પુરૂષ! તેં તારૂં દુ:ખ મને સુપુરૂષ જાણીને કહ્યું પણ હું તારૂં કષ્ટ ભાંગી શક્યો નહીં તો હું સુપુરૂષ શેનો? શાસ્ત્રમાં પણ આ બાબતમાં યાચનાભંગ કરનારને જ અસત્પુરૂષ ગણેલ છે; પરંતુ હવે તું તારી વાત જેને તેને કરીશ નહીં શાસ્ત્રમાં સાત વાત તજવાની કહી છે. તે આ પ્રમાણેઃ-

"(૧) પોતાની સ્ત્રીની વાત કોઈને કરવી નહીં. (૨) આપણી ગફલતીથી કોઈ દ્રવ્ય ખાઈ ગયું તો તે વાત કોઈને કરવી નહીં. (૩) કોઈની ગુહ્ય વાત જાણી હોય તે કોઈને કરવી નહી. (૪) કોઈ જગ્યાએ માનભ્રષ્ટ થયા હઈએ તો તે વાત કરવી નહીં, કેમકે વાત કરવાથી ઉલટો મહિમા ઘટે છે; માટે તે વાત મનમાં જ રાખવી. (૫) પોતાના

દરિદ્રપણાની વાત જેને તેને કરવી નહીં. (૬) જે વાત કહેવાથી અનર્થ થાય તેમ હોય તેવી વાત કોઈને કરવી નહીં અને (૭) ઘરના ગુહ્યની વાત કોઈની પાસે કરવી નહીં."

કવિ કહે છે કે- પોતાના દુઃખની વાત કોઈની પાસે કરવી પણ જો તેનાથી આપણું દુઃખ દૂર થતું હોય તો કરવી, બાકી ઠેકાણે ઠેકાણે પોતાના દુઃખની વાત કહેતો ફરે તો તે પંડિત નહીં પણ મૂર્ખ ગણાય છે. અહીં કુમારપાળ પેલા શેઠને કહે છે કે- "હવે તમે તમારી વાત કોઈને કહેશો નહીં અને ભગવંતની કૃપા થાય ને જો હું ગુજરાતનો રાજા થાઉં તો તમે તે વાત સાંભળીને તરત મારી પાસે આવજો. હું તમારૂં દુઃખ જરૂર દૂર કરીશ."

આ પ્રમાણે કહી તેને સારી રીતે આશ્વાસન આપી સંતોષ પમાડીને કુમારપાળે છેવટે કહ્યું કે- 'આ દેહમાં જીવ છે ત્યાં સુધી હું તમારી વાત ભૂલીશ નહીં.' આ પ્રમાણે કહીને કુમારપાળ આગળ ચાલ્યા, એટલે સરહીઓ શેઠ મળ્યા. તેણે કુમારપાળના પગલામાં પદ્મ જોઈને કહ્યું કે- "પ્રથમ દહીથળી ગામમાં જે રાજકુમાર રહેતા હતા તેના પગમાં આવું પદ્મ હતું, તેથી તમે જરૂર તે કુમારપાળ જ જણાઓ છો. આજ ઘણે વખતે તમે મને મળ્યા છો. હવે આપને થોડા વખતમાં રાજ્ય મળશે અને આપ અઢાર દેશના મહારાજા થશો. આ વાત હું પંડિત જ્યોતિષીની પાસેથી જાણીને કહું છું. તમે રાજા થાઓ તો પછી મારી સંભાળ લેજો. મારો તો આમ ફેરી કરતાં આખો અવતાર વ્યતીત થયો છે. યોગીની જેમ ઘરે ઘરે ભમું છું અને ભૂખ્યો તરશ્યો રાત્રે એક વાર જમું છું. વળી સવાર પડે કે ખાંધે કોથળો નાખીને ભમવા નીકળું છું. મેલાં વસ્ત્રથી બધે ફરૂં છું અને મહામહેનતે ઉદરપૂર્તિ કરૂં છું."

આ પ્રમાણેનાં મધુર વચનો સાંભળી કુમારપાળે વિચાર કર્યો કે- "આ માણસ વિનયવંત જણાય છે. એણે પોતાની એબ મારી પાસે ખોલી છે, તો મારે એને ઘટિત આશ્વાસન આપવું જ જોઈએ." કર્તા કહે છે કે-

"વિનયથી દેવ-દેવી વશ થાય છે, વિનયથી સર્પનું ઝેર ઉતરી જાય છે, વિનયથી વાઘ, હાથી અને બળવાન્ મનુષ્ય પણ નમે છે, વિનયથી ગુરૂ વિદ્યા આપે છે, વિનયથી વિવિધ વસ્તુ પામી શકાય છે, વિનયથી યુદ્ધ કરવા-વઢવા આવેલ શૂરવીર પણ શાંત થઈ જાય છે, વિનયથી વીંછીનો આંકડો પણ નમી જાય છે અર્થાત્ વિનયથી કોણ વશ થતું નથી?"

અહીં કુમારપાળ સરહીઆ શેઠના વિનયથી અત્યંત આનંદ પામ્યા, તેથી તેને કહ્યું કે– "હે સત્પુરૂષ! તું તે ચિંતા તજી દેજે અને મનમાં નિશ્ચય રાખજે કે તારો અત્યારે કરેલો વિનય ફળિભૂત થવાનો જ છે. જો હું રાજા થાઉં તો તું નગરશેઠ થઈશ અર્થાત્ તને નગરશેઠ બનાવીશ." આ પ્રમાણે કહીને કુમારપાળ ત્યાંથી આગળ ચાલ્યા. દૂર જતાં તેમને ભૂખ બહુ લાગી એટલે શરીર પણ ધ્રુજવા લાગ્યું; કારણ કે ત્રણ દિવસથી કાંઈ અન્ન મળ્યું નહોતું. ત્રણ દિવસના ભૂખ્યા હતા. પછી પેટે પાટો બાંધીને રાજાએ એક નગરીમાં પ્રવેશ કર્યો. ત્યાં સામી એક કણબણ મળી. તે કુમારપાળને જોઈને આઘી ચાલી એટલે કુમારપાળે લજ્જા છોડીને તેને કહ્યું કે– 'એક રોટલી મને ખાવા આપ.' ભૂખ પંડિતનું પણ માન મૂકાવે છે. કણબણ બોલી કે– 'કોઈ હાળી જેવો દેખાય છે, માગતાં લાજતો નથી. હું મારા દીકરાને જમાડવા જાઉં છું તેમાં તને ક્યાંથી આપું?' કુમારપાળ આવો જવાબ સાંભળીને સ્તબ્ધ થઈ ગયા.

કર્તા કહે છે કે– "અવગુણની ઉપર ગુણ કરે, બીજાને માટે પોતે મરે, અધમ જાતિ છતાં અભક્ષ્ય ન ખાય, પાપી કુળમાં જન્મ્યા છતા હિંસા ન કરે, પરસ્ત્રીઓ પ્રાર્થના કર્યા છતાં ચળાયમાન ન થાય, નિર્ધન છતાં પારકું ભોજન ન લે અને પોતે ભૂખ્યો રહીને પણ બીજા ભૂખ્યાને ખાવા આપે આ સાતે સદ્ગતિના ગમન કરનારા સમજવા."

જે છતે હાથે કામ કરતા નથી અને પોતાની મહેનતનો મેળવેલો આહાર ખાતા નથી તેને ધિક્કાર છે. છતે હાથે કામ ન કરતાં બીજા પાસે માગે છે-માગીને ખાય છે તે પરભવમાં દરિદ્રી થાય છે. ત્યાં પણ પાછો

દરિદ્રીપણાને લઈને પાપનાં કામો કરે છે અને મરીને દુર્ગતિમાં જાય છે. ત્યાંથી નીકળીને પણ પાછો દરિદ્રી થાય છે ને દુર્ગતિએ જાય છે. વળી દીધા વિના પામતો નથી અને નીચ કુળમાં જન્મમરણ કરે છે. અહીં કણબણને કુમારપાળ કહે છે કે– 'તું દીધા વિના નીચા કુળમાં ઉપજી છું, કણબણ છું. અહીં દાન આપતી નથી તો આગળ પણ પાછી નિર્ધન થવાની છું, માટે આપ-કાંઈક તો આપ.' આ પ્રમાણે કહેવાની અસર તેની ઉપર જરા પણ થઈ નહીં એટલે કુમારપાળે વિચાર્યું કે– 'આમ મીઠે વચને કહેતાં માનશે નહીં.' એટલે પછી કાળભાવ જોઈને કુમારપાળે તેની પાસેથી એક રોટલી ઝુંટવી લીધી અને છાશ સાથે તે ખાઈને આગળ ચાલ્યા.

હવે કુમારપાળ વિચારે છે કે– "ભૂખ, દેણું ને માગવું એ ત્રણને ધિક્કાર છે. તેમાં પણ માગ્યા જેવું માઠું એક પણ નથી. હૃદયમાં વિચારતાં જણાય છે કે મનુષ્ય માગવાથી માનભ્રષ્ટ થાય છે, લોકોમાં તેનો મહિમા નાશ પામે છે. તપસ્વી ને ગુણી પણ ત્યાં સુધી જ ગણાય છે કે જ્યાં સુધી બીજા પાસે માગતો નથી. રૂપવંત હોય કે ગમે તેવો સુંદર હોય પણ માગવાથી મહત્વ ગુમાવે છે. મનુષ્ય ધર્મકર્મમાં પ્રવીણ, લજ્જાવંત, શીલવંત, સત્યવાદી, સંત અને ઉત્તમ કુળવાન ત્યાં સુધી ગણાય છે કે જ્યાં સુધી પારકા પાસે હાથ માંડતો નથી. ભણ્યુંગણ્યું, વિચક્ષણપણું અને કવિપણું એ બધું માગવાથી નાશ પામે છે. માણસનું વીશવસાપણું તમામ માગવાથી નાશ પામી જાય છે તેને નીચા નમન પ્રાપ્ત થાય છે. તેનું વાચાળપણું નાશ પામે છે. વિજ્ઞાનીનું વિજ્ઞાન ને શૂરાનું શૂરપણું નાશ પામે છે. દયા, વિનય ને પરોપકારથી મેળવેલી કીર્તિ નાશ પામે છે. થોડાબોલો માણસ પણ તો જ ગમે છે કે જો તે ભિક્ષાભોજન જમતો ન હોય. મંત્ર, યંત્ર, તંત્ર, મૂળ એ સર્વ માગવાથી ધૂલિવત્ થઈ જાય છે. નાના-મોટાની, સુરપતિની કે છત્રપતિની પણ માગવાથી લઘુતા થાય છે." કુમારપાળ કહે છે– 'સુપુરૂષ હો તે આ વાત સાંભળજો કે બની શકે

તે દેજો પણ કોઈની પાસે હાથ ધરશો નહીં. ગૃહસ્થને પણ માગવું તે ભુંડામાં ભુંડું છે.' કર્તા કહે છે કે– "મારી વાત પણ સાંભળજો. તે એ છે કે-માગવાની વાત કરશો નહીં. માગવાથી માન રહેશે નહીં અને સ્વજનસંબંધી પણ માન આપશે નહીં. નગરમાં ન રહેવાય તો વગડામાં જઈને રહેજો, પરંતુ સજ્જનની પાસે પણ માગવા જશો નહીં. સુંદર મંદિરમાં રહેવા કરતાં ઝુંપડામાં જઈને રહેજો, પણ કોઈની પાસે માગવા જશો નહીં. રૂડાં રૂડાં પકવાન્ન ખાવા કરતાં સાદું ધાન્ય માત્ર ખાવું સારૂં, પટોળા પહેરવા કરતાં સાદુ કપડું પહેરવું સારૂં પણ માગવું સારૂં નહીં. સુખીઆથી દુ:ખીઆ રહેવું સારૂં, ચંદન કરતાં અગ્નિ સારો અને જીવ્યાથી મરવું સારૂં પણ બીજા પાસે હાથ ધરવો સારો નહીં. માગીને ગુણની હાનિ કરવી નહીં. માગવાથી મળેલી ગાય કરતાં બાંડી બોકડી સારી, માટે પોતાની લજ્જા રાખવી. મુખે કદિ પણ દીન વચન બોલવું નહીં કારણ પડ્યે પણ જે માણસ ટેક રાખે છે તે માણસ પરિણામે રાજ્યને પણ પામે છે." છેવટે કવિ કહે છે કે– 'એટલું જ ખાસ ધ્યાનમાં રાખજો કે માગ્યા જેવું માઠું બીજું કાંઈ નથી.'

હવે કુમારપાળ ત્યાંથી આગળ ચાલ્યા. માર્ગમાં એક જાન મળી.

કુમારપાળે જાન આવેલ જાણીને તેની પાસેથી ખાવાનું મળવાની આશાથી તેની ભક્તિ કરવા માંડી. જાનૈયા બધા જમવા ઉઠ્યા ત્યારે કુમારપાળે તેમના પગ ધોવા માંડ્યા. કવિ કહે છે કે:-

દૈવ નચાવે જિણીપરે, તિમ નાચે રંક રાય;<br>
કુમારપાળ નર સારિખા, પરના ધોવે પાય.

જાન જમી ઉઠી એટલે કુમારપાળના મનમાં આશા હતી કે હવે મારી ખબર લેશે, પણ કોઈએ તેની ખબર લીધી નહીં-ખાવાનું બીલકુલ આપ્યું નહીં. કવિ અગાઉ થઈ ગયેલા એક વિરૂઆ શેઠની હકીકત લખે છે કે– 'તે બહારગામ જતો હતો ત્યાં માર્ગે ખાવા બેઠો. તેની સામે એક કુતરો ઘણો ભૂખ્યો હતો તે બેસી રહ્યો. શેઠ જમી ઉઠ્યો પણ એક

રોટલીનો કકડો પણ કુતરાને નાખ્યો નહીં. આવા કૃપણ મનુષ્યો પણ જગતમાં હોય છે. તે જીંદગી સુધી રળે છે પણ પોતાનું દ્રવ્ય વાપરી શકતા નથી અને આખરે ખાલી હાથે ચાલ્યા જાય છે-દુર્ગતિનું ભાજન થાય છે.' અહીં કુમારપાળના મનમાં જાનવાળા ઉપર બહુ રીસ ચડી. કવિ કહે છે કે:-

દુષ્ટો તે જગ જાણીએ, મતિહીણા નર મંદ;
વિવેકહીણ જાણી કરી, ખીજ્યો કુમર નરિંદ.
ચીર પીતાંબર પામરી, સાર પટોળા પટ્ટ;
સકળ વસ્તુ દ્રવ્યે લહે, વિવેક ન લહે હટ્ટ.
વિવેકવશે નર તે હુવે, જે પંડિત દાતાર;
વિવેકહીણો નર જાણવો, કીરપી અને ગમાર.

કુમારપાળ વિચાર કરે છે કે- 'મેં આની આટલી ભક્તિ કરી પણ એણે મારી ખબર જ ન લીધી.' પછી તે જાન કોની છે? એમ પૂછતાં જણાયું કે- 'એ લાડ વાણીઆની જાન છે.' કુમારપાળે વિચાર્યું કે- 'અત્યારે તો હું શું કરી શકું? પણ રાજ્ય પામીશ ત્યારે આનો બદલો આપીશ.'

પછી કુમારપાળ ભૂખથી મંદશક્તિવાળા થયા સતા આગળ જતા હતા તેવામાં એક કુડલીઓ વેપારી મળ્યો. તેણે ત્યાં રાંધવાનું શરૂ કર્યું એટલે કુમારપાળે તેને પાણી, ઇંધણા વિગેરે લાવી દીધું. પછી રસોઈ તૈયાર થઈ એટલે પેલા કુડલીઆએ કુમારપાળને સારી રીતે ખાવાનું આપ્યું. કુમારપાળ જમીને નિવૃત થયા. અહીં કવિ કહે છે કે:-

જિણે દીધું તિણે જ દેવાય, નદી ખણ્યે જળ પ્રગટ જ થાય;
મોટા ડુંગર મધ્ય મોઝાર, ખણતાં ટીપ ન લહીએ વાર. [પાણી.]
કુડલીઓ જાતે દાતાર, નદી સરિખો નરમાં સાર;
શાસ્ત્ર ભણ્યાવિણ શુભ મતિ જેહ, કર્મયોગે સાંપડે છે તેહ.

પૂર્વકર્મને યોગે જીવમાં જન્મથી જ અમુક ગુણ-દાન, શીલ, તપ,

ભાવ વિગેરેનો પડે છે-પરોપકારી થાય છે, માટે હે આત્મા! તું શુભ મતિ આણજે, તત્ત્વનો વિચાર કરજે, મનુષ્યનો ભવ પામીને હારી જઈશ નહીં, પરોપકારી થજે, વિનયવંત થજે, જિનપૂજા દરરોજ કરજે, પારકા અવગુણ જોઈશ નહીં. અને બોલીશ પણ નહીં. સત્પુરૂષની સંગતિ કરજે અને તેની સેવા કરજે. ઉત્તમ પુરૂષોમાં પ્રાયે આ ગુણો હોય છે. મનુષ્યભવને સફળ કરવાનો ઉપાય જ એ છે. વળી-

દયા ઘણી જસ જીવમાં, દાક્ષિણ્યતા ગુણ સાર;
અલ્પકષાયી ઉપશમી, સહેજે થોડો આહાર. ૧
શાસ્ત્ર સંબંધ સહેજે હુવે, ઉપજે આપ વિવેક;
સહેજે અમૃત [મીઠું.] બોલતો, કઠીન વચન નહીં એક. ૨
અલ્પ રાગ નર જેહને, સહેજે થોડો દ્વેષ;
પ્રેમ ધરે મનમાં ઘણો, દેખી મુનિવર વેશ. ૩
હાસ્ય વિનોદ ક્રીડા નહીં, સહેજે થોડો ભોગ;
અલ્પ માન માયા નહીં, પ્રાયે થોડો શોગ. ૪
સહેજે જૂઠું નવિ ગમે, પ્રાયે થોડો લોભ;
ભવ્ય જીવ આશા તજે, સહેજે તેહની શોભ. ૫
ગુરૂ ઉપદેશ વિના વળી, કર્મયોગે ગુણ હોય;
વિવિધ જાતિના પંખિયા, પંચવરણ તનુ જોય. ૬
નીલકંઠ કોણે ચિતર્યો, કાગકીયા કિણે શ્યામ?
સુપુરૂષ ને શુક પંખિયા, સહેજે જપતા રામ. ૭
હસ્તિદંતુશળ કુણે ઘડ્યા, અઘડ હુઆ કિમ ઉંટ?
દિવ્ય રૂપ નર એકનો, જન્મ થકી એક ટુંટ. ૮
તેહને કહો કુણ શિખવે, સહજ તણા ગુણ એહ;
અમૃત અંબવન કડુઆ કરી [કરીયાતું વિગેરે.], સહેજે હુઆ તેહ. ૯
સહેજે સુપુરૂષ રૂઅડો, સહેજે હોય વિજ્ઞાન;

સહેજે મુખ મધુરૂં લવે, સહેજે દેતાં દાન. ૧૦

(ઉપરના બધા દુહા મનન કરવા જેવા છે. અર્થ પ્રગટ હોવાથી લખેલો નથી.) અહીં ભીમા કુડલીઆએ કુમારપાળને સહેજે પોતાના દાનગુણથી જ સારી રીતે ખાવાનું આપ્યું, તેથી કુમારપાળ બહુ પ્રસન્ન થયા અને તેની પ્રશંસા કરી કે– 'તું ખરેખરો વણિક છે. સાચા વણિક આવા દાતાર તેમજ વિવેકી હોય છે, તેથી સામા માણસને તરત જ ઓળખી જાય છે અને ઉચિત સાચવે છે.' પછી કુમારપાળે તેને કહ્યું કે– "તેં મારી ભક્તિ બહુ સારી કરી છે તો અત્યારે તો હું તારા ગુણનો ઓશીંગણ થઈ શકું તેમ નથી, પરંતુ જ્યારે મને ગુજરાતનો ધણી થયેલો સાંભળ ત્યારે મારી પાસે આવજે. તે વખતે બની શકશે તેટલો તેનો બદલો હું વાળીશ."

આ પ્રમાણે કહીને કુમારપાળ આગળ ચાલ્યા. થોડે આગળ ગયા તેવામાં પાટણમાં જેશંગદે રાજા મરણ પામ્યો; પરંતુ તેણે મરતાં અગાઉ પોતાના ચાર મંત્રી કૃષ્ણદેવ, કાન્હડદે, સાતો ને સાજણ તેને પોતાની પાસે બોલાવીને કહ્યું કે– 'તમે મારે ગળે હાથ મૂકો કે મારી પાછળ કુમારપાળને રાજ્ય આપવું નહીં.' તેઓએ તેમનું મન રાખવા માટે તેને ગળે હાથ મૂક્યા એટલે તે ખુશી થયો ને નિરાંતે મરણ પામ્યો. 'જુઓ, જીવોની સ્થિતિ! પોતાને પાછળ જોવા આવવું નથી, છતાં દ્વેષબુદ્ધિ ત્યાં પણ કામ કરે છે. આવા ઈર્ષ્યાભાવથી જીવ દુર્ગતિનું ભાજન થાય છે.'

જેશંગદે રાજા મરણ પામતાં રાજરીત પ્રમાણે તેની મરણક્રિયા કરવામાં આવી અને અગર કર્પૂર વિગેરે સુગંધી પદાર્થોસહિત ચંદનની ચયમાં તેને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

સોનાવરણી ચેહ બળે, રૂપાવરણી દેહ;
કુંકુમ વરણી છાંયડી, અગ્નિ પ્રજાળે તેહ. ૧
માન મ ધરશો માનવી, કિશ્યો કાયાનો ગર્વ?

સુર નર કિન્નર રાજીયા, અંતે મૃત્યુવશ સર્વ. ૨
જે શીર રવિસમ બાંધતાં, સાલુ સખરી પાગ;
તે નર પોઢ્યા પાથરી, ચાંચ દીએ શીર કાગ. ૩
જે નર ગુંજી બોલતાં, વાપરતા મુખે પાન;
તે નર અગનિ પોઢિયા, કાયા કાજળ વાન. ૪
ચીર પીતાંબર પહેરણે, કંઠે કનકના હાર;
તે નર અંતે માટી થયા; જોતાં કાંઇ નવિ સાર. ૫
જે શિર છત્ર ધરાવતા, ચઢતા ગજવર ખંધ;
તેહને અંતે લઇ ગયા, દેઇ દોરડા બંધ. ૬
ચોસઠ સહસ અંતેઉરી, પાયક છન્નુ ક્રોડ;
તે નર અંતે એકલા, સુતા ચીવર ઓઢ. ૭
જેહ જિહાં તે તિહાં રહ્યું, પાપ પુન્ય બે સાથ;
એહ સરૂપ જ દેહનું, પુન્ય કરો નિજ હાથ. ૮
જેહશું હસીહસી બોલતા, કરતા ભોજન સાર;
તે નર કાળે માટી થયા, ઘડતા પાત્ર કુંભાર. ૯
ચંપકવરણી દેહડી, કદળી કોમળ જાંઘ;
તે નર સુતા કાષ્ટમાં, પડે ભડોભડ ડાંગ. ૧૦
દેહ વિડંબણ નર સુણી, મ કરીશ તૃષ્ણા લાખ;
જેશિંગ સરિખો રાજીઓ, બાળી કર્યો તિહાં રાખ. ૧૧

(ઉપરના બધા દુહા ખાસ હિતશિક્ષા યુક્ત છે, તે જરૂર વાંચનાર બંધુઓએ અર્થના વિચાર સાથે વાંચી જવા.) કર્ત્તા આગળ કહે છે કે- 'આ જગતમાં મોટા ધુરંધર ઘણા થઇ ગયા પણ તે કોઇ અમર રહ્યા નથી. જુઓ ઋષભદેવ પરમાત્મા, ભરત ચક્રી, તેના નવાણુ ભાઇઓ, વાસુદેવ અને બળદેવ તે સૌ કે જેની દેવતાઓ સેવા કરતા હતા તેઓ પણ બધું મૂકીને ચાલ્યા ગયા. ભરત, બિભીષણ, હરિ, હનુમંત, કર્ણ, પાંડવ અને કૌરવ કે જેઓ જેતા (જીતનાર) નું બિરૂદ ધરાવતા હતા તેઓ પણ

કાળને વશ થયા. નળ, કુબેર, હરિશ્ચંદ્રરાજા, રાવણ અને રામ સરખા પણ હઠ છોડી બધું મૂકીને ચાલ્યા ગયા. દશાર્ણભદ્ર ને વિક્રમરાજા કે જે સર્વ રાજાઓમાં શિરદાર હતા, તેઓ અને સગરચક્રીના ૬૦૦૦૦ પુત્રો તે પણ બધા આ ભૂમિમાં સમાઇ ગયા. તે જ પ્રમાણે ગુર્જરદેશનો નાયક સિદ્ધરાજનું બિરૂદ ધરાવનાર જેશંગદે પણ પુણ્ય ને આયુષ્ય ખૂટ્યું એટલે કાળને વશ થઇ ગયો.

આ હકીકત ચાલતી ચાલતી જ્યાં કુમારપાળ હતા ત્યાં આવી. તેણે તે વાત સાંભળી વધારામાં એમ પણ સાંભળ્યું કે અત્યારે પાટણમાં કોઇ રાજા નથી અને રાજાને ઠેકાણે પાદુકાની પૂજા થાય છે. આ વાત સાંભળીને કુમારપાળ એકદમ ચાલ્યા. પ્રથમ ઉજેણીમાં આવ્યા. વોસિરી વિપ્રને અને સજ્જન કુંભારને મળ્યા. પછી પોતાના તથા સજ્જનના કુટુંબને લઇને ત્યાંથી ઉતાવળા ચાલ્યા. અનુક્રમે સિદ્ધપુરમાં આવીને પોતાના કુટુંબને ત્યાં રાખ્યું અને પોતે એકલા પાટણ ભણી ચાલ્યા. પાટણપુરમાં પ્રવેશ કરતાં કુમારપાળને બહુ જ શુભ શકુનો થયા. કવિ કહે છે કે:-

'વેશ્યા, વહેલ, વારિઘટ (પાણીનો ઘડો), મદિરા, માટી ને અન્ન એ છ જો સામા મળે તો તે માણસ ઘણું દ્રવ્ય પામે. અગ્નિ, પુષ્પ, દીપક, દહીં, ઘૃત, શ્રીફળ ને અરિસો આ સાત સામા મળે તો તે છત્રધારી રાજા થાય. ચીબરી શબ્દ કરે અને વાનર, હરણ જમણા ઉતરે તો શુભ ગણાય તેમજ સાંઢ, સારસ, ખર, અશ્વ જો ડાબા ઉતરે તો અફળ વૃક્ષો પણ ફળે અર્થાત્ અણધાર્યો લાભ પ્રાપ્ત થાય.' આ પ્રમાણે શકુનનો વિચાર શાસ્ત્રમાં ઘણો કહ્યો છે, તેમજ સુપનનો વિચાર પણ ઘણો કહ્યો છે. તેમાંથી સ્વપ્રવિચાર પરોપકારને માટે કહું છું.

(આ પ્રમાણે કહીને કર્તાએ સ્વપ્રસંબંધી વિચાર બહુ વિસ્તારથી ઘણે ભાગે કલ્પસૂત્રની ટીકામાં આવે છે તે અનુસારે કહ્યો છે, પણ બહુ વિસ્તાર થઇ જવાના કારણથી તે અમે અહીં લીધેલ નથી. વળી અમારા

વાંચનારાઓ પણ હવે કુમારપાળને ક્યારે અને કેવી રીતે રાજ્ય મળે છે? તે જાણવાને આતુર થઇ ગયેલા હોવાનો સંભવ છે, તેથી તે હકીકત જ કહેવામાં આવે છે.)

કુમારપાળ શુભ શકુને પાટણમાં પ્રવેશ કરી પોતાના બનેવી કૃષ્ણદેવને ત્યાં આવ્યા. પ્રેમલાદેવી તેમની બહેને ભાઇનો સારી રીતે સત્કાર કર્યો અને નાવા માટે પાણી કાઢ્યું. તે વખતે દુર્ગા (ચકલી) આવીને પાણીમાં નાચવા કુદવા લાગી. તે જોઇને કુમારપાળ અવસર ઉચિત બોલ્યા કે- ‘હે દુર્ગા! જો મને રાજ્ય મળવાનું હોય તો મારે માથે રહીને નાચ.’ તે જ વખતે દુર્ગા ઉડીને તેમના મસ્તકઉપર બેઠી અને ત્યાં નાચવા તેમજ આનંદ કરવા લાગી. તે વખતે એક શકુનપાઠક મધુર વચને બોલ્યો કે- ‘હે રાજન્! આજથી સાતમે દિવસે તમને રાજ્ય મળશે અને અનેક રાજાઓ તમારી આજ્ઞા મસ્તકપર વહન કરશે.’

પાટણમાં બધા મંત્રીઓએ મળીને વિચાર કર્યો કે- ‘આપણે રાજ્ય કોને દેવું?’ પછી જેશંગદેના કુળમાંથી એક રાવતને શોધી કાઢ્યો અને તેને રાજ્ય આપ્યું. રાજ્યસિંહાસને બેઠા પછી તે બોલ્યો કે- ‘તમે મને રાજ્ય આપ્યું છે તો હવે હું શું કામ કરૂં તે કહો.’ તેની આવી વાણી સાંભળીને મંત્રીઓએ વિચાર્યું કે- ‘આ રાજ્ય શું કરશે? શિયાળને કદી સિંહને સ્થાનકે બેસાડીએ તો તેથી શું તે સિંહ થાય? ન જ થાય.’ પછી તેને ઉઠાડી મૂકીને બીજા રાવતને શોધી કાઢી તેને રાજ્યે બેસાડ્યો, પણ ભીંત વિના ભાર સહન કેમ થાય? તેના તો ગાત્રભંગ જ થઇ ગયા, તેની કેડ જ તૂટી ગઇ. તે તો નીચું જોવા લાગ્યો ને બીવા લાગ્યો, એટલે તેને નિઃસત્ત્વ જાણીને ઉઠાડી મૂક્યો. ‘કદિ ગંગામાં પખાળો તેથી શું કેશ હીરરૂપ થઇ જાય? ન જ થાય.’ પછી ત્રીજા રાવતને શોધી કાઢીને બેસાડ્યો. તેને તિલક કરવા માંડ્યું તે વખતે તે બોલ્યો કે- ‘ઉભા રહો, હું મારૂં કપાળ જરા ધોઇ આવું.’ આવી તેની વાણી સાંભળીને તેને પણ ઉઠાડી મૂક્યો કેમકે ‘માનસરોવરમાં ઝીલવાથી પણ કાંઇ કાગ ટળીને

હંસ ન થાય.' પછી ચારે મંત્રીઓ ભેળા થઇને વિચાર કરવા લાગ્યા કે- 'હવે રાજ્ય કોને આપશું?' છેવટે કૃષ્ણદેવે કહ્યું કે- 'આપણું વચન પણ રહે ને કામ થાય એવો ઉપાય બતાવું.' તેણે પછી એવો ઉપાય બતાવ્યો કે- 'એક હાથણીને શણગારીને તેની સૂંઢમાં કળશ આપવો, તે જેના પર કળશ ઢોળે તેને રાજ્ય આપવું.'

આવો નિર્ણય કરીને હાથણી શણગારી તેની સૂંઢમાં કળશ આપ્યો. નગરમાં ઢંઢેરો પીટાવ્યો કે- 'સર્વ ક્ષત્રીઓ, સુભટો જેઓ રાજ્યના ઇચ્છક હોય તેમણે તૈયાર થવું. આ હાથણી જેની ઉપર કળશ ઢોળશે તેને રાજ્ય આપવામાં આવશે.'

આ પ્રમાણેની વાત આખા શહેરમાં પ્રસરી ગઇ. લાખો સુભટો એકઠા થઇ ગયા. હાથણી પણ રાજમહેલમાંથી ચાલી. તે વખતે કોઇની ઉપર કળશ ન ઢોળતાં તે તો આગળ ચાલી. એટલે એકઠા થયેલા ક્ષત્રીઓ અનેક પ્રકારની ચેષ્ટાઓ હાથણી સામે કરવા લાગ્યા અને જેમ આવે તેમ બોલવા લાગ્યા. કેટલાક તો તેની સામે આવવા લાગ્યા, કેટલાક તેના પગમાં પડવા લાગ્યા; પણ હાથણીએ તો કોઈની દરકાર કરી નહીં અને તે તો અનેક શેઠ સાર્થવાહ વિગેરેને છોડી દઈને શહેરની બહાર ચાલી અને જ્યાં કુમારપાળ બેઠેલા હતા ત્યાં આવીને તેની ઉપર કળશ ઢોળ્યો. તે વખતે જયજયકાર શબ્દ થયો. ચારે બાજુથી લોકો પણ જય જય શબ્દ કરવા લાગ્યા. 'આ બધા પુન્યના પ્રતાપ છે.' કવિ કહે છે કે:-

પુન્યે ગજ રથ ઘોડલા, પુન્યે પુત્ર વિનીત;
પુન્યે દીરઘ આવખું, પુન્યે મહિપતિ મિત્ર. ૧
પુન્યે સૌ સુખ સાંપડે, પુન્ય સમું નહીં કોય;
શત્રુ જોઈ નવિ શકે, તે સવિ પુન્યથી હોય. ૨
પુન્યે ભોજન દેવના, પુન્યે સુશીલા નાર;
પુન્યે સુખભર જીવીએ, ગજ ગાજે દરબાર. ૩

પુન્યે મંદિર માળીઆ, પુન્યે રૂપ ઉદાર;
પુન્યે કમળા ઘર રમે, પુન્યે ભોગ સુમાર. ૪
પુન્યે ચિવર અતિ ભલા, સુખશય્યા બહુ હોય;
પુન્યે જીજી સહુ કરે, વચન ન ખંડે કોય. ૫
પુન્યે બંધવ બહેનડી, પુન્યે માતપિતાય;
પુન્યે સુર સેવા કરે, પુન્યે જસ બોલાય. ૬
પુન્યે દેશ અઢારનું, કુમર નરેશ્વર રાજ્ય;
પુન્યે પાટણ બેસણું, પુન્યે વાધી લાજ. ૭

પુન્યના ઉદયથી કુમારપાળને રાજ્યપ્રાપ્તિ થઈ, તેમાં બનેવી કૃષ્ણદેવની પૂરતી સહાય હતી; કારણ કે પાણી ઘડા વિના ભરાતું નથી અને વાડ વિના વેલો ચડતો નથી. ધનુષ્ય વિના તીર ચાલતું નથી અને પાણી વિના વૃક્ષ પોષાતું નથી. પવન વિના વહાણ ચાલતું નથી અને પ્રાણ વિના કાયા કામ આવતી નથી. નીસરણી વિના માળપર ચઢાતું નથી અને સુભટોની સહાય વિના રાજા શોભતો નથી. બાળક મટીને વૃદ્ધપણું પ્રાપ્ત થાય છે ત્યારે લાકડીની સહાય હોય છે તો ચાલી શકાય છે. સહાયતાની વાત મોટી છે. કેશીગણધરે પરદેશી રાજાનો હાથ ઝાલ્યો તો તે સદ્ગતિનું ભાજન થયો. ચંડકોશીઆ ઉપર વીરપ્રભુએ મીઠી દૃષ્ટિ કરી તો તે સદ્ગતિ પામ્યો. પાંડવોને કૃષ્ણ મળ્યા તો તેમણે રાજ્ય મેળવ્યુ. હનુમાને રામચંદ્રને બનતી મદદ કરી તો તે ઉપયોગી થઈ પડી. તેમ અહીં કૃષ્ણદેવની સહાયથી કુમારપાળને સૂંઢવડે ઉપાડીને પોતાની ઉપર બેસાડ્યા અને તેમણે પાટણમાં પ્રવેશ કર્યો. તે રાજમહેલમાં આવ્યા ત્યાં સર્વ મંત્રીઓએ તેમને પ્રણામ કર્યા અને સર્વ શેઠ શાહુકારો પણ રાજ્યારોહણના મહોત્સવ નિમિત્તે ત્યાં આવ્યા. કુમારપાળને રાજસિંહાસનપર બેસારવામાં આવ્યા અને તેને સર્વેએ મળીને રાજતિલક કર્યું. તે વખતે તે સૂર્યસમાન શોભવા લાગ્યા.

પછી શેઠ, શાહુકાર, મંત્રી, સેનાપતિ વિગેરેએ મળીને પૂછયું કે–

'તમે અઢાર દેશનું રાજ્ય કેવી રીતે કરશો?' એટલે કુમારપાળ એકદમ હાથમાં ખડ્ગ લઈ ઉભા થઈને બોલ્યા કે- "આ ખડ્ગને બળે રાજ્ય કરીશ. જે મારી આજ્ઞા નહીં માને તેને હું કાળરૂપ થઈશ અને આજ્ઞામાં રહેશે તેને સુખી કરીશ. લક્ષ્મી કાંઈ કોઈને માટે મુકરર થયેલી નથી, જે શૂરવીર હોય છે તે જ તેનો ઉપયોગ કરી શકે છે. આ પૃથ્વી સુભટપુરૂષને જ વશ છે, તેથી હું ભુજાબળે રાજ્ય કરીશ.'

આ પ્રમાણે સંવત ૧૧૯૯ ના માગશર માસની વદિ ચતુર્થીએ કુમારપાળની રાજ્યપર સ્થાપના થઈ અને એની આણા અખંડપણે સર્વત્ર પ્રવર્તી. હાથી, ઘોડા, રથ, પાયદળ, વિગેરે ચતુરંગિણી સેના તેમના દર્શન કરવા આવી. નગરના લોકોએ-સ્ત્રી પુરૂષોએ મણિમુક્તાફળના થાળ ભરીને વધાવ્યા. પંચશબ્દ વાજીત્રો વાગવા લાગ્યા ઘરેઘરે તોરણ બંધાણા. ઘરેઘરે ગુડીઓ ઉછળવા લાગી અને ચોતરફ ઉત્સવ પ્રવર્ત્યો.

કુમારપાળ નરેંદ્રકેશરી અનેક પ્રકારે આનંદ ભોગવવા લાગ્યા. અન્યદા રાજ્ય કરતાં વિચારવા લાગ્યા કે 'હું ઘણે ઠેકાણે રાજ્યપ્રાપ્તિ અગાઉ ભમ્યો છું તે વખતે મારી ઉપર જેણે જેણે ઉપકાર કર્યો છે તે સંભારીને મારે તેનો પ્રત્યુપકાર કરવો જોઈએ.' કહ્યું છે કે-

અવગુણ પુંઠે ગુણ કરે, તે વિરલા સંસાર;
ગુણ કેડે ગુણ કીજીએ, અવસરે સોચ સંભાર. ૧
ગુણકેડે ગુણ નવિ કરે, કૃતઘ્ન તેહનું નામ;
જે નર હોય ગુણમચ્છરી [ગુણની ઈર્ષ્યા કરનારા.], તે ન લહે શુભ ઠામ. ૨.
દાન દીએ ને તપ તપે, પૂજે જિનવર પાય;
કવિયણ કહે ગુણમચ્છરી, મુગતે કિમહી ન જાય? ૩

કુમારપાળ તો કૃતજ્ઞમાં શિરોમણિ હતા, ગુણના જાણનારા હતા અને પવિત્ર વંશના હતા; તેથી તેમણે પોતાની ઉપર ઉપકાર કરનારાઓને સંભારી સંભારીને પોતાની પાસે બોલાવ્યા.

પ્રથમ અલીકુંભારને બોલાવ્યો અને કહ્યું કે- 'તમે મારા દેહની

રક્ષા કરી હતી, તેથી આ ૭૦૦ સાતસો ગામ તમને આપું છું તે ભોગવો ને આનંદ કરો.' પછી ભીમ હાલીને બોલાવ્યો ને કહ્યું કે- 'તમે મારા દેહની રક્ષા કરો, મારી પાસે રહો અને સુખ ભોગવો.' જે શ્રીદેવીએ કરંબો ખાવા આપ્યો હતો તેની પાસે તિલક કરાવ્યું અને તેને ધોળકા દીધું. ચણા માટે વળગ્યો હતો તે કુટકવણિકને વડોદરા આપ્યું. સજ્જન કુંભારને ચિતોડનો ગઢ આપ્યો. વોસિરી ભટ્ટને લાટદેશ આપ્યો. ઉદયનને બોલાવીને પોતાનો પ્રધાન નીમ્યો અને કહ્યું કે- 'આ રાજઋદ્ધિ બધી તારી છે, હું તો શેર ધાન્યનો અધિકારી છું.' પછી શ્રી હેમચંદ્રાચાર્યની પાસે જઇ નમસ્કાર કરીને કહ્યું કે- 'હે સ્વામી! આ પૃથ્વીનું રાજ્ય આપ અંગીકાર કરો; બીજી કોઇ રીતે હું આપના ગુણનો ઓશીંગણ થઇ શકું તેમ નથી." (હેમચંદ્રાચાર્યે તેનો અસ્વીકાર કરી જૈન ધર્મ અંગીકાર કરવા કહ્યું. તે સંબંધી વધારે હકીકત આગળ આવશે.) સર્વાર્થ યોગીને બોલાવી તેને સુવર્ણ મઢી કરાવી દઇ પાટણમાં જ રાખ્યો. ક્ષેત્રપાળ અને લક્ષ્મીની મૂર્તિ કરાવીને તે કોલંબ પાટણના સ્વામીને મોકલી અને તેને પ્રસન્ન કર્યો. જે યોગીએ ચતુરાઇવાળા વચનો કહ્યાં હતાં તેને કનકનો દંડ ને ખપ્પર કરાવી આપ્યા અને તેના કંઠમાં રત્નનો હાર નાખ્યો. રામચંદ્ર મુનિને તેડાવી તેમની પાસે જઇને રાજા તેમને પગે લાગ્યા અને સુવર્ણના પુષ્પે વધાવ્યા તેમજ ઘણી પ્રશંસા કરી. કાશીદેશના જે વાણીઆએ કુમારપાળને ઘરમાં રાખ્યા હતા તેને સોળ ગામ આપ્યા. બાળચંદ્ર ચર્મકારને બોલાવીને તેને સામંતરાય બનાવ્યો અને બાર ગામ આપ્યા. આંબાના રખેવાળને સંભારીને તેડાવ્યો અને તેને પોતાના બધા વનનો સ્વામી બનાવ્યો. ત્યાં તે સુખે પોતાનો કાળ વ્યતીત કરવા લાગ્યો. સ્ત્રીવિયોગી શેઠને બોલાવી તેની પદ્મિની સ્ત્રી મંગાવીને તેને સોંપી અને કેટલોક સાસરવાસો કર્યો. સરહિઆને બોલાવીને તેને નગરશેઠ સ્થાપ્યો. કણબણને પોતાની માતાપણે સ્થાપીને તેને વીશ ગામ આપ્યા. ઘૃત કુડલીઓ જેનું નામ શીરાજ હતું તેને બોલાવી સોરઠદેશના કેટલાક

ગામો આપી તેનો સ્વામી બનાવ્યો. કૃષ્ણદેવ,પોતાના બનેવીને પગે પડી રાજ્યનો તમામ ભાર તેની ઉપર સ્થાપન કર્યો-તેને સોંપ્યો અને કહ્યું કે- 'આ સર્વ દેશનું રાજ્ય તમે કરો અને મને પૂછવું ઘટે તે પૂછજો.'

પાંચશેં ભરડાઓ કે જેના વાસમાં પોતે રહ્યા હતા તેને સંભારીને તેને રહેવા માટે ખાસ મંદિર આપ્યું. જ્યાં સોનૈયા લઇ લેવાથી ઉંદરનું મરણ થયું હતું ત્યાં એક જિનભુવન બંધાવી તેનું નામ ઉંદરવિહાર પાડ્યું. જે સુપનપાઠકે રાજ્યપ્રાપ્તિની વાત કહી હતી તેને આભૂષણાદિવડે સુવર્ણસમાન બનાવીને સાત ગામનો સ્વામી કર્યો. માથા વિનાના પુરૂષની કથા જેણે કહી હતી તે પાંચે સ્ત્રીઓને એકેક ગામ આપ્યું અને જે પૂજારીએ મસ્તકની વાત કરી હતી તેને બોલાવીને એક હજાર સૌનૈયા આપ્યા અને સાત સોનાની જીભો આપી. આ પ્રમાણે જેણે જેણે જેટલો જેટલો ગુણ કર્યો હતો તેને તેને બોલાવીને તેણે કરેલા ગુણના પ્રમાણમાં ઉદાર દિલથી તેનો બદલો આપ્યો અને સારી રીતે સંતોષ પમાડ્યો, જેથી કુમારપાળનો યશ જગતમાં વિસ્તાર પામ્યો.

ભોપાલદેવી જે પરણેલી પદ્મિની સ્ત્રી હતી તેને પટરાણી બનાવી અને પદ્માવતી ને બીજી સોળ કન્યા સાથે પરણી તેને રાજમહેલમાં દાખલ કરી. કુમારપાળ ૧૮ દેશના રાજા થયા. તેને ૧૧૦૦ હાથી, અગ્યાર લાખ ઘોડા, ૫૦૦૦ રથ, ૧૮ લાખ પાયદળ-આ પ્રમાણે ચતુરંગિણી સેના થઇ એને ઘણા બુદ્ધિમાન સામંતો થયા, તેમજ શૂરવીર સુભટો ને સેનાપતિ થયા. આ પ્રમાણે કુમારપાળ રાજા આકાશમાં સૂર્ય દીપે તેમ દીપવા-શોભવા લાગ્યા અને મહાપ્રતાપી થયા.

હવે એકદા કુમારપાળ રાજા તુરંગમપર ચઢીને નગર બહાર ફરવા ગયા, તેવામાં કાંઇક રંગમાં ભંગ પડવાથી તેમના બનેવી કૃષ્ણદેવ હસ્યા અને કાંઇક મર્મવચન બોલ્યા. તે સાંભળીને કુમારપાળને બહુ લાગી આવ્યું, પણ તે વખત તો તેણે ખમી ખાધું.

કુમારપાળે કૃષ્ણદેવને હસતા જોઇને વિચાર્યું કે- 'આ મારા

બનેવી થાય છે. વળી આજ પહેલે જ દિવસે ક્યાં કોપ કરૂં? રાજમહેલમાં જઇ એકલા બોલાવીને કહીશ.' આમ વિચારી રાજમહેલમાં જઇ કૃષ્ણદેવને બોલાવીને કહ્યું કે- "તમે મારા મોટા બનેવી હોવાથી બાપને ઠેકાણે છો, તેથી મારી કાંઇ ભૂલ જણાય તો તમે મને એકાંતમાં અડબોથ મારજો; પણ સભા વચ્ચે મારી હાંશી કરશો નહીં. તમારા હસવાથી મારૂં કાર્ય વિનાશ પામે છે. સુભટો પણ મારૂં માનતા નથી. કર્મના મર્મથી થયેલી વાત અને પૂર્વના અવદાત કોઇની રૂબરૂમાં પ્રકાશવા તે યોગ્ય નથી. જીવ કર્મને વશ છે અને સરખા દિવસ કોઇના જતા નથી. કર્મની પાસે રાજા ને રંક બંને સરખા છે. કહ્યું છે કેઃ-

સરિખા દિન સઘળા વળી, ન હોય સુર નર ઇંદ;
જિહાં સંપદ તિહાં આપદા, ચડત પડત રવિ ચંદ. ૧
તરૂઅર સદા સરિખડી, જો નહિ દોલત સાર;
જે ચઢે તે નર પડે, ન પડે પીસણહાર. ૨
જેણે પથ્થર સહ્યાં ટાંકણાં, હેમ સહ્યાં લોહ ઘાય;
મુગટ થઇ મસ્તકે ચડ્યો, જિનપ્રતિમા પૂજાય. ૩

(જે પથ્થરે ટાંકણાં સહન કર્યાં તે પથ્થરની જિનપ્રતિમા બની અને તે પૂજાણી તેમજ જે સોનાએ લોહના પ્રહાર સહ્યા તે સોનાનો મુગટ થયો અને તે મસ્તકે ચડ્યો.)

જેણે વાસ્તે વેદન સહી, તેણે પામ્યું નૃપ અંગ;
મુક્તાફળ વિંધાવીઓ, તો પામ્યું સ્ત્રી સંગ. ૧
છિદ્ર લહી ચડ્યો તાવડે, વડું ધર્યું તસ નામ;
જસ જેહનો જગમાં ઘણો, સમરે આખું ગામ. ૨
જેણે ખાંધે ધોંસર ખમ્યું, તો ધોરી ગુણગ્રામ;
નહીંકર પોઠી સાંઢીયા, જસ હીણા નર નામ. ૩

(જે બળદે સ્કંધઉપર ધોંસરૂં ખમ્યું તે ધોરી-ગુણવાન કહેવાણો અને જેણે ધોંસરૂં સહન ન કર્યું તે પોઠીઆ ને સાંઢીયા કહેવાણા. એમ

જસવિનાના મનુષ્યોના નામ માટે પણ સમજવું.)

આ પ્રમાણે હોવાથી મારી પ્રથમની હકીકત સંભારવી નહીં. શાહ કે શેવડો (યતિ) તેની બુનિયાત (ઉત્પત્તિ) જોવાથી નથી. નદી, નરેંદ્ર, ઋષિ, મુક્તાફળ ને કમળ એની આદિ જોવાતી નથી; એના તો ગુણ જ જોવાય છે અને તેની સાથે વિવેકથી વર્તવું યોગ્ય છે."

દીપકનો ને રાજાનો એક જ સ્વભાવ હોય છે. દીવો કહે છે કે- 'તું મારી સંભાળ લીધા કરજે, નહીં તો મેં આ દીવો કરેલો છે એમ માનીને મારો વિશ્વાસ કરીશ નહીં.' એમ જ રાજા માટે સમજવું. મેં આને રાજ્યાસનપર બેસાડ્યો છે એમ માની તેનો વિશ્વાસ કદાપિ કરવો નહીં.

નદી નખવાળા નરપતિ, નારી વચન વિલાસ;
નિર્ગુણ નિર્લજ્જ નીચનો, શો કીજે વિશ્વાસ? ૧

(નદી, નખવાળા પ્રાણી, રાજા, નારીનાં વચનો, નિર્ગુણ, નિર્લજ્જ ને નીચ એનો વિશ્વાસ શું કરવો? અર્થાત્ ન કરવો.)

અહીં કુમારપાળ રાજા ઘણા પ્રેમથી કૃષ્ણદેવને વારે છે અને કહે છે કે- 'તમે મારી લાજ લોપશો નહીં. મેં તમને મારી બહેનના પતિ માનીને મોટેરા-વડા ગણ્યા છે અને આ રાજ્ય તમને સોંપી દીધું છે.' આ પ્રમાણે કહ્યા છતાં કૃષ્ણદેવ હાંસી કર્યા વિના રહ્યા નહીં અને વારંવાર પૂર્વની સ્થિતિ યાદ દેવા લાગ્યા. 'તીર, પશુ અને નદી પોતાનો સ્વભાવ છોડતા જ નથી.' વળીઃ-

રાસભ ચંદન ચરચીએ, કીજે સુપરે સેવ;
તોહિ લોટે છારમાં, પૂર્વ ન છાંડે ટેવ. ૧
દુધે સિંચ્યો લીંબડો, તોહી ન મીઠો થાય;
અહીને અમૃત પાઇએ, તો સહી વિષ નવિ જાય. ૨

મધુરાં વચનથી વારતાં અને સારી રીતે કહેતાં પણ સુકવિ કહે છે કે- 'હે મનુષ્યો! આ છ વાના સ્થિર રહેતા નથીઃ-

કમળા યૌવન બાળકાળ, અતિસાર ગજકર્ણ;

પ્રાણે રાખ્યા નવિ રહે, જબ આવે નર મર્ણ. ૧

'લક્ષ્મી, યૌવન, બાલ્યાવસ્થા, અતિસાર અને હાથીના કાન સ્થિર રહી શકતા નથી અને પ્રાણ પણ જ્યારે મરણ આવે છે ત્યારે કોઇથી રોકી શકાતા નથી.'

કૃષ્ણદેવ જ્યારે કોઇ રીતે વાર્યા રહ્યા નહીં ત્યારે રાજાએ વિચાર્યું કે- 'ભાંડ ને ભેંશ માર્યા જ પાંશરા થાય છે.' આમ વિચારી રાજાએ તેલ મર્દન કરનારા મર્દજીઆને બોલાવીને કહ્યું કે- 'તમે કૃષ્ણદેવ પાસે જાઓ અને તેનાં અંગનું મર્દન કરતાં તેનાં હાડકાં બધાં છુટા કરી નાખો.' રાજાની આજ્ઞાથી તેઓ કૃષ્ણદેવ પાસે આવ્યા અને વિનય દેખાડીને મર્દન કરવા લાગ્યા. તેમણે હાડકાંઓને મરડીને તેના શરીરને કોથળા જેવું કરી નાખ્યું કે જેથી તે મરે પણ નહીં ને સુખે જીવે પણ નહીં.

પછી કૃષ્ણદેવ મનમાં શોક કરવા લાગ્યા અને તેણે પોતાની જીભનો દોષ જાણી લીધો. તેણે વિચાર્યું કે- 'જેની જીભ લાંબી હોય તે સ્ત્રી કે પુરૂષ જરૂર દુ:ખીઆ થાય છે એ ખરેખરી વાત છે.' કમળપ્રભ આચાર્ય કે જેણે તીર્થંકરનામકર્મનાં દળીઆં મેળવ્યાં હતાં તે પણ મરણ પામીને દુર્ગતિએ ગયા તે જીભનો જ પસાય-તેનું જ ફળ સમજવું. ઋષભદેવે પૂર્વભવે બળદના મોઢે શીંકલી બાંધવાનું કહ્યું હતું, તેના ફળ તરીકે ઋષભદેવના ભવમાં એક વર્ષ સુધી આહાર વિના રહેવું પડ્યું. મહાવીર પરમાત્માના જીવે મરિચીના ભવમાં ભરતચક્રીના વચનથી અહંકાર કર્યો- મદનાં વચનો બોલ્યા, તો ઘણો સંસાર વધારી દીધો અને ચારે ગતિમાં પરિભ્રમણ કરવું પડ્યું. વિક્રમ રાજાની સામું બોલનારો જીભના કારણથી ઘણું દુ:ખ પામ્યો. કવિ કહે છે કે-દવથી દાઝેલા વૃક્ષો નવપલ્લવ થાય છે, પણ વચનથી દાઝેલા મનુષ્યોના મન નવપલ્લવ થતા નથી. કટુવચન તો હૃદયમાં સાલ્યા જ કરે છે. આખા જન્મભરની પ્રીતિ એક દુર્વચનથી નાશ પામી જાય છે અને સત્પુરૂષનું કહેલું એક સુવચન જન્મભર વિસરાતું નથી. સ્વર્ગ ને નરક બંને જીભથી પ્રાપ્ત થાય છે. સુખ દુ:ખ પણ

જીભથી પ્રાપ્ત થાય છે, માટે તેને વશ રાખો વશ કરો. જેને જીભ વશ નથી તે પ્રાણી આખા ભવપર્યંત દુઃખી થાય છે. એ પ્રમાણે કૃષ્ણદેવ જીભ વશ ન રહેવાથી જન્મના દુઃખી થયા.

આ હકીકત બહાર આવવાથી કુમારપાળની આજ્ઞા સર્વત્ર અખંડ મનાવા લાગી. સૌ આવી આવીને તેને નમવા લાગ્યા. કોઇએ તેમની આજ્ઞાનું ખંડન કરવાની હિંમત કરી નહીં. અનેક પ્રકારે રાજઋદ્ધિ પણ વૃદ્ધિ પામી. કુમારપાળ રાજા પણ કદિ અન્યાય કરતા નહોતા, કોઇ જાતના ગેરવ્યાજબી કર લેતા નહોતા, કોઇનો દંડ કરતા નહોતા.

કુમારપાળના રાજ્યમાં દંડ તો દેવળ ઉપર જ છે, બીજે નથી. બંધન તો ભૂષણમાં છે, બીજે નથી. કુમારપાળ સૂર્ય જેમ આકાશમાં તપે તેમ સર્વત્ર આજ્ઞાવડે તપે છે. બંધન તો બાળાની કંચુકીએ, મસ્તકની વેણીએ અને ઘોડાના પેટ ઉપર છે, બીજે નથી. લોકમાં વાંકાઇ નથી, વાંકાઇ માત્ર મહેલની કમાનમાં છે. લોકના મુખમાં નાકાર નથી, નાકારો માત્ર પરને હાનિ કરવામાં જ વપરાય છે. કોઇ કોઇનું કાંઇ હરતું નથી, માત્ર સ્ત્રી પારકા ચિત્તને હરે છે. મારી (માર) શબ્દ ગામમાં બોલાતો નથી, માત્ર લોહકાર (લુહાર) તે શબ્દ બોલે છે. વળી મારી (માર) શબ્દ ભુવાના ઘરમાં અથવા રણસંગ્રામમાં બોલાય છે, કુમારપાળના રાજ્યમાં કોઇ ઠેકાણે બોલાતો નથી. નગરના લોકો પરસ્ત્રીને અંગે નપુંસક છે અર્થાત્ આખા શહેરમાં કોઈ પરસ્ત્રીલંપટ નથી. બહુબોલા લોકો બીજી બાબતમાં નથી, માત્ર પારકા ગુણ બોલવામાં બહુબોલા છે; પારકા અવગુણ બોલવા માટે નગરના લોકો મુંગા છે. તેમના રાજ્યમાં તસ્કર ઘણા છે, પણ તે પારકા ગુણને ચોરે છે, કોઇની લક્ષ્મી ચોરતા નથી, સર્વલોક પારકા ગુણાનુવાદ જ કરે છે, પારકા અવગુણ બોલતા નથી; કેમકે પ્રાયે ત્યાં ઘણા પુણ્યવંત જનો જ વસે છે. વળી છિદ્રવિનાના લોકો જ વસે છે, છિદ્ર તો મણિ કે મોતીમાં હોય છે. વળી ત્યાં કોઈ કોઈનું દમન કરતું નથી, દમન તો હાથી અને શત્રુઓનું જ થાય છે. ત્યાં કોઈ કોઈને ગ્રહતું

નથી, ગ્રહણ તો માત્ર સૂર્ય ને ચંદ્રનું જ થાય છે. અથવા વર-વહુ એકબીજાના કરનું ગ્રહણ કરે છે. આવું તે પાટણનગર ઇંદ્રપુરીથી પણ વિશેષ શોભી રહ્યું છે; કારણ કે અહીં વધારામાં કુમારપાળ નરેંદ્ર છે.

એ પાટણ નગરમાં બાવન હહા છે તે આ પ્રમાણે-

(૧) હેમચંદ્રાચાર્ય, (૨) હેમવ્યાકરણ, (૩) હરિમતી લોકો, (૪) હેમબિંબ, (૫) હરિની મૂર્તિઓ, (૬) હા હા (દાન દેવામાં), (૭) હૃદયમાં બુદ્ધિવાળા ઘણા જનો, (૮) હસનારા, (૯) હસાવનારા, (૧૦) હરિયાળીના કહેનારા, (૧૧) હઠીલાઓ, (૧૨) હાંકવા ન પડે તેવા હાથીઓ, અને (૧૩) હયવરો (ઘોડાઓ), (૧૪) હાથે યુદ્ધ કરનારા, (૧૫) હથિયારોના ધારણ કરનારા, (૧૬) હીરા અનેક જાતિના, (૧૭) હેમાંશુંક (એક જાતનાં વસ્ત્રો), (૧૮) હંસની શ્રેણિઓ, (૧૯) હીરના બનેલા પટોળાઓ, (૨૦) હાથે મોકળા (ઉદાર) નગરના લોકો, (૨૧) હરિ (સિંહ) જેવા નરવરો, (૨૨) હેમાચળની વસ્તુઓ, (૨૩) હાંસડીઓ (ડોકનું આભૂષણ), (૨૪) હેમંતઋતુના ભોગી લોકો, (૨૫) હોંશીલા માણસો, (૨૬) હરિવંશના લોકો, (૨૭) હરિયડ લોકો, (૨૮) હાલાઓ, (૨૯) હિંદુઓ, (૩૦) હડુકના વાનારાઓ, (૩૧) હાટો, (૩૨) હેસમી, (૩૩) હરિ (સિંહો), (૩૪) હલાહલ, (૩૫) હડીમાર, (૩૬) હીંડીઆ, (૩૭) હોલા, (૩૮) હોલી, (૩૯) હંસો, (૪૦) હરણો, (આ બધા પશુઓ એવા છે કે જેને કોઈ મારી શકતું નથી.) (૪૧) હરિ (વૃષભો), (૪૨) હંસ, (૪૩) હોલા વિગેરે જીવો વનમાં સુખે રહે છે, (૪૪) હરિણાક્ષી અને (૪૫) હરિલંકી સ્ત્રીઓ, (૪૬) હંસગામિની સ્ત્રીઓ, (૪૭) હસતા વદનવાળી, (૪૮) હસતા હૃદયવાળી, અને (૪૯) હસ્તિની સ્ત્રીઓ, (૫૦) હંસ જેવા ઉજ્વળ હૃદયવાળી તથા (૫૧) એક ચિત્તે હાલનારી અને (૫૨) હાથી સરખી ગતિવાળી સ્ત્રીઓ.

આ પ્રમાણે (૫૨)હ ત્યાં છે (૫૨)વ ત્યાં નથી તે નીચે પ્રમાણે

૧. વિકટ, ૨. વિટ, ૩. વાંકા લોકો, ૪. વ્યસનો (સાત) ૫. વક્ર

ને ૬. વિરોધી મનુષ્યો, ૭. વિપરીત ભાષાના બોલનારા, ૮. વૈર, ૯. વિઘ્ન અને ૧૦. વિરૂઈ વાત, ૧૧. વંચક કે ૧૨. વિશ્વાસઘાતી, ૧૩. વાટપાડા ને ૧૪. વધના કરનારા, ૧૫. વાસી ભોજન (કોઈ કરતું નથી), ૧૬. વરવાણી, ૧૭. વટવાડીઆ લોકો (રાજાએ તેવાઓને બોલાવીને નગર બહાર કાઢ્યા છે), ૧૮. વિરૂઈ (ખરાબ) વિદ્યાવાળા (રાજાએ તેમને અવગણી નાખ્યા છે-દૂર કર્યા છે), ૧૯. વચન મૃષા (કોઈ બોલતું નથી), ૨૦. વાદકુવાદ (જ્યાં થતો નથી), ૨૧. વાસના ખરાબવાળા નર કે નારી (તે નગરમાં લાગતા જ નથી), ૨૨. વાત નિંદાની (જ્યાં થતી નથી), ૨૩. વિનષ્ટ બુદ્ધિવાળા, ૨૪. વનિતા શિયળથી ખસવાના વિચારવાળી (ત્યાં રહી શકતી નથી), ૨૫. વ્યભિચારી નરો (ત્યાં રહેતા જ નથી), ૨૬. વરડી વર્ગવાળા, ૨૭. વ્યંતર કે વ્યંતરી પરભવમાં થાય તેવા (ત્યાં રહેતા નથી), ૨૮. વાગુરી (જાળાવાળા), ૨૯. વિષધર ને ૩૦. વીંછી જેવા મનુષ્યો, ૩૧. વારૂણી (મદિરા) પાનના કરનારા, ૩૨. વારૂ વાતના (સારી વાતના) ભાંગનારા, ૩૩. વૃક્ષને વાઢનારા (તેવાઓને પાટણમાંથી કાઢી મૂકેલા છે.), ૩૪. વાજી (અશ્વ) અવળી ચાલના ત્યાં નથી, ૩૫. વિષ રીસના વશે કોઈ ખાતું નથી, ૩૬. વળગણા કે ૩૭. વેષલ નરો ત્યાં રહેતા નથી, ૩૮. વડાના વચનને ખંડનારા પુરૂષોને ત્યાંથી દૂર કરેલા છે, ૩૯. વાધ્યું બોલનારા કે ૪૦. વાર્યા ન રહે તેવા મનુષ્યોને કાઢી મૂકેલા છે, ૪૧. વરો ને ૪૨. વરાડ ત્યાં નથી, તેમજ ૪૩. વિધવા નારીઓ પણ પ્રાયે બહુ થોડી છે, ૪૪. વાણહીનું મૂલ જ થતું નથી, ૪૫. વા કવા (ખરાબ વા) વાતા નથી અને ૪૬ થી ૫૨. વ્યાધિ સાત એ નગરમાં પ્રાયે દેખાતા જ નથી. તે આ પ્રમાણે-વાળો, વેદના, વાત, વર્ણ, વિરાધ, વશીરૂપ અને વૃષ્ટ-એ રીતે (૫૨) વવા જે નગરમાંથી દૂર કરવામાં આવ્યા છે તેવી પાટણનગરી બહુ શોભાને ધારણ કરતી હતી.

કુમારપાળ રાજાએ પોતાના રાજ્યમાંથી (૫૪) લલા દૂર કર્યા છે

તે નીચે પ્રમાણેઃ-

૧. લંઠ, ૨. લબાડી, ૩. લજ્જાવિનાના, ૪. લંઠક, ૫. લંપટ, ૬. લંછનવાળા, ૭. લોલુપી, ૮. લુંટના ખાનારા, ૯. લક્ષણહીણ, ૧૦. લોભી, ૧૧. લતવાળા, ૧૨. લેણું નહીં આપનારા, ૧૩. રાજાનું વચન લોપનારા, ૧૪. લુણહરામી, ૧૫. લસણ કંદના ખાનારા, ૧૬. લઘુતા (હલકાઈ) પામેલા, ૧૭. લજાવ્યા ન લાજે એવા, ૧૮. લપોડશંખ, ૧૯. લાસરીઆ, ૨૦. લેણામાં જુઠું બોલયારા, ૨૧. લાંબી જીભવાળા (બહુબોલા), ૨૨. લાપડા (બોલીને ફરી જનારા-તેને સભામાંથી જ કાઢી મૂક્યા હતા) ૨૩. લોચન મલિનવાળા, ૨૪. લુગડા મલિનવાળા, (તેને સભામાં દાખલ થવાનો જ હુકમ નહોતો), ૨૫. લત, ૨૬. લપડાક ને ૨૭. લાકડી એ ત્રણને તો મુશ્કેલી આવી પડી હતી, કેમકે તેની વપરાશ રહી નહોતી, ૨૮. (પારકા) લશ્કરની બીકવાળાને (સ્થાન જ નહોતું), ૨૯. લાલી, ૩૦. લાવાં, ૩૧. લીખ, ૩૨. લેશ્યા ખરાબવાળા, ૩૩. લોભી એવા લેણીયાતો (ઓછું દઇને વધારે લેનારા, તે તો ત્યાંથી ખસી જ ગયા હતા.) ૩૪. લિંગ નહિ ઢાંકનારા (નાગા), ૩૫. લેણીયાતને ત્યાં જમનારા, ૩૬. લુખા પુરૂષો (સ્નેહવિનાના), ૩૭. (પારકું) લેવાનું જ ઈચ્છનારા, ૩૮. લુખસ, ૩૯. લાંઘણ કરનારા (બીજાને ત્યાં લાંઘનારા), ૪૦. લુંટનારા, ૪૧. લુખું જમનારા (આખા શહેરમાં નહોતા, સૌને સરસ ભોજન મળતું હતું.) ૪૨. લીધેલો બોલ નહીં મૂકનારા (દુરાગ્રહી) એવાને નગરબહાર કાઢી મૂક્યા હતા, ૪૩. લાગતા શબ્દના બોલનારા (માર્મિક બોલનારા), ૪૪. લુંડી (દાસી) જેવા, ૪૫. લડાઈખોર, ૪૬. લખલખ કરનારા, ૪૭. લાંફા, ૪૮. લેપડી, ૪૯. લક્કડફાડ (લાકડાને મોઢે બોલનારા), ૫૦. લેઉકળ (લેવામાં જ સમજનારા), ૫૧. લપસી પડનારા (ટેકવિનાના), ૫૨. લાલચુ, ૫૩. લઈને પાછું દેવામાં નહીં સમજનારા અને ૫૪ લાડવાણીઆ.

લાડવાણીઆઓને તેણે પોતાના દેશમાંથી કાઢ્યા હતા, તેનું

કારણ પૂર્વે આવી ગયેલ છે. તે વખતે કરેલ વિચાર અત્યારે અમલમાં મૂક્યો હતો. કઠીણ ને કઠોર માણસોને કાઢી મૂક્યા હતા, તે ચોરની પાળમાં જઈને રહ્યા હતા. પછી કુમારપાળે તેને સતાવ્યા નહોતા, કારણ કે સત્પુરૂષો ડંસીલા હોતા નથી તેમ જ તાકીને જ ઘાના કરનારા હોય છે તે સાથે ઘા કરવાના સ્થાનને જોનારા હોય છે. જુઓ! બાહુબળે ઘા કર્યો ખરો પણ ભાઈને માર્યો નહીં, ઘા પાંછો વાળી લીધો. પોતાના કુળ સામું જોઈને તે જ હાથે પોતાના મસ્તકના કેશનું લુંચન કર્યું. પૂર્વે ઉદાયી રાજા થઈ ગયા છે, તેણે બળવાન એવા ચંડપ્રધોતન રાજાને પકડયો, બાંધ્યો, બંદીવાન કર્યો પણ છેવટ માર્યો નહીં-છોડી દીધો. અષ્ટાપદ ઉપર જ્યારે રાવણે આખા પર્વતને ઉપાડીને ફેંકી દેવા જોર કર્યું ત્યારે વાલીમુનિએ તેને ચાંપ્યો, લોહી વમતો કર્યો પણ મારી નાખ્યો નહીં; તેમ ઉત્તમ હૃદયવાળા નરપતન કુમારપાળ હૃદયમાં વિચાર કરીને કામ કરતા હતા. ફણિધર કોપે તો તેની પાસે ઉંદર કે કોલનું શું ગજું? પણ તે તેના પર ફેણનો પ્રહાર કરતો નથી. કુઠાર કોપે તો તેની પાસે કેળના ઝાડનો શો આશરો? પણ તે તેની ઉપર વપરાતો નથી. જે કમળ સામાન્ય પ્રહાર પણ ન ખમી શકે તેની ઉપર સુંઢનો પ્રહાર શું કરવો? અને નાના ફોફળ ઉપર ઘણનો માર શું દેવો? સરોવરના પાણી રેલે ત્યારે કીડા-કીડીના કુળ તો રેલામાં તણાઈ જાય. છાગનો સમૂહ પંચાનન ( સિંહ ) ની ફાળને જોઈ ન શકે તો ખમી તો શેનો જ શકે તો ખમી તો શેનો જ શકે? પરાળનો પુળો દાવાનળની ઝાળ સહન કરી ન શકે. કણની જાતિમાં ગુઆર કઠીન કહેવાય છે પણ ઘંટીને તે શા હિસાબમાં છે? તેને દળી નાખતાં વાર લાગતી નથી. નબળાની ઉપર સબળો પુરૂષ ઘા કરે તો તે મૂર્ખ જ ગણાય. માટીના કુંભ ઉપર વજનો પ્રહાર ન હોય. આ પ્રમાણે તમામ પ્રકારનો વિચાર કરીને કુમારપાળે બીજા નાદાનોને રાજ્યની હદપાર કર્યા પછી લાડવાણીઆના સ્ત્રી-પુરૂષોને બોલાવીને પોતાના દેશમાંથી ચાલ્યા જવાનું કહ્યું, પણ કોઈ જાતનો દંડ કે બીજી શિક્ષા કરી નહીં.

કુમારપાળ રાજાએ દુર્જનોને દુઃખીઆ કર્યા, સજ્જનોને સુખી બનાવ્યા અને નિષ્કંટક રાજ્ય પાળવા લાગ્યા. એવીરીતે જેની આણ કોઈ ખંડી ન શકે એવું નિર્મળ રાજ્ય પાળતા હતા તેવામાં એક ગંધર્વ જ્યાં મહારાજા બેઠા હતા ત્યાં આવ્યો. તેણે રાગ આલાપવો શરૂ કર્યો. પ્રથમ ખરેખરો મેઘમલ્હાર આલાપ્યો કે તરત જ ચારે દિશામાં વીજળી ચમકવા લાગી અને પુષ્કળ વરસાદ વરસ્યો. એ હકીકત સાંભળીને હેમચંદ્રાચાર્ય ત્યાં પધાર્યા અને તેમણે સપ્તમ સ્વરની આલાપના કરી કે જેથી સુકું કાષ્ટ ત્યાં હતું તે ફળ્યું-વિકસ્વર થયું.

પછી આચાર્યશ્રીએ રાજાની પાસે સ્વરના અનેક ભેદો કહ્યા. તેને ઉપજવાના સ્થાનો કહ્યા. કંઠ, ઉદર, રસના, તાળુ, મસ્તક ને નાક-આ છ સ્થાનકથી ષડ્જસ્વરની ઉત્પત્તિ છે. ઋષભ રાગ હૃદયથી ઉપજે છે, ગાંધાર રાગ નાકથી ઉપજે છે, મધ્યમ રાગ નાભિથી ઉપજે છે, પંચમ રાગ કંઠ, હૃદય વિગેરે ત્રણ સ્થાનથી ઉપજે છે, સિંધુઓ નિલાડમાંથી ઉપજે છે ને નિષાદ બધેથી નીકળે છે.

મોર ષડ્જસ્વર બોલે છે, કુકડો ઋષભસ્વર બોલે છે, રાજહંસ ગંધારસ્વર બોલે છે, ગવાલિકા (ચાતક) મધ્યમસ્વર બોલે છે, કોકિલા પંચમસ્વર બોલે છે, સારસ ધૈવત અથવા સૈંધવસ્વર બોલે છે અને પોપટ નિષાદસ્વર બોલે છે. વાજીંત્રોમાં માર્દલ ષડ્જ સ્વરે બોલે છે, ગોમુહી ઋષભનાદે બોલે છે, શંખ ગાંધારનાદે બોલે છે, ઝાલર મધ્યમનાદે બોલે છે, ગોહીય વાજીંત્ર પંચમનાદે બોલે છે અને મહાભેરી નિષાદનાદે બોલે છે. આ પ્રમાણે સાત જાતના વાજીંત્રથી સાત નાદ બોલાય છે-નીકળે છે. (સાતમું વાજીંત્ર કહ્યું નથી.)

નાદથી નરનારી મોહ પામે છે તેમજ પશુપંખી પણ તેમાં લીન થાય છે. નાદથી દેવો ગયા કાળને જાણતા નથી. સુખી મનુષ્યોને નાદ વિનોદ માટે થાય છે અને દુઃખીના દુઃખ તેથી દૂર જાય છે. તે સર્વ પ્રાણીના મનને હરનાર છે અને કંદર્પનો દૂત કહેવાય છે. એનાથી નવા

નવા રસ ઉત્પન્ન થાય છે. તે સંબંધી રાજવલ્લભમાં કહેલું છે કે-નાદ પાંચમો વેદ કહેવાય છે. તે પંથીને વિશ્રામ આપે છે. નાદ સાંભળીને બાળકો પણ રીઝે છે. સરોવર કિનારે રહેલા હંસો મોહ પામે છે. ઘાસ ચરનારા મૃગો પણ સ્થિર થઈ જાય છે. નાદના રસને પીતાં તે મૃત્યુને જાણતા નથી. સર્પ નાદના રસથી કરંડીયામાં સપડાય છે. આ પ્રમાણે નાદ અપ્રતિમ શક્તિ ધરાવે છે.

આ પ્રમાણેની હેમચંદ્રાચાર્યપાસેથી સ્વરશાસ્ત્રસંબંધી હકીકત સાંભળીને રાજા બહુ જ પ્રસન્ન થયા હેમચંદ્રાચાર્યે એ પ્રમાણે એ રાજાની પાસે અનેક શાસ્ત્રો સંભળાવ્યા અને તેને પ્રસન્ન કર્યો.

એકદા કુમારપાળ સભા ભરીને બેઠેલ હતા તેવામાં એક પુરૂષ આવ્યો. તે રાજેંદ્રને નમસ્કાર કરી યોગ્ય સ્થાનકે બેસીને કહેવા લાગ્યો કે- 'હે સ્વામી! દેવકુળપાટણમાં સોમેશ્વરનું દેરાસર છે તે બહુ જ જીર્ણ થઈ ગયેલ છે. તરતમાં સમરાવવાની જરૂર છે. તે જો આપ ધ્યાન ઉપર લ્યો તો જ બને તેમ છે; માટે તે સમરાવીને પુણ્યબંધ કરો ને તમારૂં નામ અમર કરો.' એ પ્રમાણે સાંભળીને રાજાએ તે જ વખત પ્રતિજ્ઞા કરી કે- 'એ દેરૂં સમરાઈને તૈયાર થયાના ખબર આવે ત્યાં સુધી માંસ ખાવું નહીં.' રાજાના હુકમથી ત્યાં તરત જ કામ શરૂ કરવામાં આવ્યું અને તે થોડી મુદતમાં તૈયાર થઈ ગયાના ખબર પણ આવ્યા. એટલે કુમારપાળે માંસ ખાવા માંડ્યું. આ હકીકત જાણીને હેમચંદ્રાચાર્યે કુમારપાળપાસે આવીને કહ્યું કે "આપ સોમેશ્વરની યાત્રા કરો, તે દેરાસર જુઓ, ત્યારપછી માંસ ખાવા ન ખાવાનો વિચાર કરજો." કુમારપાળે તે વાત કબૂલ કરી અને ત્યાં જવાની તૈયારી કરતાં હેમસૂરિને સાથે પધારવા વિનંતિ કરી કહ્યું કે- 'આપ બેસવા માટે સુખાસન વિગેરે જે જોઈએ તે સ્વીકારો.' હેમસૂરિએ કહ્યું કે- 'અમારો આચાર વાહનમાં બેસવાનો નથી. અમે પગે ચાલતા જ વિહાર કરીએ છીએ. આપ સોમેશ્વર પધારો, અમે ગીરનાર તીર્થે જઈને શત્રુંજય જશું અને ત્યાંથી સોમેશ્વર આવશું."

કુમારપાળે એ વાત સ્વીકારી અને તેમણે સોમેશ્વર તરફ પ્રયાણ કર્યું. અનુક્રમે રાજા ને સૂરિ બંને સોમેશ્વરમાં એકઠા થયા. તે વખતે દ્વેષી વિપ્રોએ કુમારપાળને કહ્યું કે– 'હે રાજન્! આ હેમસૂરિ સોમેશ્વરદેવને નમસ્કાર કરતા નથી.' તે સાંભળી કુમારપાળે હેમસૂરિને કહ્યું કે– 'હે મહારાજ! તમે આ મોટા દેવને દેવપણે માનતા નથી કે જેથી તેમને નમસ્કાર કરતા નથી?' હેમસૂરિ બોલ્યા કે– 'હે રાજન્! હરી, હર, બ્રહ્મા કે જિન જે સેવ્યા મોક્ષ આપે તે ખરા દેવ અને તેને હું નમું છું.' તે સાંભળીને કુમારપાળ ખુશી થયા. પછી બોલ્યા કે– 'હેમસૂરિ જેવા ગુરૂ અને ઈશ્વર સરખા દેવ-તે બંનેમાં જુદાપણું બહુ જાતનું છે. એક પોતાના શરીરને જળથી ધુએ છે અને એક શરીરે મેલા રહે છે. એક વસ્ત્રથી શરીરને ઢાંકે છે અને એક નગ્ન રહે છે. એક શરીરને શોભાવે છે અને એકના શરીર ઉપર બહુ છાર હોય છે તો હે હેમસૂરિ! કહો, આમાં ખરૂં તત્ત્વ-ખરો ધર્મ શું છે?'

હેમસૂરિએ કહ્યું કે– "હે રાજન્! એ ઈશ્વર જ તમને ખરો ધર્મ કહેશે. તે ધર્મને તમે સ્વીકારજો એટલે તમારી ઈચ્છા પૂર્ણ થશે." પછી કુમારપાળ ને હેમચંદ્રાચાર્ય સોમેશ્વર પાસે ગયા. કુમારપાળે સોમેશ્વરને પ્રણામ કરીને પૂછ્યું કે– "હે ઈશ! ખરો ધર્મ શું છે તે કહો." તે વખતે લિંગ ફાટ્યું અને તેમાંથી સાક્ષાત્ શંકર પ્રગટ થઈને બોલ્યા– "હે કુમારનરેંદ્ર! આ હેમસૂરિ જે ધર્મ કહે તે તમે આદરો. એ સાચેસાચા યોગી છે. એનું શીલ ઉત્તમ છે. એ ગુરૂના વચનને અનુસરવાથી આ ભવમાં ને પરભવમાં તમને સુખસંપત્તિની પ્રાપ્તિ થશે." આ પ્રમાણે કહીને પાછા તે લિંગમાં સમાઈ ગયા ને લિંગ મળી ગયું.

આ પ્રમાણેના શંકરના વાક્યો સાંભળી કુમારપાળ બહુ જ હર્ષિત થયા. પછી હેમચંદ્રાચાર્યે તેને જૈન ધર્મ સમજાવ્યો, દેવગુરૂની ઓળખાણ પાડી અને હિંસા વિગેરે પાંચે આશ્રવો તજવાનો ઉપદેશ આપ્યો. કુમારપાળ તે સાંભળીને ધર્મની સન્મુખ થયા. તેને વ્યવહારથી સમકિતની પ્રાપ્તિ

થઈ અને તેમણે ગુરૂમહારાજ પાસે બે મુખ્ય નિયમ લીધા– "એક તો આ શરીરે પરદારાગમન હું કદિ નહીં કરૂં અને આ શરીર છે ત્યાં સુધી માંસભક્ષણ કદાપિ નહીં કરૂં."

ત્યારપછી હેમચંદ્રાચાર્યની સાથે કુમારપાળ પાટણ આવ્યા. ત્યાં આવી રાજાએ છએ દર્શનના મુખ્ય પુરૂષોને તેડાવ્યા અને તેમને દેવનું સ્વરૂપ પૂછ્યું. તેમાંથી એક કહે કે– 'દેવ નારાયણ જ છે, તેને પૂજો.' બીજો કહે– 'ખરા દેવ બ્રહ્મા છે, તેની જ પૂજા કરો.' ત્રીજો કહે– 'દેવ ઈશ્વર (શંકર) છે, તેને નમસ્કાર કરો.' પછી કુમારપાળે હેમસૂરિને પૂછ્યું કે– "તમે કહો, સાચા દેવ કોણ અને તે કેવા હોય? તેની મૂર્તિ કેવી હોય? કે જેને નમસ્કાર કરતા પાપ નાશ પામે."

હેમસૂરિ કહે છે કે– "હે રાજન્! જેનામાં હું કહું છું તે અઢાર દોષ ન હોય અર્થાત્ દોષમાત્ર ન હોય તેને દેવ માનવા. તે ૧૮ આ પ્રમાણે- અજ્ઞાન, ક્રોધ, માન, માયા, મદ, લોભ, શોક, પ્રેમ, રતિ, અરતિ, નિદ્રા, હિંસા, અસત્ય, ચૌર્ય, હાસ્ય, કામક્રીડા, ભય અને મત્સર-આ ૧૮ દોષ જેનામાં ન હોય તેને ખરા દેવ સમજવા. ગુરૂ જે નિર્ગ્રંથ હોય- કંચન કામિનીથી ન્યારા હોય તેને ગુરૂ સમજવા અને સર્વજ્ઞનો કહેલ જેમાં જીવદયાની મુખ્યતા હોય તેવા ધર્મને ધર્મ સમજવો." આ પ્રમાણે ગુરૂમહારાજે કહ્યા છતાં વિપ્રોની પ્રેરણાથી તેનું મન સ્થિર થયું નહીં- ડામાડોળ રહ્યા કર્યું. હવે હેમસૂરિ તેને કેવી રીતે ધર્મમાં સ્થિર કરે છે તે જુઓ.

કુમારપાળનું ચિત્ત બ્રાહ્મણોની પ્રેરણાથી જૈનધર્મમાં સ્થિર થતું નહોતું. વિપ્રો તેને પોતાનો પરાપૂર્વનો ધર્મ છોડીદેવાથી હીણપ લાગવાનું સમજાવતા હતા. પછી હેમચંદ્રાચાર્ય તેમને એક દૃષ્ટાંત આપ્યું કે– "હે રાજન્! ચાર મિત્રો કમાવાને-દ્રવ્ય મેળવવાને નિમિત્તે પરદેશ ચાલ્યા. આગળ જતાં તેમના જોવામાં લોઢાની ખાણ આવી, એટલે તેમણે ઉપડી શક્યું તેટલું લોઢું બાંધી લીધું. આગળ ચાલતાં રૂપાની ખાણ દીઠી, એટલે

ત્યાં લોઢું તજી દઈ રૂપું લીધું. આગળ ચાલતાં સોનાની ખાણ દીઠી એટલે ત્યાં રૂપું તજી દઈ સોનું લીધું. આગળ ચાલતાં રત્નોની ખાણ દીઠી એટલે સોનું તજી દઈ રત્નો લઈ લીધાં. ત્રણ મિત્રોએ તો તે પ્રમાણે કર્યું, પણ એક દુરાગ્રહી મિત્રે પ્રથમ લીધેલું લોઢું બીજા મિત્રોએ આગ્રહ કર્યા છતાં તજ્યું નહીં છેવટે તો તેમણે બહુ વિનયથી કહ્યું કે– 'હે ભાઈ! લોઢું તજી દઈને આ રત્નો લઈ લે.' પેલો બોલ્યો કે– 'તમે મૂર્ખ છો એટલે વારંવાર તજી દ્યો છો. સજ્જનો એક વાર લીધેલું શું છોડી દેતા હશે? માટે હું નહીં છોડું.' બહુ સમજાવતાં પણ તે ન સમજ્યો. અનુક્રમે ચારે મિત્રો સ્વસ્થાને આવ્યા. તેમાં ત્રણ રત્નો વેચી પુષ્કળ દ્રવ્ય મેળવીને સુખી થયા, ચોથો દરિદ્રી રહ્યો અને દુઃખ પામ્યો તેમ હે રાજન્! ખરી વાત સમજવામાં આવે ત્યારે પૂર્વની વાત છોડી દેવી એ જ સુજ્ઞોનું લક્ષણ છે. પ્રથમની ખોટી વાત પકડાયેલી હોય તો તે પણ ન છોડવી એ તો કદાગ્રહી-મિથ્યાત્વી-બહોળ સંસારીનું લક્ષણ છે માટે હે રાજન્! તમે તમારો પ્રથમનો મિથ્યાધર્મ છોડી જૈનધર્મ અંગીકાર કરો."

કુમારપાળ આ દૃષ્ટાંતથી પ્રતિબોધ પામ્યા તેણે મિથ્યાધર્મ છોડી જૈનધર્મ અંગીકાર કર્યો. હેમચંદ્રાચાર્યને નમસ્કાર કર્યો. પછી તેમણે કનકમય શાંતિનાથજીના બિંબ નવા કરાવીને પોતાના ઘરદેરાસરમાં મૂળનાયક તરીકે પધરાવ્યા. આ હકીકત જાણીને બ્રાહ્મણો બહુ જ કોપાયમાન થયા. તેમણે દેવબોધિ નામના તેમના આચાર્યને ત્યાં તેડાવ્યા. તે બહુ ઠાઠમાઠ સાથે આવ્યા. તેમની સાથે ઘણા છાત્રો હતા. તેઓ તેની બિરૂદાવળી બોલતા હતા. તે આચાર્ય કમળની નાળના દંડવાળી કેળના પાંદડાની પાલખીમાં બેઠા હતા. બે આઠ વર્ષના છોકરાઓએ તે પાલખી ઉપાડી હતી. તે જોઈને કેટલાક છાત્રો કહે છે કે– "આ ઈંદ્ર છે, ગોવિંદ છે, વિદ્યાધર છે, રવિ છે, ચંદ્રમા છે, એણે પવનને સાધ્ય કરેલો છે, ગારૂડીમંત્ર સિદ્ધ કર્યો છે, પિંગળ, જ્યોતિષ, વ્યાકરણ વિગેરેમાં પ્રવીણ છે, એણે સુવર્ણસિદ્ધિ મેળવી છે, સિદ્ધસારસ્વત છે, અનેક નરપતિઓ

અને વ્યંતર દેવો એને નમે છે, સુરનરના નાયકો પણ એના પગમાં પડે છે.” આવી રીતે બિરૂદાવળી બોલવાથી તે દેવબોધિ અભિમાને ચડેલો છે. પાંચશેં પોઠીઆ તો પુસ્તકોના ભરેલા સાથે છે. વિદ્યાથી પેટ ફાટી ન જાય માટે પેટે પાટો બાંધ્યો છે. એક હાથમાં કોદાળી રાખી છે અને બીજા હાથમાં નીસરણી રાખી છે તે વાદી પાતાળમાં કે આકાશમાં જાય તો પણ તેને ખેંચી લાવવાનું સૂચવે છે. આવી રીતે આખા ગામમાં ફર્યો. તેણે પોતાની પાસે પાણીનો કુંભ ને ખડનો પુળો રાખેલો હતો તે વાદીઓને એમ કહેવા માટે કે– “તમે પાણી પીઓ ને ઘાસ ખાઓ, વગડામાં ફરતા ફરો; નહીં તો મારી સામે આવીને વાદ કરો.”

આવી સ્થિતિમાં તે બધે ફરીને લોકોમાં પોતાને પ્રસિદ્ધ કરીને રાજસભામાં આવ્યો. કુમારપાળ રાજાએ તેનો યોગ્ય સત્કાર કર્યો. તે યોગ્ય આસનઉપર બેસીને બોલ્યો કે– ‘હે રાજન્! તારા રાજ્યમાં ઘણા પંડિતો અને વાદીઓ છે તે સર્વને બોલાવો. તેઓ મારી સાથે વાદ કરતાં જીતે તો તેને હું આ પાંચશેં પોઠીઆ આપી દઉં ને તે હારે તો મને નમસ્કાર કરે.’ કુમારપાળે આ હકીકતના ખબર હેમચંદ્રાચાર્યને આપ્યા અને રાજસભામાં પધારવા વિનંતિ કરી. હેમચંદ્રાચાર્ય તરત જ સભામાં પધાર્યા અને યોગ્ય આસને બેઠા. પછી તેમણે કુમારપાળને પૂછ્યું કે– ‘આ પંડિતનું નામ શું છે? અને તેનું જાણપણું ક્યા ક્યા શાસ્ત્રમાં છે? તે કહો.’ એટલે કુમારપાળે કહ્યું કે– “હે મહારાજ! તે તો કહું છું, પણ એની સાથે તો બીજા ઘણા પંડિતો છે ને તમે તો એકલા છો માટે ગમે તેવા મોટાએ પણ ઘણાની સાથે વાદ ન કરવો તે ઉપર દૃષ્ટાંત કહું છું તે સાંભળો.

એક વાર એક ટીટોડીએ સમુદ્ર કિનારે ઈંડાં મૂક્યા. તે સમુદ્ર તાણી ગયો. ટીટોડીએ પોતાના ઈંડા માગ્યા પણ તેણે અભિમાનથી ન આપ્યા. એટલે પછી ટીટોડીએ પોતાની જાતિના બધા પંખીઓને એકઠા કર્યા. બધી જાતના પંખીઓ આવ્યા અને તેમણે પોતાની ચાંચોવડે સમુદ્રને

ઉલેચવા માંડ્યો. પછી ગરૂડ આવ્યો કે જેની ૮૨ જોજનની બે પાંખો હતી. તેણે તો મોટા મોટા પર્વતો ઉપાડીને સમુદ્રમાં નાખવા માંડ્યા એટલે સમુદ્ર અકળાણો. તેણે વિપ્રનું રૂપ કર્યું અને ગરૂડપાસે આવીને કહ્યું કે– 'આમ શામાટે કરો છો?' તેણે કહ્યું કે– 'આ સમુદ્ર અમારી ટીટોડીનાં ઈંડા લઈ ગયો છે તે પાછા આપે, નહીં તો અમે સમુદ્રને પૂરી દેશું.' વિપ્રે ઈંડા પાછા લાવી આપવાનું કબૂલ કર્યું, એટલે ગરૂડે પોતાનો પ્રયત્ન બંધ કર્યો. ઈંડા પાછા આવવાથી ટીટોડી પણ રાજી થઈ; માટે હે ગુરૂમહારાજ! નબળા પણ ઘણા હોય તો સબળાને હરાવે છે માટે વિચાર કરો."

સમુદ્રને તે વખતે એક પુરૂષે કહ્યું હતું કેઃ-

પુરૂષ સોય પચારીઓ, સાયર તું ધનવંત;<br>
પંખી આગળ હારતાં, લજ્જા હુઈ અત્યંત. ૧

તે વખતે સાયર કહે છે કેઃ-

ન પંખીઉ સાયર ભણે, હું ગાઢો ગરૂએણ;<br>
ધનહીણા પંખી આગળે, કીણે ન ગંજ્યા તેણ. ૨<br>
ધનહીણા એ પંખીઆ, પણ બહુળો પરિવાર;<br>
હું સાયર એકલો વળી, નવિ જીતું નિરધાર. ૩<br>
એહ વચન સાયરતણો, ભાખે કુમરનરીંદ;<br>
એ સંન્યાસી બહુ મળ્યા, તુમ એક હેમસૂરીંદ. ૪

આ પ્રમાણે સાંભળીને હેમસૂરિ બોલ્યા કેઃ-

હેમ કહે સાચું કહો, બહુશું હારે એક;<br>
પણ હું નહિ નૃપ એકલો, મુજ પરિવાર અનેક. ૫<br>
અરિહંત સિદ્ધ મુનિ કેવળી, ગણધર સંઘ સુજાણ;<br>
તે પરિવાર સહુ મુજતણો, જેહની જગ વહે આણ. ૬<br>
તું પણ ધર્મ રાજા ચ છે, તત્ત્વતણો તું જાણ;<br>
સાચ પખે તું નરપતિ, તુઝથી વચન પ્રમાણ. ૭

આ પ્રમાણે કહીને હેમસૂરિએ કહ્યું કે– 'તમારૂં વચન પ્રમાણભૂત

છે, માટે તમે વાદ કરવાની આજ્ઞા આપો.' એટલે રાજાએ કહ્યું કે– 'ભલે વાદ શરૂ કરો.' પછી સામસામા બંને પક્ષ તરફથી કવિત, કાવ્ય, છંદ, ગાથા, ગીત, શ્લોક, સુભાષિત, સમશ્યા અનેક બોલાણા, પણ કોઈ કોઈથી પાછું હઠયું નહીં. પછી પિંગળ, વ્યાકરણ, જ્યોતિષ વિગેરે શાસ્ત્રોના સંવાદો ચાલ્યા પણ તેમાં કોઈ પાછું હઠયું નહીં. પછી વેદની શ્રુતિઓ બોલવામાં આવી તેમાં પણ હાર-જીતનું પરિણામ આવ્યું નહીં. પછી તર્કશાસ્ત્રસંબંધી વિવાદ ચાલ્યો, પણ કોઈ થાક્યું નહીં. પંડિતો સાક્ષાત્ સરસ્વતીની જેમ બોલવા લાગ્યા. એક બાજું સંન્યાસી ને એક બાજુ યતિનો વચનવાદ બહુ ચાલ્યો પણ તેમાં પરિણામ ન આવવાથી કુમારપાળે બંનેને વાર્યા ને કહ્યું કે– 'હવે વચનવિવાદ તજી ધો ને સમશ્યાઓ પૂછો તેમાં જે જવાબ નહીં દઈ શકે તે હારેલ ગણાશે.'

કુમારપાળ રાજાના કહેવાથી દેવબોધિ પંડિતે પ્રથમ શરૂઆત કરી કે:- 'પૃથ્વીનું મંડણ પુરૂષ છે, પુરૂષનું મંડણ લક્ષ્મી છે અને જેથી સર્વદા હર્ષ ઉપજે તે જ વચન છે.' પ્રત્યુત્તરમાં હેમસૂરિશ્વરે કહ્યું કે:-

કવિત છપ્પો.

કીસ્યો હર્ષ નર ઉર, જોહુ આતમ નહિ રંજયો?
કીસ્યો કાયાનો કષ્ટ, ક્રોધ તન ત્રિવિધ ન ભંજયો?
કીસ્યો પૃથ્વી પુરૂષ, કુમતિ મતિ અને અજ્ઞાની?
કીસ્યો નરમંડણ દ્રવ્ય, કૃપણ ગુણ નહિ નર દાની?
નહિ કાયકષ્ટ નરમંડણ, કૃપી ઘરે સ્યો એહ ધન?
હેમ કહે સ્યો વચનસાર, જોહુ ન રંજયો આપ મન?

એટલે કે– "જે હર્ષવડે આત્મા રંજિત થયો નહિ તે હર્ષ શું કામનો? જે કાયકષ્ટ કરતાં છતાં ક્રોધરૂપી અગ્નિ શાંત થયો નહિ તે કાયકષ્ટ કર્યું શું કામનું? પૃથ્વીના ભૂષણરૂપે કુમતિ, મિથ્યાત્વી અને અજ્ઞાની પુરૂષો હોય તો તે શું કામના? જે લક્ષ્મી પરોપકારાર્થે કે સુપાત્રે તો વપરાણી જ નહિ તે કંજુસના હાથમાં ગયેલી લક્ષ્મી પણ શું કામની?

ટુંકામાં એવાં કાયાના કષ્ટો, એવા પૃથ્વીપર પુરૂષો અને એવા કૃપણ ઘરે રહેલા પૈસા શું કામના છે? તેમ જ એવાં વચનો પણ શું કામના છે કે જેથી આત્મા તો કિંચિત્ પણ રંજિત થઈ શક્યો જ નહિ." ત્યારે દેવબોધિ પંડિતે કહ્યું કેઃ-

દોહરા.

ઘર પુત્રે રણ બાંધવે, કરનું મંડણ દાન;
દેવબોધિ પંડિત ભણે, સુકૃત સાર સમાન.

અર્થાત્- "ગૃહની શોભા પુત્રથી છે. રણમેદાન-લડાઈની શોભા બંધવથી છે, હસ્તની શોભા દાનથી છે અને એ જ સુકૃત વસ્તુઓ છે." જવાબમાં હેમસૂરીશ્વરે કહ્યું કેઃ-

કવિત.

કિસ્યો તે નર સ્નાન, હૈયે જો મેલ ન છંડે?
કિસ્યો તે પુત્ર કુપુત્ર, કીર્તિ જે કુળની ખંડે?
કિસ્યો રણમાંહે ભ્રાત, જો હોયે ઢીલો ગાત્ર?
કિસ્યો નર મંડણ દાન, પોષે જોહુ કુપાત્ર?
ન ન સ્નાન ન ન બંધવ, પુત્ર કુપુત્ર ન ઘર ભલો;
કરી કુપાત્રહ દાનથી, દુર્ગતિ ખેલે એકલો.

સારાંશ કેઃ- 'અંતરનો-મનનો મેલ મટ્યો નહિ તો પછી સ્નાન કરવાથી શું? કુળમાં કલંક લગાડે-કીર્તિને લાંછન બેસાડે તેવા કુપાત્રથી શું? રણમેદાનમાં ભાઈ પડખે ઉભો હોય પણ તે નામર્દ-ઢીલો હોય તો શું? તેમ જ કુપાત્રને પોષણ આપે તેવા દાનથી પણ શું? હેમસૂરિ કહે છે કે તેવું સ્નાન-તેવો બાંધવ-તેવો કુપુત્ર અને તેવું કુપાત્રે દાન શું કામના છે કે જે કુપાત્રદાનથી દુર્ગતિના ભાજન થવું પડે."

ત્યારપછી દેવબોધિ પંડિતે "કંદર્પ" ઉપર તેમ જ "ધન છાંડવું" તે ઉપર ગહન સમશ્યાઓ કવિતમાં કહી જેની સામે હેમસૂરિ મહારાજે "મન વશ કરવું" "પરસ્ત્રી છાંડવી" એ વિષયની અતિ કઠીણ સમશ્યાઓ

સંભળાવી ત્યારે દેવબોધિ પંડિતે ફરી દોહરો કહ્યો કે:-

દોહરો.

રૂપ શાસ્ત્ર સાહસિકપણું, એ ત્રણે રત્ન અપાર;
દેવબોધિ એણીપરે ભણે, ચોથો મંત્રી સાર.

અર્થાત્-રૂપ, શાસ્ત્ર, સાહસિકપણું અને મંત્રી એ ચારવાના સારભૂત છે, જેના જવાબમાં હેમસૂરિ મહારાજે કહ્યું કે:-

કવિત છપ્પો.

કિસ્યો નર મંત્રી સાર, કારણે કામ ન આવ્યો?
કિસ્યો રૂપ ગુણહીન, વદે કુવચન બોલાવ્યો?
કિસ્યો તે શાસ્ત્રવખાણ, ચઢ્યું જે મૂરખ હાથે?
કિસ્યો તે સાહસિક નર, ચોર દે ખાતર રાતે?
ન ન રૂપ શાસ્ત્ર ન ન સાહસિક, મેરા મનમેં નવ લહ્યો;
હેમ કહે સ્યો મંત્રી જે, પડ્યે કામ અલગો રહ્યો?

અર્થાત્-તેવો મંત્રી શું કામનો કે જે અવસરે કામમાં ન આવે? તેવું રૂપ પણ શું કામનું કે જે ગુણ વગરનું હોય તેમ વચન પણ ખરાબ જ વદતો હોય? તે શાસ્ત્ર પણ શું કામનું કે જે મૂર્ખને હાથ જઈ ચઢ્યું હોય? અને તે સાહસિક નર પણ શું કામનો કે જે ચોર ખાતર દઈને ચાલ્યા જાય તો પણ કાંઈ કરે નહિ? (અથવા તે સાહસિક નર શું કામનો કે જે પારકે ઘરે જઈને રાત્રે ખાતર પાડે?) હેમસૂરિ મહારાજ કહે છે કે તે રૂપ, તે શાસ્ત્ર, તે સાહસિકપણું અને તે મંત્રી શા કામના છે?

વળી વચ્ચે વચ્ચે કાવ્ય-વિનોદ પૂછાતાં, પછી "હરિયાળી" શરૂ થઈ જેમાં દેવબોધિ પંડિતે "હરિયાળી" કહી કે:-

એક નર નારી નિત નિપાયે, રંક રાય ઘરે જાય;
તે નારીનો ફરસ કર્યા વિણ, ભોગીને ન સુહાય.
જળ-થળની ઉપની તે જાણો, જગવિખ્યાતા નારી;
એહની વાત ન કોઇ સમજે, ત્યાગી કે સંસારી.

સગા સગામાં જે નર વઢતાં, જસ એકઠાં નવિ બાઝે;
તે નર તસ મંદિર આવીને, તેહનો ઝઘડો ભાંજે.
ઇંદ્રી એક અછે જસ પોતે, પીડા કરે જીવ જંતો;
સકળ સભા નર સુણજો સહુએ, પાપી તેહનો કંતો.
દેવબોધિ કહે સહુ નર સુણજો, નારી વિણ નવિ ચાલે;
મુનિવરે તે મારી કાઢી, ગૃહી મંદિર જઇ મ્હાલે.

આ હરિયાળીનો જવાબ હેમસૂરિ મહારાજે પણ કવિતમાં જ આપ્યો જે નીચે મુજબઃ-

આદિ અક્ષર વિણ કંચનપરખી [કસોટી],
મધ્યક્ષર વિણ ભુઆ કરી રાખી [કાંસી-વગાડવાની].
અંત્યક્ષર વિણ રાખે સૂર [કાંક],
તે અબલા મુનિવરથી દૂર. અર્થ- "કાંકસી"

આવી હરિયાળીઓ "વરઘોડો" "કોટ" "મંચક" "પાવડી" અને "લેખણ" વિગેરે અર્થસૂચક દેવબોધિ પંડિતે પૂછી અને હેમસૂરીશ્વરે કવિતમાં જ તેના પ્રત્યુત્તર આપ્યા. ફરી દેવબોધિ પંડિતે પૂછયું કેઃ-

કવિત.

કુણ સુખીઓ કુણ દુઃખીઓ દીન, કુણ ઉત્તમ કુણ જાતિહીણ?
દેવબોધિ કહે જો તમે લહો, પૂછયાનો પડ ઉત્તર કહો.

હેમસૂરીશ્વરે કહ્યું કેઃ-

કવિત.

સુખીઓ તે જે સમતાવંત, દુઃખીઓ તે જે દેણું કરંત,
ઉત્તમ તે જે સાચું ગમે, હીણ જાતિ જે પરનેં દમે;
પૂછયાનો પડઉત્તર કહ્યો, હેમ વચન સાચું સદ્હો.

આ પ્રમાણે વિવિધ રીતે વાદવિવાદ કરતાં દેવબોધિ પંડિતના સર્વ પ્રત્યુત્તરો હેમસૂરીશ્વરે સચોટ આપવાથી તે એકદમ ઝંખવાણો પડી ગયો ત્યારે કુમારપાળ રાજા બોલ્યા કે- "હવે કાંઇક બીજી વિદ્યાથી

વાદવિવાદ કરી બતાવો." ત્યારે દેવબોધિ બોલ્યો કે- "હું ગારૂડી વિદ્યાથી અદ્ભૂત રમત શરૂ કરૂં છું, અને જો હારૂં તો આ મ્હારા સર્વ પુસ્તકના ભરેલા પોઠીયા મૂકીને ચાલ્યો જાઉં."

પછી દેવબોધિ પંડિતે વિદ્યાબળે મોટા ઉંદરો સભા વચ્ચે કરી મૂક્યા, જેની સામે મંત્રબળે હેમસૂરિ મહારાજે સર્પો દોડાવ્યા, જેની સામે પંડિતે નોળીઆ ઉત્પન્ન કર્યા. આ ગારૂડી રમતથી સભામાં ઘણો જ કોલાહલ મચી ગયો. નોળીયાઓ સામે હેમસૂરીશ્વરે બીલાડા દોડાવ્યા, જેના પ્રહારથી નોળીઆ ભાગી ગયા, એટલે પંડિત હાર્યો. એનું મુખ ઝાંખું થઇ ગયું, માન સત્તા ગુમાવી અને હવે 'હેમસૂરિને કેમ જીતવા?' એ જ વિચાર દેવબોધિ પંડિતને થવા લાગ્યો.

આ પ્રમાણે પંડિતનું ચિત્ત વ્યગ્ર, ઉદાસ અને ચિંતાતુર થયેલું જોઇને કુમારપાળ રાજાએ ફરમાન કર્યું કે- 'હવે આવતી કાલે ફરીથી આવજો, આજે તો સમાપ્ત કરો.'

એટલે રાજસભા વિસર્જન કરવામાં આવી.

બીજે દિવસે પ્રભાતમાં ફરીથી દેવબોધિ પંડિત રાજાપાસે આવ્યો અને રાજાને ધર્મકથા સંભળાવી રંજન કર્યા ને ધર્મકથામાં ઉપદેશદ્વારા પ્રકાશિત કર્યું કેઃ- "ધર્મમાં શ્રેષ્ઠ શિવધર્મ છે, દેવમાં શ્રેષ્ઠ ઇશ્વર દેવ છે, ગુરૂમાં શ્રેષ્ઠ સંસારી બ્રાહ્મણો છે અને તીર્થમાં શ્રેષ્ઠ ગંગા તીર્થ છે." તેમજ- "ગંગામાં ઝીલવું, હરિને નમવું અને બ્રહ્માનું નામ જપવું." આ પ્રમાણે પંડિતે રાજાની પાસે સભાસમક્ષ વિવેચન કર્યું. ત્યારબાદ સભા વિસર્જન થઇ.

સભા વિસર્જ્યા બાદ કુમારપાળ ભૂપાળ તથા દેવબોધિ પંડિત વાતવિનોદ કરતાં દેરાસરપાસે આવ્યા, જ્યાં કુમારપાળ રાજાએ સ્નાન કરીને હરિની પ્રતિમા પૂજી તેમજ શાંતિનાથની પ્રતિમા પણ પૂજી અને પ્રણામ કર્યા. તે વખતે દેવબોધિ પંડિત ખીજવાઇને બોલ્યો કે- "હે રાજા કુમારપાળ! જેમ ચંપાના વનમાં ધતુરો કદિ પણ શોભે નહિ તેમ તમે

જિનપૂજા કરો છો તે શોભતી નથી. તમારે જિનપ્રતિમાનું શું કામ છે? તમારો ખરો ધર્મ શૈવધર્મ છે, ઇશ્વર તમારા દેવ છે, માટે શાળ દાળના ઘીભર્યા ભોજન છાંડી ઘેંશની ઇચ્છા શામાટે કરો છો?

વળી હે રાજન્! પોતાની માતાનું સ્તનપાન છોડીને અપરમાતા-ઓરમાન માતાને ધાવવાની ઇચ્છા કોણ કરે? હે રાજા! મણિમુક્તાફળ મેળવ્યા પછી તેને છાંડીને કાંકરા ગ્રહણ કરવાની ગાંડી અભિલાષા કોણ કરે? હે રાજા! ગંગાનદીનું પવિત્ર પાણી છોડી દઇને ખરાબ ખાબોચીઆનું જળ કોણ પીવે? હે રાજા! ઉચ્ચ અને સદ્‌ગુણી સત્પુરૂષની સંગત સાંપડ્યા પછી નીચ નરની સોબત કયો પુરૂષ કરે? હે રાજા! શિયળ ગુણે કરીને શોભતી સન્નારી-સતી સ્ત્રીનો ત્યાગ કરી નાદાન, નફ્ટ, વેશ્યાના વિલાસમાં કોણ ફસે? હે રાજન્! મધુર કેરીના મીઠા સ્વાદને મૂકીને આકડાનાં ફળ આરોગવાની ઇચ્છા કોણ કરે? હે રાજા! ઉત્તમ તેજવંત ઘોડાની સ્વારી મૂકીને ગધેડાની સ્વારી કરવાની મૂર્ખાઇ કોણ કરે? તે પ્રમાણે હે કુમારપાળ રાજા! ઉત્તમ એવો શિવધર્મ તજીને જૈનધર્મ કોણ આરાધે? માટે હે રાજન્! જૈનધર્મ અને જિનમૂર્તિને મેલી-અંતરથી આઘા ઠેલી, હરિ, હર, બ્રહ્મા. ગંગાજળ અને શિવધર્મમાં તમારી મતિને જોડો."

આ પ્રમાણે સ્વધર્મનું મંડન કર્યા છતાં-શિવધર્મને ઉચ્ચમાં ઉચ્ચ વર્ણવ્યા છતાં રાજા કુમારપાળનું મન માન્યું નહિ અને દેવબોધિ પંડિતનું કથન માન્ય કર્યું નહિ.

દેવબોધિ પંડિતે આટલું કહ્યા છતાં પણ રાજાએ તેમનું વચન અંગીકાર કર્યું નહીં ત્યારે દેવબોધિએ વિદ્યાબળે હરિ, હર વિગેરે દેવ પ્રગટ કર્યા, જે દેવો સાક્ષાત કુમારપાળ રાજાને પ્રતિબોધ કરવા લાગ્યા કે- "હે રાજા! તું શૈવધર્મ જ પાળજે, બીજો ધર્મ બીલકુલ અંગીકાર કરીશ નહિ." પછી કુમારપાળ રાજાની સાતે પેઢીના પુરૂષો પણ તે સમયે સાક્ષાત્ હાજર થઇને કહેવા લાગ્યા કે- "હે કુમારપાળ! તું બીજો ધર્મ અંગીકાર કરીશ નહિ. આ ધર્મે એટલે શિવધર્મે અમારો દુર્ગતિમાંથી

ઉદ્ધાર કર્યો છે, માટે અમારા કુળમાં જો તું ઉત્પન્ન થયો હોય તો શિવધર્મ તજીને બીજો ધર્મ બીલકુલ અંગીકાર કરીશ નહિ." આ પ્રમાણે કહી કુમારપાળ રાજાના દેખતાં, તેના સાત પેઢીના વડવાઓ હરિહર દેવની સાથે આકાશમાં ચાલ્યા ગયા.

આવો હૃદયભેદક દિલ ડોલાવનારો તાદૃશ્ય દેખાવ રાજા કુમારપાળ જાતે જ જોઇને એકદમ મોટા વિચારમાં પડી ગયો અને નજર જોયેલી-અનુભવેલી સર્વ હકીકત તરત જ ઉદયન મંત્રીને તેડાવીને કહી બતાવી.

ઉદયન મંત્રીએ સર્વ હકીકત સાંભળી રાજા કુમારપાળને કહ્યું કે- "આપ શા માટે આટલી બધી ચિન્તા રાખો છો? હેમસૂરિ મહારાજ અહીં બિરાજે છે તો પછી આપણે શી ચિન્તા છે?"

પછી ઉદયન મંત્રીએ આ હકીકત સૂરિમહારાજ પાસે જઇને કહી, તેના જવાબમાં હેમસૂરિ મહારાજે કહ્યું કે- "આવતી કાલે સવારે તમે કુમારપાળને લઇને અહીં આવજો."

બીજે દિવસે સવારમાં રાજા કુમારપાળ સપરિવાર ગુરૂશ્રી હેમસૂરિ મહારાજ પાસે આવ્યા અને વંદન કરીને ધર્મ સાંભળવા બેઠા તે વખતે હેમસૂરિશ્વરે કુમારપાળ નૃપતિને દ્રઢ કરવા પવનની સાધના કરી.

વ્યાખાન શરૂ કરતી વખતે ઉપરાઉપર સાત ગાદી નાંખી તેનું આસન બનાવીને તેની ઉપર બેસી સૂરિમહારાજે વ્યાખાન શરૂ કર્યું. પછી ક્ષણવારમાં તમામ ગાદીઓ લેવડાવી લઇ ભરી સભાસમક્ષ અધર રહીને જ વાંચવું શરૂ રાખ્યું. જે અદ્‌ભુત દેખાવ જોઇને રાજા કુમારપાળ વિગેરે ઘણા જ ચકિત થઇ ગયા અને આશ્ચર્યનો પાર રહ્યો નહિ. દેશનામાં સૂરિમહારાજે જણાવ્યું કેઃ-

દોહરા.

દેવ એસો આરાધીએ, નહિ કામ કષાય;
ગુરૂ નિર્ગ્રંથને સેવીએ, જેમ ભવનાં દુઃખ જાય.
કુગુરૂ ~~કુદેવ~~ કુધર્મનો, નવી કીજીએ સંગ;

મૂરખ માનવી કેમ તરે, જેહને એહશું રંગ?

વળી કહ્યું કેઃ-

કવિત.

દેખ્યા દેવ અનેક, સોય પણ લંપટ લોભી,
હાથે ધરે હથિયાર, સુભટને હણે સુખોભી;
રક્ત માંસ આહાર, ભોગ ભેંસાનો માગે,
દેખી પેખી પડે કૂપ, પુરૂષ જે પાયે લાગે.
તત્ત્વ વાત સૂઝે નહિ, દેવ-દેવ સહુકો કહે;
હેમ કહે મૂરખ ઘણા, દેવ ન સાચો કો લહે.

વળી કહ્યું કેઃ-

કવિત.

આક ધતુરો અગથીઓ, પૂજા પાતરી ચઢાવે,
રૂંઢમાળ ગળામાંહે, ઇશ તવ ખુશીઓ થાવે;
ઋદ્ધિ પોટલા રાખ, બેલ એક ખાંડો બાંડો,
ઘર ઘર માંગે ભીખ, કહો તે દેવ કે ગાંડો?
ભોળો-ભોળો સહુ કહે, ભોળો તે સાચો સહી,
હેમ કહે નહિ દેવ તે, દેવપણું ચાલ્યું વહી.

વળી હેમસૂરિમહારાજે ઉપદેશ ચાલુ જ રાખી જણાવ્યું કેઃ-

કવિત.

વ્યાઘ્ર ચર્મ પાથરે, હાથે ડમરૂ બજાવે,
આગે રૂપ અપાર, ઓર ભભુત લગાવે;
પૂરે સીંગી નાદ, શિશ બહુ જટા વધારે,
મસ્તક રાખે ગંગ, ધ્યાન ચિત્ત ઉનસ્યું લાવે,
નામ ધરાવે દેવતા, કરણી તો એહવી કરે,
પૂજ્ય કહી એ દેવને, પૂજનથી કહો કીમ તરે?

વળી હેમસૂરિ મહારાજે કહ્યું કે- “હે કુમારપાળ રાજા! જે ખરા

દેવ હોય તેને વળી ઘરે ઘરે ભીખ માગવાનું કામ શું? જે ખરા દેવ હોય તેને સ્ત્રીની આગળ નાચવું પડે એના જેવી અધમ દશા કઇ? જે દેવમાંથી કામવિકાર તો ભસ્મીભૂત થઇ ગયાનું જગતમાં જાહેર થઇ ગયું, તે દેવને વળી સ્ત્રી પાસે રાખવાનું કામ શું? માટે હે રાજન! તે દેવ કે જેમાં ખરૂં દેવપણું જ નથી તે દેવને દેવ તરીકે માનવા કે પૂજવા યોગ્ય જ નથી. દેવનું નામ ધરાવનારા આ જગતમાં વિધવિધ પ્રકારના પુતળાઓ ઘણા છે, તેથી પરીક્ષા કર્યા વગર-ગુણ જાણ્યા વગર યા વસ્તુની સંપૂર્ણ તપાસ કર્યા વગર તેવાને દેવ માનીને જો કોઇ બેસી રહે તો ખરેખર તે માનવી ઘેલા અથવા ગાંડાની ઉપમાને લાયક છે.

વળી:-

કવિત.

દેવ અગ્નિ ને ઇશ, હરિ ઉછંગે નારી;
ઉમયા ઇચ્છે ઇશ, હાથે ખડ્ગ મુખ મારી.
પાણી તીરથ જાસ, અજા મારે તેહ ધર્મ;
ગુરૂ સંયોગી જાસ, નામ કહાવે પર્મ.
પાત્ર ગાય પુંછ પૂજતે, શિશ નમાવે સાપને;
કવિ હેમ કહે સુણો નરપતિ, કેણી પરે તારે આપને?

સારાંશમાં-જે દેવ ખોળામાં સ્ત્રી રાખે, હાથમાં ખડ્ગ રાખે, જે ધર્મ પાણીને તીર્થ ગણે, જીવહિંસામાં ધર્મ સમજે, જેના ગુરૂ ભોગી ને ઘરબારી હોય, ગાયના પુંછડાનું પૂજન કરવામાં કલ્યાણ માને અને જે સર્પો વિગેરેને શિશ નમાવતા ફરે, તેવી વિચિત્રતા જ્યાં જોવાતી હોય તેવા દેવ, તે ધર્મ અને તે ગુરૂ હે રાજા કુમારપાળ! આપને શી રીતે તારી શકે? વિશેષમાં હેમસૂરિ મહારાજે કહ્યું કેઃ-

દોહરો.

તરે નહિ ન તિહાં લગે, નર કરે તત્ત્વ વિચાર;
શુદ્ધ દેવ ગુરૂ ધર્મ વિણ, કો નવિ પામે પાર.

રાગરહિત તે દેવતા, પરિગ્રહ વિણ ગુરૂ સાર;
દયા બહુ જસ ધર્મમાં, એ ત્રણ તત્ત્વ વિચાર.

આ પ્રમાણે રાગરહિત હોય તે દેવ, પરિગ્રહરહિત હોય તે ગુરૂ અને હિંસારહિત હોય તે ધર્મ-એ ત્રણે તત્ત્વનો સચોટ ઉપદેશ હેમસૂરિ મહારાજે કુમારપાળનરેશને સભાસમક્ષ સંભળાવી વ્યાખાન સંપૂર્ણ કર્યું અને જૈનધર્મ એ ઉત્તમમાં ઉત્તમ ધર્મ છે એ વસ્તુ સરસ રીતે સમજાવી દીધી.

કુમારપાળ ભૂપાળ ગુરૂવાણીથી ઘણો હર્ષિત થયો તેમજ સકળ સભા પણ બહુ હર્ષિત થઇ.

હેમસૂરિ મહારાજે વ્યાખ્યાન સંપૂર્ણ કર્યું, સભા વિસર્જી અને શ્રોતાવર્ગ ઘણા રંજિત થયા. ત્યારબાદ સૂરિમહારાજે રાજા કુમારપાળને ચોવીશ તીર્થંકરો સુવર્ણ સરીખા અદ્દ્ભૂત તેજવંત બતાવ્યા અને થોડીવારમાં ઘંટાના નાદ કાનપર અથડાવા લાગ્યા. તુરત જ રાજા કુમારપાળની એકવીશ પેઢીના પરિયાઓ-વડવાઓ રાજા કુમારપાળે દીઠા; તેમજ તે સર્વે જિનેશ્વર ભગવાનની પૂજા કરવા લાગ્યા અને પૂજા કરી રહ્યા બાદ રાજાને આશીર્વાદ આપી કહેવા લાગ્યા કે– 'હે રાજન્! તું ક્રોડ વર્ષો લગે જીવજે અને સદ્ધર્મનું બરાબર પાલન કરજે; કારણ કે શ્રી જિનેશ્વર ભગવંતના ધર્મના આરાધનથી, જિનેશ્વર દેવના નામસ્મરણથી અને તેમની સેવા ભક્તિથી મનોવાંછિત સુખ પ્રાપ્ત થાય છે અને પરમપદ જે મુક્તિપદ તે પણ તે વડે જ પ્રાપ્ત કરી શકાય છે." વળી કહેવા લાગ્યા કે– 'હે રાજા કુમારપાળ! શ્રી જિનવરભાષિત ધર્મ પસાયે અમારો નર્કગતિમાંથી ઉદ્ધાર થયો છે, માટે જિનવરભાષિત ધર્મ તું કદી પણ છોડીશ નહિ" વળી ચોવીશ તીર્થંકરો પણ કહેવા લાગ્યા કે– "હે રાજન્! તું જૈનધર્મ નિરંતર પાળજે. તેને તજવાથી ચાર ગતિમાં રઝળવું પડશે તેમજ સુખ-શાન્તિ પ્રાપ્ત થશે નહિ." (આ બધું દેવશક્તિથી બતાવેલું સમજવું.)

આ પ્રમાણેની આશ્ચર્ય ઉપજાવે તેવી હકીકત સાક્ષાત્ નજરે

નિહાળીને રાજા કુમારપાળ હેમસૂરિ મહારાજના પગમાં પડ્યા. સૂરિમહારાજના સચોટ ઉપદેશથી અને અનુભવસિદ્ધ હકીકતથી શ્રી જૈનધર્મના દ્રઢ થઈ ગયા અને નિરંતર દાન, શીલ, તપ, ભાવ એ ચાર ભેદવાળા ધર્મનું બહુ પ્રકારે આરાધન કરવા લાગ્યા.

એક દિવસ વ્યાખ્યાનમાં હેમસૂરિમહારાજે ઉપદેશ આપ્યો કે

"શુદ્ધો શ્રાવક તે કહું, જે પાળે વ્રત બાર."

અર્થાત્ 'બાર વ્રત અંગીકાર કરે તે જ શુદ્ધ શ્રાવક-સાચો શ્રાવક કહી શકાય.' તે સંબંધે સૂરિ મહારાજા, રાજા કુમારપાળને સમજાવવા સારૂ બાર વ્રતનું વિવેચન કરવા લાગ્યાઃ-

૧ લું પ્રણાતિપાતવિરમણ વ્રત-એટલે કોઈ પણ ત્રસજીવને હણવાની બુદ્ધિએ, સંકલ્પીને, જાણી જોઈને હણવો નહિ. ઘર, કૂપ, નદી, તડાગાદિ આરંભ-સમારંભ તથા વ્યાપારમાં તેમજ ઔષધાદિક પ્રયોગમાં હણાય તેની જયણા. અનુકંપાબુદ્ધિથી જયણાવડે કાર્ય કરતાં દોષ લાગતો નથી. કહ્યું છે કેઃ-

જીવદયા જગ પાળતાં, છુટ્યો ગજ અવતાર;
પરભવ નરવર રાજીયો, થયો તે મેઘકુમાર.
પર દેહીને પીડતા, આપ સુખી કેમ થાય?
જીવ એક પણ મારતાં, સપ્તમ નરકે જાય.

૨ જું મૃષાવાદવિરમણ વ્રત-એટલે પાંચ મોટાં જૂઠાં ન બોલવાં; અર્થાત્ કન્યા, ગાય, ભૂમિસંબંધે અસત્ય વચન વદવું નહિ, પારકી થાપણ ઓળવવી નહી અને ખોટી સાક્ષી પૂરવી નહિ. કહ્યું છે કેઃ-

કુમર નરિંદ તુમે સાંભળો, મૃષાસમું નહિ પાપ;
પંખો પર્વત રાયવસુ, પામ્યા પૂરો સંતાપ.

વસુરાજાનું દૃષ્ટાંત વિસ્તારથી અન્ય સ્થળેથી જાણી લેવું. સારાંશમાં "....." શબ્દનો અર્થ "બકરો" ગુરૂએ ભણાવેલ છે, એવા પ્રકારની જૂઠી સાક્ષી પૂરતાં અને સત્ય ન્યાયને બદલે દાક્ષિણ્યતાથી અન્યાયમાં

ઉતરતાં, પોતે જે સત્યના પ્રભાવે અધર આસન ઉપર બેસતા હતા તે ઉપરથી તે જ ક્ષણે ભૂમિપર પટકાણા અને નર્કગતિનું ભાજન થયા. નારદમુનિ સત્ય વચન વદવાથી સ્વર્ગના સુખ પામ્યા.

૩ જું અદત્તાદાનવિરમણ વ્રત-એટલે કોઈને ત્યાં ખાતર પાડવું નહીં, તેમ બીજા પાસે પડાવવું નહીં, કોઈની ગાંઠ છોડવી નહીં, કોઈના ખીસ્સા કાતરવા નહીં, કોઈનું તાળું ચોરી નિમિત્તે તોડવું નહીં, કોઈની લૂંટ કરવી નહીં, કોઈની પડી રહેલી ચીજ ઉઠાવવી નહિ અને-રાજ્યદંડ ઉપજે તેવી ચોરી કરવી નહીં. આ વ્રત પાલન કરતાં જિનદાસ શ્રેષ્ઠીએ સુવર્ણના કડાં સહેજે મેળવ્યા હતા. ચોરી કરવાથી નામ બદનામ થાય છે અને પરિણામે મહાન્ દુઃખ થાય છે. કહ્યું છે કેઃ-

ઈહ લોકે દુઃખ પામશે, જે હરશે પરધન;
લોહખુરો જગ ચોરટો, જેમ દુઃખ પામ્યો તન.

૪ થું મૈથુનવિરમણવ્રત- (સ્વદારાસંતોષ-પરસ્ત્રીગમનનો ત્યાગ) એટલે પોતાની પરણેલી સ્ત્રી સિવાય પરસ્ત્રીનો કાયાથી સર્વથા ત્યાગ કરવો. કહ્યું છે કેઃ-

હેમ કહે સુખ તે લહે, જે જગ પાળે શીલ;
વંકચૂલ તણી પરે, તે નર પામે લીલ.
વિષય વિડંબ્યો રાવણો, ખોઈ ભુજા જસ વીશ;
ખોયું રાજ્ય લંકાતણું, ખોયા સઘળાં શીશ.

૫ મું પરિગ્રહપરિમાણ વ્રત. એટલે રોકડ નાણું, અનાજ, સ્થાવર મિલ્કત, ઘરેણા, ફરનીચર, જનાવર, નોકર-ચાકર અને ક્ષેત્ર એ સર્વનું અમુક પરિમાણ કરવુ અને તેથી વધારે થાય તો તરત જ શુભ માર્ગે ખરચી નાખવું. કહ્યું છે કેઃ-

પાંચમું વ્રત એમ પાળીએ, જેમ પેથડદે શાહ;
માળવ દેશે મંત્રી થયો, લોભે ન પડ્યો ત્યાંહ.
હેમ કહે નૃપ સાંભળો, ધન સચ્ચે દુઃખ હોય;

મમ્મણ નંદ સાગર સવિ, જેમ દુઃખ પામ્યા સોય.

૬ હું દિશાપરિમાણ વ્રત-એટલે જવા-આવવા સંબંધે દરેક દિશાની અમુક હદ-મર્યાદા બાંધવી અને તેથી આગળ જવું નહિ. કહ્યું છે કેઃ-

છઠ્ઠું વ્રત એમ પાળીએ, દિશાનું કીજે માન;
કાકજંઘ રાજા જેણે, રાખ્યું ચોકખું ધ્યાન.
માતપિતા દુઃખ પામીયા, દેખો કોણિક રાય;
ગુફા બારણે તે બળ્યો, છઠ્ઠી નરકે જાય.

૭ મું ભોગોપભોગપરિમાણ વ્રત-એટલે ભોજન વિલેપન આદિ એક વાર ભોગવાય તે, અને વસ્ત્ર, અલંકાર, સ્ત્રી, ઘર વિગેરે ઘણીવાર ભોગવાય તે. એ સર્વનું અમુક પરિમાણ કરવું. કહ્યું છે કેઃ-

સાતમું વ્રત એમ પાળીએ, જેમ જગ રાજા ધર્મ;
પરભવમાં રોગી હતો, અડગ લહી દહ્યાં કર્મ.

પંદર કર્માદાનના ત્યાગનો સમાવેશ પણ આ વ્રતમાં કરેલો છે.

૮ મું અનર્થદંડવિરમણ વ્રત-એટલે વિનાકારણે ક્રીડાની ખાતર-શોખની ખાતર અન્ય જીવોને કદર્થના થાય તેવા કાર્ય કરવાં-કરાવવાં અને તેવા કાર્યમાં રસિક બની નકામા પાપના ભાગીદાર થવું તે અનર્થદંડ સમજવું. તેનો ત્યાગ કરવો. કહ્યું છે કેઃ-

અનર્થદંડને ટાળીએ, રાખો રસના ઠાય;
સુરસેન ને મહાસેનના, સુણજો પૂર્વકથાય.
કઠિન વચન મુખ બોલતા, મહાસેનને જીભ રોગ;
મધુર વચન મુખ ભાખતાં, સુરસેનને સુખ ભોગ.

અનર્થદંડના ૪ પ્રકાર છે, તે તજવા યોગ્ય છે.

૯ મું સામાયિક વ્રત-એટલે જ્ઞાનાદિ ગુણનો તેમ જ સમતાદિ રસનો, રાગ-દ્વેષની પરિણતિ તજી દઈ શાંતિપૂર્વક અનુભવ કરવો અને સ્થિર મને એક આસને બેસી વિધિસર વ્રત ઉચ્ચરી બે ઘડી અર્થાત્ ૪૮ મિનિટ સ્વાધ્યાય કરી આત્મિક લાભ ઉઠાવવો તે. કહ્યું છે કેઃ-

નવમું વ્રત એમ પાળીએ, સામાયિક વ્રત સાર;
પરભવે દુઃખણી ડોકરી, નૃપકુમરી નિરધાર. ૧
સામાયિક વ્રત ગ્રહણથી, પ્રસર્યું પુન્ય અપાર;
સંયમ લઈ મુક્તે ગઈ, બુદ્ધી સ્ત્રી અવતાર. ૨
સામાયિક વ્રત નિંદતા, પામ્યો ગજ અવતાર;
સુમિત્ર રહ્યો જગ જીવતો, ફળીયું વ્રત અપાર. ૩
પ્રતિહાર દુઃખ પામીઓ, જો નહી વ્રત પચ્ચખ્ખાણ.
સુમિત્ર ઠામે તે મુઓ, ક્ષણમાં ખોયા પ્રાણ. ૪

૧૦ મું દેશાવગાસિકવ્રત-એટલે ચૌદ નિયમ ધારવા અને ઉપવાસ અગર એકાસણું કરી આખા દિવસમાં આઠ સામાયિક અને બે પ્રતિક્રમણ કરવા.

૧૧ મું પૌષધવ્રત-એટલે જ્ઞાન, દર્શન, ચારિત્રપ્રમુખ આત્માના સ્વાભાવિક ગુણોની પુષ્ટિ મેળવવા, આઠ પહોરનો અને તેમ ન બની શકે તો ચાર પહોરનો પૌષધ ઉચ્ચરવો તે. આ પૌષધવ્રત કરવાથી સંયમની વાનગી પામી શકાય છે અને ઉદય આવ્યે ચારિત્ર પ્રાપ્ત થઈ જાય છે.

૧૨ મું અતિથિસંવિભાગવ્રત-એટલે આઠ પહોરનો ચૌવિહાર ઉપવાસ તથા પોસહ કરી પારણે મુનિમહારાજને વ્હોરાવીને પોતે એકાસણું કરવું અને જેટલી ચીજોનો લાભ મુનિવરના પાત્રમાં મળ્યો હોય તેટલી ચીજો જ વાપરવી. મુનિમહારાજની જોગવાઈ ન હોય તો સાધર્મી ભાઈને જમાડીને જમવું. મુનિદાનથી મહાસુખની પ્રાપ્તિ થાય છે. પૂર્વભવે સંગમ નામના ગોવાળીઆએ મુનિના પાત્રમાં ક્ષીરનું દાન આપ્યું તો મહાન ઋદ્ધિ અને સુખસામગ્રીના ધણી શાળિભદ્ર થયા. ધનસારે મુનિવરને ઘૃતનું દાન કર્યું તો તે સુપાત્રદાનના પ્રભાવથી પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાન થયા. કહ્યું છે કે-

દીધા વિના નવિ પામીએ, જેમ દ્રમક અવતાર;

વાસી રાજગ્રહીતણો, ભમતાં ન લહ્યો આહાર.
ઈણે દ્રષ્ટાંતે જાણજો, ધન સંચયે દુઃખ હોય;
દીધા વિના નવિ પામીએ, હૃદય વિચારી જોય.

ચોપાઈ.

પુન્ય વિના નવિ પામે કોય, નવિ દીધાના ફળ તું જોય;
એક નર બેસે છે પાલખી, એક ઉપાડી થાયે દુઃખી. ૧
એકને હાથી હયવર હાર, એકને નહિ એક છાલી બાર;
એક નરને મંદિર માળીઆ, એક ઝુંપડીમાં સો જાળીઆ. ૨
એકને નારી દીસે ઘણી, એકને ચિન્તા નારીતણી;
એકને ભોજન અમૃત આહાર, એકને ઘેંશતણો વિચાર. ૩
એકને પલંગ પછેડી પાટ, એકને ન મળે ટૂટી ખાટ;
એકને પેરણ પટોળા વળી, એકને ન મળે ફાટી કામળી. ૪
એક નારી ગળે મોતી હાર, એકને ચીડ નહિ નિરધાર;
દીધાના ફળ જો જો વળી, મૂળદેવ ઘરે સંપત મળી. ૫
એક રાજા એક મુડા વહે, દીધા વિણ એમ દુઃખ જ લહે;
પગ દાઝે ને માથે બળે, રાત દિવસ પરમંદિર રૂળે. ૬

હે રાજન્! દાન વગર પુન્યપ્રાપ્તિ થતી નથી અને પુન્ય વગર સુખની અભિલાષા રાખવી નકામી છે, માટે સુપુરૂષે હંમેશાં શક્તિમુજબ દાન આપવું. કંજુસ તો બીલકુલ બનવું નહિ, કારણ કે કંજુસ નરનું ધ્યાન હમેશાં લક્ષ્મીમાં જ ચોંટેલું હોય છે, જેથી તેવા પુરૂષનો મરણ સમય પણ સમાધિપૂર્વક નીવડતો નથી.

કાયર ખાંડું કૃપણ ધન, કડવા લીંબ ફળાઈ;
વંધ્યા સ્ત્રી રાની કુવો, પાંચે ઝુરી મુઆઈ.

વળી કંજુસ નરનું વર્ણન કરતાં ગુરૂ કહે છે કે-તેને ઘરે કદિ કોઈ માગવા આવ્યો હોય તો તેને મન મોટી ધાડ આવી હોય તેમ લાગે છે અને માગણને આપવાના સંબંધમાં જો કદાપિ “હા” એટલું કહેવાઈ

ગયું હોય તો પોતાની મતિ-અક્કલ બગડી ગઈ છે એમ માને છે અને કદાચ "બેસ" એટલું ભૂલેચૂકે બોલાઈ ગયું તો પોતાના પ્રાણ જતા રહ્યા તેમ માને છે. કેમકેઃ-

વાંઝણી પુત્ર પ્રસવે નહી, સાંઢ શિરે નહિ નાથ;
તેમ કૃપિ અવતારમાં, ઉંચો ન કરે હાથ.

કંજુસ નર માગણને ભાળે કે તરત જ ઘરનું બારણું બંધ કરી દે છે અને કોઈ વખત તો માગણ ઉભો હોય તો તેની સામું પણ નહિ જોતાં ઘરના દ્વાર બંધ કરી બીજે ચાલ્યો જાય છે. કંજુસ નરને ઉદેશીને કહે છે કેઃ-

કરપી તું કાં જનમીઓ, જણ્યો પણ જીવ્યો કાંઈ;
કુળ કીર્તિ કટકા કરી, મુઓ છું જીવંતાઈ.

વળી કંજુસ નરની એવી ખુબી હોય છે કે જો માગણ ઘરે માગવા માટે આવી ઉભો હોય તો, ના ન કહેતાં દુકાને આવજે તેમ કહે છે એટલે તેમાં નકામાં આંટા-ફેરા ખવરાવી નિરાશ કરે છે; પરંતુ પાઈ પરખાવતો નથી; એટલું જ નહિ પણ કંજુસ નરને પારકે ઘરે પીરસવાનું કામ સોંપ્યું હોય તો ત્યાં પણ તેનો હાથ ધ્રુજ્યા જ કરે છે અને જ્યાં પુન્ય કરવાની વાત નીકળતી હોય ત્યાં પૂરી મહેનત કરી આડુંઅવળું બોલી તેને ભાંગી નાખે ત્યારે જ તેને શાન્તિ થાય છે. કહ્યું છે કેઃ-

દરિસણ ભુંડું કૃપણનું, ભુંડું તે કરપી ધામ;
ભુંડું તે કરપી આંગણું, જ્યાં નહિ પુન્યનું નામ.

કૃપણ પુરૂષનાં જ્યાં પગલાં થાય ત્યાં પુન્યનું નામ હોય જ નહિ. કૃપણ પુરૂષ ભાગ્યે જે પેટ ભરીને ખાય છે. તે ઘરમાં પણ કોઈને પુરૂં ખાવા દેતો નથી. આ પ્રમાણે કૃપણ નરનું ચરિત્ર જગતમાં નિંદાપાત્ર જાણી સુજ્ઞ પુરૂષે કંજુસાઈ કરવી નહિ, પરંતુ પ્રાપ્ત કરેલ પૈસાનો સદ્વ્યય કરવામાં ઉત્સુક થવું અને દાન દેવાની બુદ્ધિ સર્વદા હૃદયમાં ધારણ કરવી. દાન દેવાથી નવ નિધિ પ્રાપ્ત થાય છે અને રાજ્યઋદ્ધિ મળે છે. દાનથી રૂપ

વધે છે, સઘળા સુસંયોગો દાનથી રહેજે સાંપડે છે, દાનથી ચિંતિત કાર્ય ફળિભૂત થાય છે અને દાનેશ્વરી જગતમાં પૂજ્ય બને છે.

શ્રી જિનેશ્વર ભગવાનનું ફરમાન છે કે-પાંચ પ્રકારના દાન પૈકી અભયદાન અને સુપાત્રદાનથી ભવ્ય જીવો પરમપદ-મોક્ષપદ મેળવે છે; તેમજ ઉચિતદાન, અનુકંપાદાન અને કીર્તિદાનથી વિવિધ પ્રકારની સુખસામગ્રી પ્રાપ્ત કરી સુરગતિના સુખ મેળવે છે. અનંત તીર્થંકરોએ દાન આપવાનું ખાસ કથન કરેલ છે અને જે ધર્મમાં દાન-દયાનો નિષેધ હોય તે ધર્મ કદિ પણ ધર્મ તરીકે લેખી શકાતો નથી.

આ પ્રમાણે દાનનો ઉત્કૃષ્ટ મહિમા સાંભળીને કુમારપાળ રાજાએ દાન આપવાની ભાવના હૃદયમાં ખૂબ વધારી અને શ્રેણિકનૃપતિની માફક શ્રી જિનેશ્વર ભગવાનની પૂજા ત્રિકરણયોગે શુદ્ધિપૂર્વક કરવા લાગ્યા, શ્રીકૃષ્ણ મહારાજાની માફક ગુરૂની ભક્તિ વિનયવડે કરવા લાગ્યા, કામદેવશ્રાવક માફક વિધિપૂર્વક ધર્મકરણી કરવા લાગ્યા અને શ્રેયાંસકુમારની માફક દાન આપવામાં તત્પર થયા.

શ્રી હેમસૂરિ મહારાજની મધુરી દેશનાથી કુમારપાળ ભૂપાળે શ્રાવકના બાર વ્રત અંગીકાર કર્યાં. સૂરિસમિપે પચ્ચખ્ખાણ પણ લીધા અને અને શુદ્ધ સમકિતધારી શ્રાવક બન્યા. તે વખતે તેના હૃદયમાંથી ઉદ્‌ગાર નીકળી પડ્યા કેઃ-

દેવ શ્રી અરિંહત છે, દોષ અઢારે દૂર;
ચિહું પ્રકારે સદ્‌હતાં, અષ્ટ કર્મ કરે ચૂર.
રાય કહે ગુરૂ માહરા, શ્રી મુનિ હેમસૂરીંદ;
કુમતિ તિમિરને ટાળવા, ઉગ્યો પુનમચંદ.
શૈવ સંન્યાસી બંભણા, ભટ પંડિતની જોડ;
હેમસૂરિ મુખ આગળે, રહ્યા સૌ બે કરજોડ.

વળી શ્રી હેમસૂરીશ્વર અને બીજાઓનો મુંકાબલો કરતાં રાજા કુમારપાળ બોલ્યા કે– "મદ ઝરતા હસ્તીઓનો મદ ત્યાં લગી ટકી શકે

કે જ્યાં લગી ગર્જના કરતો કેશરીસિંહ સામો ન મળ્યો હોય, અવની ઉપર અંધકાર ત્યાં લગી ટકી શકે જ્યાં લગી ઝળહળતો સૂર્ય પ્રકાશમાન ન થયો હોય તેમ ભટ્ટ બ્રાહ્મણ વિગેરેનો ગર્વ ત્યાં લગી ટકી શકે કે જ્યાં લગી હેમસૂરિ મહારાજનો સમાગમ ન થયો હોય. મ્હારે તો દેવતત્ત્વ, ગુરૂતત્ત્વ અને ધર્મતત્ત્વ એ ત્રણ તત્ત્વ ગ્રાહ્ય છે અને કુદેવ, કુગુરૂ, કુધર્મનો આજથી સદંતર ત્યાગ છે."

હવે પહેલા પ્રાણાતિપાતવિરમણ વ્રતઉપર હેમસૂરિ મહારાજે કુમારપાળ ભૂપાળ અને સભાસમક્ષ એક કથા કહી તે નીચે મુજબઃ-

અમરપુરી નામની નગરીમાં સુગ્રીવ નામે રાજા રાજ્ય કરતો હતો, તેને વિમળા નામની પટરાણી હતી અને અમરસિંહ નામનો પુત્ર હતો. એકદા અમરસિંહકુમાર રમત રમવા અર્થે બહાર નીકળેલ હતો તે વખતે રસ્તાની વચ્ચે એક બ્રાહ્મણને એક બોકડાને લઈ જતો દીઠો. તે બોકડો બરાડા પાડતો હતો એ ઉપરથી કુમારે પેલા બ્રાહ્મણને પૂછ્યું કે– 'હે બ્રાહ્મણ! તું આ બોકડાને શા કારણથી પકડીને લઈ જાય છે? અને આ બોકડો આટલી બધી બૂમો પાડે છે છતાં તું ધ્યાન જ આપતો નથી તેનું શું કારણ?' જવાબમાં તે વૃદ્ધ બ્રાહ્મણ બોલ્યો કે– 'હે કુમાર! હમણાં મેં એક યજ્ઞ આરંભેલ છે અને પુન્યને અર્થે યજ્ઞમાં હોમ કરવા માટે આ બોકડાને લઈ જાઉં છું. મેં જે યજ્ઞ માંડેલ છે તે યજ્ઞમાં આ બકરાનો હોમ કરી દઈશ એટલે યજ્ઞનું મહાન્ પુન્ય મને ઉપાર્જન થશે. આ બોકડો સ્વર્ગપુરીમાં મોટો દેવ થઈ ઘણો સુખી થશે.' આ હકીકતથી અમરસિંહકુમાર અજાયબ થઈ ગયો અને કહ્યું કે– "અરે બ્રાહ્મણ! આવું કુકર્મ કરવાથી, અધર્મ આચરવાથી અને જીવની હત્યા કરવાથી કદિ પણ ધર્મની સંભાવના થતી જ નથી તેમ થવાની પણ નથી, કારણ કે લોહીથી ખરડાયેલા હાથ લોહીવડે ધોવાથી નિર્મળ થતા નથી, સમુદ્રમાં ખાર નાખવાથી સમુદ્ર મીઠો થતો નથી, તેમ પાપી જીવ પાપ કરીને ધર્મની વાંચ્છા રાખતો હોય તો તે કદિ પણ બને તેમ છે જ નહિ. જીવનો વધ કરનારો પ્રાણી સંસારમાં

ભમ્યા જ કરે છે અને સંસારસમુદ્ર તરવાની આશા તેને માટે તો સર્વદા દૂર જ છે. કહ્યું છે કેઃ-

ચોપાઈ.

પાપી જીવ સંસારે ફરે, પાપ કરીને કેણી પરે તરે?
જીવ હણતા જો હોય ધર્મ, તો પાતિકનું કેહું કર્મ? ૧
જૂઠું બોલ્યે જો જયકાર, તો કુણ પાપે હોય અસાર?
ચોરી કરતો સુખીઓ થાય, તો કુણ પાપે સહી દુઃખ થાય? ૨
પરસ્ત્રીગમને કીર્તિ ફરે, કુણ પાપે અપજશ વિસ્તરે?
જીવ હરંતા સુખીઓ હોય, તો દુઃખીઓ નવિ દીસે કોય. ૩

માટે જીવને હણવાથી જો સુખ થતું હોય તો પછી જગતમાં કોઈને દુઃખ રહે જ શાનું?"

આ પ્રમાણે અમરસિંહકુમાર અને વૃદ્ધ બ્રાહ્મણને વાર્તાલાપ ચાલી રહેલ છે તે સમયે એક મુનિમહારાજને ત્યાંથી પસાર થતા જઈને કુમારે પૂછયું કે– 'હે મુનિમહારાજ! કૃપા કરી આપ જવાબ આપો કે જીવનો વધ કરવાથી કોઈ જીવ સુખી થાય?' ત્યારે સમતારસના ભંડાર દયાળુ અણગાર બોલ્યા કેઃ– 'હે ભાઈ! જો કોઈ ગળીકુંડમાં પેસે અને ગળીનો પાસ ન બેસે, અગર કોઈ અગ્નિમાં ઝંપાપાત કરે અને દાઝે નહિ, અગર સિંહની સામે મૃગલો બાઝવા જાય અને જીતી જાય, અગર સર્પની ઉપર સુડો નાચવા જાય ને બચી જાય અગર કોઇ કાંટાની પથારીમાં નિરાંતે ઉંઘી જાય-આ બધી બાબતો બનવી જેમ અશક્ય છે તેવી જ રીતે જીવનો વધ કરીને સુખી થવાની આશા રાખવી તે પણ અશક્ય જ છે." પછી તે વૃદ્ધ બ્રાહ્મણને ઉદ્દેશીને મુનિવર કહેવા લાગ્યા કે- "હે વૃદ્ધ બ્રાહ્મણ ! જો કે તું આ બોકડાને મારવાને નિમિત્તે લઇ જાય છે; પરંતુ હું જ્ઞાનવડે જાણીને તને કહું છું કે આ બોકડો પૂર્વભવે તારો પિતા હતો. તેણે પૂર્વભવમાં ઘણા યજ્ઞો કર્યા હતા અને એ યજ્ઞોમાં નિર્દોષ અબોલ જીવોને હોમી હોમી ઉગ્ર પાપ ઉપાર્જન કર્યું હતું, જે પાપના ઉદયે કરીને

આ ભવે તે બોકડાનો અવતાર પામેલ છે." આ પ્રમાણેની હકીકત સાંભળતાં તે બોકડાને જાતિસ્મરણ જ્ઞાન થયું અને પોતાનો પાછલો ભવ નિહાળી પારાવાર પશ્ચાત્તાપ કરવા લાગ્યો. પછી વધારે ખાત્રી થવા માટે તે બોકડાએ બ્રાહ્મણને ઘરે જઇને ખાનગીમાં દાટેલું નિધાન બતાવ્યું, જે જોતાં બ્રાહ્મણને સંપૂર્ણ પ્રતીતિ થઇ કે આ મારા પૂર્વભવના પિતા જ છે અને મુનિ મહારાજે કહેલી તમામ હકીકત સત્ય છે.

પોતાનો પૂર્વભવનો પિતા, આ ભવમાં પોતાના હાથે યજ્ઞમાં હોમાઇ જાત. એ હકીકત મુનિ દ્વારા જાણીને તુરત જ તે વૃદ્ધ બ્રાહ્મણ મુનિશ્રીના પગમાં પડ્યો અને સંસારની વિચિત્ર ઘટનાનો વિચાર કરી મુનિરાજની દેશનાથી પ્રતિબોધ પામી ચારિત્ર ગ્રહણ કર્યું. અનુક્રમે તે બ્રાહ્મણ ચારિત્ર પાળી મુક્તિપદને પામ્યો. પેલા બોકડાએ પણ અણસણ કર્યું અને મરણ પામીને સ્વર્ગલોકમાં દેવપણે ઉત્પન્ન થયો. અમરસિંહ કુમાર પણ જીવદયા પાળવાથી મહાન્ સુખસામગ્રી રાજ્યઋદ્ધિને પામ્યો અને અંતે સ્વર્ગના સુખ મેળવવા ભાગ્યશાળી થયો.

આ પ્રમાણે જીવદયાના સંબંધમાં કથા સમાપ્ત કરી વિશેષ પુષ્ટિને અર્થે હેમસૂરિમહારાજે ઉપદેશ ચાલુ રાખ્યો અને કુમારપાળ ભૂપાળ આદિ સભાસમક્ષ જીવદયાના સંબંધના બીજા શાસ્ત્રીય દ્રષ્ટાંતો કહેવા લાગ્યા:- 'શ્રેણિકનંદન મેઘકુમારે પૂર્વભવે હાથીના ભવમાં ફક્ત એક સસલાને પગ નીચે ભરાઇ જતાં હૃદયમાં દયા ચિંતવી બચાવ્યો તો આ ભવમાં શ્રેણિક નૃપતિના ગૃહે પુત્રપણે ઉત્પન્ન થયા. શ્રી શાંતિનાથ ભગવાને પૂર્વભવે મેઘરથ રાજાના ભવમાં શરણે આવી પડેલા પારેવાને સીંચાણાની ઝડપથી બચાવી જીવતો રાખ્યો અને સીંચાણાએ ભક્ષ્ય માગતાં પોતાના શરીરમાંથી કાપી કાપીને માંસ આપવા માંડ્યું પરંતુ પારેવાને તો અભયદાન આપ્યું. એ જીવદયાના ઉત્કૃષ્ટ પુન્યવડે તીર્થંકરપદને પામ્યા. મેતારજ મુનિએ ક્રૌંચપક્ષી સોનાના જવ ચણી ગયેલ તે જોયેલ છતાં 'જો આ વાત સોનીને કહીશ તો જરૂર આ સોની પક્ષીનો ઘાત કરશે.' એમ સમજી

સોનીએ વારંવાર પૂછ્યા છતાં મૌન જ રહ્યા અને જીવદયાની ખાતર પ્રાણાંત પરીષહ સહન કર્યા છતાં જીવદયા સંપૂર્ણપણે પાળી તેમજ બાળબ્રહ્મચારી બાવીશમાં તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાને લગ્ન સમયે ધામધૂમથી જાન જોડી ઉગ્રસેન રાજાના ઘર પાસે પહોંચતાં જાણ્યું કે- 'પોતાના લગ્નપ્રસંગે અનેક નિર્દોષ પશુઓનો સંહાર થવાનો છે.' એ પશુઓનો પોકાર દયાના ભંડાર પ્રભુના કર્ણપર આવ્યો કે તુરત જ પ્રભુએ રથ પાછો વાળ્યો. પરણવાની વાત પડતી મૂકી અને સર્વ જીવોને અભયદાન આપી જીવદયા પાળી."

આ પ્રમાણે શ્રી હેમસૂરિ મહારાજે કુમારપાળ નૃપતિ સમક્ષ પહેલા પ્રાણાતિપાતવિરમણ વ્રતસંબંધી અસરકારક અને અધિકાર કહ્યા, જેથી કુમારપાળ પ્રતિબોધ પામ્યા અને ઘણા જીવોને પાપમાર્ગમાંથી બચાવવા લાગ્યા, તેમજ પોતાના દેશમાં જીવદયાની અખંડ આણા ફેરવી. તે સંબંધી સવિસ્તર, અનુમોદનીય અને જાણવા જેવી હકીકત છે તે નીચે આપી છે.

શ્રી હેમસૂરિ મહારાજના ઉપદેશથી જીવદયા માટે કુમારપાળ ભૂપાળે તન, મન અને ધનથી ખૂબ પ્રયાસ આદર્યા. પ્રથમ તો જીવહિંસા કરનારા વાઘરી લોકો તથા શિકારીઓ વિગેરે જે જે હતા તે સર્વને તેવો ધંધો કરતાં અટકાવી સાદી નોકરી પર ચડાવી દીધા. વળી નદી, કુવા, સરોવર આદિ સ્થળે જ્યાં પાણીની પુષ્કળ વપરાશ નિરંતર થયા જ કરે તે સ્થળોમાં પાણી ગળીને વપરાય તે માટે ગરણા બંધાવ્યા અને તેનો ઉપયોગ સાચવીને કર્યાથી અણગળ પાણીથી થતું પાપ લાગવા દીધું નહિ. અણગળ પાણી વાપરવામાં સાંખ્ય મતવાળા પણ જણાવે છે કે:-

સાત ગામ બાળે સંતાપ, વરસ દિવસ માછીનું પાપ;
અણગળ પાણી એક દિન પીએ, એટલું પાતિક અંગે લીએ.

જીવદયા રાજા કુમારપાળના દિલમાં સચોટપણે વાસ કરીને રહેલી હોવાથી કોઇ પણ માણસ જીવવધ કરી શકે જ નહિ, તે હેતુથી સર્વ

નાગરિક જનોને બોલાવી જીવદયાનું પાલન કરવા સર્વને ફરમાન કર્યું અને કોઇપણ જીવનો વધ કરવો જ નહિ એવો સખ્ત હુકમ બહાર પાડ્યો, એટલું જ નહિ પરંતુ પોતાના રાજ્યમાં અગીયાર લાખ અશ્વો, એંસી હજાર ગાયો-ભેંસો અને અગીયારસો હાથી જે કાયમ રહેતા હતા તે સર્વને પણ પાણી ગળીને પાવાનો બંદોબસ્ત કર્યો અને જીવદયાનું પરિપાલન યથાર્થ રીતે કરાવવા માટે આખા દેશમાં ખાસ બાતમીદારો રાખ્યા કે જેથી કોઇ પણ સ્થળે જીવહિંસા ન થાય.

આવી સખ્ત દેખરેખ હોવાથી અને રગેરગમાં જીવદયા જ પ્રસરેલી હોવાથી રાજા કુમારપાળના રાજ્યમાં જીવદયાને ખાસ પ્રધાનપદ અપાયેલું હતું, અર્થાત્ સર્વ જીવોને 'અભયદાન' જ મળ્યું હતું.

આ પ્રમાણે જીવદયા માટે આદેશ બહાર પડ્યા છતાં અને સંપૂર્ણ દેખરેખ છતાં મેવાડ દેશમાં એક વણિક સ્ત્રીએ માથું જોતાં જૂ નીકળી તેને તુરત જ મારી નાંખી, પરંતુ આ વાત ઢાંકી રહી નહિ કેમકે જીવદયાનું પાલન પ્રજાવર્ગમાં સારી રીતે થતું હોય ત્યાં આવું પાપકર્મ પણ છાનું રહે જ નહિ. કહ્યું છે કે :-

ચોપાઇ

ઢાંક્યું ન રહે પાતિક કર્મ, ઢાંક્યો ન રહે વળી અધર્મ;
ઢાંક્યો ન રહે કોઢ કષાય, લસણ ભખ્યું તે સહી ગંધાય.૧
ઢાંક્યું ન રહે મદિરાપાન, ઢાંક્યું ન રહે વળી વિજ્ઞાન;
અતિસાર વ્યસની ને ચાડ, ઢાંક્યો ન રહે વળી લબાડ.૨
ઢાંક્યો ન રહે ક્ષય અવસરે, ખુણે બેઠો ખું ખું કરે;
ઢાંક્યું ન રહ્યું પાતિક મંદ, વાત ગઇ જીહાં કુમરનરિંદ.૩

આખરે રાજા કુમારપાળ પાસે આ વાત પહોંચી અને પોતાના રાજ્યમાં સર્વ જીવોને અભયદાન આપવા માટે જાહેર ઢંઢેરો પીટાવ્યા છતાં પોતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરી જૂનો વધ થયો જાણી હૃદયમાં ક્રોધ ઉત્પન્ન થવાથી તુરત જ હાજર રહેલા સેવકોને તેણે હુકમ કર્યો કે- 'મારા

રાજ્યમાં મારી આજ્ઞાનો ભંગ કરી જૂનો વધ કરનાર જે કોઇ પાપીષ્ટ હોય તેને જલ્દી પકડી લાવી મારી પાસે હાજર કરો.' હુકમ મળતાંની સાથે જ રાજાના સેવકો તે જૂનો વધ કરનાર સ્ત્રીના પતિ વણિકને રાજા પાસે પકડી લાવ્યા. તેને જોતાં જ રાજા કુમારપાળ બોલ્યા કે- 'અરે દુષ્ટ આત્મા ! જીવની ઘાત કરનાર અધમ માણસ ! તને ધિક્કાર છે ! ફીટકાર છે ! મારો આવો સખત આદેશ છતાં તેં જૂનો વધ કેમ કરવા દીધો ? તેનો ખુલાસો કાંઇ આપવો હોય તો આપી દે.' તે વખતે તે વણિકે કહ્યું કે- 'જૂએ તો મ્હારૂં માથું કરડી ખાધું છે અને મારા મસ્તકમાં દુ:ખાવો ઉત્પન્ન કર્યો છે, તેથી મેં તેનો વધ કરાવી નાંખ્યો છે.' આવો ઉલટો જવાબ મળવાથી રાજાજીને ખૂબ રીસ ચડી અને તુરત જ કોટવાળને બોલાવી હુકમ કર્યો કે- 'આ જૂનો વધ કરનાર દયાહીન પુરૂષને જલ્દી મારી નાખો કે જેથી હવે પછી મારા રાજ્યમાં કોઇપણ માણસ આવું કામ કરે નહિ.'

આ પ્રમાણે હુકમ મળતાની સાથે કોટવાળ તો તે વણિકને બાંધીને વધસ્થાનકે લઇ ગયા, પણ તુરત જ મંત્રીમ્હેતાઓ વિગેરેએ રાજા કુમારપાળને અરજ કરી કે- "હે રાજાજી ! એક તરફ આપ કીડી આદિ સર્વ જીવોની રક્ષા કરવાનું મહાન્ કાર્ય આદરી રહ્યા છો અને સર્વ જીવોને અભયદાન આપવાની અભિલાષા રાખી રહ્યા છો તો પછી આ મનુષ્યવધ-પંચેન્દ્રિય જીવની હત્યાનો હુકમ આપનાથી શી રીતે થઇ શકે ? જે માણસ ભૂમિ ઉપર પડેલું ધન પણ અદત્તાદાનમાં ગણીને ગ્રહણ કરે નહિ તે માણસ કદિ પરઘરમાંથી ચોરી કરવા ચાહે જ શેનો ? વળી જે માણસ વિષય-વિકારથી વિરક્ત થઇને પોતે પરણેલી નવયૌવનવંતી નારીને પલકમાં પરિહરે તે માણસ પરમંદિરમાં પરસ્ત્રી-સેવન માટે પ્રવેશ કરે જ શેનો ? અને વળી જે માણસ લવણ-શાક આદિ વસ્તુ ખાતાં વિચાર કરે, દોષ લાગે માટે તે ચીજનો સદા ત્યાગ કરે તે માણસ કંદમૂળ ભક્ષણ કદિ કરે જ શેનો ? તેવી રીતે કીડી આદિ જીવજંતુની રક્ષા

કરનારા આપ ગણાઓ છો તો આ મનુષ્યવધની વાત કેવી રીતે બની જ શકે ? માટે ગમે તે પ્રકારે આપ આપનો હુકમ કૃપા કરી બદલાવો અને સદરહુ ગુન્હેગાર મનુષ્યને સત્વર બચાવો."

આ રીતે મંત્રી અને વ્યવહારીઆઓના કથનથી રાજા કુમારપાળે તે હુકમ રદ કર્યો અને કહ્યું કે- "આ જૂનો વધ કરનાર માણસ જીવહિંસા કર્યાની શિક્ષા માટે ત્યાં શ્રી જિનેશ્વર ભગવાનનું ભવ્ય મંદિર કરાવે." તે પ્રમાણે તે વણિકે માન્ય કર્યું અને રાજાના આદેશ મુજબ એક ભવ્ય જિનમંદિર તૈયાર કરાવી તેમાં મૂર્તિ પધરાવી, જે જિનમંદિર "યુકા-વિહાર" ના નામથી ઓળખાયું.

જીવદયા રાજા કુમારપાળને પ્રાણસમી હતી અને શ્રી હેમસૂરિ મહારાજ પાસે બાર વ્રત અંગીકાર કરેલા હોવાથી જીવદયા પાલન કરવા માટે સંપૂર્ણ કાળજી અને ચિવટથી સમયનો સદુપયોગ તે બરાબર કરતા હતા. તે દરમિયાન નવરાત્રિના દિવસો આવી પહોંચ્યા, જે દિવસોમાં પરંપરાથી કંટેશ્વરી દેવીને ભોગ અપાતો હોવાથી દેવીભક્ત પૂજારીએ આવીને હાથ જોડી રાજાજીને વિનંતિ કરી કે- 'હે રાજન્ ! કંટેશ્વરી દેવી ભોગ માગે છે અને તે સાતમને દિવસે સાત સો બોકડાનો, આઠમને દિવસે આઠ સો પાડા-બોકડાનો અને નોમને દિવસે નવસો મોટા જીવોનો ભોગ માગે છે, તે પ્રમાણે તમારે ભોગ આપવો જ પડશે. આ કાર્ય તો કર્યા વિના ચાલશે જ નહિ, માટે હે રાજાજી ! વગરવિલંબે માતાજીનો ભોગ પૂરો કરો.' તે સાંભળી રાજા કુમારપાળ કે જેના હૃદયમાં જીવદયા વસેલી છે અને જેણે જૈનધર્મ સદ્દહ્યો છે તેણે તુરત જ પ્રત્યુત્તર આપ્યો કે- 'હે બ્રાહ્મણ ! હું કદિ કોઇ જીવનો ઘાત કરવાનો નથી અને પાડા-બોકડા પણ આપવાનો જ નથી.' આ પ્રમાણે રાજાએ ઉત્તર આપ્યો કે તુરત જ દેવી કંટેશ્વરી કોપાયમાન થઇ અને પ્રગટ થઇને બોલી કે- 'હે રાજન્ ! આ ગાદી ઉપર અનેક રાજાઓ થઇ ગયા છે અને તે સર્વેએ ઉપર જણાવ્યા મુજબ ભોગ આપીને મારી પૂજા કરેલી છે, તો તારે પણ અવશ્ય

એ પ્રમાણે કરવું જ પડશે.' ત્યારે વિનયવડે રાજા કુમારપાળ બોલ્યા કે- 'હે દેવી ! આપ કહો તો લાડુ, સાકર, સેવાદિ મિષ્ટ ભોજનોથી તમારી ભક્તિ-પૂજા કરૂં, પરંતુ જીવનો વધ તો કદિ પણ હું કરીશ નહિ, તેમ છતાં હે માતાજી ! તમારે પાડા-બોકડાની જરૂર હોય તો જો તમો સર્વને જીવતા રાખો તો તમારી પાસે લાવીને હાજર કરૂં-પણ એટલું તો ચોક્કસ કહું છું કે તે બિચારા નિર્દોષ અબોલ પ્રાણીઓનો વધ તો બીલકુલ થવા દઇશ જ નહિ.' આ હકીકત સાંભળતાંની સાથે જ કંટેશ્વરી દેવીએ ખૂબ કોપાયમાન થઇ લાલચોળ નેત્ર કરી રાજા કુમારપાળના મસ્તકમાં ત્રિશૂળ માર્યું, જે વાગ્યું કે તુરત જ તેમની સુવર્ણ સરખી કાયા હતી તે કોઢના રોગવાળી બની ગઇ અને આખા શરીરે અગ્નિની જેમ વેદના થવા લાગી. આટલું દુઃખ આવી પડ્યું, છતાં રાજા કુમારપાળના દ્રઢ વિચારો સાથે એ ઉદ્દ્ગારો નીકળ્યા કે- 'મને મારા દેહની પરવા નથી, પરંતુ જૈનધર્મ કે જે મેં હમણાં જ અંગીકાર કરેલ છે તે ધર્મનો અપયશ મારા નિમિત્તે જગતમાં વિસ્તરે એ જ મોટામાં મોટું દુઃખ મને થયા કરે છે.'

'આ બાબતમાં શું ઉપાય લેવો ?' એ વિચારવા માટે રાજા કુમારપાળે તુરત જ ઉદયન મંત્રીને બોલાવ્યા અને દેવીએ કહેલી સર્વ હકીકત જણાવીને પોતાને જે શારીરિક દુઃખ થયું છે તે કરતાં પરમપુનિત શ્રી જૈનધર્મની નિંદા થાય છે એ દુઃખ મને વિશેષ થાય છે અને એ જ વાત વારંવાર મને ખટકે છે તે પણ ખુલ્લા દિલથી કહી બતાવ્યું.

મંત્રી ઉદયન વિચક્ષણ અને બુદ્ધિશાળી હોવાથી રાજા કુમાપાળના દેહ ઉપરના ઉપસર્ગનું અને શ્રી જૈનધર્મની નિંદાનું ખાસ નિવારણ કરાવવા માટે વિચાર કરીને શ્રી હેમસૂરિ મહારાજ પાસે આવ્યા અને સર્વ હકીકત તેમની આગળ નિવેદન કરી. સૂરિમહારાજે 'કાંઇ ચિન્તા કરશો નહિ' એમ કહી મંત્રિત જળ ઉદયન મંત્રીને આપ્યું અને કહ્યું કે- 'આ મંત્રિત જળ રાજાના શરીર પર છાંટજો, તેથી અને શ્રી પાર્શ્વનાથના નામસ્મરણ માત્રથી સર્વ પ્રકારે શાન્તિ થઇ જશે.' આ પ્રમાણે સાંભળી

મંત્રીએ તરત જ રાજા પાસે જઇ તેમના શરીર પર તે જળ છાંટ્યું એટલે તુરત જ સર્વ શાન્તિ થઇ ગઇ અને હૃદયમાં હર્ષ થયો, એટલે સકળ પરિવાર સહિત કુમારપાળ રાજા શ્રી હેમસૂરિ મહારાજ પાસે આવી વંદના કરી તેમની પાસે બેઠા અને પોતાની જાતને ધન્ય માનવા લાગ્યા. આ સમયે રાજા કુમારપાળે નજીકમાં એક સ્ત્રીને રૂદન કરતી સાંભળી એટલે 'તે સ્ત્રી કોણ છે ?' તે હકીકત ગુરૂમહારાજને વિનયભાવે પૂછી. પ્રત્યુત્તરમાં હેમસૂરિ મહારાજ બોલ્યા કે- 'હે રાજન્ ! જે દેવીએ તમને મસ્તકમાં ત્રિશૂળ મારી આખા શરીરમાં વેદના ઉત્પન્ન કરી કુષ્ટરોગવાળા કરી મૂક્યા હતા તે દેવી કંટેશ્વરીને અહીં બાંધીને લાવી રાખેલ છે, તે રૂદન કરે છે અને તેના પાપનાં ફળ ભોગવે છે.'

રાજા કુમારપાળ આ હકીકતથી અજાયબ થઇ ગયા. તે દયાળુ આત્મા હોવાથી ગુરૂમહારાજને તેણે વિનંતિ કરી કે- 'કૃપા કરીને એ દેવીને મુક્ત કરો.' જવાબમાં હેમસૂરીશ્વરે જણાવ્યું કે- 'જો તે દેવી કંટેશ્વરી આજ પછી કોઇ જીવને મારે નહિ, કોઇ જીવનો ભોગ લે નહીં તેમજ સર્વ જીવોની રક્ષા કરવા ખાતર અને જીવદયાની સંભાળ રાખવા ખાતર અઢારે દેશમાં ફરતી ફરે તો તેને હું છોડી મૂકું.' દેવીએ તે કબૂલ કર્યું અને અઢારે દેશમાં ફરીને જીવદયાની રક્ષા માટે તપાસ કરવા લાગી.

આ પ્રમાણે ગુરૂકૃપાથી પોતાનો રોગ દૂર થયો એમ જાણીને કુમારપાળ બહુ પ્રસન્ન થયા અને નવરાત્રિના દિવસોમાં પરંપરાથી ચાલતી જીવહિંસા બંધ થઇ ગઇ તેથી અને શ્રી જૈનધર્મનું વિશેષપણે અનુમોદન થતું જોઇને રાજા કુમારપાળ ઘણા જ હર્ષિત થયા.

રાસકર્તા કવિ ઋષભદાસ કહે છે કે :-

(દોહરા)

એક જ સૂરજ ઉગિયો, સુપુરૂષ હેમસૂરીંદ;
કુમતિતિમિરને ટાળવા, ઉગ્યો પુનમચંદ.૧

ઋષભ કહે જન સોચજો, સ્વર્ગ મૃત્યુ પાતાળ;
હેમસૂરિ સરિખા વળી, દુલહા દુષમકાળ.૨
કેલિકાળે નર બેહુ હુઆ, એક તો હેમસૂરીંદ;
બીજો રાજઋષિ કહ્યો, મોટો કુમાર નરીંદ.૩

કુમારપાળ ભૂપાળથી પણ હેમસૂરીશ્વરને અધિક માનવા કે જેની ઉપદેશશક્તિથી, જેના આત્મબળથી અને જેના ચારિત્રના તેજપ્રતાપથી તેમજ જેની ઉત્તમ સમજાવટ શૈલીથી રાજા કુમારપાળે અઢારે દેશમાં અમારી-પડહ વગડાવ્યો કે જે પડહના પ્રતાપથી માછીમાર, વાઘરી કે શિકારીઓ કોઇ પણ જીવવધ કરી શકે જ નહિ, વનમાં મૃગલાઓ નિરાંતે ફરે, સરોવર આદિ જળાશયોમાં માછલાંઓ સુખે કુદકા મારે અને સસલા વિગેરે સુખે સહેલ કર્યા કરે.

આવા સમયે પશુ-પંખી કલ્લોલ કરી રહ્યા છે અને તેઓ પરસ્પર વાદ કરી રહ્યા છે તેની હકીકત નીચે વાંચો :-

રાજા કુમારપાળને દેવી કંટેશ્વરીએ ઘોર સંકટમાં નાંખ્યા છતાં પણ શ્રી અર્હંતના શાસનથી લેશમાત્ર પણ તેઓ ચલાયમાન થયા જ નહિ, તેમ જ અહિંસાનો પ્રચાર અઢારે દેશમાં કરવાથી શ્રી હેમસૂરીશ્વરે "પરમાર્હત્" એવું ઉત્તમ બિરૂદ આપ્યું, જેથી રાજા પોતાને ધન્ય-કૃતાર્થ માનવા લાગ્યો.

પરમાર્હત્ કુમારપાળ ભૂપાળના રાજ્યમાં સર્વત્ર અભયદાન તો સર્વજીવોને મળી ગયું હોવાથી પશુ-પંખીઓ પોતપોતાની ભાષામાં પરસ્પર વાર્તાલાપ કરી આનંદ કરી રહ્યા છે. તેની રાસકર્તા કવિ ઋષભદાસ ઘટના કરી જણાવે છે કે- પશુ-પંખીઓ વાતો કરે છે કે- 'શાસ્ત્રમાં અનેક ઉપગારી પુરૂષો આગળ થઇ ગયાના ઘણા દાખલાઓ મૌજુદ છે, તેમ અભયદાન દેનારા પણ ઘણા થઇ ગયા છે, પણ તે કોઇને અમોએ નજરે ભાળ્યા નથી તેથી અમારે તો રાજા કુમારપાળનો જ અત્યારે મોટો ઉપગાર થઇ પડ્યો છે.' વળી તે પશુ-પંખીઓ માંહોમાંહે બોલે છે કે-

"મેઘકુમારે તો સસલાનો એક જ જીવ બચાવ્યો હતો, નેમિનાથે પશુઓને એક દિવસ જ છોડાવી અભયદાન અપાવ્યું હતું, પરંતુ કુમારપાળ રાજાએ તો અનેક જીવોને સદાને માટે અભયદાન આપી દીધું છે. વળી શ્રી વીરપ્રભુ જે સ્થળમાં વિચરતા તે સ્થળે જીવોનો વધ કોઇ કરી શકતું નહિ અર્થાત્ તે સ્થળમાં રહેલા જીવોને અભયદાન હતું, જ્યારે કુમારપાળ રાજાએ તો સર્વ સ્થળે અમારી-પડહની ઉદ્દ્ઘોષણા ફેલાવી દીધી છે. શ્રી શાંતિનાથ ભગવાને પૂર્વભવે મેઘરથ રાજાના ભવમાં એક પારેવાને ઉગાર્યો હતો, જ્યારે રાજા કુમારપાળના રાજ્યમાં તો સંખ્યાબંધ જીવો ઉગરી ગયા છે. અમરસિંહ રાજા થઇ ગયા જેમણે એક બોકડાનો જીવ બચાવ્યો હતો, જ્યારે કુમારપાળ ભૂપાળે અનેક જીવોને બચાવ્યા છે. હરિબળ મચ્છીની કથામાં હરિબળે એક જ મચ્છી ફરી ફરીને આવતી હતી તેને બચાવી જીવદયાની ટેક પાળ્યાની હકીકત સાંભળી છે, જ્યારે કુમારપાળ ભૂપતિએ તો સકળ જીવોની રક્ષા કરી છે, માટે અમારે તો સર્વથી અધિક અમારો અભયદાનનો દાતાર રાજા કુમારપાળ જ છે." આ પ્રમાણે પશુ-પંખીમાં વાત ચાલી રહી છે તેનો ઉત્તર આપતાં કવિ ઋષભદાસ સમાધાન કરે છે કે- "હે પશુ-પંખીઓ ! શાસ્ત્રમાં કરણ, કરાવણ અને અનુમોદન એ ત્રણેનું ફળ સરખું કહ્યું છે. આ બધા પૂર્વપુરૂષોએ વાવેલા અહિંસા વૃક્ષનાં ફળ છે. કહ્યું છે કે :-

આંબો રોપ્યો તે ભલો, સીંચ્યો તે ગુણવંત;
ફળ ચખાવે તે ગુણી, ત્રણ નર મહંત.

આ રીતે પંખીઓના પરસ્પરના વાર્તાલાપનું સમાધાન થઇ રહેતાં તે જળચર, સ્થળચર ને ખેચર જીવો આનંદમગ્ન બની શ્રી હેમસૂરીશ્વર અને કુમારપાળ ભૂપાળના ગુણગાન ગાવા લાગ્યા."

કુમારપાળ મહારાજાએ જીવદયા પાળવા અને પળાવવા માટે તન-મન અને ધનથી જે જે ઉપાયોની જરૂર લાગી તે સર્વે આદર્યા હતા. એક વખતે પોતાની જાણમાં હકીકત આવી કે- "કાશીદેશમાં વાણારસી

નગરીનો સ્વામી જયચંદ રાજા કે જેને ચાર હજાર હાથી, સાઠ લાખ ઘોડાઓ અને ત્રીશ લાખ પાયદળ લશ્કર છે તથા બારસો નિશાનની ઋદ્ધિથી અલંકૃત છે, જેના રાજ્યનું સાતસો યોજનનું ક્ષેત્રફળ છે, જે ગંગા-જમનારૂપ લાકડી વગર ચાલી શકતો ન હોવાથી જેનું બીજું નામ પુગ્ગરાજ અથવા પંગુરાજ છે એ રાજા જયચંદના રાજ્યમાં ઘોર હિંસા થયા કરે છે, નિરંતર અનેક જીવોને મારી નાંખવામાં આવે છે અને જબરજસ્ત પાપનું કાર્ય થયા કરે છે." તે નિવારવાને અર્થે રાજા કુમારપાળે એક ચિત્રપટ તૈયાર કરાવ્યું. તેમાં સ્વર્ગ અને નર્કના દ્રશ્યો મૂક્યા. પુન્ય કરે તે સ્વર્ગમાં જાય, પાપ કરે તે નરકમાં જાય, એવા મોટા અક્ષરો લખાવ્યા. એક તરફ જયચંદ રાજાની છબી મૂકી તેની સામે પોતાની છબી આળેખાવી અને કુમારપાળ ભૂપાળ જયચંદ ભૂપને જીવદયા માટે બે હસ્ત જોડી વિનંતિપૂર્વક કાંઇક કહેતા હોય તેવા પ્રકારનું અદ્‌ભૂત, સુંદર, મનોહર અને ચિત્તને આકર્ષક ચિત્રપટ કરાવી તે લઇને કાશીદેશના રાજા જયચંદની પાસે રાજા કુમારપાળે પોતાના મંત્રીને મોકલ્યો. તેની સાથે બે કરોડ સોનૈયા સાંઢો ભરીને મોકલ્યા. બે હજાર અશ્વો અને અમૂલ્ય રત્નો આદિ આપીને જીવદયા વિષયસંબંધી બોધદાયક પત્ર પણ લખી આપ્યો. સર્વ સાધનસહિત મંત્રી અનુક્રમે કાશીદેશમાં વાણારસી નગરીમાં જયચંદ રાજાની સભાસમક્ષ આવી પહોંચ્યો. રાજાને સવિનય પ્રણામ કરી પત્ર આપી અમૂલ્ય ભેટો આગળ ધરી. પછી મંત્રીએ કુમારપાળ ભૂપાળે આપેલ ચિત્રપટ રજૂ કર્યું, જે જોતાં જ જયચંદ રાજાએ પૂછ્યું કે- 'આ શું છે ?' જવાબમાં વિચક્ષણ મંત્રીએ જીવદયાનું વિવેચન વિસ્તારથી સમજાવ્યું, સ્વર્ગ અને નર્ક શાથી મળે ? એ સમજાવ્યું અને જીવહિંસાથી નિશ્ચે નર્કગતિ સિવાય બીજો માર્ગ જ નથી એ પણ બતાવ્યું, જે શ્રવણ કરવાથી તુરત જ જયચંદ રાજાએ દયાધર્મનો સ્વીકાર કરી પોતાના દેશમાં સર્વત્ર અમારીપડહ વગડાવ્યો.

સભાસમક્ષ જયચંદ રાજાએ મુક્તકંઠે રાજા કુમારપાળના વખાણ

કર્યા અને કહ્યું કે- 'જીવદયાપ્રતિપાળ ગુર્જરદેશદીપક રાજા કુમારપાળને ધન્ય છે !' અને સર્વ સમક્ષ ફરી ઉદ્દ્ઘોષણા કરી કે- 'આજથી આ રાજ્યમાંથી હિંસાને દેશવટો દેવામાં આવ્યો છે, માટે કોઇએ કદિ પણ તેને સંઘરવી નહિ.' એમ કહી આવેલ મંત્રીનો સત્કાર કરી સામી ઉત્તમ ભેટો અર્પણ કરી મંત્રીને વિદાય કર્યો. તે પાટણપુરમાં કુમારપાળ રાજાની પાસે આવી પહોંચ્યો અને સર્વ હકીકત નિવેદન કરી કહ્યું કે- "જયચંદ રાજાએ આપના ચિત્રપટ અને ઉપદેશથી પોતાના રાજ્યમાં ઢંઢેરો ફેરવ્યો છે કે- 'આજથી હિંસાને ભસ્મીભૂત કરી નાંખવામાં આવી છે.' આ પ્રકારે અનેક જીવોને અભયદાન આપનારી હકીકતથી રાજા કુમારપાળ હૃદયમાં બહુ જ હર્ષ પામ્યા."

આ રીતે જીવદયા જેને પ્રાણસમાન વ્હાલામાં વ્હાલી વસ્તુ હતી એવા રાજા કુમારપાળે કર્ણાટક, ગુજરાત, મારવાડ, સૌરાષ્ટ્ર, સપાદલક્ષ, સિંધ, કોકણ, લષ્ટદેશ, લાટદેશ, કચ્છ, જાલંધર, ભાંભેર અને મેવાડ આદિ દેશોમાં અમારી પડહની ઉદ્દ્ઘોષણા ફેરવી દીધી, સદાને માટે સર્વ જીવોને અભયદાન આપ્યું, તેમ જ સકળ દેશમાં પાણી પણ ગળીને વાપરવાનો આદેશ કર્યો. રાજા કુમારપાળ જીવદયા પ્રતિપાળ એટલા બધા હતા કે પોતાના મુખથી 'મારિ' એટલે 'માર' એ શબ્દનો ઉચ્ચાર પણ કદિ કરતા નહિ, અને કદિ ભૂલથી 'મારિ' શબ્દ મુખમાંથી નીકળી ગયો તો તે ભૂલ માટે ઉપવાસ કરતા હતા, તેમજ સહજ પણ અસત્ય વાણી ભૂલથી બોલાઇ ગઇ હોય તો આયંબિલ કરતા હતા. 'અહો ! ધન્ય છે સકળ જીવોને અભયદાનના દાતાર રાજા કુમારપાળને !'

એક દિવસ રાજા કુમારપાળ કાઉસગ્ગ ધ્યાનમાં ઉભા હતા તે વખતે તેના પગ ઉપર એક મંકોડો ચોંટી ગયો, જે જયણાપૂર્વક ધીમે ધીમે ઉખેડતા છતાં પણ ઉખડ્યો નહિ. બહુ પ્રકારે પ્રયાસ કરતાં પણ તે મંકોડો જુદો પડતો નથી તે વખતે કરૂણારસના ભંડાર અને સમતારસના સાગર નૃપતિ અનુકંપાવડે એ જ ચિંતવવા લાગ્યા કે- 'આ મંકોડાને

કોઇ પણ રીતે દુઃખ ન થાય એ જ રસ્તો હિતાવહ છે. ગમે તે ભોગે પણ પરપ્રાણની રક્ષા કરવાનું કાર્ય આદરવું એ જ ઉત્તમ છે, તે માટે આત્મસાક્ષીએ વિચારવા લાગ્યા કે- "પ્રભુશ્રી વીરભગવંતને ચંડકોશિકે પગમાં ડંસ માર્યો તો પણ પરમકૃપાળુ પ્રભુજીએ તો પોતાનું ધ્યાન ચોખ્ખું-નિર્મળ જ રાખ્યું હતું, સુકોશળે પોતાના પિતાની ખાતર પોતાના પ્રાણ ત્યાગ કર્યા હતા, મેઘકુમારે હસ્તીના ભવે ત્રણ પગે ઉભા રહી સસલાને બચાવ્યો હતો, વિક્રમરાજાએ પારકા દુઃખ અનેક વખત પોતે વ્હોરી લઇ પરોપકાર કર્યા તેથી વિક્રમ પરદુઃખભંજનના નામથી જગતમાં નામ રાખી ગયા, મુનિસુવ્રતસ્વામીએ પરકાજે એક રાત્રીમાં મ્હોટો વિહાર કરી અશ્વને પ્રતિબોધ્યો હતો. આ રીતે આજે મને પણ પરોપકાર કરવાનો અવસર આવ્યો છે, તેમજ પરપ્રાણની હરકોઇ પ્રકારે રક્ષા કરવાની ખરી કસોટી આવી છે, તો હું પણ આ મંકોડાને બચાવી લઉં અને તેને માટે કષ્ટ સહન કરી તેને લેશ પણ દુઃખ ન થાય તેમ કરૂં, તો જ ખરી જીવદયા જાળવી કહેવાય અને તો જ આ દેહનું સાર્થક થયું ગણાય."

ચોપાઇ

દેહ ધર્મ તો એહવો અછે, અંતે કાયા વિણસે પછે;
સડણ-પડણ વિધ્વંસણપણું, જરા રોગતણું દુઃખ ઘણું.૧
સનતકુમાર સરિખા જેહ, સાતશેં રોગ ક્ષણમાં લહે તેહ;
ચંપાનગરી નૃપ શ્રીપાળ, કોઢી દેહ થયો તતકાળ.૨
ઉદાયી રાજઋષિને જોય, સબલ રોગ તસ અંગે હોય;
પુંડરીક રાજા જે કહ્યો, ક્ષણમાં દેહ તસ વિસણી ગયો.૩
ઇશ્યું વિમાસી પૃથ્વીરાય, શસ્ત્રે તિહાં છેદ્યો નિજ પાય;
ચર્મ માંસ મંકોડા મુખે, ભૂપે અળગો મૂક્યો સુખે.૪

આ પ્રમાણે ચરણે ચોંટેલા મંકોડાના પ્રાણ બચાવવા, તેને કાંઇપણ કદર્થના ન પહોંચે તેમ તેને સુખી કરવા અને અભયદાન આપવા માટે જીવદયાપ્રતિપાળ કુમારપાળ ભૂપાળે શસ્ત્રવડે જે જગ્યાએ પગમાં મંકોડો

ચોંટી ગયો હતો તે ભાગની ચામડી માંસસહિત કાપી નાંખીને તે મંકોડાને મુક્ત કર્યો અને તેની યથાર્થ રીતે રક્ષા કરી. આ રીતે પોતે અંગીકાર કરેલા બાર વ્રતમાં પહેલું વ્રત પ્રાણાતિપાતવિરમણ મન, વચન અને કાયના યોગથી શુદ્ધ રીતે રાજા કુમારપાળ પાળવા લાગ્યા.

બીજું વ્રત મૃષાવાદવિરમણ રાજા કુમારપાળે અંગીકૃત કર્યું છે, જેમાં પાંચ મોટકાં જૂઠા કદિ વદતા નથી, ખોટી સાક્ષી પૂરતા નથી, કુડા લેખ લખતા-લખાવતા નથી અને પારકી થાપણ ઓળવતા નથી-એ સંબંધી પાંચ અતિચાર ટાળે છે. એ રીતે જયણાપૂર્વક એ વ્રત પાળવા લાગ્યા.

ત્રીજું વ્રત અદત્તાદાનવિરમણ કુમારપાળ નૃપતિએ ઉચ્ચર્યું, જેમાં રસ્તામાં પડેલું, ખાતર દીધેલું, કોઇની ગાંઠ કાપી છોડી દીધેલું, ભૂમિ, મંદિર અને હાટમાંથી નીકળેલું, ચોરનું લાવેલું, કુડા તોલ-માપ કાટલાથી રળેલું તેમજ પારકાનું ધન બીલકુલ લેતા જ નથી. વળી તેમણે ખરે અવસરે ખરી કસોટીમાં પણ આ વ્રતનું પાલન કેવી રીતે કરેલ છે, તે સંબંધી કુબેરદત્ત વ્યવહારીની કથા જાણવાજોગ હોવાથી આ નીચે આપી છે.

કુમારપાળના રાજનગર શ્રી પાટણપુરીમાં કુબેરદત્ત નામનો શ્રેષ્ઠી વસતો હતો, જે અર્હત્‌ધર્મોપાસક બારવ્રતધારી શ્રાવક હતો. જેના ગુણાનુવાદ સર્વ લોકો કરતા હતા. એવો તે ગુણી અને ભાગ્યશાળી પુરૂષ હતો. તે શેઠ વ્યાપાર અર્થે પાંચસો વહાણ ભરીને રતનદ્વીપે ગયો, જ્યાંથી ચૌદ ક્રોડ ધન રળીને વહાણો સહિત પોતાના નગરે પાછા આવતાં કર્મસંજોગે પવન પ્રતિકૂળ થવાથી સમુદ્રની અંદર વહાણ ચાલતાં ચાલતાં એક ડુંગરની વચમાં ભેખડમાં આવી ભરાણા અને ખારવા લોકોએ તે વહાણો બહાર કાઢવા બહુ પ્રયત્નો કર્યા પણ સર્વે નિષ્ફલ ગયા અને વહાણ ત્યાં ને ત્યાં જ રહ્યા. વ્યવહારી કુબેરદત્ત વિમાસણમાં પડી ગયો અને વિચારવા લાગ્યો કે- 'આમાં કાંઇ ભેદ છુપાયેલ છે પરન્તુ ખબર

પડતી નથી.' આ અરસામાં એક પુરૂષ હોડીમાં બેસી ત્યાં આવી ચડ્યો અને કુબેરદત્ત શેઠને જુહાર કરી બોલ્યો કે- "પંચશૃંગ નામનો એક દ્વીપ છે, જ્યાં શતસાગર રાજા રાજ્ય કરે છે. એ રાજાએ એક વખત શિકાર કરતાં સગર્ભા હરિણી પર બાણ છોડ્યું, જે બાણ લાગતાં જ હરિણીના પ્રાણ ચાલ્યા ગયા તેમ જ હરિણ પણ હરિણીના વિયોગથી મૃત્યુવશ થઇ ગયો. આ કરૂણાજનક દેખાવથી અમારા રાજા શતસાગર બહુ જ પશ્ચાત્તાપ કરવા લાગ્યા અને ઉહાપોહ કરવા લાગ્યા કે- 'અરેરે ! મારા આ કૃત્યને ધિક્કાર છે ! અને ફિટકાર છે મારા અવતારને ! ખરેખર "રાજેશ્વરી તે નરકેશ્વરી" કહેવાય છે તે ખોટું નથી. આવાં પાપકર્મથી હું ક્યારે છુટીશ ? એ પાપકર્મ નિવારવા માટે કરાતા પશ્ચાત્તાપને પરિણામે પોતે દયાધર્મના ઉચ્ચ શિખર ઉપર આરૂઢ થઇ ગયા અને તત્કાળ નિશ્ચય કરી દીધો કે 'આજથી કોઇપણ જીવનો વધ કદિ પણ કરીશ નહિ.' તેમજ પોતાની નગરીમાં પણ જીવદયાનો ઢંઢેરો ફેરવી દીધો. પછી દયાની ખાતર આ દ્વીપમાં કોઇના વહાણ ભરાઇ જાય તો તેમને મદદ કરવા માટે અમને અહીં રાખ્યા. આજે અમારા રાજાએ પાળેલ પોપટ દ્વારા જાણ્યું કે કોઇ વેપારીના પાંચસો વહાણો અહીં ભેખડમાં ભરાઇ ગયા છે, જેથી તુરત જ બનતી મદદ કરવા મને મોકલ્યો છે."

વિશેષ તપાસ કરતાં તમારી પહેલાં પણ કોઇ વ્યવહારીના પાંચસો વહાણ અહીંયાં જ અટકાણા છે. એટલે કુલ્લે એક હજાર વહાણ આ સમુદ્રની વચ્ચેના ડુંગરની ખીણમાં આવી ભરાણા છે. આ તમામ વહાણો બહાર કાઢવાનો અને સર્વની સહીસલામતી રાખવાનો એક જ ઉપાય અને એક જ રસ્તો છે તે ધ્યાનપૂર્વક હે શેઠજી ! તમે સાંભળો.

આ સામે દેખાતો જે પર્વત છે તેની ઉપર એક દેવભુવન છે. જેમાં બે મોટા નગારાં પડ્યા રહે છે. આ ખૂંચેલા વહાણો બહાર કાઢવાનો રસ્તો એ છે કે જો કોઇ પુરૂષ હિંમત ધરીને ત્યાં પહોંચે અને દેવભુવનમાં પડેલા

બે નગારાં ખૂબ જોરથી વગાડે તો તેના અવાજથી ત્યાં ભરેલા ભારંડ પંખીઓ તત્કાળ ઉડે અને તેના પવનથી આ ડુંગરમાં ભરાયેલા સર્વ વહાણો બહાર ચાલતા થાય, પરંતુ એટલી હકીકત પણ સાથે સાથે કહેવાની જરૂર છે કે જે ત્યાં જશે તે પુરૂષ તો ત્યાં જ રોકાઇ રહેશે પાછો આવી શકશે નહિ.

કુબેરદત્ત શેઠ આ હકીકત સાંભળી હૃદયમાં ઉચ્ચ બુધ્ધિ અને શુદ્ધ ભાવના હોવાથી વિચારવા લાગ્યો કે- 'હું બારવ્રતધારી શ્રાવક છું, તેથી આવા કષ્ટદાયક કાર્ય માટે જવાની મારાથી કોઇને બીલકુલ આજ્ઞા કરી શકાય જ નહિ, તેથી આ આવેલી આપત્તિમાંથી મુક્ત થવા માટે આ કાર્ય મારે પોતે જ કરવું યોગ્ય છે.' એમ નિશ્ચય કરી સર્વની સમક્ષ પોતાનો અભિપ્રાય જાહેર કરી સર્વે લોકોએ વાર્યા છતાં સાહસિકશિરોમણિ શેઠ તે પર્વત ઉપર ચડ્યા. ત્યાં દેવભુવનમાં રહેલી પ્રતિમાને પ્રણામ કરી, સાગારી અણસણ ઉચ્ચરી ચાર શરણ ચિત્તથી સંભારી મોટા અવાજે ખૂબ જોરથી ત્યાં પડેલા નગારાં વગાડ્યાં, જેના જોશવાળા ધ્વનિથી ભારંડ પંખીઓ ઉડ્યા તેથી પવનની અનુકૂળતા થઇ આવી કે તુરત જ સર્વ વહાણો બહાર નીકળી સમુદ્રમાં ચાલતાં થયાં અને પાણીમાં પંથ કાપતા અનુક્રમે પાટણપુરે આવી પહોંચ્યા.

વહાણો આવી પહોંચવાની ખબર મળતાં સ્વજનવર્ગ અને અન્ય નાગરિકજનો શેઠને મળવાના હેતુથી સામે આવ્યા. ત્યાં વહાણમાં મ્હેતાઓ, ખલાસીઓ, મુસાફરો, કરીયાણા વિગેરે નજરે આવવા લાગ્યા, પરંતુ કુબેરદત્ત શેઠ મુદ્દલ જોવામાં આવ્યા નહિ તેથી તમામ તરફથી 'શેઠજી ક્યાં છે ?' એમ પૂછાવા લાગ્યું. પ્રત્યુત્તરમાં કોઇ કહે- 'આગળના વહાણમાં છે, તો કોઇ કહે પાછળના વહાણમાં છે, કોઇ કહે અમે પેટ ભરી જાણીએ, અમને મોટા માણસની ખબર પડે નહિ, કોઇ કહે વચલા વહાણમાં હશે, કોઇ કહે હાથ-મોં ધોવા ગયા હશે.' આ રીતે જુદા જુદા જવાબ મળવાથી કુબેરદત્ત શેઠ છે જ નહિ એમ સહુને શંકા પડી, એટલે

શેઠની સાથે રહેલા મુનિમ વામદેવને પૂછતાં વામદેવે કહ્યું કે- "શેઠની કાંઇ સમજણ પડી નહિ. આ વહાણો સમુદ્રની વચ્ચે ભેખડે ભરાણા હતા, તે કાઢવા એક પર્વત ઉપર ચડ્યા ત્યાં સુધી જાણીએ છીએ. પછી અમારા વહાણો ચાલી નીકળ્યા. પછવાડે શેઠનું શું થયું ? એની અમને કાંઇ પણ ખબર નથી."

કુબેરદત્ત શેઠનો પત્તો નથી. પાંચસો વહાણો અને ઘણી ઋદ્ધિનો માલિક નહિ હોવાથી તેમજ શેઠને સંતાન પણ નહિ હોવાથી અપુત્રીયાના ધનનો માલિક તે વખતમાં રાજા ગણાતો હોવાથી વાચાળ ચાડીખોરો રાજા કુમારપાળને એકદમ જાહેર કરવા પહોંચી ગયા.

રાજા કુમારપાળને પ્રણામ કરી તે પુરૂષો કુબેરદત્ત શેઠની હકીકત જાહેર કરી વિનંતિ કરી કે- 'હે સ્વામી ! આપ તે શેઠના ઘરે પધારી દ્રવ્ય વિગેરે તમામ રીયાસતની વ્યવસ્થા કરી કબજો કરી લ્યો. એટલે પછી અમે વ્યવહાર મુજબ શેઠની છેવટની ક્રિયા કરીએ.' જવાબમાં કુમારપાળ ભૂપાળ બોલ્યા કે- "હું બારવ્રતધારી શુદ્ધ નિયમ પાળનાર હોઇ કહી દઉં છું કે એ અદત્તાદાન-પારકું દ્રવ્ય મને બીલકુલ કલ્પે જ નહિ."

આ પ્રમાણે સાંભળતાં તે દુર્જન લોકો લાલચમાં પાડવાના હેતુથી કહેવા લાગ્યા કે- "હે સ્વામી ! વીશ ક્રોડ સોનૈયા, પાંચ સો વહાણ અને હાથી, ઘોડા વિગેરેની પુષ્કળ સામગ્રી શા માટે જવા દો છો ? અપુત્રીયાના ધનનો માલિક કાયદેસર રાજા જ થાય છે. આગળ પણ સિદ્ધરાજ જેશંગ વિગેરે રાજાઓ અપુત્રીયાનું ધન કબજે કરતા જ હતા તો તે પ્રમાણે કરવામાં અને ચાલી આવતી પદ્ધતિ પ્રમાણે ચાલવામાં આપને શું હરકત છે ?"

આ હકીકત સાંભળી રાજા કુમારપાળ તે આવેલા પુરૂષોને વિશેષ સમજાવવા માટે કહેવા લાગ્યા કે- 'અરે મૂર્ખાઓ ! તમારી અક્કલ ખસી ગઇ લાગે છે કે શું ? ભલે કોઇ પદ્ધતિ અગાઉથી ચાલી આવતી હોય પણ તે ખોટી, નિંદનીય અને પાપયુક્ત હોય તો શું તે ત્યાજ્ય કરવી જ

નહિ ? કદિ કર્મયોગે કોઇ પિતા અંધ થઇ ગયો તો શું તેના પુત્રે પણ અંધ જ થવું ? કર્મે કદિ કોઇ પિતા કોઢીયો થયો હોય તો શું તેનો પુત્ર તેમ થવાની વાંચ્છા કરે ખરો ? કોઇનો પિતા કદિ જીવહત્યા કરતો હોય તો શું તેના પુત્રે તેમજ કરવું જોઇએ ? વળી હે પુરૂષો ! સાંભળો :- કાલકસુરીઓ કસાઇ રોજ પાંચશેં પાડા કાપતો હતો; પરંતુ તેનો પુત્ર સુલસ વીરપ્રભુની દેશનાથી શુદ્ધ શ્રાવક થયો કે નહીં ? લોહખુરો નિરંતર ચોરીના ધંધા વડે આગેવાન તરીકે પંકાતો હતો પરંતુ તેના પુત્ર રોહણીઆએ શ્રી વીરવાણી સાંભળી ચોરી સમૂળગી છોડી દીધી કે નહીં ? સતી સીતાનું હરણ કરનાર રાવણ સ્ત્રીલંપટ કહેવાણો, પણ તેના પુત્રે જગતમાં શુભ નામના મેળવી કે નહીં ? ચંડરૂદ્ર આચાર્ય અતિ ક્રોધી હતા, પણ તેના શિષ્ય સમતાવંત અને વિનયી થયા નહીં શું ? વળી બાવીશ તીર્થંકરોએ ગૃહસ્થાવાસ પછી દીક્ષા સ્વીકૃત કરી હતી, પણ મલ્લિનાથે અને નેમિનાથે કુંવારા રહી કામદેવને જીતી દીક્ષા અંગીકૃત કરી કે નહીં ? તો શું તેમની કીર્તિ વધી કે ઘટી ? આ સર્વ દ્રષ્ટાંતોથી તમારે સમજી લેવું કે આ રાજ્યમાં પરંપરાથી કદાચ અપુત્રીયાનું ધન લઇ લેવાનું ચાલ્યું આવતું હોય તો પણ તે પાપકાર્ય હોવાથી જરૂર કાઢી નાખવા યોગ્ય છે.'

વળી હે પુરૂષો ! પરધન ગ્રહણ કરવું તે બાહ્ય પ્રાણ લીધા બરોબર ગણાય છે. કહ્યું છે કે :-

ચોપાઇ

જે નર હરે અભ્યંતર પ્રાણ, તે તો પાપી મૂઢ અજાણ;
લોહથકી ભારે નર તેહ, બાહ્ય પ્રાણ હરે નર જેહ.
અભ્યંતર પ્રાણ હણીને મુઓ, અવર દુઃખ તેહને નહિ જુઓ;
બાહ્ય પ્રાણ પાપી જે હરે, સકળ કુટુમ્બને દુઃખી કરે.

માટે એ પરધનને હું તો અડીશ જ નહિ અને અદત્તાદાનત્યાગરૂપ વ્રતનું પાલન અખંડિતપણે કરીશ." આવી કુમારપાળ ભૂપાળ પાસેથી

શુદ્ધ હૃદયની વાણી સાંભળતાં મંત્રી, મ્હેતા, મુસદ્દીવર્ગ વિનંતિપૂર્વક કહેવા લાગ્યા કે- 'હે સ્વામી ! આપે જે કહ્યું તે સત્ય છે. અમે આપની ઇચ્છાનુસાર તે શેઠનું કાંઇપણ ગ્રહણ કરશું નહિ; પરંતુ કૃપા કરી આપસાહેબ તે શેઠના ઘર સુધી પધારો અને શેઠના ઘરે જિનમંદિર છે, તો ત્યાં જિનપ્રતિમાના દર્શન કરી આપનો અવતાર સફળ કરો.'

મંત્રીના કથનથી રાજા કુમારપાળ કુબેરદત્ત શેઠને ત્યાં ગયા અને એક બાજુ શોકમાં પડેલી કુબેરદત્તની માતા ગુણશ્રી અને પત્ની કમળશ્રીને દેખી રાજા કુમારપાળે ગુણશ્રી પ્રત્યે દિલાસાની સાથે કહ્યું કે- "હે માતાજી ! તમે કોઇ પ્રકારની ચિંતા કરશો નહિ. મને તો પરધન બીલકુલ ખપતું જ નથી, માટે આપ સુખસમાધિ સર્વ સામગ્રીનો યથેચ્છ ઉપયોગ કરો, તેમાં આપને મારા તરફથી કાંઇપણ કનડગત સમજવી નહિ." આ પ્રકારના શાંત વચનો સાંભળતાં ગુણશ્રી હૃદયમાં સંતોષ પામી અને વિધવિધ વસ્તુ લઇ રાજાજી આગળ ધરવા લાગી. તે માટે પણ રાજા કુમારપાળે કહ્યું કે- "હે માતાજી ! મને આ દ્રવ્ય કાંઇ ખપતું જ નથી. હું તો ફક્ત આપને ત્યાં જિનમંદિરમાં બિરાજિત પ્રભુપ્રતિમાના દર્શન કરવાની અભિલાષાથી જ અહીં આવ્યો છું, માટે મને તે લાભ આપો." આ પ્રમાણે સાંભળતાંની સાથે માતા ગુણશ્રી તુરત જ રાજા વિગેરે સર્વ સ્નેહીવર્ગને શ્રી જિનેશ્વરના મંદિરમાં તેડી ગઇ કે જે દેરાસર પાંચ દ્વારવાળું છે, જેને રત્નના જડેલા સુવર્ણના સ્તંભો છે, જ્યાં લુંબે અને ઝુંબે મોતીની માળાઓ લટકી રહી છે અને જે મંદિરની અંદર રત્નમય બિંબ બિરાજિત છે એવું ઇંદ્રપુરી જેવું ભવ્ય અને મનોહર મંદિર જોઇ, પ્રભુ-દર્શન કરી રાજાએ ચૈત્યવંદન કર્યું અને બહાર આવી રાજા કુમારપાળ બોલ્યા કે- 'ધન્ય છે આવા ભાગ્યશાળી શેઠને કે જેને ત્યાં આવું અદ્દભુત જિનમંદિર છે. ખરેખર મારી આ પાટણનગરી આવા પુણ્યશાળી શેઠથી જ અધિક શોભાને પામી છે.'

ત્યારબાદ કુમારપાળ ભૂપાળ અને સર્વ સામંતાદિ વર્ગ તે શેઠના

ઘરની શોભા નિહાળી રહ્યા છે. જેના ઘરે રત્નની પ્રતિમા છે, જેને ત્યાં સુવર્ણનું જિનગૃહ છે, જેને ત્યાં મણિમય જાળીયાં છે, જેને ત્યાં રથશાળા, હસ્તિશાળા, અશ્વશાળા, કસરતશાળા અને પૌષધશાળા વિગેરે પણ છે. આ તમામ સામગ્રી ધીરે ધીરે નિરખતાં પૌષધશાળામાં ચોંટાડેલી એક ટીપ નજરે પડી કે જે ટીપ બારવ્રતધારી કુબેરદત્ત વ્યવહારીએ નીચે મુજબ કરેલી હતી :-

"શ્રી જિનેશ્વર ભગવંતના ફરમાન મુજબ દેશવિરતિ માર્ગમાં શ્રાવકને યોગ્ય શુદ્ધ બારવ્રત હું શુદ્ધભાવે વૈરાગ્યવાસિત ચિત્તથી અંગીકાર કરૂં છું. એ સર્વ વ્રતોનું યથાવિધિ પાલન પરિપૂર્ણ કરીશ, જેમાં પરિગ્રહનું પરિમાણ નીચે મુજબ કરૂં છું :-

પાંચમા વ્રતમાં છ કોટિ સુવર્ણ, આઠ સો તોલા મોતી, દશ અમૂલ્ય મણિરત્નો, બે હજાર ઘડા ઘી તેલ, બે હજાર ખાંડી ધાન્ય દશ હજાર ઘોડા, એક હજાર હાથી, એંશી હજાર ગાયો, પાંચ સો હળ, પાંચ સો દુકાન, પાંચસો મકાન, પાંચ સો વહાણ અને પાંચ સો ગાડા આ રીતે પરિમાણ કરૂં છું, તેથી વધુ દ્રવ્યની પ્રાપ્તિ થાય તો તે સર્વ શુભ માર્ગે વાપરી નાંખવું."

શેઠ કુબેરદત્તે કરેલી વ્રત-નિયમની આવી સુંદર ટીપ વાંચી રાજા કુમારપાળ વિગેરે ઘણા જ આનંદિત થઇ તેનું અનુમોદન કરવા લાગ્યા.

આ રીતે કુબેરદત્ત શેઠે કરેલી ટીપ વાંચી રહ્યા બાદ રાજા કુમારપાળ ત્યાંથી ચાલતા થતા હતા, તે વખતે તેમણે કુબેરદત્ત શેઠની માતા ગુણશ્રીને દુઃખિત થયેલી અને રડતી અવસ્થામાં જોઇ દિલાસો આપતાં કહ્યું કે- "હે માતાજી ! આપ શા માટે કલ્પાંત કરો છો ?" જવાબમાં ગદ્‌ગદ્ વાણીવડે તેણે કહ્યું કે- "હે રાજાજી ! મને મારા વ્હાલા પુત્રના વિયોગનું દુઃખ ક્ષણે ક્ષણે થયા કરે છે અને આજે જ્યારે મારી અંધની એકની એક આંખ સમાન મારો પુત્ર એકાએક મૃત્યુ પામી ગયો છે એમ સાંભળ્યું છે ત્યારે હવે મારે જીવીને શું કરવું છે ? એ પુત્રનો

વિરહ ખરેખર મારાથી ખમાતો નથી અને એથી કરીને હું તો આપઘાત કરીને મરણને શરણ થવા ધારૂં છું. પુત્રવિયોગે ખાવું કે પીવું, સુવું કે બેસવું ઇત્યાદિ કાંઇ પણ મને સૂઝતું નથી. હે રાજાજી ! મારે માથે દુઃખના ડુંગરા આવી પડ્યા છે. જગતમાં સાત પ્રકારના મોટાં દુઃખ ગણાય છે તે કૃપા કરી સાંભળો :-

ચોપાઇ

પહેલા દુઃખતણી સુણો વાત, ઉદરે ઉપન્યો ચાલ્યો તાત;
જણતાં મરે જેહની માય, એ દુઃખ બીજું સહ્યું ન જાય.૧
ત્રીજું દુઃખ જે નિર્ધનપણું, ચોથું દુઃખ તે પરવશપણું;
પાંચમું જગ છે મોટું દુઃખ, નર નિર્ધન ને ઝાઝી ભૂખ.૨
છઠ્ઠું દુઃખ હવે સુણજો અરે ! નર કામી ને મહિલા મરે;
સાતમું દુઃખ સુણજો સહુકોય, અંતે પુત્રનું મરણ જ હોય.૩

માટે હે રાજાજી ! મેં જ્યારથી મારા પુત્રના મરણની વાત સાંભળી છે ત્યારથી મને કાંઇ પણ ચેન પડતું નથી અને ઝૂરીઝૂરીને અંતરમાં બળાપો થવાથી રડ્યા કરૂં છું."

ત્યારે બુદ્ધિનિધાન મહાવિચક્ષણ રાજા કુમારપાળે પૂછયું કે- "હે માતા ! કુબેરદત્ત મરી ગયા છે એ વાત તમે શાથી જાણી ?" એટલે ગુણશ્રીએ કહ્યું કે- 'આ વાત વહાણમાં સાથે ગયેલા વામદેવ મુનીમે કહેવાથી મેં જાણી છે.' તે ઉપરથી રાજા કુમારપાળે વામદેવને બોલાવી સર્વ હકીકત પૂછવા માંડી.

વામદેવે કહ્યું કે- "રત્નદ્વીપથી પાંચ સો વહાણ ભરીને સમુદ્રમાર્ગે પાછા વળતાં રસ્તામાં એક ડુંગરામાં અમારા વહાણ ભરાઇ ગયા. એવી જ રીતે અમારી પહેલાં પણ કોઇ વ્યવહારીના વહાણો તે જ સ્થળે ભરાઇ ગયા હતા, જે વહાણમાં રહેલા માણસો અમારા વહાણને ભાળવાથી અને અમોને જોવાથી દીન વચને કહેવા લાગ્યા કે- "અમે ભૂખ્યા અને તરસ્યા બેઠા છીએ, અમારી પાસે રહેલું અન્ન અને જળનું સાધન સાવ ખૂટી ગયું

છે, માટે કૃપા કરી અમને ખાવા-પીવાનું આપી બચાવો અમારો નિભાવ કરો." આવી કરૂણજનક વાણી સાંભળતાં જ અમારા શેઠ કુબેરદત્તે અમને આજ્ઞા કરી કે- "હે સેવકો ! તમે જલ્દી જાઓ અને આ તમામને અન્ન-જળ પૂરૂં પાડો." વળી કહ્યું કે- "જ્યાંસુધી એ બિચારા ભૂખ્યા ટળવળે છે ત્યાંસુધી આપણાથી તેમને તૃપ્ત કર્યા સિવાય અન્ન-જળ કે કાંઇ લઇ શકાશે જ નહિ. કારણ કે "પરભૂખ્યાં જો જમીએ આપ, એ જગમાંહે મોટું પાપ." આ રીતે અમારા શેઠની સૂચનાનુસાર અમે સર્વેને અન્ન-જળ પૂરા પાડ્યા. ત્યારપછી એક પુરૂષે આવીને અમને કહ્યું કે- "આ પર્વત ઉપર દેવળમાં જઇ નગારાં વગાડશો તો ત્યાં રહેલાં ભારડં પંખીઓ ઉડશે અને તો જ તેના પવનથી તમારા વહાણ ચાલતા થશે." જે સાંભળતાં જ અમારા શેઠ કુબેરદત્ત પરોપકાર કરવાના કારણે પર્વત ઉપર ચડ્યા અને એમણે નગારાં વગાડ્યાં. એ અમે સાંભળ્યાં કે થોડીવારમાં ત્યાં રહેલા ભારંડ પંખીઓના ઉડવાથી પવનની અનુકૂળતાએ અમારા સર્વ વહાણો સમુદ્રમાર્ગે ચાલતા થયા."

વળી વામદેવ મુનીમે કહ્યું કે- "જે ડુંગર ઉપર અન્ન કે જળ કાંઇ મળવા સંભવ જ નહિ, તેમજ જ્યાં માણસ નામે દર્શન થાય જ નહિ તેવા સ્થળે સપડાઇ ગયેલા અમારા શેઠ હવે જીવિત કઇ રીતે ટકાવી શકે ? એ અનુમાને મેં કહ્યું છે કે શેઠ મરી ગયા હશે."

વામદેવ મુનીમની ઉપર મુજબની હકીકત સાંભળી રાજા કુમારપાળ બોલ્યા કે- "જે પુરૂષે સંકટ સહન કરી પોતાના જીવની દરકાર કર્યા સિવાય માત્ર પરોપકાર કરવાના હેતુએ આવું ઉત્તમ કાર્ય કરી એક હજાર વહાણ તરતા કર્યા અને જેણે વહાણમાં બેઠેલા સર્વની જીંદગી બચાવી, તે ભાગ્યવંત પુરૂષનો વાળ પણ વાંકો થવો જોઇએ નહિ. મારો આત્મા સાક્ષી પૂરે છે કે પ્રાયે તે શેઠ જીવતા જ હોવા જોઇએ."

અહીં રાસકર્તા કવિ ઋષભદાસ સૂચવે છે કે પ્રાયે કરીને જગતમાં સાત જણનું વચન સાચું થાય છે :-

રાજા તપીઓ ગુરૂ સતી, દેવ સુપુરૂષ ને બાળ;
કવિયણ કહે એ સાતનું, વચન ફળે તત્કાળ.

આ રીતે ગુણશ્રીને દિલાસો દેવારૂપ વાર્તાલાપ ચાલે છે અને કુમારપાળ કહે છે કે- "હે માતાજી ! તમારો પુત્ર જીવતો જ હશે." તે અરસામાં એક વિમાન જેમાં કુબેરદત્ત અને એક સ્ત્રી બેઠાં છે તે અકસ્માત ત્યાં ઉતર્યું.

શેઠ કુબેરદત્ત અને એક સ્ત્રી તે વિમાનમાંથી નીચે ઉતર્યા. તરત જ કુબેરદત્તે પ્રથમ રાજાજીને નમન કર્યું. પછી તે પોતાની માતાના પગમાં પડ્યો અને સાથે રહેલી સ્ત્રી કે જે કુબેરદત્તની સ્ત્રી હતી તે પણ વિનયસહિત સાસુજીના પગમાં પડી. આ જોઇને અને આવો અણધાર્યો મેળાપ થવાથી રાજા વિગેરે સર્વ સ્વજનવર્ગ તેમજ ગુણશ્રી માતા અને કુબેરદત્તની પ્રથમની સ્ત્રી કમળશ્રી વિગેરેના આનંદનો પાર રહ્યો નહિ.

હવે રાજા કુમારપાળે કુબેરદત્ત શેઠને પૂછ્યું કે- 'તમે પર્વત ઉપર દેવભુવનમાં નગારાં વગાડવા અને ભારંડ પક્ષીઓ ઉડાડવા ગયા ત્યારપછી શું બન્યું તે જાણવાની સહુને જીજ્ઞાસા હોવાથી તે હકીકત કહી સંભળાવો.'

કુબેરદત્ત વ્યવહારીએ પોતાની હકીકત શરૂ કરતાં જણાવ્યું કે- "હું તે પર્વત ઉપર ચડ્યા પછી નગારૂં વગાડ્યા બાદ ફરતો ફરતો શ્રી જિનેશ્વર ભગવાનનું મંદિર જોઇ પ્રભુ દર્શન-સેવન શુદ્ધભાવે કરવા લાગ્યો અને બાકીનો વખત પર્વતની આસપાસ ફરવામાં કાઢવા લાગ્યો. એક વખત ફરતાં ફરતાં એક પાણીનો ભરેલો કુંડ જોયો. તે કુંડમાં એક બારી દીઠી. તે બારી ઉઘાડી હું અંદર ગયો તો મોટું નગર તદ્દન શૂન્ય નિહાળ્યું. આગળ ચાલતાં દરબારગઢ જોયો અને ત્યાં સાત માળનો સુશોભિત મહેલ કોઇપણ મનુષ્યરહિત ખુલ્લા દ્વારવાળો જોઇ આશ્ચર્યસહિત હું અંદર પેઠો. ત્યાં તે મહેલની અંદર એક યુવાન કન્યા દીઠી. આવું અજાયબી ઉપજાવે એવું શૂન્ય નગર નિહાળી મેં તે કન્યાને પૂછ્યું કે-

'આ આખું નગર શૂન્ય કેમ છે ?' અને તું એકલી અહિં કેમ દેખાય છે ?"

પ્રત્યુત્તરમાં તે કુંવરીએ કહ્યું કે- "આ તિલકાપુરી નામની નગરી છે, જેનો પાતાળકેતુ નામે રાજા છે. તીવ્ર કર્મના ઉદયથી આ રાજાને માંસભક્ષણ કરવાની લોલુપતા વધવા લાગી અને તેથી હંમેશાં તે જીવવધ કરીને પાપયુક્ત આચરણ કરવા લાગ્યો. એક દિવસ કોઇ જીવનો વધ કરી તે માંસ પકાવવા માટે રસોયાને આપ્યું, જે માંસ રસોયાની ગફલતીથી એક બિલાડી ઉપાડી ગઇ. રાજાના ભયથી તે રસોયાએ ખાનગી રીતે એક મૃત બાળકનું માંસ મેળવી બહુ પ્રકારે પકાવી સ્વાદિષ્ટ કરી રાજાને ખવરાવ્યું, જે ખાતાં રાજાએ અત્યંત ખુશી થઇ રસોયાને શાબાશી આપી અને આ માંસ શી રીતે પકાવ્યું તે પૂછયું. રસોયાએ સર્વ હકીકત કહી. ત્યારથી એ રાજા હમેશાં નગરમાંથી વારાફરતી જીવતું એક બાળક મંગાવી તેને મારી નંખાવી તેનું માંસ પકાવીને ખાવા લાગ્યો.

આ રીતે દિવસ ઉગતાં એકેક બાળહત્યા આ શહેરમાં રાજા રસનેંદ્રિયને વશ થઇ કરાવતો હોવાથી આખા નગરમાં હાહાકાર થઇ ગયો. આખરે સર્વ પ્રજા પલાયન થઇ ગઇ. એ કારણથી આ નગર શૂન્ય દેખાય છે.

જીભના ખોટા સ્વાદથી આ રાજા પંચેંદ્રિયનો વધ કરવાવડે માઠાં કર્મ બાંધવા લાગ્યો. શાસ્ત્રમાં પણ સાંભળ્યું છે કે- "કંડરીક જેવો મહાસંયમી પણ રસનાની લાલચમાં પડતાં દુર્ગતિમાં પહોંચ્યો, મંગુ આચાર્ય જેવા સમર્થ ગચ્છના ધણી પણ રસના-ઇંદ્રિયને વશ થતાં વ્યંતરપણે ઉત્પન્ન થયા અને અષાઢાભૂતિ જેવા પણ રસનાની લાલચે રૂપ ફેરવી લાડુ લેવા જતાં નાટકણીના મોહમાં પડી ગયા; મારા પિતાના અધમ આચરણથી આ નગરમાં મારા સિવાય કોઇ મનુષ્ય રહ્યું નહીં."

કુબેરદત્ત શેઠની રસભરી વાત કુમારપાળ ભૂપાળ વિગેરે એકચિત્તથી સાંભળ્યા કરે છે. આગળ બોલતાં તે શેઠે કહ્યું કે- "તે

કુંવરીએ મને પૂછ્યું કે તમે અહીં કેમ આવ્યા ? અરે ! મારા પિતા રાક્ષસસમાન હમણા જ અહીં આવશે અને જરૂર તમને મારી નાખશે." જવાબમાં મેં પણ તે કુંવરીને કહ્યું કે- "હવે તો મારવો કે બચાવવો એ તારેજ વિચાર કરવાનો રહ્યો છે કેમકે હું તો ફરતો ફરતો અચાનક અહીં આવી ચડ્યો છું."

પ્રત્યુત્તરમાં તે કુંવરીએ મને કહ્યું કે- "જો તમે મારી સાથે પાણિગ્રહણ કરવાની કબૂલાત આપો અને હૃદયથી હા પાડો તો હું તમને જીવતા રાખવાની યુક્તિ આદરૂં." મેં હા પાડી અને તરત જ મને ગુપ્ત સ્થળમાં સંતાડી રાખ્યો. થોડીવાર પછી તે રાક્ષસ-નૃપતિ ત્યાં આવ્યો અને કુંવરીને પૂછ્યું કે- "અહીં માણસની ગંધ આવે છે." કુંવરીએ કહ્યું કે- "હે પિતાજી ! જ્યાં તમારી આવી હાક વાગી રહી છે ત્યાં માણસના દર્શન તે ક્યાંથી થાય ?" પછી સમય ઓળખી તે કુંવરીએ કહ્યું કે- "હે પિતાજી ! હું ઉંમરે પહોંચી છું, છતાં તમે કોઇ લાયક વરની શોધ કરતા નથી તે ઠીક થતું નથી." જવાબમાં તે રાક્ષસ નૃપતિએ જણાવ્યું કે- "મારી શોધમાં તો કોઇ પુરૂષ હજુ સુધી તારા લાયક મને મળ્યો નથી." તે વખતે કુંવરીએ કહ્યું કે- "એક ઉત્તમ પુરૂષ પુન્યયોગે અહીં આવી ચડ્યો છે. તમે તેને મારો નહિં તેવા સોગંદ ખાઓ તો હું તમને બતાવું." કુંવરીના પિતા રાક્ષસ નૃપતિએ તે પ્રમાણે કબૂલ કર્યું કે તરત જ રાજકન્યાએ મને પ્રગટ કર્યો.

પછી તે રાક્ષસ નૃપતિએ તે કુંવરી સાથે મારા લગ્ન કર્યા અને સમય વિચારી મેં પણ નૃપતિ-મારા શ્વસુરને પ્રતિબોધ કરવા જીવદયા શું છે ? જીવદયા પાળવાથી આલોક અને પરલોકમાં સુખશાન્તિ પ્રાપ્ત કરી આત્મા ઉચ્ચ ગતિ મેળવે છે અને જીવહિંસા એ તો કેવળ નરકગતિનું જ દ્વાર છે એ હકીકત સચોટપણે સમજાવી, તેથી તેમજ તેની પુત્રીના પુનઃ પુનઃ કથનથી તે રાક્ષસ-નૃપતિ પાતાલકેતુએ કોઇપણ જીવનો વધ નહિ કરવાનો તેમજ માંસભક્ષણ નહિ કરવાનો નિયમ ગ્રહણ કર્યો.

જીવદયાની વિશેષ પુષ્ટિને અર્થે તે કુંવરીએ તેના પિતાને કહ્યું કે- "હે પિતાજી ! આ જીવે અનંતીવાર મેરૂ સરખા ધાન્યના ઢગલાઓ આરોગ્યા છતાં તે તૃપ્તિ પામ્યો જ નથી. કહ્યું છે કે:-

ભમતાં જીવ અનંત ભવ. સ્તનપાન કીધા માય;
અસંખ્ય સાયર જળથકી, જીવે કીધા આહાર;
તો પણ ભૂખ્યો પ્રાણીયો, સમતા નહિ લગાર.૨

વળી હે પિતાજી ! આગળ તમે બહુ પાપનાં કાર્યો કર્યા છે તેનો પશ્ચાત્તાપ કરો અને હવે જે નિયમ લીધો છે તેને બરાબર પાળો, જેથી કરીને આપણી ભાગી ગયેલી પ્રજા પણ વિશ્વાસ પામી પાછી આવશે."

પછી આ શુભ ટેક પાલનના સારા સમાચાર સર્વત્ર પ્રસરી જતાં તિલકાપુરી નગરી પ્રજાજનથી પાછી ભરાઇ ગઇ અને પાતાલકેતુ રાજા સુખસમાધિએ રાજ્ય કરવા લાગ્યો. પછી એક વિમાન ઋદ્ધિસિદ્ધિથી ભરેલું લાવ્યા, જે વિમાનમાં બેસી અમે સુખરૂપે હે રાજાજી ! આપની સમક્ષ હાજર થયા છીએ.

આ પ્રમાણેની કુબેરદત્ત વ્યવહારીની વાત સાંભળી કુમારપાળ ભૂપાળ ઘણા જ ખુશી થયા અને તે શેઠના કાર્યની તેમજ તેના વ્રત વિગેરેની અનુમોદના કરતા પોતાના મહેલે પધાર્યા.

ત્રીજું અદત્તાદાનવિરમણ વ્રત કુમારપાળ ભૂપાળે અંગીકાર કરીને શુદ્ધપણે પાળ્યું અને પારકા ધનના ઢગલાઓ લઇ શકે તે લેવાય તેમ હતા છતાં તેવા લલચામણા પ્રસંગમાં નહિ પડતાં પોતે અદત્ત દ્રવ્યને અડ્યા જ નહિ. "પરનું દ્રવ્ય બીલકુલ કલ્પે જ નહિ." એ હકીકત ખાસ ધ્યાનમાં રાખીને રાજા કુમારપાળે કરેલા વ્રતપાલન માટે ખરેખર તેમને કોટિશઃ ધન્યવાદ ઘટે છે !

ચોથું સ્વદારાસંતોષવ્રત રાજા કુમારપાળે શુદ્ધ મનથી બરાબર પાળ્યું હતું. બારવ્રત અંગીકાર કર્યા પહેલાં જ "પરસ્ત્રી મા બહેન સમાન" એ નિયમ તો પોતાને ખાસ હતો અને ત્યારબાદ સમ્યગ્ધર્મની પ્રાપ્તિ

થતાં શ્રાવકના દ્વાદશ વ્રત ગ્રહણ કર્યા તે વખતે ફક્ત ભોપલદેવી એક જ પટરાણી રાખી હતી. રાજા કુમારપાળે ચોમાસાના ચાર માસ મન, વચન અને કાયાથી બ્રહ્મચર્ય પાલન કર્યું હતું તેમજ પર્વતિથિએ પણ બ્રહ્મચર્ય પાળ્યું હતું. તેમ કરતાં કદાચ જો મનથી ભૂલ થઇ જણાય તો પોતે ઉપવાસ કરતા હતા,વચનથી ચૂકાય તો આયંબિલ કરતા હતા અને કાયાથી ચૂકાય તો નીવીની તપસ્યા કરતા હતા.

આ રીતે કુમારપાળ ભૂપાળ ચતુર્થ સ્વદારાસંતોષવ્રત નિયમસર પાલન કરતા હતા. તેવામાં કર્મયોગે પટરાણી ભોપલદેવી પરલોકમાં ગઇ એટલે મંત્રીમંડળે મળીને નવી સ્ત્રી પરણવા અને રાજ્યમહેલમાં એક પટરાણી લાવવા માટે બહુ પ્રકારે વિનંતિ કરી. જવાબમાં રાજા કુમારપાળે જણાવ્યું કે- "મેં જે શિયળવ્રત અંગીકાર કરેલ છે તેને કોઇ પણ રીતે ખંડિત કરવા હું ઇચ્છતો જ નથી. આ અસાર સંસારના બંધનરૂપ એ નૂતન પાણિગ્રહણનું મારે શું કામ છે ? હવે તો હું યાવજ્જીવ બ્રહ્મચર્યનું શુદ્ધ મન, વચન અને કાયાથી પાલન કરી મારો જન્મ સફળ કરીશ.

વળી મેં હેમસૂરીશ્વર જેવા સમર્થ ગુરૂસમીપે જે વ્રત ગ્રહણ કરેલ છે તે કદિ પણ ખંડિત થાય તેમ હું કરીશ જ નહિ અર્થાત્ લીધેલી ટેક સંપૂર્ણ રીતે પાળીશ. હે મંત્રીવર્ગ ! સાંભળો :-

શેષનાગ શિર લીધો ભાર, તે નવિ છંડે સહી નિરધાર;
સૂરજ સહિ અંજવાળું કરે. કુળલજ્જાએ પૃથ્વી ફરે. ૧
ઇશે નાગ ગળે જો ધર્યો. તો તેહને અળગો નવિ કર્યો;
સુપુરૂષ નર સાચું આદરે. તેણે વાટે નવિ પાછો ફરે. ૨

શાસ્ત્રમાં દશાર્ણભદ્ર, શાળિભદ્ર, ધન્યકુમાર, શિવકુમાર અને જંબૂસ્વામી આદિના અદ્‌ભુત દ્રષ્ટાંતો મોજુદ છે કે જે મહાભાગ્યશાળીઓ પોતાના વ્રત-નિયમથી કે વચનથી જરા પણ ચૂક્યા નથી. હે મંત્રીઓ ! વધારે શું વર્ણવું ? જે સિંહ છે તે શિયાલીઆની સંગે કદિ જશે જ નહિ, માટે મારે પણ યાવજ્જીવ બ્રહ્મચર્યની ટેક પાળવી તે જ ઘટિત છે."

આ પ્રમાણે રાજાજીના હૃદયની ઇચ્છા જાણીને મંત્રીવર્ગે આગ્રહ પડતો મૂક્યો અને રાજ્યવિધિ મુજબ મંગળોપચાર વખતે પટરાણી રાજાની પાસે જોઇએ તે કારણથી ભોપલદેવીની સુવર્ણની પ્રતિમા કરાવી મંગળિક કાર્ય વખતે રાજાની બાજુએ સ્થાપવા માંડી.

નિર્મળ બ્રહ્મચર્યની ટેક પાળનાર અને "રાજર્ષિ" ની પ્રસિદ્ધ પદવીને ધારણ કરનાર કુમારપાળ મહારાજાને ધન્ય છે !

પાંચમા પરિગ્રહપરિમાણ વ્રતમાં કુમારપાળ મહારાજાએ પરિગ્રહનું પરિમાણ કર્યું, જેમાં છ કોટિ સોનૈયા, આઠ કોટિ રૂપૈયા, એક હજાર તોલા મૂલ્યવંત રત્નો, અન્ય દ્રવ્યની અનેક કોટીઓ, બે હજાર ઘડા ઘી, તેલ વિગેરે, બે હજાર ખાંડી ધાન્ય, પાંચ લાખ ઘોડા, એક હજાર હસ્તી, એંશી હજાર ગાયો, એક હજાર ઉંટ, પાંચ સો મકાન, પાંચ સો દુકાન, પાંચ સો ગાડાઓ એ પ્રકારે સામાન્ય પરિગ્રહ રાખેલ હતો અને સૈન્યમાં અગીયાર હજાર હાથી, પચાસ હજાર રથ, અગીયાર લાખ અશ્વો અને અઢાર લાખ પાયદળ રાખ્યું હતું.

વિશેષ પુષ્ટિને અર્થે શ્રી હેમસૂરિ મહારાજે ઉપદેશ આપતાં કહ્યું કે:-

અલ્પસંસારી જે નર હોય, ભવ્ય જીવનું લક્ષણ જોય;
મુક્તિતણી અભિલાષા કરે, તે નર લોભપણું પરિહરે,
લોભે લાગ્યાં લક્ષણ જાય, અતિ લોભે નર દુઃખીયો થાય;
ચાર પુરૂષની સુણજો વાત, અતિ લોભીનો કહું અવદાત.

એમ ચાર પુરૂષની કથા લોભ ઉપર શરૂ કરતાં સૂરિમહારાજે કહ્યું કે- "એક ગામમાં ચાર પુરૂષો હતા. તેઓ ધન રળવા માટે સાથે મળીને પરદેશમાં નીકળ્યા. માર્ગમાં જતાં તેઓ તરસ્યા થયા અને તૃષા છીપાવવા પાણીની શોધ કરવા લાગ્યા, તેવામાં તેમણે એક વાલ્મિક જોયો અને તેની આસપાસ ચાર બીજા શિખરો જોયા. તેમાંથી શું નીકળે છે તે તપાસવા પહેલું શિકર તોડ્યું કે તુરત જ અંદરથી નિર્મળ જળ

નીકળ્યું, જે પીને ચારે જણોએ તૃષા શાંત કરી. પછી લોભમાં પડી બીજું શિખર તોડ્યું તો તેમાંથી સોનાની ખાણ નીકળી પડી. એટલે વળી લોભ વધતો જ ગયો અને ત્રીજું શિખર તોડ્યું તો રત્નોની ભરેલી ખાણ નીકળી પડી, એટલે લોભ હદ ઉપરાંત વધવા લાગ્યો અને ચોથું શિખર તોડવાના વિચાર ઉપર ચડી ચૂક્યા. તે વખતે તે માંહેનો ચોથો પુરૂષ બોલ્યો કે- 'હે ભાઇઓ ! અતિ લોભ પાપનું મૂળ છે, અતિ તૃષ્ણામાં સાર નથી આને આપણા પુન્યે આ સુવર્ણ અને રત્નોના ઢગલા પામ્યા છીએ તો હવે વધારે લોભી બની આ ચોથું શિખર ફોડવાનું શું કામ છે ? માટે સંતોષવૃત્તિ રાખો અને આ ચોથા શિખરને વિના પ્રયોજને ન ફોડો એમ મારો અભિપ્રાય થાય છે તે મહેરબાની કરીને માનો.'

તે સાંભળી લોભમાં પડી ગયેલા બાકીના ત્રણે પુરૂષો બોલ્યા કે- 'તું ચૂપચાપ બેસીને અમે જે કરીએ તે જોયા કર. અમારે અત્યારે તારા અભિપ્રાયની જરૂર નથી.' વળી તે ત્રણે જણાએ કહ્યું કે- 'જો તને વધારે ધન વહાલું ન હોય તો તું તો ધન લઇને રસ્તે પડી જા. અમે તો ચોથું શિખર ફોડવાના જ છીએ.'

આ હકીકત ત્યાં રહેલા વનદેવતાએ સાંભળી. પેલા શિખામણ આપનાર સંતોષી પુરૂષને દેવશક્તિવડે ઉપાડીને તેના સ્થળે મૂક્યો. પાછળ રહેલા તે ત્રણે જણાએ અતિ લોભની પરિણતિથી ચોથું શિખર ફોડ્યું કે તુરત જ તેમાંથી મહાવિકરાળ વિષધર (નાગ) નીકળ્યો, જેના ઝેરી પરમાણુથી ત્રણે જણા ત્યાં ને ત્યાં જ બળીને ભસ્મ થઇ ગયા અને અતિ લોભના પરિણામે નરકગતિમાં પહોંચ્યા." આ રીતે શ્રી હેમસૂરીશ્વરે લોભનો ત્યાગ કરવા અને પરિગ્રહપરિમાણ વ્રતનું પાલન કરવા કુમારપાળ ભૂપાળને ચાર પુરૂષની કથા કહી સંભળાવી.

કુમારપાળ મહારાજાને ધન, ધાન્ય, રત્ન, સુવર્ણની અનેક પ્રકારની ઋદ્ધિ છતાં તૃષ્ણાને તિલાંજલી આપી સ્વલ્પ પરિગ્રહનું પરિમાણ કર્યું હતું. શુદ્ધ વ્રત પાળનાર અને શ્રી જિનેશ્વરભાષિત ધર્મમાર્ગે ચાલનાર

રાજર્ષિ કુમારપાળ ભૂપાળને અનેકશઃ ધન્યવાદ ઘટે છે !

છઠ્ઠા દિગ્પરિમાણ વ્રતનું પાલન કરતાં કુમારપાળ મહારાજાએ ચારે દિશાનું માન કર્યું હતું અને પાંચ પ્રકારના અતિચારરહિત તે વ્રત પાળ્યું હતું.

સાતમા ભોગોપભોગપરિમાણ વ્રતમાં કુમારપાળ મહારાજાએ ચૌદ નિયમ અંગીકાર કર્યા હતા તેમાં સચિત્ત વસ્તુમાં ફક્ત નાગરવેલનાં આઠ પાનબીડાંની છૂટ રાખી હતી, હંમેશા આઠ દ્રવ્ય વાપરતા હતા, સદા એકાસણું [એક જ વખત આહાર લેવારૂપ એકાસણું સમજવું.] કરતા હતા, ચોમાસામાં છ વિગય પૈકી ફક્ત એક ઘીની જ છૂટ રાખી હતી, નિરંતર રાત્રે ચોવિહાર કરતા હતા, ચોમાસામાં લીલોતરીનો ત્યાગ કર્યો હતો, તેમજ બાવીશ અભક્ષ્ય અને બત્રીશ અનંતકાયવાળી વસ્તુ સર્વથા નહિ જ વાપરવાનો નિયમ લીધો હતો. એક વખતે કુમારપાળ મહારાજા જમવા માટે બેઠા હતા. 'ઘેબર' નું મિષ્ટ ભોજન પીરસાયેલું હતું, જે જોતાં માંસ સાંભરી આવ્યું. બસ એ માંસ ફક્ત સાંભરી આવતાં જ પોતે પૂર્ણ પસ્તાવો કરવા લાગ્યા. જમવાનું પડ્યું મૂક્યું અને તુરત જ એના પ્રાયશ્ચિત માટે પોતાના દાંત પાડી નાંખવાના ઇરાદા ઉપર પણ આવી ગયા. એકદમ શ્રી હેમસૂરિસમીપે આવી તે હકીકત નિવેદન કરી. જવાબમાં ગુરૂમહારાજાએ સમજાવ્યું કે- 'હે રાજાજી ! જેને સદ્ગુરૂનો બોધ ન લાગ્યો હોય તે જ એવું અવિચાર્યું કાર્ય દાંત પાડવાનું કરે, પરંતુ તમે તો સુજ્ઞ અને વિચારશીલ છો, શ્રી જિનેશ્વરની અમૃતમય વાણીનો લાભ લીધો છે તો તેવા વિચારને અવકાશ આપશો જ નહિ. શાસ્ત્રના પ્રસિદ્ધ દાખલાઓ શ્રી નંદિષેણના, ધમ્મિલકુમારના, દ્રઢપ્રહારીના અને આરામનંદનના સાંભળો. તેઓ નીચી પાયરીએ જતાં જતાં સુગુરૂના સંયોગથી આત્મકલ્યાણ કરી ગયા છે, માટે હે રાજન્ ! તમારે દાંત પાડવાની કાંઇ જરૂર નથી. તમારી ઇછા છે તો દાંતની સંખ્યા જેટલા અર્થાત્ બત્રીશ રાજવિહારયુક્ત એક ભવ્ય જિનપ્રાસાદ તૈયાર કરાવો

અને તેમાં જિનપ્રતિમાઓ પધરાવી અપૂર્વ લ્હાવો પ્રાપ્ત કરો.'

ગુરૂવચન તહત્ત માની કુમારપાળે બત્રીશ રાજવિહારયુક્ત ભવ્ય જિનાલય તૈયાર કરાવ્યું, તેમાં પરવાળાની સાત હાથની મનોહર મૂર્તિ પધરાવી અને તે બત્રીશ રાજવિહારમાં પણ પોતપોતાના વર્ણ પ્રમાણે ચોવીશ તીર્થંકરની મૂર્તિ, ચાર વિહરમાન તીર્થંકરની મૂર્તિ, રોહિણી, સમવસરણ, ગુરૂપાદુકા અને સુશોભિત અશોકવૃક્ષ વિગેરે પધરાવ્યા.

મહારાજા કુમારપાળે પંદર કર્માદાનથી લાગતાં પાપકાર્ય પરિહરી [પંદર કર્માદાનના ત્યાગસંબંધી રાસમાં સારો વિસ્તાર છે.] નિઃસ્પૃહી બની સાતમું ભોગોપભોગવ્રત શુદ્ધપણે પાળ્યું.

આઠમું વ્રત અનર્થદંડત્યાગરૂપ-તેને પાલન કરવામાં કુમારપાળ મહારાજાએ સાત વ્યસનનો સર્વથા ત્યાગ કર્યો હતો, વિકથાને વેગળી જ કરી હતી અને નિરંતર ધર્મકથામાં રસિક બની રહેતા હતા.

નવમા સામાયિક વ્રતમાં કુમારપાળ ભૂપાળ દરરોજ બે સામાયિક સમતાભાવે વિધિપૂર્વક કરતા હતા. રાજ્યવહીવટની અનેક ઉપાધિ છતાં સામાયિક કદિ ચૂકતા નહિ. કટોકટીના ખરા સમયમાં શુદ્ધ રીતે સામાયિક વ્રત પાળતાં લડાઇના મોખરે રહી 'પ્રતિક્રમણ' કેવી રીતે કર્યું ? કેવી રીતે પોતાની ટેક જાળવી રાખી ? અને શ્રી જૈનધર્મની નિંદા કરનાર પોતાના બનેવીને કેવી રીતે સમજાવ્યો ? એ હકીકત ખાસ જાણવા લાયક, મનન કરવા લાયક અને સમજવા લાયક અતિ ઉપયોગી હોવાથી હવે પછી વર્ણવવામાં આવશે.

શ્રી શાકંભરી નગરીમાં પૂરણરાય નામે રાજા રાજ્ય કરતા હતા, જેમની સાથે કુમારપાળ રાજાની બહેન દેવળદેવીના લગ્ન કરેલાં હતાં અર્થાત્ તે કુમારપાળ ભૂપાળના બનેવી થતા હતા. એક દિવસ તે રાજા પોતાની પ્રિયા દેવળદેવી સાથે સોગઠાબાજી ખેલતા હતા અને રમત દરમિયાન સોગઠી મારવાનો પોતાનો દાવ આવ્યો તે વખતે 'માર મુંડાને' આવા કઠોર મર્મવચન હાસ્યની સાથે ફરી ફરીને પૂરણરાય બોલ્યા.

રાણીથી તે સહન થયું નહિ, જેથી પોતાના પતિને વિનંતિપૂર્વક તે કહેવા લાગી કે- 'હે સ્વામી ! આપને આવાં અઘટિત નિંદક વચનો ઉચ્ચારવા વ્યાજબી નથી. તમને મારી શરમ આવે તો મારી ખાતર અગર તેમ નહિ તો મારા ભાઇ રાજા કુમારપાળની શરમની ખાતર હવે પછી આવા શબ્દો કૃપા કરીને બોલશો નહિ.' વળી તે રાણીએ કહ્યું કે- 'મારા ભાઇ રાજા કુમારપાળે 'મારી' શબ્દને આખા દેશમાંથી દેશવટો આપ્યો છે, તે શું તમે નથી જાણતા ? તો પછી તમે 'માર મુંડાને' કહી મશ્કરીસહિત મુનિવરના માથે ઘા મારવાના મર્મવચન શા માટે કહ્યા કરો છો ? હે નાથ ! આપને જે કાંઇ કહેવું હોય તે સુખેથી મને કહો, પરંતુ આવું વધારા પડતું નિંદાયુક્ત વચન વદવું વ્યાજબી નથી. કહ્યું છે કે :-

"શ્રી દેવ, ગુરૂ ને ત્રીજો ધર્મ, નિંદા કરતાં બાંધે કર્મ."

આ પ્રમાણે રાણી દેવળદેવીની હિત શિખામણ સાંભળતાં રાજા પૂરણરાય પૂર્ણ ક્રોધે ચડ્યો અને ખૂબ ખીજવાયો થકો રાણીને પાટુ-પ્રહાર કરી કહેવા લાગ્યો કે- 'હે રાણી ! જા, જલ્દી જા અને તારા ભાઇ કુમારપાળને કહેવું હોય તે કહે અને લડાઇ કરવા આવવું હોય તો ખુશીથી આવવા કહેજે.'

રાણીએ કહ્યું કે- 'હે સ્વામી ! નકામું ગુમાન શા માટે કરો છો ? તમારામાં કેટલી તેવડ છે એ હું બરાબર જાણું છું. સોઝા ચડ્યે જાડા જણાતા હોય તો તે વાસ્તવિક જાડાપણું નથી અને શક્તિ વગર અભિમાનરૂપી પર્વતની ટોચે પહોંચવું એ ડાહ્યા પુરૂષનું કામ નથી. તમારી શક્તિ મારા ભાઇ કુમારપાળની શક્તિ આગળ ક્યાં સુધી ટકવાની છે ?'

### દોહરા

તારાનું બળ ત્યાં લાગે, જ્યાં લગે ઉગ્યો ન ચંદ;
મયગલ મદગળ ત્યાં લગે, સિંહ કરે ગતિ મંદ.
અગ્નિઝાળ બળ ત્યાં લગે, ઘન ત્યાં નિર નામ્યો;

મૂઢમતિ બળ ત્યાં લગે, જ્યાં કુમર ભેટ નવિ પામ્યો.

માટે હે નાથ ! અભિમાનમાં તણાઇ જવું એ આપને બીલકુલ યુક્ત નથી. અહંકાર કે હું પદમાં આગળ પણ અનેકની બૂરી દશાઓ થયાના દાખલાઓ શું આપે નથી સાંભળ્યા ? અભિમાનથી રાજા રાવણ જેવા બળીષ્ટ પુરૂષની શી દશા થઇ ? અભિમાનમાં ચઢેલા રાજા કોણિક જેવાનું મૃત્યુ રણવગડામાં તમિસ્ત્રા ગુફાના દ્વાર પાસે બન્યું. શ્રેણિક રાજાએ મૃગલીનો શિકાર કરી અભિમાને કરી મલકાતાં નરકગતિનો બંધ પાડ્યો અને તેથી નરકે જવું પડ્યું. શ્રી કૃષ્ણ મહારાજ જેવા સમર્થ પુરૂષ જરાકુમારના હાથે જંગલમાં મૃત્યુ પામ્યા અને સનતકુમાર ચક્રી જેવા રૂપમદમાં ચઢી જતાં આખી કાયામાં ૭૦૦ રોગ વ્યાપી ગયેલા તત્કાળ જણાયા માટે હે ભર્તાર ! હજુ પણ આપને આજીજીપૂર્વક કહું છું કે બળીયા સાથે બાથ ભીડવાની વાત છોડી દ્યો અને અભિમાન તજી દ્યો.

આટલું સાંભળતાં તો રાજા અધિક ક્રોધાયમાન થયો અને રાણી પ્રત્યે કહેવા લાગ્યો કે- "ચાલ, ચાલ, તું મને શિખામણ દેનારી કોણ થાય છે ? અરે ! તું તો મારા પગની મોજડી સરખી મારી સ્ત્રી ગણાય. મારે તારી શિખામણ સાંભળવી નથી તેમ મારા કામમાં તારા ડહાપણનું કામ નથી. જે પુરૂષ સ્ત્રીના કહ્યા મુજબ ચાલે તે હેરાન જ થાય છે." કહ્યું છે કે:-

જસ ઘરે બેટી લાડકી, ઘરે કામિનીની શીખ;
શ્રાવણ વીત્યે હળ કરે, ત્રણ માગે ભીખ.

રાજા પૂરણરાયે સંપૂર્ણ ક્રોધના આવેશમાં રાણી દેવળદેવીને કહ્યું કે- 'હે રાણી ! ધિક્કાર છે તારી શિખામણને ! ધિક્કાર છે તારા બન્ધુ રાજા કુમારપાળને ! ધિક્કાર છે જૈન ધર્મને ! અને ધિક્કાર છે શ્રી હેમસૂરીંદને !'

આ રીતે પોતાના બાંધવ કુમારપાળની અને તેથી પણ વ્હાલા શ્રી જૈનધર્મની તેમજ ગુરૂશ્રી હેમસૂરીશ્વરની નિંદા સાંભળી રાણી દેવળદેવીને

રીસ ચડવાથી તેણે પોતાને પિયર જવા તૈયારી કરી અને છેવટે રાજાજીને કહેતી ગઇ કે- 'હે નાથ ! આ રીતની નિંદા અસહ્ય છે, તેથી એ નિંદાના પરિણામે આપની જીભ ખેંચાવી બહાર કઢાવીશ ત્યારે જ મને શાન્તિ થશે.'

રાણી દેવળદેવીના મનમાં પૂરણરાયે કરેલી નિંદા શલ્યરૂપે સાલ્યા કરતી હતી, તેથી તેણે તુરત જ એક બ્રાહ્મણ કે જે દૂત તરીકેનું કામ કરનાર ચાલાક અજે હુશિયાર-વાચાળ હતો તેને બોલાવ્યો અને કહ્યું કે- 'જોશી મહારાજ ! તમે પાટણપુરી તરફ જલ્દી પ્રયાણ કરી જાઓ. ત્યાં જઇ મારા ભાઇ કુમારપાળને આ સર્વ હકીકત મારા તરફથી કહો અને હું પણ તૈયારી કરી તમારી પાછળ રવાના થઇ થોડા વખતમાં ત્યાં આવું છું.'

તે બ્રાહ્મણ દૂત ચાલતો ચાલતો અનુક્રમે શ્રી પાટણ નગરીએ પહોંચ્યો અને તે રમણીય અને વિશાળ નગરી નિહાળતો પ્રથમ પોળમાં પેસતાં તેણે વિચાર કર્યો કે- 'કોઇને પૂછી માહિતગાર થાઉં કે રાજા કુમારપાળને મળવું છે તો તે કયા સ્થળે મળશે ?' એટલામાં એક બ્રાહ્મણ સામો મળ્યો. તેને પૂછવા માંડ્યું કે- 'હે ભાઇ, મારે રાજા કુમારપાળને મળવું છે, તો તે મને ક્યાં મળશે ?' તે બ્રાહ્મણ રાજા કુમારપાળનો દ્વેષી હતો, કારણ કે કુમારપાળ ભૂપાળે શ્રી હેમસૂરિ મહારાજના ઉપદેશથી શૈવ ધર્મનો ત્યાગ કરી જૈનધર્મ અંગીકાર કરેલો હતો, તેથી સ્વાભાવિક રીતે સર્વ બ્રાહ્મણોને ઇર્ષ્યા ઉત્પન્ન થયેલી હતી તેથી તે ઇર્ષ્યાળુ બ્રાહ્મણ બોલ્યો કે- "તે ત્રિભુવનપાળનો સુત કુમારપાળ જીવતા મુઆસમાન છે કે જે બ્રાહ્મણોનો ખાસ વૈરી થયો છે." આવા અઘટિત વચન સાંભળી તે બ્રાહ્મણ દૂતે પેલા બ્રાહ્મણને તેવું બોલતાં વાર્યો અને કહ્યું કે- 'આવું બોલવું વ્યાજબી નથી.' તે દૂતે વિશેષમાં કહ્યું કે- 'એમાં તારો દોષ નથી, પરંતુ તારા બ્રાહ્મણસ્વભાવનો જ એ દોષ જણાય છે. કહ્યું છે કે- જગતમાં સાતવાના કોઇ રીતે પૂરા થતા નથી એટલે

ધરાતા નથી.

સાગર, વિપ્ર, ડાકિણી, જીહ્વા, અગ્નિ, જમ, જગરાય;
કવિયણ કહે સાતે અધુરડાં, પૂરાં કિમહિ ન થાય.

આગળ ચાલતાં તે દૂતને એક હડીમાર-શીકારી મળ્યો. તેને પણ ઉપર પ્રમાણે કુમારપાળને મળવાની વાત પૂછતાં તે હડીમાર ઘણો ખીજાયો અને બોલ્યો કે- 'તું ક્યાં અને રાજા કુમારપાળ ક્યાં ? તારો વેશ જ ભિખારી જેવો જણાય છે, તો તારે વળી રાજાને મળવાનું શું કામ છે ?' બ્રાહ્મણે કહ્યું છે કે- 'તે તો વખત આવ્યે જાતની ખબર પડશે, પરંતુ મેલું હૃદય જગતમાં સાત જણાનું હોય છે તે સાંભળ :-

હડીમાર, ફડીયો, બીલાડ, જગનું ભુંડું વાંછે ચાડ;
વૈદ્ય, મસાણી, બંદીવાન, એ સાતેનું મેલું ધ્યાન.

આગળ ચાલતાં તે દૂતને એક અર્ચક-પૂજારી મળ્યો. તેને પણ તે બ્રાહ્મણે પૂછ્યું કે- 'હે ભાઇ ! મારે રાજા કુમારપાળને મળવું છે તે ક્યાં મળશે ?'

આ સાંભળતાં જ પેલા પૂજારીએ આ બ્રાહ્મણનો ચિંથરેહાલ વેશ જોઇને કહ્યું કે- 'છેટો રહેજે મને અભડાવતો નહિ, નકામો મને અડીશ તો મારે નહાવું પડશે.' જવાબમાં તે બ્રાહ્મણ દૂતે કહ્યું કે- 'નકામો મને કેમ નિંદે છે ? હું તો શુદ્ધ બ્રાહ્મણ છું. મને લાગે છે કે તું આભડછેટથી બહુ ભાગતો ફરે છે, પણ ખરી આભડછેટ તો સાત છે તે સાંભળ :-

પુત્રીવિક્રય, પરસ્ત્રીસંગ, પરભાતે પાપીનો પ્રસંગ;
મૂરખ દેવતણું ધન ખાય, જીવ હણે તો ઉદર ભરાય.
પરનિંદા કરતો નર જેહ, પરભોજને નહિ તૃપ્તો તેહ;
કવિયણ કહેસો કુંભેન્હાય, સાત આભડછેટ કદિ ન જાય.

આગળ ચાલતાં એક પંડિત મળ્યો. તેને તે દૂતે ઉપર પ્રમાણે પૂછ્યું કે તુરત જ તેણે તેને તરછોડી નાખ્યો, તેથી આ બ્રાહ્મણ દૂતે કહ્યું કે- 'ભાઇ ! શા માટે વઢવા મંડી જાય છે ? પણ આમાં તારો દોષ નથી.

જગતમાં એક જાચક બીજા જાચકને જોઇ દ્વેષ જ ધરે છે. વળી આ સાત જણા તો સ્વભાવથી જ પરસ્પરની અદેખાઇ કરનારા હોય છે. તે સાંભળો :-

પાડો, પંડિત, શ્વાન જ જેહ, હાડપાડોશી કહીએ તેહ;
મીંઢો, મલ્લ અને માગણા, સાતે અદેખા કાને સુણ્યા.

આગળ ચાલતાં એક નાનો બાળક મળ્યો. તેને તે પ્રમાણે પૂછ્યુ. બાળકે તો આડોઅવળો જવાબ આપ્યો. એટલે તે દૂત ખેદ પામતા બોલ્યો કે- 'ખરેખર આ સાત જણાને પારકી પીડાની શું ખબર પડે ? એટલે કેઃ-

રાજા, બાળક, વિપ્રને ચોર. જમરોજ જગમાં પાડે શોર;
અગ્નિ, પારધિ, કવિયણ કહે, પરવેદન સાતે નવિ લહે.

આગળ ચાલતાં એક સુતેલો પુરૂષ દીઠો, તેને જગાડીને પૂછ્યું કે- 'હે ભાઇ ! મને રાજા કુમારપાળ ક્યાં મળશે ?' પૂછતાની સાથે જ તે માણસ ઘણો જ દાઝે બળ્યો અને હાથમાં કુહાડો લઇ બોલ્યો કે- 'ચાલ મારી સાથે જંગલમાં લાકડા ફાડવા, ત્યાં તને બધું બતાવી દઉં.' વળી પાછો બોલ્યો કે- 'નિરાંતે સુતા છીએ તેમાં આવા પાપ ક્યાંથી ચાલ્યા આવે છે ?' બ્રાહ્મણ બોલ્યો કે- 'ભાઇ ! મારા ભોગ લાગ્યા તે તને જગાડ્યો, તું તો સુતો જ સારો છું, માટે નિરાંતે સુઇ રહે. આ સાત જણા તો સુતા જ સારા છે :-

વાઘ, સિંહ, ચીતર, કુતરા, માંજારી ને પાપી નરા;
ભુજંગ ભખે ઉંદર એકલા, એ સાતે પણ સુતા ભલા.

આગળ ચાલતાં એક અફીણીયો મળ્યો. તેને ઉપર પ્રમાણે પૂછતાં તે બંધાણી આદમી બહુ ખીજાણો અને બોલ્યો કે- 'અલ્યા બ્રાહ્મણ ! તું મને ગાળ આપે છે એ ઠીક કરતો નથી અને હવે પછી વધારે બકબકાટ કરીશ તો શિક્ષાને પાત્ર થઇશ.' આવો ઉલટો જવાબ તે અફીણીએ આપ્યો. તે સાંભળી તે બ્રાહ્મણ બોલ્યો કે- 'અરે ભાઇ ! શિક્ષા કરવાની

વાત તો જાવા દે. તારામાં કેટલી ત્રેવડ છે તે હું જોઇ શકું છું. બંધાણી માણસમાં કેટલી તાકાદ હોય તે હું સારી રીતે સમજું છું, માટે નકામો મીજાજ ચડાવવો છોડી દે. આ તો દાન કર્યા વગર માન ખાટવાની અને અભણ રહીને ડાહ્યા થવા જેવી વાત કરે છે, એ બીલકુલ બંધ બેસતી જ નથી.' આ રીતે ઉત્તર આપીને તે બ્રાહ્મણ દૂત આગળ આગળ ચાલતો અનુક્રમે ચૌટામાં આવી પહોંચ્યો.

મધ્ય ચોકમાં ચોમેર તપાસી એક વ્યવહારી શેઠની દુકાને જઇ પૂછયું કે- 'હે શેઠજી ! મારે રાજા કુમારપાળને મળવું છે તો તે ક્યાં મળશે ?' તે શેઠે જવાબ આપ્યો કે- 'આ સામે જે ભવ્ય મહેલ દેખાય છે તે રાજભુવન છે અને ત્યાં તને રાજા કુમારપાળ મળશે, પરંતુ મને આશ્ચર્ય થાય છે જેથી પ્રશ્ન પૂછું છું કે-તારા જેવા થીગડ-થાગડીયા-ચિંથરીયા વિપ્રને રાજા તે મળતા હશે ?' વળી તે શેઠે કહ્યું કે- 'જો કે તું બોલવા-ચાલવામાં તો વાચાળ જણાય છે, સમયનો જાણકાર લાગે છે પણ રાજાજીની આગળ જવા માટે તારો દેખાવ બીલકુલ સારો લાગતો નથી.' આટલું સાંભળતાં તે બ્રાહ્મણે ખીજવાઇને જવાબ આપ્યો કે- 'હે શેઠજી ! સાંભળો.

રૂપ, રંગ ને કવિચણપણું, નવી પામે ધન ખરચ્યે ઘણું;
સ્વર મીઠો મધુરો કેમ થાય, નીચપણું નર ઋદ્ધે ન જાય.
દ્રવ્યે ન મળે યૌવન જાણ, નવી દીસે કીહાં બળની ખાણ;
અમરપણાની મોટી વાત, ધને ન લહીએ જગ વિખ્યાત.

આ રીતે જે જે મળ્યા તેને પ્રત્યુત્તર આપતો બ્રાહ્મણ દૂત અનુક્રમે દરબારગઢમાં આવી પહોંચ્યો અને દ્વાર પાસે ઉભો રહી દરવાનને કહેવા લાગ્યો કે- 'મારે અંદર કચેરીમાં દાખલ થવું છે અને રાજાજીની સાથે થોડી વાતચીત કરવાની છે.' તે સાંભળી પેલો દ્વારપાળ હસતાં હસતાં કહેવા લાગ્યો કે- 'તારા રૂપનું તો ઠેકાણું નથી તેમ પિંડ પણ પોદળા જેવો છે, તો તું વળી અંદર જઇને શું વાતચીત કરી લીલું કરવાનો હતો ?'

જવાબમાં બ્રાહ્મણે કહ્યું કે- 'મને મહેરબાની કરી અંદર જવા દે એટલે આપોઆપ સર્વ વાતનો ખુલાસો થઇ જશે.' એમ કહી તે બ્રાહ્મણ દૂત તેની રજાથી રાજા કુમારપાળની કચેરીમાં દાખલ થયો અને રાજાજીને નમસ્કાર કરી વિનયવડે વિનંતિપૂર્વક નીચે પ્રમાણે નિવેદન કરવા લાગ્યો :-

**ભાગ - ૧ સંપૂર્ણ**

# પૂજ્ય આચાર્યશ્રીના પ્રકાશિત થયેલા પ્રકાશનો

| ક્રમ | પુસ્તક | | રૂા. પૈસા |
|---|---|---|---|
| ૧ | જીવવિચાર (ત્રીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૩૦-૦૦ |
| ૨ | દંડક ★ | પ્રશ્નોત્તરી | ૪-૦૦ |
| ૩ | નવતત્વ (ત્રીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૪ | કર્મગ્રંથ-૧ ★ | પ્રશ્નોત્તરી | ૬-૦૦ |
| ૫ | કર્મગ્રંથ-૨ ★ | પ્રશ્નોત્તરી | ૭-૦૦ |
| ૬ | કર્મગ્રંથ-૩ (ત્રીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૩૬-૦૦ |
| ૭ | કર્મગ્રંથ સત્તાપ્રકરણ ★ | પ્રશ્નોત્તરી | ૧૦-૦૦ |
| ૮ | ઉદય સ્વામિત્વ★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૯ | કર્મગ્રંથ-૪ ભાગ-૧★ | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૧૦ | કર્મગ્રંથ-૪ ભાગ-૨ ★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૧ | કર્મગ્રંથ-૫ ભાગ-૧★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૨ | કર્મગ્રંથ-૫ ભાગ-૨★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૩ | લઘુ સંગ્રહણી ★ | પ્રશ્નોત્તરી | ૬-૦૦ |
| ૧૪ | જીવવિચાર-દંડક-લઘુ સંગ્રહણી (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૧૫ | કર્મગ્રંથ-૫ ભાગ-૩ ★ | પ્રશ્નોત્તરી | ૪૫-૦૦ |
| ૧૬ | કર્મગ્રંથ-૫ ભાગ-૪★ | પ્રશ્નોત્તરી | ૧૮-૦૦ |
| ૧૭ | કર્મગ્રંથ-૧ તથા ૨ (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૩૮-૦૦ |
| ૧૮ | કર્મગ્રંથ-૬ ભાગ-૧★ | પ્રશ્નોત્તરી | ૨૧-૦૦ |
| ૧૯ | કર્મગ્રંથ-૬ ભાગ-૨★ | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૨૦ | કર્મગ્રંથ-૬ ભાગ-૩★ | પ્રશ્નોત્તરી | ૩૧-૦૦ |
| ૨૧ | કર્મગ્રંથ-૬ ભાગ-૪★ | પ્રશ્નોત્તરી | ૩૫-૦૦ |
| ૨૨ | કર્મગ્રંથ-૬ ભાગ-૫★ | પ્રશ્નોત્તરી | ૩૮-૦૦ |
| ૨૩ | કર્મગ્રંથ-૬ ભાગ-૬★ | પ્રશ્નોત્તરી | ૩૫-૦૦ |

| ક્રમ | પુસ્તક | | રૂાં. પૈસા |
|---|---|---|---|
| ૨૪ | કર્મગ્રંથ-૬ ભાગ ૭+૮★ | પ્રશ્નોત્તરી | ૨૪-૦૦ |
| ૨૫ | કર્મગ્રંથ-૪ ભાગ ૧+૨ | પ્રશ્નોત્તરી | ૭૦-૦૦ |
| ૨૬ | કર્મગ્રંથ-૫ ભાગ ૩+૪ | પ્રશ્નોત્તરી | ૬૫-૦૦ |
| ૨૭ | કર્મગ્રંથ-૫ ભાગ ૧+૨ | પ્રશ્નોત્તરી | ૭૫-૦૦ |
| ૧. | જીવવિચાર (બીજી આવૃત્તિ) | વિવેચન | ૧૬-૦૦ |
| ૨. | નવતત્વ (બીજી આવૃત્તિ) | વિવેચન | ૨૦-૦૦ |
| ૩. | કર્મગ્રંથ-૧ | વિવેચન | ૧૫-૦૦ |
| ૪. | ચૌદ ગુણસ્થાનક | વિવેચન | ૧૬-૦૦ |
| ૫. | શ્રી જ્ઞાનાચાર★ | | ૧૬-૦૦ |
| ૬. | શ્રી જંબૂસ્વામિ ચરિત્ર ★ | | ૨૧-૦૦ |
| ૭. | દુર્ધ્યાન સવરૂપ દર્શન (બીજી આવૃત્તિ) | | ૨૬-૦૦ |
| ૮. | શ્રી જિનપૂજા | | ૪-૦૦ |
| ૯. | શ્રી શત્રુંજય માહાત્મ્ય-સર્ગ-૧ | | ૧૦-૦૦ |
| ૧૦. | આંતરશત્રુઓ ★ | | ૧૪-૦૦ |
| ૧૧ | ધર્મને ભજો આશાતના તજો ★ | | ૭-૦૦ |
| ૧૨ | અનુભવવાણી સૂરિરામની ભાગ-૧ | | ૩૮-૦૦ |
| ૧૩ | અનુભવવાણી સૂરિરામની ભાગ-૨ | | ૩૮-૦૦ |
| ૧૪ | કલિકાળના કોહીનુર (જૈનેતરની દ્રષ્ટિએ) | | ૧૪-૦૦ |
| ૧૫ | કર્મગ્રંથ-૬ વિવેચન ભાગ-૧ | | ૪૮-૦૦ |
| ૧૬ | બાસઠ માર્ગણાને વિષે નામકર્મ સંવેધ વર્ણન ભાગ-૧ | | ૫૦-૦૦ |
| ૧૭ | બાસઠ માર્ગણાને વિષે નામકર્મ સંવેધ વર્ણન ભાગ-૨ | | ૫૦-૦૦ |
| ૧૮ | શ્રી અરિહંત પરમાત્માનું સ્વરૂપ | | ૧૨-૦૦ |
| ૧૯ | કર્મગ્રંથ-૨ | વિવેચન | ૨૦-૦૦ |
| ૨૦ | કર્મગ્રંથ-૩ | વિવેચન | ૧૮-૦૦ |
| ૨૧ | કર્મગ્રંથ-૪ | વિવેચન | ૩૨-૦૦ |
| ૨૨ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-ઉપદેશામૃત ★ | | ૩૮-૦૦ |

| ક્રમ | પુસ્તક | રૂાં. પૈસા |
|---|---|---|
| ૨૩ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-ઉપદેશામૃત પ્રત-૧ | -- |
| ૨૪ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૧ પ્રત-૨ | -- |
| ૨૫ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૧ ★ | ૪૫-૦૦ |
| ૨૬ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૨-પ્રત-૩ | -- |
| ૨૭ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-પુસ્તક-૩ તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૨★ | ૪૨-૦૦ |
| ૨૮ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૧-પ્રત-૪ | -- |
| ૨૯ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૨-પ્રત-૫ | -- |
| ૩૦ | કર્મગ્રંથ-૧ વિવેચન (નવી આવૃત્તિ) | ૫૦-૦૦ |
| ૩૧ | સૂરિરામની વાણી જ્ઞાનરત્નોની ખાણી શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૩ પ્રત-૬ | |
| ૩૨ | શ્રી જિનનું દર્શન-વંદન-પૂજન | ૩૦-૦૦ |
| ૩૩ | શ્રી કલ્પસૂત્રના વ્યાખ્યાનો પ્રત-૭ | -- |
| ૩૪ | શ્રી પર્યુષણાષ્ટાન્હિકાના વ્યાખ્યાનો પ્રત-૮ | -- |
| ૩૫ | શ્રી કલ્પસૂત્રના વ્યાખ્યાનો (હિન્દી લીપી) પ્રત-૯ | -- |
| ૩૬ | શ્રી પર્યુષણાષ્ટાન્હિકાના વ્યાખ્યાનો (હિન્દી લીપી) પ્રત-૧૦ | -- |
| ૩૭ | કર્મગ્રંથ-૫ વિવેચન | ૫૫-૦૦ |
| ૩૮ | જીવવિચાર વિવેચન (નવી આવૃત્તિ)★ | ૪૦-૦૦ |
| ૩૯ | નવતત્વ વિવેચન (નવી આવૃત્તિ) | ૧૫૦-૦૦ |
| ૪૦ | ચૌદ ગુણસ્થાનક ભાગ-૧ (નવી આવૃત્તિ) | ૯૦-૦૦ |
| ૪૧ | ચૌદ ગુણસ્થાનક ભાગ-૨ (નવી આવૃત્તિ) | ૮૫-૦૦ |

| ક્રમ | પુસ્તક | રૂાં. પૈસા |
|---|---|---|
| ૪૨ | ચૌદ ગુણસ્થાનક ભાગ-૩ (નવી આવૃત્તિ) | ૯૦-૦૦ |
| ૪૩ | દંડક વિવેચન | ૭૫-૦૦ |
| ૪૪. | જીવતત્વ-અજીવ તત્વ વિવેચન | ૩૫-૦૦ |
| ૪૫. | નમસ્કાર મહામંત્રનું સ્વરૂપ | ૨૦-૦૦ |
| ૪૬. | જીવવિચાર વિવેચન | ૮૦-૦૦ |
| ૪૭. | શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારનો પ્રભાવ | ૨૦-૦૦ |
| ૪૮. | પુણ્યતત્વનું સ્વરૂપ | ૩૦-૦૦ |
| ૪૯. | શ્રી અષ્ટપ્રકારી પૂજાનું વર્ણન | ૪૦-૦૦ |
| ૫૦. | છ આવશ્યકના રહસ્યો | ૩૦-૦૦ |
| ૫૧. | ૫૬૩ જીવભેદને વિશે જ્ઞાનદ્વારનું વર્ણન | ૨૦-૦૦ |
| ૫૨. | અઢાર દોષોથી રહિત શ્રી અરિહંત પરમાત્મા | ૩૫-૦૦ |
| ૫૩. | આવશ્યક ક્રિયાના સૂત્રોનાં રહસ્યોનું વર્ણન | ૩૫-૦૦ |
| ૫૪. | મુહપત્તિ (મુખવસ્ત્રિકા)ના પચાસ બોલોનું વર્ણન | ૮૦-૦૦ |
| ૫૫. | કર્મબંધ વિવેચન વર્ણન | ૨૦-૦૦ |
| ૫૬. | પાપતત્વ | ૫૫-૦૦ |
| ૫૭. | શાશ્વતગિરિ મહિમા | ૧૨-૦૦ |
| ૫૮. | શ્રાવક દિનચર્યા | ૩૦-૦૦ |
| ૫૯. | અકબર પ્રતિબોધક શ્રી હીરવિજયસૂરિજી | ૪૫-૦૦ |
| ૬૦. | કુમારપાળ પૃચ્છા | ૧૦-૦૦ |
| ૬૧. | કલિકાળ સર્વજ્ઞનો કુમારપાળને ઉપદેશ | ૨૦-૦૦ |
| ૬૨. | કુમારપાળ રાજાના રાસનું રહસ્ય ભાગ-૧ | ૪૫-૦૦ |

★ આ નિશાનીવાળા પુસ્તકો અલભ્ય છે.

પદાર્થ દર્શન ટ્રસ્ટ
અમદાવાદ